શ્રી

ભગવાનનો

પરમ ભકત

નરસીંહ મેહેતા

નૉવેલ.

રચી પ્રસિદ્ધ કરનાર.

દલાલ જેઠાલાલ વાડીલાલ.

નક્લ ૩૦૦૦૦, આવૃતી ૪ થી.

અમદાવાદ

ધી ડાયમંડ જ્યુબીલી પ્રીન્ટીંગ પ્રેસમાં પરીખ

દેવીદાસ છગનલાલે છાપ્યું.

મુલ્ય ફકત આ.૮

ॐ

તત્ સત્ પરમાત્મને નમઃ

ભક્તિરસથી ભરપુર

નરસીંહ મેહેતો

નૉવેલ

રચી પ્રસીદ્ધ કર્તા

દલાલ જેઠાલાલ વાડીલાલ.

સારંગપુર તળીઆની પોળ—અમદાવાદ.

દોહરો.

પરમ ભક્ત પ્રભુજી તણા, નાગર નરસિંહરામ;
વાંચી ભક્તિ આદરો, કરો દેહનું કામ.

અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટીંગ પ્રેસમાં પરીખ
દેવીદાસ છગનલાલે છાપી.

સંવત ૧૯૬૨ સને ૧૯૦૬

મુલ્ય આઠ આના.

અર્પણ પત્રિકા.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષના અધીપતિ,

શેઠ શામળશાની પવીત્ર શેવામાં.

કૃપા, ક્ષમા અને દયાની મુર્તી, આપની સુપ્રેરણાથી

ભક્તિ માર્ગ દર્શાવી જગતનુ કલ્યાણ કરનાર

આપના પરમભક્ત નરસીંહ મહેતાનું નૉવેલ

યા જીવન ચરિત્ર તમારા શેવકે લખ્યું.

તે શ્રમ તમારી કૃપાવડે સફળ થયો

તેથી આ તમારા ભક્તનુંજ

જીવનચરીત્ર યા નૉવેલનું લઘુ

પુસ્તક આપનેજ સમર્પણ

કરી અત્યાનંદ પામું

છું, તો મુજ રંકની

આ અલ્પ ભેટ

સ્વીકારી કૃતાર્થ

કરશોજી.

લી. દાસાનુ દાસ

જેઠો.



શ્રી ગિરધરલાલજી.

પ્રસ્તાવના.

નરસીંહમહેતો નૉવેલ સંસારના દુઃખ રૂપ દરિયામાં ડુબાવનાર કામ, ક્રોધ, મદ, મોહ, લોભને વશ થઇ આશા સમુદ્રમાં બુડનાર મનુષ્યોને કેવળ નાવ રૂપ છે.

સરળ અને સહેલી ભાષામાં સર્વેને બોધ મળી શકે છે. આ જમાનામાં નાટકો વગેરે બીજા તમાશા જોઇ મનુષ્યો અત્યંત ખુશી થાય છે, પરંતુ તેમાંથીજ જ્ઞાન, ભક્તિનો સાર ગ્રહણ કરી પાપ વાંચ્છના જેવી કે, ચોરી, ચાડી, જારી વીગેરે તજે, તો તેમનું અવસ્ય કલ્યાણ થાય તેમાં સંશય નહીં.

અજ્ઞાનીને એકદમ જ્ઞાનની વાતો અંતરમાં ઉતરતી નથી; તેથી તેમને જ્ઞાનીક દંત કથાઓનાં દ્રષ્ટાંતો આપવાથી તેમના મન ઉપર ધીમે ધીમે અસર થાય છે.

ભગવાને ભક્તિને વશ થઇ **નરસીંહમહેતાનાં** એવાં કામ કર્યા છે, કે નાસ્તીક અને અજ્ઞાન મનુષ્યોને પણ તેમની ભક્તિ ઉપર આસ્તા ચોટી જ્ઞાન પ્રાપ્ત થયા શીવાય નહીજ રહે. આવા મહાન પુરૂષનું ચરિત્ર લખવા ઇશ્વરે મને સદ્બુદ્ધિ આપી મારો શ્રમ સફળ કર્યો, તેથી હું ઇશ્વરનો આભાર માનું છુ અને તેમને અને તેવા મહાન પુરૂષોને તનમનથી પ્રણામ કરૂછું. આ ગ્રંથ લખવામાં સાંગોપાંગ પાર પડયો તેથી અવતાર સફળ માનું છું.

આ લઘુ ગ્રંથ વાંચવાથી સર્વેના મન ઉપર પ્રભુ ભક્તિની છાપ બેશી જાય અને તેમનું કલ્યાણ થાય એવી ઇશ્વિર પ્રત્યે પ્રાર્થના કરૂ છું.

મારા લખાણમાં લખાણની તથા પ્રૂફ સુધારવાની સઘળી ખામીને માટે ક્ષમા માગુ છું.

લી. શેવક

દલાલ જેઠાલાલ વાડીલાલ.



કૃષ્ણ—રાધા



જુનાગઢનો નાગર ગૃહસ્થ

ઇશ્વરનો પરમ ભક્ત

નરસીંહ મેહેતો

નૉવેલ.

मंगलाचरण.

श्लोकार्धेन प्रवक्ष्यामी, यदुक्तं ग्रंथ कोटीभीः
ब्रह्म सत्यंम जगत मीथ्या, जीवो ब्रह्मैव ना परः

અર્થ—જે કરોડો ગ્રંથમાં કહ્યું છે તે અર્ધા શ્લોકવડે કહું છું, કે બ્રહ્મ તેજ સાચી વસ્તુ છે, અને જગત (એટલે) પ્રકૃતિ એટલે માયાનું કાર્ય તે મીથ્યા છે.

ઇશ્વર સ્તુતી.

પ્રેમે પ્રભુજી નમુ કર્તા હર્તા પ્રાણી સર્વના–પ્રેમે.
તારણ તરણ સુખનો કરણ, સુંદર વરણ શામ–પ્રેમે.
પાર તમારો કોઇ ના પામ્યો, શરણે આવ્યો દુઃખ વિરામ્યો;
પ્રેમે નામ્યો શીવસુખ પામ્યો,, ભવ ભય વામ્યો જામ્યો–પ્રેમે.
નરસઇયો તુમ ભક્ત મોરારી, સત્ય તાર તુમથી કીરતારી;
ગુણ હું ગાઉં પાવન થાઉં, સાહ્ય કરો પ્રભુ વિનતી મારી–પ્રેમે.

પ્રકરણ ૧ લું.

નરસિંહ મહેતાનો જન્મ જુનાગઢમાં ઉત્તમ નાગરની નાતમાં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ કૃષ્ણદામોદરદાસ અને માતાનું નામ લક્ષ્મીગવરી હતું. કૃષ્ણદામોદરદાસને બે પુત્રો હતા. તેમાં મ્હોટાનું નામ વણસીધર અને નહાનાનું નામ નરસીંહરામ હતું. નરસિંહરામનો જન્મ થયા બાદ તેને નહાનો મુકી કૃષ્ણદામોદરદામ તથા લક્ષ્મીગવરી દેવલોક પામ્યા. તે વખતે વણસીધરની ઉમ્મર બાવીસ વરસની હતી, નરસિંહરામની ઉમ્મર પાંચવરસની હતી; આટલી નહાની વયનો મુકી માબાપ દેવલોક પામ્યાં હતાં. પણ બાપની મા હયાત હતાં, તેમણે નરસિંહરામને ઉછેરી મ્હોટો કર્યો. નરસિંહરામ આઠ વરસની ઉમ્મરનો થયો ત્યાંસુધી બોલતાં શીખ્યો. નહોતો, તેથી ગામનાં સર્વે બોબડો કહી બોલાવતું હતું. ડોશીને નરસિંહરામ બોલતાં શીખ્યો નહોતો તેની ચીંતા ઘણી હતી. એવામાં કોઈ સંત મહાત્માની જુનાગઢમાં પધરામણી થઇ છે, એવી ખબર ડોશીને પડતાં તે નરસિહને લઇ તે મહાત્મા પુરૂષ પાસે ગઇ, અને મહાત્માન વિનવણી કરી કે, હે મહાત્મા પુરૂષ! આ બાળકની આઠ વરસની ઉમ્મર થઇ છતાં એક અક્ષર પણ બોલતાં આવડતો નથી. આ બાળક માબાપ વગરનો છે, તેથી કૃપા કરીને તે બોલતાં શીખે એવો ઉપાય બતાવવા કૃપા કરો. મહાત્મા પુરૂષે ડોશીની વીનવણી સાંભળીને પુછ્યું, માજી તમો આ છોકરાનાં શું સગાં થાઓછો ? ડોશીએ કહ્યું આ મારાં દીકરાનો દીકરો છે. હું એની દાદીમા છું. મહાત્માએ નરસિંહરામના સામું જોયું, અને તેનું ભવ્ય કપાળ જોઇને ડોશીને કહ્યું, માતા આ ત-

મારો નરસિંહ ઈશ્વરનો પરમભક્ત થશે, અને મ્હોટી નામના કહાડશે.(નરસિંહરામને) બચ્ચા "રાધાકૃષ્ણ" કહો. તેજ વખત નરસિંહરામની વાચા ઉઘડી, અને બોલવા શીખ્યો. નવમે વર્ષે તેનું લગ્ન માણેકબાઇ કે જે ઉત્તમ નાગર ગૃહસ્થની દીકરી હતી, તેની સાથે કુળવાન હોવાથી નહાનપણમાં થયું હતું.

તેમના મ્હોટા ભાઈ વણસીધર રાજદ્વારે નોકર હતા. ઘરના સુખીગૃહસ્થ હોવાથી ઘેર ગાય તથા ચઢવા સારૂ ઘોડુ રાખતા હતા. ગાય તથા ઘોડાની ચાકરી નરસિંહરામને હાથે થતી હતી. વગડામાંથી ચારના ભારા લાવવા, છાણુ વાશીદુ કરવું વિગેરે ઘરનાં પરચુરણ કામો નરસિંહરામ કરતો હતો. વણસીધરની સ્ત્રી નરસિંહરામની ભાભી ઘણા કઠોર હૃદયની હતી. નરસિંહરામ ઘરનું કામ તન દઇ ઉઠાવતો હતો, છતાં તેને ઘણાં કઠોર વચનો કહી સંતાપની હતી. નરસિંહરામને બીજો કોઇ આશ્રય નહી હોવાથી ભાભીના કઠોર વચનો મુંગે મોઢે સહન કરતો હતો; તેમની સ્ત્રી માણેકબાઈનાં પણ માબાપ દેવલોક પામ્યાં હતાં. તેથી તેને પીયરનો આશ્રય નહી હોવાથી તે સાસરામાં રહેતી હતી. જેઠાણીનો બોલ પડયા પહેલો ઉપાડી લેતી હતી. ઘરનું તમામ વૈતરૂ ઉઠાવા છતાં તેને પણ તે કઠોર હૃદયની જેઠાણી મ્હેણાં ટુણાં દેવામાં કસર રાખતી નહોતી, છતાં તે પણ મુંગે મોંઢે સહન કરતી હતી.

નરસિંહરામની અઢાર વર્ષની ઉમ્મર થઇ તે વખતે માણેકબાઈએ પુત્રી રત્નને જન્મ આપ્યો. તેનુ નામ કુંવરબાઇ પાડયું. બીજાં ત્રણ વર્ષ પછી માણેકબાઇએ પુત્રને જન્મ આપ્યો. તેનું નામ શામળશા પાડયું. નરસિંહ મહેતાનો વસ્તાર થવાથી તેની ભાભી વધારે કર્કશા થઇ, અને બ-

ન્ને સ્ત્રી ભર્થારને પેટ પાણી પડવાં દેતી નહી. કુંવરબાઈ સાત વર્ષની થઈ ત્યારે વણસીધર મહેતાએ તેનાં લગ્ન શ્રીરંગધર મહેતાને ત્યાં તેમના કુંવર વસંતરાય સાથે કરી દીધાં એટલે પરણાવી.

પુત્રીનાં લગ્ન થવાથી તેના લગ્નની ચીંતા માણેકબાઇને ઓછી થઈ. નરસીંહરામ ચારનો ભારો લઇ ઘેર આવ્યા અને ભાભી પાસે નહાવા સારૂં પાણી માગ્યું. ભાભીએ બબડતે બબડતે ટહાડું પાણી નહાવા માટે આપ્યું. નરસીંહરામ નાહી ઉઠ્યા એટલે ભાભીએ ટહાડી કઢી અને રોટલો ખાવા માટે પીરસ્યાં. નરસિંહરામને કઢીમાં મીઠું ઓછું લાગવાથી સ્હેજ સ્વભાવે ભાભીને કહ્યું, ભાભી, આજ કઢીમાં મીઠું ઓછું છે. નરસિંહરામની વાણી સાંભળી ભાભી મુળેતો સ્વભાવની કર્કશા હતી, તેને આવો બોલવાનો લાગ મળ્યો, તે કેમ બાકી મુકે. એકદમ આગની માફક ભભુકી ઉઠી અને કહ્યું હું કાંઇ તમારી બાયડી નથી કે નાહક વગોવો છો. મફતનું ખાવું, ને વળી ખારૂં મોળું કહી વગોવવું; એતો તમારી બાયડી સાંખે, સમજ્યા ? મારા કયાં ભોગ લાગ્યા કે હું આ ઘરમાં પરણીને આવી. તમારા ભાઇને આવવા ઘો, મારે તમારી જોડે રહેવું નથી, ને આવું વગોણું સાંખવું પણ નથી, કાંતો ઘરમાં તમે નહી, કે કાંતો ઘરમાં હું નહી.આવું કહીને બહાર જઇ બેઠી. નરસિંહરામને બીચારાને ઘણું લાગી આવ્યું, પણ શું કરે, પોતાની પાસે કાંઇ કમાઇ ખાવાનું સાધન નહી હોવાથી, ઓશીઆળા રહેવાનું હતું, તેથી મનમાં ઘણો ખેદ થયો, અને તેને રડવું આવ્યું. નરસિંહરામના રડવાનો ભાવાર્થ તેની કર્કશા ભાભીએ તેના ભાઇને જુદાજ રૂપમાં ઠસાવવા માટે તે દરબારમાંથી આવ્યા ત્યારે કહ્યું,

સ્વામીનાથ ! તમારા ભાઇને " મીયાંની મેંશને ડોબું કહે-વાતું નથી." શીખામણની વાત કહીએ છીએ તો તેનાથી સહેવાતી નથી, કામે કાજે મોકલીએ છીએ, તો સાધુ વેરાગીના ટોળામાં જાય છે, તે સત્તર પહોરે પણ ઘેર આ-વતો નથી. વાત પુછુછું ત્યારે તે છણકા છાકોટા કરે છે, ને ઉલટો રડીને ઓશીઆળી કરે છે. માટે તે દુઃખ મારાથી સહેવાતું નથી. કાંતો ઘરમાં એ નહી, કાંતો ઘરમાં હું નહી. મને મહારે જુદી રાખો, ને પછી તમો સર્વે સુખેથી મહાલો. મહારાથી આ દુઃખ સહેવાતું નથી.

આવી વાત સાંભળી તેણે નરસિંહરામને બોલાવ્યો અને કહ્યું, કેમ લ્યા ગમાર ? તારી બુદ્ધી કેમ ફરી છે? સાધુ વેરાગીના ટોળામાં શા માટે જાય છે? તારી ભાભી શીખામણ દે છે તેને છણકા છાકોટા શા માટે કરે છે? મફ-તનું ખાવાનું મળે છે તેથી તારી બુદ્ધી ભ્રષ્ટ થઈ છે, કેમ ? ચાલ્યો જા. તારૂં કાળું કર. વેરાગી થઇ માગીખા. ઘરમાં રહ્યો તો તારી વાત તેં જાણી.

મહેતાને તો આ વચન સાંભળી આભ તુટી પડે તેમ થયું, અને રાત્રીએ નીંદ્રા પણ આવી નહી, ને આખી રાત્રી વીમાસણમાં કહાડી. સવારમાં વણસીધરનો ક્રોધ સ-મ્યો, ત્યારે મન સાથે વીચાર કર્યો કે ગમે તેવો પણ મારા આગળ નહાનો છે, અજ્ઞાન છે, અને ગમે તેવો પણ મારો ભાઇ છે, એ તો એમને એમ ચાલ્યું જાય છે. એવો મન સાથે વીચાર કરી દરબારમાં ગયા.

ભાઇએ કાંઈ કહ્યું નહી તેથી નરસીંહ મહેતાની ચીંતા ઓછી થઇ, પણ ભાભીએ તરતજ તેને વજ્ર બાણ જેવાં કઠોર વચનો કહ્યાં, કે રાત્રે ખુલ્લું કહેવા છતાં

નકટો થઇ શા માટે પડી રહ્યો છું વીગેરે બીજાં ઘણાં કઠોર વચનો કહ્યાં. ભાભીનાં કઠોર વચનો સહન નહી થવાથી એકદમ મહેતાજી રીસાઇને ચાલ્યા. ચાલ્યા તો ખરા, પણ પાછું વાળી જોતાં જાય છે કે હમણાં મનાવાને આવશે, એમ ધારી પોળે જઈ બેઠા. અને વિચાર કર્યો, કે હમણાં મનાવા આવશે; પણ તે સઘળુ ફોગટ. તેમનું નશીબ ખુલવાનું, ભગવત ભેટો થવાનો, તે જોગ કેમ મીથ્યા જાય ? તે તો મનાવા આવવાની વાટ જોતા પોળે બેશી રહ્યા.

વણુશીધર દરબારમાંથી ઘેર આવ્યો, ને નરસીંહને નહી જોતાં પોતાની સ્ત્રીને પુછ્યું, નરસિંહને શું કામે મોકલ્યો છે ? તેની સ્ત્રીએ કહ્યું મને કેટલીક ગાળો દઇ રીસાઇને ક્યાંક ગયો છે તે હમણાં ટળશે; કોણ બાપ સંઘરનાર છે. એવા ખોટા વચનો કહી વણુસીધરને ખોટા ક્રોધ ઉપજાવ્યો, "કર્કશા નારી મળે તેને સગાં સહોદરથી સંપ કર્કશા રખાવેજ નહિ" છપ્પો.

હોય કર્કશા નાર, સંપ કોથી નવ રાખે;
હોય કર્કશા નાર, સદા જુઠું મુખ ભાખે;
હોય કર્કશા નાર, પતીને સુખ નવ આપે;
કરી ખોટા કંકાસ, સદા પોતાનું થાપે;
કાચા કાન હોય પતી તણા, તો તે ઉંધુ ભેરવે,
જેઠો કહે સુસંપને, પળમાં કુસંપે ફેરવે.

તે પ્રમાણે ઉંધુ ભરાવ્યું તેથી કોઈ મનાવા ગયું નહિ. નરસિંહરામે ઘણી વાટ જોઇ છેવટ નીરાશ થયો, અને વીચાર્યું કે મનાવા આવ્યા શીવાય ઘેર તો જવુંજ નહિ. નશીબમાં જેમ લખ્યું હશે તેમ થશે. એવો નશીબ ઉપર વિશ્વાસ રાખી આગળ ચાલવા માંડયું. વીચારમાં

ને વીચારમાં દશેક ગાઉ દુર ભયંકર વગડામાં નીકળી ગ-યો, ત્યાં સાંજ પડી એટલે મેહેતાએ ચારે બાજુ નજર કરી તો વગડા શીવાય કાંઇ જોવામાં આવ્યું નહિ, તેથી રાત્રીએ ત્યાં રહેવા નીર્ભય સ્થાન શોધવા માંડયું. શોધતાં શોધતાં એક પડી ગયેલું શીવાલય તેની દષ્ટીએ પડયું ત્યાં ગયા, ને ત્યાં તપાસ કરતાં એક અ-પુજ્ય શીવનું બાણુ દ્રષ્ટીએ પડયું. ને પાસે જળાશય પણ જોયું તે જોઇ નરસીંહરામ ખુશી થયા, અને તે અપુજ્ય બાણનું મેહેતાએ પુજન કર્યું; પુજન કરી એકાગ્રહ ચીત્તથી શંકરનું તપ આદર્યું, અને તપમાં એટલા બધા નિમગ્ન થયા કે સાત સાત દીવશના પોતાને અપવાસ થયા, છતાં તેનું મન ડગ્યું નહી, ને ધ્યાનભંગ થયું નહિ; આવું અડગ અને ઉગ્ર તપ જોઈ શંકર પ્રસન્ન થયા, અને નર-સિંહરામના સામા આવીને ઉભા રહ્યા અને કહ્યું, નરસીંહ બચ્ચા માગ્ય ? હું તાહારા તપથી પ્રસન્ન થયો છું, છતાં પણ નરસિંહ ધ્યાન ભંગ થયો નહી, તેથી શંકર વધારે પ્રસન્ન થયા, અને નરસિંહરામનો હાથ ઝાલી તેને કહ્યુ, નરસિંહ બચ્ચા માગ્ય ? માગ્ય હું તાહારા ઉપર પ્રસ-ન્ન થયો છું. નરસિંહે જોગી સ્વરૂપ જોઇ પુછ્યું, માહાત્મા તમો કોણ છો ? શંકરે કહ્યું બચ્ચા નરસિંહ હું શંકર પોતે તાહારા તપથી તારા ઉપર મહેરબાન થયો છું, માટે જે ઇચ્છા હોય તે માગી લે; નરસિંહરામે વીચાર કર્યો કે પોતાની પ્રીય વસ્તુ કોઇને આપતા નહી હોય, માટે તેવી વસ્તુની માગણી કરૂં એવો મન સાથે વીચાર કરી શંકરને કહ્યું, હે ! ત્રીલોકપતિ, હે ! ભોળાનાથ, તમને જે વસ્તુ અ-તિ પ્રિય હોય તે મને આપો. નરસિંહરામની વાંણી સાં-ભળી શંકર વધારે પ્રસન્ન થયા, ને કહ્યું બચ્ચા ચાલ્ય મા-

હારી સાથે મને જે વસ્તુ અતિ પ્રિય છે તે તને આપું. નરસિંહરામે કહ્યું, મહારાજ તમને અતિ પ્રિય વસ્તુ શી છે તે કૃપા કરી પ્રથમ જણાવો. શંકરે કહ્યું મને વહાલામાં વાહાલી વસ્તુ હરી છે તે તને આપું. ચાલ્ય તૈયાર થા ? નરસિંહરામે કહ્યું, માહારાજ ખાલી મશ્કરી શું કરો છો ? હું તમારે શરણે આવ્યો છું, તો મારૂ સંકટ કાપો; નાહક શા માટે સતાવો છો. શંકરે કહ્યું નરસિંહરામ બચ્ચા હું તને સતાવતો નથી, તારી માગેલી વસ્તુ તને આપવાનું કહું છું. તારી માગણીથી હું ઘણોજ પ્રસન્ન થયો છું. મને વ્હાલામાં વ્હાલા ભગવાન છે તે તને આપું ચાલ્ય તૈયાર થા ? નરસિંહમેહેતા ખુશી થઈ શંકર સાથે વૈમાનમાં બેસી વૈકુંઠપુરીમાં ગયા. ભગવાને શંકરને જોઇ તેમની સ્તુતી કરી, અને આવાગમનનું કારણ પુછયું. શંકરે નરસિંહરામને બતાવીને કહ્યું હે **પરિબ્રહ્મ પુરૂષોતમ,** આ ભક્તનું નામ નરસીંહ મેહેતો છે, તેણે મારૂં અડગવૃતીથી ઉગ્ર તપ કર્યું, તેથી તેના ઉપર હું પ્રસન્ન થયો, અને ઇચ્છિતવર માગવાનું કહેતાં તેણે મારી પ્રિયમાં પ્રિય વસ્તુની માગણી કરી. મને પ્રિયમાં પ્રિય તમે તેથી તેને હું તમારી પાસે તેડી લાવ્યો. ભગવાને કહ્યું તમારૂં વચન મિથ્યા કેમ જાય, હું આજથી તેનો થયો છું. શંકરે કહ્યું માહારાજ તેના દાસ ! તેનો દાસ તો શું પણ તેના દાસનો પણ દાસ છું, અને તેની સકળ આશા પુરણ કરવી તે મારૂં કામ છે, હવે તમારે સીધાવવું હોય તો સુખેથી સીધાવો, અને બાજુ કાંઇ કામકાજ હોય તો સુખેથી ફરમાવો. શંકરે કહ્યું કે હે **વિષ્ણુ** ! હે **પરિબ્રહ્મ** ! તમો સર્વેની ઇચ્છા પરિપુર્ણ કરો છો. તમોને મારા તન મનથી પ્રણામ છે. ભગવાને કહ્યું, હે ! **ત્રિલોકપતી** જેમ હાથી અંકુશથી વશ થાયછે

લોભી લાલચથી વશ થાય છે, તેમ હું ભક્તિથી વશ થાઉં છું. શંકરે કહ્યું મહારાજ તમોને વંદન કરૂં છું, કહી વંદન કરી શંકર કૈલાશપુરી તરફ ગયા; પછી ભગવાને નરસિંહરામને કહ્યું નરસિંહ મેહેતા? નરસિંહરામ કહે હે! **કૃપાનાથ** મને ખાલી મોહોટાઈ શા માટે આપો છો. જો મને તમે પ્રિય ગણતા હો તો **મારા નાથ માહારા ધણી** મને નરસઇઓ કહી બોલાવો. **હે કૃપાનાથ** જો તમે મને નરસઇઓ કહી બોલાવો તો મારો આત્મા પ્રસન્ન થાય. ભગવાન નરસઇરામનાં આ વચનો સાંભળી પ્રસન્ન થયા અને કહ્યું નરસઈ! તારી વાણીથી તથા દ્રઢ ભક્તિથી હું તારા ઉપર ઘણોજ પ્રસન્ન થયો છું, ચાલ્ય હું તને રાસલીલા બતાવું. ભગવાને તેના હાથમાં મશાલ આપી વચ્ચોવચ ઉંચા આસન ઉપર બેસાડયો, અને પોતાની સોળ સહસ્ત્ર એકસોને આઠ રાણીઓને બોલાવી પોતે તેટલાંજ રૂપ ધારણ કરી, છ મહીનાની રાત્રી રાસલીલામાં નીર્માણ કરી રાસ કર્યો.

રાસલીલા જોવામાં નરસિંહરામ એવો તો નિમગ્ન થયો કે પોતાનો હાથ બળ્યો તેનું પણ તેને ભાન રહ્યું નહી. આવો અચળ, અને પ્રેમી ભક્ત જોઇ, ભગવાને અતિ પ્રસન્ન થઇ નરસિંહરામને માંથે હાથ મુકયો. નરસિંહરામ ભગવાનના ચરણકમળમાં પડયો, અને કહ્યું, ધન્ય છે **કૃપાનાથ**તમારી લીલાને; ખરો ધન્યવાદ તો મારી ભાભીને કે જેનાં વચનો સાંભળી રીસાઇને ઘેરથી નીકળ્યો; જેથી મને તમારાં સાક્ષાત દર્શન કે જે દેવને દૂર્લભ તેનો લાભ થયો, અને મારો જન્મ સફળ થયો. ભગવાને કહ્યું નરસઇ તારી ઇચ્છીત વસ્તુ માગી લે, એવી કોઈ પણ ચીજ નથી કે જે તને હું ના આપું; તારી ઇચ્છા હોય તો સ્વર્ગનું રાજ માગી લે, તે પણ આપવા તૈયાર છું નર-

સીંહરામે કહ્યુ માહારાજ મારી તો તમારી ભક્તિ શિવાય અન્ય ઇચ્છા નથી. આઠે પહોર તમારા ગુણ ગાઉં, અને તમારૂં નામ નિરંતર રટયા કરૂં એ ઇચ્છા છે; સ્વપ્નવત્ સુખને શું કરૂં, રિદ્ધિ સિદ્ધિ સર્વે સ્વપ્ના તુલ્ય અને ચળીત છે, એવાં ચળીત સુખને શું કરૂં. માટે માહારાજ ! અચળ ભક્તિ અને અચળ વૃત્તિ માગું છું. તે કૃપા કરી આપો તો હું શમજીશ કે મને ન્યાહાલ કર્યો. ભગવાન પ્રસન્ન થયા, અને ઇચ્છીત વસ્તુ માટે વર આપી તેના મનનું સમાધાન કર્યું. મન સાથે ભગવાને વિચાર કર્યો ધન્ય છે તારી સાધુતાને ! કે સ્વર્ગનો વૈભવ પણ મારી ભક્તિ આગળ તુચ્છ ગણ્યો; અને મને અતિ પ્રસન્ન કર્યો; એવો મનથી ધન્યવાદ આપ્યો.

થોડા દીવસ વીત્યા પછી ભગવાને નરસિંહરામને કહ્યું નરસઈ તું :જુનાગઢ જા. નરસિંહરામ કહે, કૃપાનાથ હું તમારા ચરણનો દાસ તેને દુર કરવા ધારો છો ? ખશેડી મુકવા ધારો છો ? ભગવાને કહ્યું [નરસિંહરામ એક પળ પણ મારા હ્રદયથી ખશેડનાર નથી, તે ખાત્રી રાખ્ય; નરસિંહરામે કહ્યું, તો મને જુનાગઢ જવાનું કેમ કહો છો? હું તો તમારા ચરણની શેવા મુકી કયાંઈ જનાર નથી. હમેશાં તમારી પાસે રહી ચરણની સેવા ઉઠાવીશ, ને તમારી ભક્તિમાં નિમગ્ન રહી આણંદમાં જન્મ ગુજારીશ; મને તમે જુનાગઢ જવાનું ના કહો, જુનાગઢ જવાનું સાંભળી મારા મનને ખેદ થાય છે, માટે મને સદાને માટે તમારા ચરણની શેવાનું સુખ આપી કૃતાર્થ કરો.

ભગવાને પ્રસન્ન થઇ તેને પોતાની મુર્તી આપી ને કહ્યું, નરસિંહરામ લો આ મારી મુર્તી, તે હું પોતેજ છું

તેમ સમજજે, ને તેની શેવા કરજે; બીજું આ તાળ તને આપું છું, તે લે; અને એ તાલ વગાડી મને યાદ કરીશ તે વખત હું હાજર થઇશ. નરસિંહરામે કહ્યું તમો સાક્ષાતને મુકી તમારી મુર્તીનું મારે શું કામ છે, ને તાળનું પણ મારે શું કામ છે. ભગવાને કહ્યું હે ભક્ત ! જે લીલા તેં અહિ જોઇ તે લીલા જગતમાં ગાજે, અને અનેક જીવો-નો ઉદ્ધાર કરજે. મને યાદ કરીને તે તાળ બજાવીશ, તેં વખતે હું હાજર થઈશ; લે મારૂં વચન છે, ને તારી સ-ઘળી ઇચ્છા પુરણ કરીશ.

નરસિંહરામનું મન તો નહિ છતાં નીરૂપાયે ભગવાનના અતિ આગ્રહથી હા પાડવી પડી. ભગવાને પોતાની મુર્તી તથા તાળ બંને આપી, મોરનો પીંછનો મુગટ પેહેરાવ્યો, કેશરી પીતાંબર પેહેરાવ્યું, અને વૈમાનમાં બેસાડી જુનાગઢ મુકી આવવા અક્રુરને આજ્ઞા આપી વીદાય કર્યો. જુના-ગઢની ભાગોળે ઉતારી અક્રૂર વૈમાન લઈ પાછા વળ્યા, ને નરસિંહ મેહેતા પોતાને ઘેર ગયા.

ઘેર જઈ પોતાની ભાભીને પ્રણામ કર્યા, અને દાદીને દંડવૃત કરી ચરણમાં પડ્યા, નરસિંહરામે પીતાંબર પેહેર્યું છે, મોર પીંછનો મુગટ માંથે પેહેર્યો છે, તુળશીની મા-ળાના થોક ગળામાં દીપી રહ્યા છે, અને ટીલાં ટપકાં કર્યાં છે, આવી ભગવાનની પ્રસાદી ધારણ કરેલો વિચીત્ર વૈરા-ગીનો વેશ જોઈ ડોશી ગુસ્સે થયાં અને કહ્યું.

ડોશી—એ રોયા આ શું ઘાલ્યું છે ? ને શો વેશ પે-હેર્યો છે !

નરસિંહ—જેવો વેશ ભગવાને પેહેરાવ્યો તેવો.

ડોશી—કાઢી નાંખ્ય ! કાઢી નાંખ્ય ? આ મોરનાં પીછાં

શાં, ને આ ઢોંગ શો, ને હાથમાં દાભડો શાનો !

નરસિંહ–માતાજી જુઓ આ સાક્ષાત ભગવાનની મુર્તિ હું વૈકુંઠમાં જઈ આવ્યો, અને ભગવાનનાં સાક્ષાત દર્શન કરી આવ્યો, અને તેમણે મને પોતાની મુર્તિ આપી છે, ને આ સ્વાંગ પણ તેમણેજ સજાવ્યો છે.

ડોશી—છાનો રહે ! છાનો રહે ! નાગરી નાત્ય ગાંડો ગણી કાઢશે::ગાંડો ! એ છોકરાંનો બાપ થયો, હવે તો કાંક ડાહ્યો થા !

નરસિંહ-ગાંડો ગણે તો ભલે ગણે, મારે નાગરની નાત્યમાં ડાહ્યા થવું નથી, ને ઈશ્વરની પ્રસાદી આ મોર પીંછનો મુગટ તે કાઢી નાંખવો પણ નથી.

(વણુસીધર આવે છે)

વણુસીધર—નરસઈયા ! આ શો વેશ કાઢયો છે ?

નરસિંહ—મોહોટાભાઇ હું વૈકુંઠમાં જઈ આવ્યો, ને ભગવાનના સાક્ષાત દર્શન કરી આવ્યો; લ્યો કરો આ ભગવાનની મુર્તિનાં દર્શન ? મુર્તિ સમજશો નહીં. સાક્ષાત રૂપ છે.

ભાભી—ભગવાનનાં દર્શન કરી આવ્યો તારૂં કપાળ ભગવાન નવરા નથી બેઠા કે તને મુર્ખને દર્શન આપે.

નરસિંહ-તેમ તો તેમ, પણ આ સાક્ષાત મુર્તિનાં દર્શન કરી પાવન થાઓ.

ભાભી—તું એકલોજ પાવન થા, અમારે પાવન થવું નથી. કયાંકથી પત્થરનું પુતળું ઉપાડી લાવ્યો લાગે છે.

વણુસીધર—હવે આ ગાંડાં કહાડવાં મુકવાં છે કે કેમ ? હવે ડાહ્યા થવું છે કે નહીં ?

નરસીંહ—(આ ઉંધા સંસ્કારના માણસોને ઇશ્વરની વાતનો ઇતબાર હોયજ નહી) મોહોટા ભાઈ આ વાતને તમે ગાંડી ગણોછો, તો તે વાત મારે મુકવીએ નથી, ને ડાહ્યાએ થવું નથી.

ભાભી—આવાં ગાંડાં હમારા ઘરમાં નહી ચાલે; નાત જાતમાં મોંહો બતાવવું છે, તારી માફક ફટંગ દેવાળીઆ થવું નથી સમજ્યો ! માટે નાત જાતની રીતમાં ડાહ્યો થઇ રેહેવું હોય તો રહે નહી તો આ રસ્તો, કોઇ તેડવા આવ્યું નહોતું. આટલા દહાડા રખડ્યો પણ ક્યાંઇ ઘડો થયો નહી, તેથી પાછો ઘેર આવ્યો; જા નીકળ ? તું અને તારી વેજા, હમે કાંઇ તારૂં રણ કાઢ્યું નથી સમજ્યો ? ને અમારે તારૂં ને તારી વેજાનું કામ નથી.

નરસીંહ—બહુ સારૂ માતાજી કાલથી જુદો રહીશ.

ભાભી—કાલથી નહી, અત્યારે ને અત્યારે નીકળ (માણેકબાઇને) માણકી ! તું તારાં છોકરાંને લઈ, જા તારા ધણી સાથે ! મારા ઘરનું પાણી સરખુએ પીઓ, તો તમને હરામ છે.

માણેકબાઈ—(ભગવાનની મુર્તીનાં દર્શન થવાથી તેનું મન પવિત્ર થયું હતું) બહુ સારૂ ! જેવી વડીલની આજ્ઞા.

ભાભી—આવા કરમફુટ ધણીને પાને પડી છે,છતાં મીજાજતો જુવો ? મીજાજ !

માણેકબાઇ—અમારો ગરીબનો મીજાજ શાનો ? વડીલની આજ્ઞા પાળવી, તે અમારો ધર્મ છે.

ભાભી—એતો જાણી તને હાલ્યલીને. જા નીકળ મારા ઘરમાંથી.

છોકરાં—ભાભુ એક પલકમાં છેક બદલાઈ ગયાં ?

ભાભી—હા હા બદલાઇ ગયાં, જાઓ નીકળો તમે તમારે રસ્તે પડો.

માણેકબાઇ—બહુ સારૂ. વડીલ જઇએ છીએ. તમો અમને વીસારી મુકશો, પણ ઇશ્વર વિસારનાર નથી તે નક્કી સમજજો.

ભાભી—એતો જાણી તને પંડીતનું પુંછડું થયું છે તે.

નરસીંહ—મોટા ભાઈ **જેશ્રીકૃષ્ણ-જેશ્રીકૃષ્ણ**.

વણસીધર—જા હવે રસ્તે પડય, **જેશ્રીકૃષ્ણ**.

માણેકબાઇ—(ઘર બહાર આવી) સ્વામીનાથ! હવે આપણે કયાં જઇશું ?

નરસીંહ—ચાલો ધર્મશાળામાં.

માણેકબાઇ—સ્વામીનાથ ઉંચે આભ અને નીચે ધરતીએ શીવાય બીજો કોઈ આશ્રય નથી.

નરસીંહ-ગાંડી **હરી હરી** કર-તને તારી અને તારાં છોકરાંની ચીંતા છે, પણ મારા નાથ! મારા ધણીને આખા જગતની ચીંતા છે. માટે આપણને ચીંતા શેની, તેની ચીંતા તેને; માટે ચાલો ધર્મશાળામાં, મારો શેવાનો સમય થઇ ગયો છે.

માણેક—ભલે ચાલો. (ધર્મશાળામાં ગયાં.)

પ્રકરણ ૨ જું.

—:o:—

નરસિંહ મેહેતાએ ધર્મશાળામાં આવી ભગવાનની મુર્તીની શેવા કરી આર્તી કરી, ભગવાને આપેલી તાળ બજાવી ઇશ્વર સ્તુતી કરવા માંડી.

સ્તુતી.

(વારે ધા વીઠલા વ્હેલા) એ રાહ.

સાહ્ય કરો શ્રી કીરતારી, નથી કામ દુ:ખ એ ભારીરે:
સ્તુતી ઉચરીએ તારી. સાહ્ય.
બાઈ ભોજાઈએ ઘરમાંથી કાઢયો, કીધો ધર્મશાળે વાસ;
ભલુ થજો તેનું ભજન થશે હવે, પોહોચશે મનની આશ.
છુટી જંજાળ સંસારી. નથી.
મંદીર માગુ વસવા માટે, આ મુર્તી પધરાવું નાથ;
ભાવેથી તુજ ગુણ નીત્ય ગાઉ, સંત વેરાગીની સાથ;
માયા સૌ લાગે અકારી. નથી.
સ્તુતી સુણી પ્રલ્હાદની વશીયા સ્થંભે જઈને નાથ;
ચીરપુરી પંચાળીનાં થકવ્યો, સર્વે કૌરવનો સાથ;
તેમ વ્હાર કરો આ વારી. નથી.

નરસીંહ મેહેતાની સ્તુતી સાંભળી ભગવાને અક્રુર અક્રુર કહી સામટા સાત સાદ કર્યા.

અક્રુર—મહારાજ શી આજ્ઞા છે.

ભગવાન—એકદમ જુનાગઢ જાઓ ?

અક્રુર—જુનાગઢ શા માટે !

ભગવાન—મારો નરસીંહ મંદીર માટે સ્તુતી કરે છે, માટે ત્યાં જઇ મંદીર અપાવી આવો.

અક્રૂર—જેવી કૃપાનાથની આજ્ઞા; હાલજ જાઉં છું.

ભગવાન—જાઓ ખોટી નહી થાઓ.

અક્રૂર—આ ચાલ્યો કૃપાનાથ.

'અક્રૂર મન સાથે વીચાર કરે છે વાહ કૃપાનાથ તમારી ભક્તાવત્સલતા! શું ભક્તને માટે કાળજી! તમારી કળા ન્યારીજ છે. ભક્તને માટે તમો પ્રાણ પાથરો છો.

ગાયન.

(દીસે હાલ થયા શા હાલ હે કૃપાનીધાન) એ રાહ.

કહાવો ભક્તાવત્સલ ભગવંત સત્ય દીનદયાળ,
કરે સત્ય ભક્તિ ધરી વ્હાલ રાખો પત્ય તેની કૃપાળ;
વર્ણી તમારી શકે ન વર્ણી ચો મુખે બ્રહ્માય;
વર્ણવતાં કદી પાર ન પામે શીવ સનકાદીક રાય–પ્રભુ.
સત્ય નીરંજન નામજ તારૂ અવર નહી કાંઇ સાર,
તુંહી સત્ય, તુજ પત્ય, કરણ ભવ નીસ્તાર.—પ્રભુ મારા.

અક્રૂર—(જુનાગઢ આવી નરસીંહરામને ભજનમાં ગુલતાન જોઇ, ધન્ય છે નરસિંહરામ તમારી ભક્તિને!)

જયશ્રીકૃષ્ણ ભક્ત નરસીંહરામ.

નરસીંહરામ-જયશ્રીકૃષ્ણ, કહો કેમ પધાર્યા છો? દર્શન કરવાં હોય તો સુખેથી કરો, ને મારા સરખુ કામકાજ હોય તો કહી દો.

અક્રૂર—હું તમને મંદીર અપાવા સારૂ આવ્યો છું.

નરસીંહરામ-એ તો જાણ્યું (વચન આપેલું છે તે કેમ ચુકે) હું કયાં રસ્તામાં બેઠો છું.

અક્રૂર—રસ્તામાં નહી પણ ધર્મશાળામા તો ખરા ?

નરસીંહરામ-ધર્મશાળા શું, ને ઘર શું, ધર્મશાળા તે ઘર, ને ઘર તે ધર્મશાળા.

અક્રૂર—એમ કેમ બોલોછો ! ધર્મશાળાને ઘર કેમ કહેવાય? ને ઘર ને ધર્મશાળા કેમ કહેવાય ?

નરસીંહરામ-ધર્મશાળાને ઘર એમ કે જ્યાં બેઠા ત્યાં ઘર, કારણ ઘરના ઘર વાળા ઘર બાંધી જતા નંથી. મોહોટા રાવણ જેવા થઇ ગયા, પાંન્ડવ અને કૌરવ જેવા થઇ ગયા, જેમને ત્યાં કનકના મણીમય મેહેલો હતા, તેમણે પણ છેવટે સ્મશાન ભુમીમાં વાસ કર્યો, ને મણીમય મેહેલો હજારો જણના ભોગ પડ્યા, તો તે ઘર શાનાં ? પણ ધર્મશાળાજ. કારણ પોતાની દેહજ ધર્મશાળા જેવી છે, તો ઘર આપણાં શાનાં

અક્રૂર—દેહ ધર્મશાળા જેવી શા માટે ?

નરસિંહરામ—દેહ ધર્મશાળા જેવી એટલા માટે કે આત્મા અમર છે, ને દેહ નાશવંત છે, લક્ષ ચોર્યાશી યોની આત્મા ફર્યો હશે, એટલે જેટલી યોની એટલે દેહ, તે સર્વ ધર્મશાળા રૂપજ છે.

અક્રૂર—ધન્ય છે ભક્તરાજ તમારી શુદ્ધ બુદ્ધિને ! વારૂ ધર્મશાળા તે ઘર શા માટે, તે કૃપા કરી જણાવો.

નરસિંહરામ—જેવું કારણ ઘર ધર્મશાળા રૂપ છે, તેવુંજ કારણ ધર્મશાળા ઘર રૂપ છે; કારણ જ્યાં રહયા ત્યાં ઘર. ઘર કહો કે ધર્મશાળા કહો પણ છેવટ વસવાનું ઠામ સ્મશાન ભુમીજ છે. ઘર વાળાનું છેવટનું ઠામ ઘર નથી, ને ધર્મશાળા

વાળાનું છેવટનું ઠામ ધર્મશાળા નથી. છેવટનો ઠામ રંક અને રાય સર્વેને માટે સરખોજ છે.

અક્રૂર—ધન્યછે તમારી દ્રઢનીષ્ટાને ભક્તરાજ ! તમારા બોધથી મને પુર્ણ સંતોષ થયો છે. હવે ચાલો તમોને મંદીર અપાવું.

નરસિંહરામ—મારાથી ભજન છોડી અવાય તેમ નથી,તમારે અપાવવું હોય, ને અપાવા આવ્યા હો તો જાતે જઇને લઈ આવો.

અક્રૂર—પણ તમે જોઇને પસન તો કરો ! જે મંદીર પસન કરો તે અપાવું.

નરસિંહરામ—મારે પસન કરવાનું એટલુંજ કે, જે મંદીર લ્યો, તેમાં હુ કહું તેટલી સોઈ જોઇએ.

અક્રૂર—શી ? શી ?

નરસિંહરામ—પ્રથમ મારા ઠાકોરજીને પધરાવાનું મંદીર, સાધુસંતને બેસવા માટે પડાળી, તુળશીચારો કરવા તથા ભગવાનને માટે સુવાસીત ફુલો વાવવા માટે થોડી છુટી જમીન-તે શીવાય રસોડું ઠાકોરજીને માટે ભોગ તૈયાર કરવા સારૂ, તે શીવાય સુવા બેસવા વીગેરેની સોઈ જોઇએ.

અક્રૂર—તે બધી સોઇ જાતે આવી તપાશી લ્યો ?

નરસિંહરામ—મારે શું તપાસવાનું હતું, જે જે સોઈ જોઈતી હતી તે કહી દીધી; હવે તમે જાણોને મંદીર જાણો, હું ખોટી થાઉં છું, સંતો કુડો પડો **ભજો રાધે કૃષ્ણ, રાધે કૃષ્ણ રાધે,** બોલો રાધે **કૃષ્ણ રાધે,** કૃષ્ણ **રાધે,**

અક્રૂર—(મન સાથે વીચાર કરે છે કે હવે તેતો આવવા ચોખ્ખી ના પાડે છે, માટે એકલુંજ જવું પડવાનું) બહુ સારૂ ભક્તરાજ જાઉંછું.

અક્રૂરે ગામમાં જઈ નરસીંહરામ ભક્તના કહ્યા મુજબ સોઈ કરી નવીન મંદીર તૈયાર કરી નરસીહરામ પાસે આવ્યા, અને તેમને તે મંદીરમાં વાસ કરાવી ઠાકોર મુર્તી પધરાવી તુળસીચારો તથા બીજાં સુવાશીત ફુલોનો બાગ બનાવી આપી વૈકુંઠમાં ગયા, અને ભગવાનની પાસે નરસીહરામની દઢ નીષ્ટા તથા નેક ભકિતનાં વખાણ કર્યા.

થોડા દીવશ વીત્યાબાદ કુંવરબાઇને આણે શ્રીરંગધર મેહેતાને ત્યાંથી એક બ્રાહ્મણ આવ્યો; આણું આવ્યું તેથી મેહેતીજીને ચીંતા થઇ; ભોગ જોગે ભક્તના ઘરનું સીધુ આવેલું હતું તે રાંધવા માંડ્યું, અને બ્રાહ્મણ નગ્ર જોવા ગયો; મેહેતાજી હાથમાં કીડતાળ લઇ, પગે ઘુઘરા બાંધી ઇશ્વરના નામનું ભજન કરી રહ્યા છે, અને એક તાર થઈ રહ્યા છે, ત્યાં મેહેતીજી આવ્યાં, અને કહ્યું સ્વામીનાથ! કુંવરબાઇનું આણું આવ્યું છે! મેહેતાએ કહ્યું આણું આવ્યું છે તો કુંવરબાઇને વીદાય કરો. મેહેતી કહે વીદાય કેવી રીતે કરૂ કરીઆવર કરવો જોઇએ તેનું તો ઠેકાણું નથી; કુંવરબાઇ સાસરે જાય, અને લોકો કરીઆવર જોવા આવે ત્યારે કુંવરબાઇ શું બતાવશે, તેનો વીચાર કર્યો? મેહેતાજી કહે કરીઆવરમાં શું શું જોઇએ? મેહેતીએ કહ્યું એવો કરીઆવર કરવો જોઇએ કે જે જોઈ જોનારનાં મન દીંગ બનીજાય, અને અત્યંત ખુશી થઇ કુંવરબઇને તથા આપણને ધન્યવાદ આપે, એવો કરીઆવર કરવો જોઇએ; ને અહીઆં તો એક પાઇનું પણ ઠેકાણું નથી. ક્યાંકથી પાંચ

રૂપીઆ આવ્યા તો સાધુ વેરાગીને ખવરાવી દેવા, કાંઇ દુનીયાદારીનું ભાનછે! પગે છેક ઢીચણુ સુધી ઘુઘરા બાંધવા, મોહોટાં ગાજરીઆં જેવડાં ટીલાં તાણુવાં, અને નાચી કુદીને ભજન કરવું; બ્રાહ્મણુ કુંવરબાઇને સાસરે જઇ વાત કરશે તો બહુ સારી ઇજત નીકળશે! આ સાધુ વેરાગી ભેગા પડી રહો છો, ને આ તુળશીની માળાના થોકડા ગળામાં ઘાલો છો, પણુ દુનીયાદારીનું તો ભાનજ રાખતા નથી.

નરસિંહરામ—હું તમને કહું છું કે તમારે મારા ભજનની નીંદા કરવી નહી; તમારે જે વાત કરવી હોય તે કરોને.

માણેકબાઈ—શી વાત કરૂ ! વાત કરવાથી ફાયદો શો ?

નરસિંહરામ—શો ફાયદો જોઇએ છીએ, ભગવાન ઉપર આકીન રાખો તો તે સર્વે સારાં વાનાં કરશે

માણેકબાઇ—જો મારા કહ્યા મુજબ ઉમદામાં ઉમદો કરીઆવર કરો કે જે જોઇ નાગરની સ્ત્રીઓ કુંવરબાઇને તથા આપણુને ધન્યવાદ આપે એવો કરીઆવર થાય તો મારો આત્મા પ્રસન્ન થાય, ને ભગવાનનું ભજન કર્યું એ પ્રમાણુ કહેવાય.

નરસિંહરામ—બહુ સારૂ તેવોજ કરીઆવર માહારો નાથ કરશે, વિશ્વાસ રાખો.

માણેકબાઇ—ઠીક હું બ્રાહ્મણુ આવે તેને જમાડું છું, તમો કરીઆવરની તૈયારી કરો; કુંવરબાઇને આજે વિદાય કરવી પડશે, કારણુ આણું ઉતાવળનું છે.

નરસિંહરામ—બહુ સારૂ તમો તમારે કરતાં હો તે કરો, તમારા તથા મારા કરતાં તે દીન દયાળને વધારે ચિંતા છે.

મેહેતીજી ગયાં::અને મેહેતાએ કૃષ્ણુની સ્તુતી તેમણે આપેલી તાળ બજાવી ગાવા માંડી

નરસીંહરામ—

સ્તુતી.

(પ્રેમનો કોલ દીયો રાજકુમાર) એ રાહ.

વેગે આવો વીઠ્ઠલ દીનદયાળ, નાંખી મને સંસારી જાળ,
બેઠા કેમ નીશ્ચીત મને કૃપાળ— વેગે.
કરો કરીઆવર કુંવર તમારી, પુરો સ્ત્રીનો લ્હાવ;
તમે જાણો તમ પુત્રી જાણો, મને સઘળો અભાવ. વેગે.
સ્વસુર પક્ષનું આણું આવ્યું, ચેતવવા મુજ કામ;
લાજ આબરૂ તમને સોંપી, હુંતો રટું તુમ નામ. વેગે.

મેહેતાજીની સ્તુતી સાંભળી ભગવાન નરસીંહરામ પાસે આવ્યા, અને કહ્યું ભક્ત નરસીંહરામ મને કેમ યાદ કર્યો. નરસીંહરામ કહે આ માયાની જાળ વળગાડી છે, અને પાછા પુછો છો શું ! કુંવરબાઇને કરીઆવર કરવો છે. ભગવાન કહે કરીઆવર શું કરવો છે તે પુછ્યું છે ? નરસીંહરામે કહ્યું, એવો કરીઆવર કરવો જોઇએ કે જે જોઇ નાગરની સ્ત્રીએ કુંવરબાઇને તથા તમને ધન્યવાદ આપે, તેવો કરીઆવર કરવો છે. ભગવાને ભક્તિના અંગને શોભે તેવો પવિત્ર પોશાગ, તથા પોતાની મુર્તી, નરસીંહરામને આપી અને કહ્યું આ કરીઆવર નૂવીન છે, અને તે જોતાંજ નાગરની સ્ત્રીઓ દીંગ બની જશે, અને તમોને તથા કુંવરબાઇને ધન્યવાદ આપશે, કહી અંતરધ્યાન થયા, ને મેહેતા ભજનની ધુનમાં લાગ્યાં.

આણે આવેલા બ્રાહ્મણને જમાડી મંદીરમાં જ્યાં નરસીંહરામ ભજનની ઝડી લગાવી રહ્યા છે ત્યાં મોકલ્યો;

બ્રાહ્મણે મેહેતાને કહ્યું ભક્તરાજા હમને આજે વિદાય કરો, કારણ ત્યાં ઘણું અગત્યનું કામ હોવાથી હું આવ્યો છું, ને મારાથી રોકાઈ શકાય તેમ નથી; ત્યાં એકજણને મોકલી માણેકબાઇને બોલાવ્યાં, અને કહ્યું, આ બ્રાહ્મણ કહે છે, આજ કુંવરબાઇને વિદાય કરો. મેહેતીએ કહ્યું, એમ તે વીદાય કરાયકે ? બે ચાર દીવસ રહો, ત્યાર પછી કુંવરબાઇને વિદાય કરીશું: હજતો અમોએ કશો કરીઆવર કર્યો નથી. કરીઆવર કર્યા શીવાય વિદાયગીરી કેવી રીતે અપાય; બ્રાહ્મણે કહ્યુ તે ખરૂં, પણ ત્યાં લગ્ન પ્રસંગનું કામ છે, ને તે વીતી જાય, માટે આજને આજ તૈયાર કરો. મેહેતીએ મન સાથે પશ્ચાતાપ કર્યો કે આ ધણીને પરણી હું એકે લ્હાવ પામી નહી, ને બ્રાહ્મણને રોકવા તેમાં એ માલ નથી; પ્રથમ ખવરાવવું શું ? એતો સારૂ થયું કે આજ શીધુ આવ્યું હતું તો કામ લાગ્યું, નહીતર પુરી ફજેતી થાત; આને આજ વીદાય કરીશું તો કહેવાનું તો રહેશે કે ઓચીંતુ આણુ આવ્યું. અને ઉતાવળ કરી તેથી કરીઆવર થયો નહી; ને જો રોકીશું તો પછી એકે બાહાનું રેહેશે નહી, માટે આજેજ વીદાય કરવાં" મેહેતીજી કહે બહુ સારૂ, ત્યાં લગ્ન પ્રસંગ તે કેવી રીતે રોકી રખાય, કાલ સવારે વીદાય કરીશું, બ્રાહ્મણને સુવા માટે બીછાનું નાખી આપ્યું ત્યાં બ્રાહ્મણ સુઇ ગયો.

બ્રાહ્મણે સુતાં સુતાં વીચાર કર્યો કે શ્રીરંગધર મેહેતાએ શું જોઈ અહી છોકરાને પરણાવ્યો હશે. ઘરમાં એક દાહાડાનું ખાવા સરખુંએ નથી, ત્યાં નરસીંહ મેહેતો સાધુ વેરાગીમાં પડયો રહે છે, ને પગે ઘુઘરા બાંધી નીર્લજ બની

નાચે છે, અને દુનીયાદારીનું તો ભાનજ નથી; તેનો વેશ તો જુવો પગે ઢીંચણ સુધી ઘુઘરા, કોટમાં તુળશીની માળાનો થોકડો, હાથમાં કીડતાલ, વાઘ ચીતર્યા હોય એવાં મોહોટાં ગાજરીઆં જેવડાં ટીલાં, અને નટવાની માફક નાચવું; એમશું ભગવાન મળતા હશે જો ઘુઘરા બાંધે ભગવાન મળતા હોત તો હાથીની કોટે સવામણનો ઘંટ બાંધે છે તેનેજ ભગવાન મળે. જો તુળશીની માળાના થોકડા કોટમાં નાખે ભગવાન મળતા હોત, તો બાવા તુળશીનાં લાકડાંના પાપાશેરના મણકાની માળા નાખે છે તેનેજ ભગવાન મળવા જોઇએ, જો કીડતાલ વગાડે પ્રભુ મળતા હોત તો ઘણા વૈરાગીઓ જગતને ધુતી ખાવા કીડતાલ વગાડી રોજ ભજન કરે છે, પણ ઉપરકી અછીને ભીતર કી રામ જાને " તેવાનેજ ભગવાન મળવા જોઇએ, જો મોહોટાં ટીલાં કર્યે ભગવાન મળતા હોત, તો બાવા આખા શરીરે રખ્યા ચોળે છે, તેમનેજ ભગવાન મળવા જોઇએ; ને જો નાચવાથી ભગવાન મળતા હોત, તો વાઘ આખો દીવસ ટેલ્યા કરે છે, તેનેજ મળે; પણ તેતો બધા ઢોંગજ.કરી સવારમાં શું આલે છે તે સવારે જોવાનું છે; ગોપીચંદન અને ગેરૂ, ભાગ્યાનો ભેરૂ, તેના ઢગ મારી રાખ્યા છે, તે આપશે; તુળશીની માળાઓના થોક મારી મુકયા છે, તે આપશે, તેશીવાય બીજું કાંઈ દેખાતું નથી; હવે સવારે વાત, જે હશે તે જણાશે. વાજતુ ગાજતુ આપેથી માંડવે આવશે.

સવારમાં વેહેલા ઉઠી. માણેકબાઇએ કુંવરબાઇને જગાડી સ્નાન આદિ કર્મથી પરવારાવી તૈયાર કરી, અને મેહેતાજી પાસે ગયાં; મેહેતાજી તો રાતને દીવસ ભજનમાં ગુલતાનજ રહેતા, ત્યાં આવી કહ્યું સાંભળો છો? નરસીંહરામે

કહ્યું શું છે ? માણેકબાઈ કહે કુંવરબાઇ માટે કરીઆવરનું શું કર્યું ? નરસીંહરામ કહે તૈયાર છે. માણેકબાઈ કહે કયાં છે ? ત્યાં નરસીંહરામે ભગવાને આપેલી **કૃષ્ણભગવાનની** મુર્તી, તથા પવિત્ર પોશાક, માણેકબાઇને આપ્યો, મેહેતી કહે શું આટલુંજ ! નરસીંહરામે કહ્યું તમારા કહ્યા મુજબનું છે; મેહેતીએ મન સાથે વિચાર કર્યો કે કે મુળગાના સાંસા તેકરતાં આટલુ એ મળ્યું તે કહોને " કોઇને જવાબ તો દેવાશે કે બ્રાહ્મણે ઉતાવળ કરી તે કયાંથી પોહોચાય, એમ સમજી મન વાળ્યું, અને કુંવરબાઇને ભગવાને આપેલો પવિત્ર પોશાક પહેરાવ્યો, અને તૈયાર કરી; કૃષ્ણ**ભગવાન**ની મુર્તી માણેકબાઇએ મેહેતાને આપી અને કહ્યું, આ મુર્તી શું કરવી છે! તમે તમારે ભક્તાણું કુટયા કરો, મારી છોડીને કાંઇ ભક્તાણી થવું નથી, ને નાગરની નાત્ય હસાવવી નથી? નરસીંહરામે કહ્યું કુંવરબાઇને પુછો, ને તેની મરજી ના હોય તો ભલે; કુંવરબાઇ કહે પીતાજી ! આ મુર્તી હું સાથેજ રાખીશ અને તેનું નીત્ય શેવન કરીશ, માટે મને આપો. મેહેતાજીએ પ્રસનવદને તે મુર્તી કુંવરબાઇને આપી.

શામળશા પથારીમાંથી ઉઠી બેહેન પાસે આવ્યો, અને બેહેનનો વીયોગ થશે તેમ જાણી, પોતાની સાથે લેવા કહ્યું; બેહેને કહ્યું, તારા લગ્ન ઉપર હુ જરૂર આવીશ, ને બા તથા બાપાજીને સંતાપીસ નહી; તેવી ઘણી શીખામણ વચનમાં કહી સંભળાવી તેના મનનું શાંન્તવન કર્યું. મેહેતીજીએ કહ્યું, દીકરી તને કાંઇપણ કરીઆવર આપણો નથી તેથી હું ઘણી દીલગીરછું કુંવરબાઇએ કહ્યું, માતાજી તમોએ જે કરીઆવર કર્યો છે, તેના તુલ્ય કરીઆવર મોહોટા રાજા રજવાડાની દીકરીને મળે તે કરીઆવર આવવાનો

નથી, ને મારાં પુરણ ભાગ્ય કે મને આવો કરીઆવર મ-
ળ્યો, તેથી હું ઘણીજ પ્રસન્ન થઇછું. માણેકબાઈ ક્હે મા-
રી સંતોસીલી કુંવર, તારા સ્વભાવની બલીહારી છે. તારા
ગરીબ માતાપીતાને તું મોહોટાઇ આપેછે. એક સાધુ વેરાગી
ની દીકરીને મળે, તેટલો કરીઆવર પણ નહી મળવા છતાં
તુ મારા મનનું શાન્તવન કરવા આવાં સંતોષકારક વચ-
નો ઉચરે છે, પણ હું અણસમજુ નથી. કુંવરબાઇ કહે
માતાજી તમારી મોહોટી ભુલ છે, જુવો સાંભળો ?

ગાયન.

કુંવરબાઇ—(જાઈને જુઇ જેવો પતી ગમે નહી) એ રાહ

અમુલ્ય કરીઆવર માજી છે આ સહી, મોહોટામોહોટાના
છોરૂ પણ તે પામે નહી.
હીરને ચીર સઉ પ્રભુની માયા, વસ્ત્ર પવિત્રથી દીપવી આ
કાયા. શેવું શામળીઆની મુર્તી પ્રસન્ન થઈ—મોહોટા
મોહમાયામાં નાંખે હેમ હીરા હારો, સપડાતાં તેમાં જીવનો
આથે નહી આરો—શેવું.
કંકણ કૃષ્ણનામા ધરીયા છે હાથે, ચીર ચત્રુભુજ નામ ધ-
રીયુછે માથે.—શેવું.
હાર હરીનામ ઊર મહી શોભે જો, જેથી પ્રભુ ભજનમાં
મન લોભે જો.—શેવું.

દીકરીનો સંતોપ તથા પ્રભુ પ્રત્યે પવિત્ર પ્રિતી જોઇ
નરસીંહરામ ખુશી થયા, અને આણે આવેલા બ્રાહ્મણ સાથે
કુંવરબાઇને વિદાય કરી.

પ્રકરણ ૩ જું

એક દીવશ કૃષ્ણ લક્ષ્મીજી સાથે બીરાજ્યા હતા, ત્યાં લક્ષ્મીજીએ કહ્યું, મહારાજ મૃત્યુ લોકનો વિવ્હા મહાલવાની મારી ઇચ્છા છે તે તમો પરિપૂર્ણ કરો.

કૃષ્ણ—મારા ભક્ત નરસીંહરામનો છોકરો પરણશે ત્યારે વીવ્હા મહાલાવીશ.

લક્ષ્મીજી—નરસીંહરામ કીયા ?

કૃષ્ણ—રાસલીલામાં મધ્ય સ્થળે ઉંચા આસન ઉપર મશાલ લઇ બીરાજ્યા હતા તે.

લક્ષ્મીજી—તેમનો છોકરો કેવડો છે ? ને નામ શું ?

કૃષ્ણ—તેર વરસનો ને નામ શામળશા છે.

લક્ષ્મીજી—તેનો વિવ્હા કરેલો છે ?

કૃષ્ણ—ના તેનો વિવ્હા મહારેજ કરવાનો છે.

લક્ષ્મીજી—ભક્તની હયાતી છતાં વિવ્હા તમારે શા માટે કરવાનો છે !

કૃષ્ણ—તેણે સંસારનું બધું ગાળીયુ કહાડી મારા માથે નાખ્યું છે, ને તે માત્ર ભજનમાં ગુલતાન રહે છે તેથી.

લક્ષ્મીજી—વારૂ કન્યા શોધી છે કે શોધવાની છે ?

કૃષ્ણ—કન્યા તૈયાર છે.

લક્ષ્મીજી—તો વિવ્હા કરી નાંખો, વાર શા માટે કરોછો ?

કૃષ્ણ—તેના વીચારમાંજ છું

લક્ષ્મીજી—પણ એક વચન આપો?

કૃષ્ણ—વચન શેનું?

લક્ષ્મીજી—વચન આપો પછી કહું.

કૃષ્ણ—લ્યો વચન? હવેતો કહો?

લક્ષ્મીજી—કહેવાનું એટલુંજ કે વરની મા થઇ નામણ દીવડા હું ઝાલું.

કૃષ્ણ—આ ઇચ્છા પરિપુર્ણ કરવી હતી તો વચન માગવાની શી જરૂર હતી, એમને એમ કહયું હોત તો ના કહેવાનો હતો?

લક્ષ્મીજી—હવે વચન આપ્યું છે તે પળજો એટલે થયું; ચાલો હવે વીલાસ ગ્રહમાં; કહી વીલાસ ગ્રહમાં ગયાં.

મદન મેહેતા વડનગરના રહીશ નાગર ગ્રહસ્થ હતા, ને દરબારમાં દીવાન પદ ઉપર હતા; તેમની પાસે સાત લાખ રૂપીઆની મુડી હતી. તેમને સંતાનમાં એક પુત્રી શીવાય કાંઈ નહોતું. પુત્રીનું નામ જુડીબાઇ હતું. જુડીબાઇની ઉમર અગીઆર વરસની થઈ પણ યોગ્ય વર તથા યોગ્ય ઘર નહી મળવાથી, તેનું સગપણ કર્યું નહોતું. ભગવાનની ઇચ્છા શામળશા વેરે નરસીંહરામને ત્યાં વીવહા કરવાની, તો મેહેતાને બીજું ઠેકાણું કયાંથી પસંદ પડે. તેની અથાગ માયાનો પાર પામવા કોઈ શકિતવાન નથી. મદન મેહેતાની સ્ત્રી પુત્રીના વીવહાની ચીંતામાં બેઠી છે, ત્યાં ભગવાને તેને સ્મરણ શક્તિ મુકી જુનાગઢનું ભાન કરાવ્યું, તેથી મદન મેહેતાની સ્ત્રીની ચીંતા કાંક ઓછી થઇ; કારણ જુનાગઢમાં નાગરનાં સાતસો ઘર હતાં, તેથી ત્યાંની

વાત મદન મેહેતાને કહેવી એવો નીશ્ચય કર્યો. જ્યારે મદન મેહેતા દરબારમાંથી ઘેર આવ્યા ત્યારે તેમની સ્ત્રીએ કહ્યું સ્વામીનાથ! આપણી જુઠીબાઇ અગીઆર વરસની થઈ પણ તમારી આંખ ઉઘડતી નથી, ને સારૂ ખોટું કરતાં તેનો કન્યાકાળ જાય છે, તેનો વિચાર કર્યો? મદન મેહેતા કહે તેની ચીંતામાં ખાવું કે પીવું ગમતુ નથી, ને સુતાં ઉંઘ પણ આવતી નથી, મેહેતીએ કહ્યું પ્રાણનાથ! જુનાગઢમાં આપણી નાત્યનાં સાતસો ઘર છે, ને આપણા વડનગરની પાંચસાત કન્યાઓ જુનાગઢમાં આપેલી છે. મદન મેહેતા કહે. ત્યાં તપાસ કરાવીએ. મેહેતી કહે તપાસ કરતાં કરતાં અને કરાવતાં કરાવતાં વરસો વીતી ગયાં, પણ એકે ઠેકાણું પસંદ પડયુ નહિ, માટે હવે તો ગોરને જુનાગઢ મોકલો, તે ત્યાં જઇ યોગ્ય વર તથા યોગ્ય ઘર જોઇ વીવ્હા કરીનેજ આવે. મદન મેહેતાને તે વાત રૂચી અને ગોરને બોલાવા સારૂ નોકરને મોકલ્યો.

નોકર ગોરને તેડીને ઘેર આવ્યો; ગોરે મદન મેહેતાને નમસ્કાર કર્યો. મદન મેહેતા કહે ગોર, તમો જુનાગઢ જાઓ, અને આપણા લાયકનું ઘર તથા સારો ગુણવાન તથા હોશીયાર મુરતીઓ જોઇ જુઠીબાઇનું સગપણ કરી આવો. ગોર કહે જેવો હુકમ. મદન મેહેતા કહે જોજો? તમારાજ ભરોસા ઉપર છે, માટે જોવામાં કચાશ રાખશો નહી. ગોર કહે તે તો ઠીક, પણ જુનાગઢનો હું ભોમીયો નથી, તેમ નાગરની ન્યાતના ગ્રહસ્થોને પણ હું પીછાણતો નથી. આ કામ કાંઇ એક બે દીવશનું નથી, સેજે મહીનો થાય; તો ત્યાં જઇ ઉતરવું ક્યાં? અને કદાપી ધર્મશાળામાં ઉતરૂ, પણ ત્યાં નાગર ગ્રહસ્થોની માહીતી કોણ આપે, માટે કોઇ ઠેકાણે આ-

પને ઓળખાંણુ હોયતો તેના ઉપર ભલામણ પત્ર લખી આપો, તો હું જવા તઇયારછું. મદનમેહેતાએ કહ્યું, મારો એક નાહાનપણનો દોસ્તદાર સારંગધર નામનો નાગર ગ્રહસ્થ છે, તેના ઉપર કાગળ લખી આપીશ ત્યાં જઇ તેમને ત્યાં ઉતરજો. તે તમને દરેક વાતની માહીતી પણ આપશે. ગોરે કહ્યું ભલે તો તઇયાર છું; મદન મહેતા કહે તો જાઓ ઘેરથી તૈયાર થઇઆવો, હું રથ તથા માણસનો બંદોબસ્ત કરૂંછું; ગોરે કહ્યું તો કાંઇ હરકત નહી, હું હાલ આવું છું, કહી ઘેર ગયા. મદન મેહેતાએ રથ તથા તેમની જોડે મોકલવાના માણસો વીગેરેની તૈયારી કરવા માંડી.

ગોર પરવારીને આવ્યા તેમને બેસવા રથ, બે શીપાઈ પટાવાળા, તથા ગાડીવાન, એટલી સાહીત્ય આપી; કારણ વડનગરથી જુનાગઢ ઘણું દુર હતું, ને તે પગરસ્તાનું ગામ હતું. આજની માફક રેલ ગાડી નહોતી, તેથી આટલી સોઈ મદન મેહેતાએ આપી, અને કહ્યું ગોર મહારાજ! શુભ કામ કરી વેહેલાસર પાછા આવજો; જોજો કોઈ રીતે કહેવણ આવે નહી. ગોરે કહ્યું કાંઈ ચીંતા નહી. ઇશ્વર સઉ સારાં વાનાં કરશે, કહી ગોર સારંગધર ઉપરનો ભલામણ પત્ર લઈ જુનાગઢ તરફ રવાને થયા, અને આઠે દીવશે જુનાગઢ પોંહોચ્યાં.

જુનાગઢની ભાગોળે જઇ ગોરે રસ્તામાંનાં ધુળ ખાધેલાં કપડાં બદલી નવા કપડાં પહેર્યાં, અને પટાવાળાઓને તૈયાર થવાનું કહેતા તે પણ તૈયાર થઈ ગયા, અને રથ ગામમાં હાંકયો. રથ નાગરોના સટાક ચોરા પાસે આવ્યો ત્યાં કેટલાક નાગર ગ્રહસ્થો બીરાજ્યા હતા તેમાંના એકે કહ્યું, આ

રસાલા સહીત કોણ આવે છે હરરાયજી ? હરરાય કહે કોક પરદેશી જેવું છે, કેમ મોહનરાયભાઇ ? હા તેમજછે, ધર્મશાળા નો રસ્તો ભુલ્યા લાગે છે; ત્યાં પરસતરાયે કહ્યું, ભાઈ ધર્મશાળા ખોળો છો કે બીજું કાંઈ ? જો ધર્મશાળામાં જવું હોયતો તે પાછળ રહી; ગોરે કહ્યું હું રસ્તો ભુલ્યો નથી, ને મારે ધર્મશાળામાં ઉતરવુંપણ નથી;ત્યાં હરસદરાયે કહ્યું ક્યાંથી આવોછો, ને કોને ખોળો છો ? ગોરે કહ્યું હું વડનગરથી મદન મેહેતાની દીકરી જુઠીબાઇનું સગપણ કરવા આવ્યો છું ને સારંગધર ઉપર ભલામણ પત્ર લાવ્યો છું, તેથી તેમને ઘેર જવું છે; ત્યાં સારંગધર પણ ત્યાં હાજરજ હતા તેમણે આગળ આવી મદન મેહેતાનો પત્ર લીધો, અને કહ્યું મદન મેહેતાને હું એક નીશાળે ભણેલા, ત્યારની મારે તેમની સાથે મિત્રાચારી છે, તેથી મારા ઉપર ભલામણ પત્ર લખ્યો છે.

જુનાગઢમાં નાગરની નાત્યમાં ત્રણસો છોકરા કુંવારા હતા. ને જે નાગરો ગોરને ધર્મશાળા બતાવતા હતા તેજ નાગરો કહે ગોર મહારાજ ઉતારો અમારે ત્યાં કરો; એક કહે અમારે ત્યાં ઉતારો કરો, બીજો કહે અમારે ત્યાં ઉતારો કરો; એમ ગોર મહારાજની ખેંચમતાણ થવા લાગી.

વાસુકીરાય (મારી સ્વામીકા તુજને) એ રાહ.

દક્ષીત ચાલો મમઘર માહાલો, જાણી તમારૂં ધામ;
ધામ, ધામ, ધામ, ધામ. દીક્ષીત.
ચાલો પધારો મમઘેર પ્રીતે; સુખી થશો મહારાજ;
પુત્રછે મારો આણંદકારી, સુધરશે તમ કાજ;

માટે પધારી, કરો આભારી, મમઘર આજે;
માગુછું, કરી પ્રણામ (૫) દીક્ષીત

સારંગધર—

ત્રણસો કુંવર છે કુંવારા, નાગરી નાત્યની માંય;
વારા ફરતી સર્વ જોશું, બોલાવી સઉ ત્યાંય;
માટે પધારો, સંદેહ નીવારો, દીક્ષીત કહુંછું;
વીચારી કરશું કામ (૫) દીક્ષીત.

એક કહે મારો ભાણીઓ સુબા સાહેબનો સીરસ્તેદારછે; એક કહે મારો ભાઇ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ છે; ત્રીજો કહે મારો ભત્રીજો નાયબ દીવાન છે; ચોથો કહે મારો ભાઇ ડાક્ટર છે (એલ. એમ એન્ડ એસ.)

ઉપરા ઉપરી ભલામણો સાંભળી દીક્ષીતજી ગભરાયા, અને કહ્યું હું સારંગધરને ઘેર જાઉંછું. ને ત્યાંજ મુકામ કરૂછું. જે જેને પોતાના દીકરા બતાવવા હોય તે સારંગધર મારફત પેરવી કરજો. નાગરો કહે ત્યારે મહારાજ સુખેથી સીધાવો, રસ્તાના થાકયા પાકયા હશો ગોર કહે લાંબા પંથેથી આવુંછું એટલે તેમતો ખરૂંજને. સારંગધર કહે ચાલો રથ સામો હાંકો. ગોર રથમાં બેઠા ને રથ સારંગધરના ઘર તરફ હંકાર્યો.

તેજ દીવશે ક્રષ્ણરાય નામનો નાગર સારંગધરને ઘેર ગયો અને કહ્યું, સારંગધર કાલે જમવાનું આપણે ત્યાં રાખજો. સારંગધરે કહ્યું કેમ કાલે તમારે ત્યાં શું છે ? કૃષ્ણરાય કહે હું વર્ષોવર્ષ પુરવજીયું કરૂછું, પણ આ સાલ લગાર કારણ પ્રસંગ હતો તેથી કર્યું નહોતું; તેથી એમ વિચાર થયો કે કાલે કરી નાંખીએ. સારંગધરે કહ્યું, બહુ સારૂં, કાલે જમવા તમારે ત્યાં આવીશ. ક્રષ્ણરાય કહે જરૂર પધારજો અને એકલા

આવતા નહી. મેમાન પરોણાસહ સરવેજણુ કહુંછું. સારંગધરે કહ્યું બહુ સારૂ, એ પ્રમાણે નોતરૂ આપી ત્યાંથી વીદાય થયો.

રસ્તામાં વિચાર કરવા માંડ્યો કે સારંગધર એકલાથી બનવાનું નથી; પણ સારંગધરના મળતીઆ નાતમાં શ્રેષ્ટ પરસતરાય તથા વાસુકીરાય છે તેમને કહેતો જાઉ; કારણ સારંગધર તેમનુંજ કહેવું માને છે, ને એમનું ડોકું હાલ્યા શીવાય વાત બનવાની નથી. માટે તેમને પણ કહેતો જાઉ. એવો વીચાર કરી પરસતરાયને ઘેર ગયો.

કૃષ્ણરાય—પરસતરાય કાકા ? ઓ પરસતરાય કાકા ?

પરસતરાય—કોણ કૃષ્ણરાય ?

કૃષ્ણરાય—હા, હું કૃષ્ણરાય.

પરસતરાય—કેમ આવ્યો છું ?

કૃષ્ણરાય—કાલે બધા ઘરનાંને મારે ત્યાં જમવું છે.

પરસતરાય—બહુસારૂ. પણ સત્ય કહેજે, કાલે જમણ શા માટે ઠરાવ્યું છે ?

કૃષ્ણરાય—કાકા સાચુ કહું ?

પરસતરાય—એતો હું સમજ્યો છું.

કૃષ્ણરાય—તમારે મોઢે જુઠું નહી કહું, કારણ મારે તો તમારોજ આશરો છે. પેલો દીક્ષીત આવ્યો છે તેને મારો છોકરો બતાવવો છે. માટે મેહેરબાની કરી આટલુ ચોકઠું બેસાડી દેજો.

પરસતરાય—એતો મને પ્રથમથીજ ખબર હતી.

કૃષ્ણરાય—શી ખબર ?

પરસતરાય—વાસુકીરાય આવ્યા હતા તે હમણાંજ ગયા ને હમો દીક્ષીતનીજ વાતો કરતા હતા તેમાં તને ખાસ સંભાર્યો હતો.

કૃષ્ણરાય—તમારી તો અમારા ઉપર મેહેરબાની છે જો રામચંદ્રજીની કૃપા હોય તો ?

પરસતરાય—રામચંદ્રજી કૃપા કરી આપશે રમ્યા, તે ચોળજે બેડો બેડો એતો અમારી ખાસ મરજી છે તો થયુંજ સમજ. પણ જોજે, વાસવપ્રસાદ, વાસુકીરાય, ભ્રમણરાય એટલાનાં ઘર ભુલતો નહી.

કૃષ્ણરાય—એતે કેમ ભુલાય.

પરસતરાય—પણ જમણ ઉમદુ કરજે. દીક્ષીત પ્રસન્ન થાય તેવું. (આપણે તો થઇશું)

કૃષ્ણરાય—એમાં તે કાંઈ કહેવું નહી પડે. સેરે સવાસેર ઘી નાંખી બરફી ચુરમું.

પરસતરાય—પણ ભજીયાં અને શાકની સોઇ સારી કરજે. (ચુરમું વધારે ખવાય)

કૃષ્ણરાય—કાકા તેમાં કહેવું નહી પડે. મારા બાપદાદા વારીથી વપરાતુ આવ્યું છે તેમાં કાંઈ કચાસ આવી છે કે મારામાં આવશે ?

પરસતરાય—બહુ સારૂ જા, પણ જમવાનું વેહેલું કરજે.

કૃષ્ણરાય—સારૂ. (જાયછે.)

આશામાં ને આશામાં નોતરાં સરત્રે ઠેકાણે દીધાં; અને જમણ પણ અતિ ઉત્તમ કર્યું; બીજે દીવસે સર્વે જણ જમવા સારૂ આવ્યા, ને પંગત થઇ પત્રાળાં પીરસાયાં, ત્યાર બાદ જમણની વાનીઓ પીરસઇ. દીક્ષીત સારંગધરને કહે રસોઇ ઘણી સરસ થઈ છે.

સારંગધર—એમના ઘરની વાતજ કરવાની નથી; આતો ગ્રહસ્થ ઘરછે. અમારી ન્યાતમાંકોઇને ઘેર પાણી નથી વર્યું એટલું આમને ઘેર ઘીઇ વર્યું છે. એટલામાં કૃષ્ણરાયની સ્ત્રી કમળાગવરી બોલ્યાં.

કમળાગવરી—સારંગધર કાકાજી ! હમણાંતો એટલાં વેવિશાળ આવે છે કે ના કહીને થાક્યાં, પણ આંગણું તોડી પાડે છે, ને હમારી મરજી હાલ ન્હીવા કરવાની નથી. હમણાં શું વહી જાય છે? છોકરો શાળામાં અભ્યાસ કરે છે, ને જે માગાં આવે છે તે અમને પ્રસન્ન પડતાં નથી, તેથી મન થતું નથી; પણ જો ક્યાંક સારૂ ઠેકાણું મળે તો કરીએ પણ ખરાં.

સારંગધર—તમારે કન્યાની શી ખોટ છે.

કમળાગવરી—તમારે પરતાપેને ધઇડાં ને પુન્યે એક કહેતાં એકવીસ

સારંગધર—કેમ પરસતરાય ? મદનમેહેતાના લાયકનું ઘર તો ખરૂં, જો અહી ચોકડું બેસેતો ?

પરસતરાય—જો અહીં ચોકડું બેસી જાય તો મદનમેહેતાનાં ભાગ્ય, કેમ વાસુકીરાય ?

વાસુકીરાય—આના જેવું ઘર અને આવો મુરતીઓ ફરીથી હાથ નહી આવે, ને ચુકશો તો કયાંક ઘાટ બેશી જશે, માટે તક જવા દેશો નહી.

જમીને ઉઠી પાન સોપારી ખાવા બેઠા ત્યારે દીક્ષીતે કહ્યું, એમનો દીકરો બતાવોતો ખરા ? તેજ વખતે તેની માએ શણગાર આદી સજાવેલો પોતાનો પુત્ર ગોરની સમક્ષ લાવીને બેસાડયો. વર્ણે ગૌર અને શણગાર સજાવેલા પછી ખામી શું રહે ? પણ હરીની મરજી નરસીંહરામને ત્યાં સામળશા સાથે સંબંધ જોડવાની તેથી દીક્ષીતને તે મુરતીઆ શામવરણનો અને કદરૂપો લાગ્યો, મુરતીઆને

જોઇ દીક્ષીતે કહ્યું, આ મુરતીઓ અમારા કામનો નથી; સારંગધરજી કોઇ બીજું ઠેકાણું બતાવજો કહી ઉઠ્યા અને ઘેર ગયા.

કૃષ્ણરાય વિમાસણમાં પડ્યો અને કહ્યું, તારૂં સત્યાનાશ જાયરે દીક્ષીત, ખાસ્સી સો રૂપીઆની ઉડી અને તેને તો ડોકું ધુણાવ્યામાંજ પતી ગયું. પણ ઠીક છે, ત્રણેો મુરતીઆ કુંવારા છે આજ મારો તો કાલ બીજાનો વારો આવશે. પણ દીક્ષીતે કહ્યું આ મુરતીયો અમારા કામનો નથી, તો શું મારો છોકરો કાળો છે? કદરૂપો છે? ના! ના! એ કાંઇ વીવહા કરવા આવ્યો નથી, પણ મફતનું કુટીખાવા આવ્યો છે. કેહેવત છે કે "જ્યાં લોભીઆ વસતા હોય ત્યાં ધુતારા ભૂખે ના મરે."

દીક્ષીત સહ સારંગધર ઘેર આવ્યા. ત્યાં તૃષ્ણાપ્રસાદ આવ્યો અને કહ્યું, સારંગધર કાલે જમવાનું અમારે ઘેર રાખજો. સારંગધર કહે તમારે ત્યાં શું છે? તૃષ્ણાપ્રસાદ કહે કાલે રવીવાર છે તેથી માતાનું નૈવેદ છે. સારંગધર કહે સારૂં હું આવીશ તૃષ્ણાપ્રસાદ કહે તમો એકલા કેમ? પરોણા પૈસઉ સરવે જણ આવજો. સારંગધર કહે સારૂં; સારંગધરને ઘેર થઇ પરસતરાયને ઘેર ગયો, અને કહ્યું પરસતરાય કાકાઓ પરસતરાય કાકા?

પરસતરાય—કોણ તૃષ્ણાપ્રસાદ?
તૃષ્ણાપ્રસાદ—હા કાકા એ તો હું.
પરસતરાય—કહે ભાઇ કેમ આવ્યો છું?
તૃષ્ણાપ્રસાદ—કાકા નોતરાં દેવા.
પરસતરાય—તારે ત્યાં શું છે? હું સમજ્યો છું.
તૃષ્ણાપ્રસાદ—આપણા મોહનરાયને દીક્ષીતને બતાવવો

છે તેથી નૈવેદનું બહાનું કહાડી જમણવાર ઠરાવ્યો છે. (વાસુકીરાય આવે છે)

વાસુકીરાય—તૃષ્ણાપ્રસાદ તું કયાંથી ! કોઇ દહાડો નહી ને આજ કાંક કામસર આવ્યો હઇશ. તે શીવાય તારાં પગલાં અહી હોયજ નહી.

તૃષ્ણાપ્રસાદ—વાસુકીરાય કાકા તમે વૃદ્ધ છો, તમથી શું અજાણ્યું છે, કેમ પરસતરાય કાકા ?

પરસતરાય—વાસુકીરાય એના દીકરા મોહનરાયને દીક્ષીતને બતાવવો છે તેથી નૈવેદનું બહાનું કહાડી જમણવાર ઠરાવ્યો છે. ને તે અંહીથી ઉઠી તમારે ત્યાં તથા વાસવપ્રસાદ તથા ભ્રમણરાયને ત્યાંજ જવાનો હતો, ત્યાં તમે આવ્યા એટલે તેનો ફેરો મટયો.

તૃષ્ણાપ્રસાદ—પરસતરાય કાકા કહે છે તે બરાબર છે; અહીંથી તમારા ઘેરજ આવનાર હતો. વૃદ્ધ છો, વડીલ છો, માટે નીઘા રાખી ચોકઠું બેસાડી આપજો. તેમાં એક આશરો તમારો ને બીજો ઠાકોરજીનો છે.

પરસતરાય—ઠાકોરજીને આશરે મળશે દીકરૂ, તે લઈ માગી ખાજો. પણ હમારી એમજ મરજી છે કે તારે ત્યાં ચોકઠુ બેસોડી દેવું જા ! પૈનું કંકુ લેતો જજે ને જમણ સારૂ કરજે, જેથી દીક્ષીત રાજી થાય ?

તૃષ્ણાપ્રસાદ—તેમાં કહેવું નહી પડે.

પરસતરાય—પણ વાસવપ્રસાદ તથા ભ્રમણરાયને ત્યાં કહેતો જજે.

તૃષ્ણાપ્રસાદ—બહુ સારૂ વાસુકીરાય કાકા, તમારે ત્યાં સર્વે જણ નોતરાં કહુછું; કહેશોકે પોતાનું ટાયલુ કુટયું પણ નોતરૂં દીધા વીના ચાલ્યો ગયો.

વાસુકીરાય—તારાથી હમારે કયાં જુદાઈ છે. તારા ઘરનું નોતરૂં હોય તોએ શું ને ન હોય તોએ શું; એતો ઘર સમજી વગર નોતરે આવીને ઉભા રહીએ.

તૃષ્ણાપ્રસાદ—એટલી ઘરવટ રાખોછો તે કાંઈ ઓછુ છે?

પરસતરાય—ઠીક જા પણ એક રાયતુ વધારે કરજે, ને કંકુ ભુલી જતો નહી.

તૃષ્ણાપ્રસાદ—બહુ સારૂ, પણ કાકા કૃષ્ણરાયને પણ તમે તેમજ કહેતા હતા.

પરસતરાય—ભલા માણસ એતો એમજ કહેવાય, કાંઇ મોઢે ખોટુ મનાવાય નહી. પણ તારૂ ઘર કયાં? ને એનું ઘર કયાં ? તારો દીકરો કયાં ! ને એનો દીકરો કયાં ? તારી ગ્રહસ્થાઇ કયાં ? ને એની ગ્રહસ્થાઇ કયાં ? તુ કયાં ! એ કયાં ? લગાર વીચાર કર ને નક્ી સમજજે કે તારે ઘેરજ ચોકઠું બેશી જશે. જા પણ રસોઈનું વહેલું કરજે.

તૃષ્ણાપ્રસાદ સારૂ કહી ઘેર ગયો અને ઉત્તમ પ્રકારનું જમણ કર્યું; ને કૃષ્ણરાય કરતાં વાનીઓ બે ત્રણ વધારે કરી. સર્વે જણ જમવા આવ્યા ને પંગત થઈ. સર્વે જણા જમ્યા અને ઉત્તમ જમણને માટે તૃષ્ણાપ્રસાદને ધન્યવાદ આપ્યો. જમી રહ્યા બાદ પાન સોપારીનો મુખવાસ આપ્યો તે મુખવાસ કરતા સરવે જણા ઉત્તમ બછાના ઉપર બીરાજયાં. દીક્ષીતે કહ્યું આમના

દીકરાને બોલાવો. તૃષ્ણાપ્રસાદની સ્ત્રી રાધાગવરીએ પોતાના પુત્રને ઉત્તમ આભુષણોથી તથા વસ્ત્રોથી શણગારી તૈયાર રાખ્યો હતો તેને દીક્ષીત પાસે બેસાડયો. છોકરાને સ્વરૂપવાન જોઈ દીક્ષીતનું મન લલચાયું, અને સારંગધરને પુછ્યું, સારંગધરજી આ ઘર કેવું ? સારંધગર કહે ઘર સારૂં કુળવાન; એમાં ફેર નહી, મદનમેહેતાના લાયકનુંજ. દીક્ષીત કહે મુરતીઆની લગાર પરીક્ષા કરૂં, પછી ચાંડલા કરીએ.

દીક્ષીતે તે છોકરાને પુછ્યું કે તમારૂં નામ શું ? છોકરો કાંઇ બોલ્યો નહી. બીજીવાર કહ્યું તોપણ બોલ્યો નહીં. એટલે તેની મા રાધાગવરીએ કહ્યું છોકરો જરા શરમાળ છે. (છોકરાને) ભાઇ શરમાઇએ નહી. પછી દીક્ષીતે પુછ્યું તમે શું ભણોછો ? છોકરો કહે હેં, કાંઈ સંભળાતુ નથી. દીક્ષીત કહે નહી નહી મુરતીઓ બેહેરો છે. ભગવાનની અથાગ માયા કેમ વર્ણવી જાય! ભગવાનની મરજી ભક્ત ઉપર છે, તો એકે પસંદ કેમ પડવા દે; મુર્તીઓ ના પસાર કરી દીક્ષીત સારંગધર સાથે ઘેર ગયા.

તૃષ્ણાપ્રસાદે વીચાર કર્યો કે મારૂ સારૂ સો રૂપીઆની ફોગટની ઉઠી, ને છોકરો એકદમ બેહેરો શાથી થયો તે સમજાયું નહી, ભગવાનની મરજી નહી ત્યાં આપણો શો ઉપાય એમ વીચાર કરી મન વાળ્યું.

ત્રીજે દીવશે પાવકપ્રસાદ નામનો નાગર સારંગધરને ઘેર ગયો અને કહ્યું સારંગધર કાકા કાલે જમવાનું મારા ઘેર રાખજો. સારંગધર કહે બહુ સારૂ; ત્યાંથી પરસતરાયને ઘેર ગયો અને કહ્યું પરસતરાય કાકા કાલે જમવાનું મારે

ત્યાં છે. સર્વેજણ નોતરાં આપુચ્છું.

પરસતરાય કહે અલ્યા પાવકપ્રસાદ તારે કાલ્ય ગફલતમાં રહેવાનું કામ નથી, સઘળી સાહીત્ય તૈયાર રાખજે (વાસુકીરાય આવે છે) પરસતરાયે કહ્યું, કેમ વાસુકીરાય હું પાવકપ્રસાદને ઠીક કહુચ્છું ને ? વાસુકીરાય કહે શું ? પરસતરાય કહે કાલે એને ગફલતમાં રહેવાનું નથી. કારણ દીક્ષીત આવ્યો ત્યારથીજ આપણે તો નીશ્ચય કર્યો છે કે આ ચોકઠું ગમે તેમ કરી તેને ત્યાંજ બેસાડી દેવું.

પાવકપ્રસાદ—એતો હરીનું ધાર્યું થશે.

પરસતરાય—હરીએ ધાર્યો છે "હેંગોળાનાં બા" તે શેકી શેકીને ખાજે. તુ તારી મેળે જાને છાનો માનો. વધારે ડહાપણ શા સારૂ ડોળે છે? એતો હું તથા વાસુકીરાય છીએ તો તે ઘાટ તારે ત્યાંજ બેશી જશે.

પાવકપ્રસાદ—બહુ સારૂ, પણ જોજ્યે પેલા બેના જેવું ના થાય ? કારણ તેમને પણ તમે તેમજ કહેલું.

પરસતરાય—હવે જાને છાનો માનો ડહાપણ ડોળતો.

પાવકપ્રસાદે ઘેર જઇ મદનમેહેતાની કન્યા મેળવવાના હર્ષમાં ને હર્ષમાં સઘળી તૈયારી કરી ને જમણ પહેલાંના બે જણા કરતાં અતીશે ઉત્તમ બનાવ્યું. સર્વેજણા આવી પંગત પાડીને જમ્યા બાદ પાનસોપારી ખાઈ દીક્ષીતે કહ્યું આમનો દીકરો હોય તો બતાવો. સારંગધર કહે બોલાવો તમારા ભાનુપ્રસાદને. ત્યાં પેહેરાવી ઓઢાવી તૈયાર રાખેલ છોકરો તેની માએ દીક્ષીત પાસે બેસાડયો અને કહ્યું મારા છોકરામાં કાંઇ જોવાનું નથી; એની છેલાઇને ધાધે લાડમાંએને

છબીલો કહી બોલાવીએ છીએ. મોરનાં ઈંડાંમાં ચીત્ર જો-વાં પડતાં હશે ? બધો એના બાપનાજ જેવો.

છોકરાને જોઇ દીક્ષીત પ્રસન્ન થયો અને મન સાથે વીચાર કર્યો કે મુરતીઓ ઘણો ફાંકડો છે. (સારંગધરને) કેમ સારંગધર ? સારંગધર કહે ભુલવાનું નથી. કરો ચાંડ-લા. ધુંચાશો તો ગોદા ખાશો; આવું ઘર અને આવો મુર-તીઓ ફરી મળવાં નથી. દીક્ષીત કહે વારૂ મુરતીઆની પ-રીક્ષા તો કરવા ઘો.

દીક્ષીત—(છોકરાને) શો અભ્યાસ કરોછો ?

ભાનુપ્રસાદ—ગુજલાતી પેલી ચોપલી ! આંકમાં અ-ગીઆલી !

દીક્ષીત—નહી ! નહી ! આતો બોબડો છે.

સારંગધર સાથે દીક્ષીત ઘેર ગયા. પાવકપ્રસાદને ખારસી સો રૂપીઆની ઉઠી. તેણે મન સાથે પ્રશ્ચાતાપ કર્યો, અને પેલા બે જણની માફક મન વાળ્યું. તેણે ની-શ્ચય કર્યો કે ગોર કાંઇ વીવ્હા કરવા આવ્યો નથી, લોકો-ને ખાલી ચોળાવા આવ્યો છે; વીવ્હાનું બ્હાનું છે, આતો મફતના માલ મારવા ફરે છે. તે શીવાય મારા છોકરાને વ-ખોડેજ નહી, એમ ધારી મન વાળ્યું.

એ પ્રમાણે સો ઘેર જમણવાર થયા, ને સો મુરતીઆ જોયા, પણ ભગવાને એવી અકળ લીલા કરી કે એકે મુ-રતીઓ પસન્ન પડયો નહી. આથી નાગરો કંટાળ્યા અને માંહો માંહી વાતો કરવા માંડી કે દીક્ષીત કાંઇ વીવ્હા ક-રવા આવ્યો નથી આતો માલ મલીદા ઉડાવવા આવ્યો લાગે છે. આપણે આંધળા છીએ કે તેને માલ મલીદા ખ-વરાવીએ છીએ; હવે તો મોઢે ચઢીને વીદાયગીરી આપો.

આવું આપણને ના પાલવે, એવી વાતો કરે છે ત્યાં દીક્ષીત આવ્યા. ત્યાં સર્વે જણે મશ્કરીઓ કરવા માંડી.

કમળાશંકર—ગોર મહારાજ આવ્યા ત્યારથી તે આજ સુધીમાં તમારા દીલમાં બમણો ફેર પડયો.

ગવરીશંકર—હા, આવ્યા ત્યારે હાડકાંની માંચી દેખાતી હતી. ને હવે તો ચુંટી ખણે લોહી નીકળે તેવા થયા, હાડકાં બાડકાં પુરાઈ ગયાં.

વનુશંકર—કેમ ના પુરાય ? રોજ ધી સાકર ને દુધના મશાલા ઉડે છે.

તારાપ્રસાદ—જઈ આવો વડનગર બે ચાર મહીના. ઘેંશ છાશને રોટલે ચઢી નરમ થાઓ ત્યારે આવજો.

વનુભાઈ—હવે આવો ત્યારે બે ચાર કન્યાઓનું વેવીશાળ લાવજો, એટલે વળી જુદો બહાર; નાગરો સર્વે તૈયાર છે.

ગોરે વીચાર્યું હવે અહીં રહેવામાં માલ નથી. હવે ગમે તેમ બહાનું કાઢી જવું જોઇએ. લાવ્ય મેહેતાના નામનો જુઠો કાગળ બનાવી નાગરોને બતાવી રવાને થઈ જાઉં, નહીતર હવે તો લોકો હેરાન કરશે; એવું વીચારી ઉતારે જઇ જુઠો બનાવટી કાગળ બનાવી એક બ્રાહ્મણને આપી તેને સટાક ચોરે આપવાનું કહી ગોર સટાક ચોરે ગયા.

સટાક ચોરા ઉપર ગોરની ચેષ્ટા ચાલી રહી છે ત્યાં પેલો બનાવટી કાગળ લઇ એક બ્રાહ્મણ દીક્ષીતનું નામ પુછતો સટાક ચોરે આવ્યો. ગોરે તે કાગળ લઈ વાંચ્યો. વાંચવાની કાંઇ જરૂર નહોતી. કારણ પોતાનોજ બનાવેલો

હતો, પણ નાગરોને વ્હેમ ના જાય માટે વાચ્યો અને દરેક નાગરને તે કાગળ વંચાવ્યો.

બનાવટી કાગળ.

પત્ર પુરણ પ્રેમે જોજોરે વાંચી વીચારી
છે માંદી મરણની ખાટરે માતુ તમારી;

ત્રણ ત્રણ મહીના થયા તમોને, એઠા કરો શું ત્યાંહી;
જલદી આવો મા તુમ માંદી, મરણ ખાટલે આંહીરે. પ.

વેવૈશાળ ના કીધું હોય તો, પાછા ફરજો સાર,
મ્હોં જોવાને તુમ માતાનું, તેડાવ્યા નીરધારરે—પત્ર.

પત્ર વાંચી નાગરો ખુશ થયા, ને દીક્ષીતે નાગરો પાસે રજા માગી. સારંગધરે કહ્યું, સો વર જોયા, બીજા બસો બાકી છે; માટે એમને એમ નહી જવાય. દીક્ષીતે કહ્યું બસોને બોલાવી મારા સામે હાર બંધ ઉભા રાખો. સારંગધરે સર્વેને ભલામણ કરી ત્યાં જે બાકીના બસો હતા તેમને તેમના માતપીતા શણગારી ચૌરે લાવ્યા, અને ગોરના સામા હારબંધ ઉભા રાખ્યા. મુરતીઆને જોઇ દીક્ષીતે કહ્યું. આ મુર્તિઆઓમાંથી મારે એક પણ કામ આવે તેમ નથી. કાગ જોડે હંસણીનો સંબંધ હું કદાપી કાળે બાંધનાર નથી, કહી સારંગધરને ઘેર જઇ, રથ જોડી, ઘોડે સ્વારોને આગળ કરી, સારંગધરને નમસ્કાર કરી ચાલી નીકળ્યા.

સટાક ચૌરા ઉપર નાગરો માંહો માંહી કહે મારા બેટા ગોરે નાગરોને સો સો રૂપીઆની ઉઠાડી, અને પાછો છોકરાને કાગડાની ઉપમા આપી; તેને તો નરસઇયાને ઘેર મોકલો; ટીલવો જાદુવાળો છે, તે કાંઈ જાદુ કરશે તો ગોર

ત્યાં પછડાશે, માટે રથ આવે ત્યારે ટીલવાની મોહોટાઈ બતાવી ટીલવાને ત્યાં મોકલવો.

અકળશંકર કહે મારો બેટો ગોર કાચો નથી, ટીલવાના બાપનુએ ટીલું ચાટી જાય તેવો છે. વીકળશંકર કહે મોકલો તો ખરા. સર્વે જણે નરસીંહરામને ઘેર મોકલવા નીશ્ચય કર્યો; જ્યારે ગોરનો રથ આવ્યો ત્યારે પાવકપ્રસાદકહે વારૂ ગોર મહારાજ ! તમે બધાં ઘર અને બધા મુરતીઆ જોયા પણ, અહીઆં એક નરસીંહરામ નાગરની ન્યાતનો પટેલ છે, મુરતીઓ પણ સારો છે, તે ઘેર રહી જાય છે. માટે જોતા જજો, કયાંક મદન મેહેતાનું ભાગ્ય હોય તો. ગોર સારૂ કહી આગળ ચાલ્યા, ત્યાં નાગરના છોકરા કહે મહારાજ ઘર જોવા જેવું છે, ને મુરતીઓ પણ જોવા જેવો છે, માટે જોઇનેજ જાઓ; એમ મશ્કરી કરી. ગોરે વીચાર કર્યો, સર્વે જણ કહે છે તો જોવું તો ખરૂંજ, નહીતર એક ઘર રહી જશે. છોકરાઓને પુછયું ભાઈ નરસીંહ મેહેતાનું ઘર કીયુ ? છોકરા કહે પેલી ધોળી ધજા દેખાય છે તે. ગોરે રથ નરસીંહ મેહેતાના ઘર ભણી હાંકયો.



પ્રકરણ ૪ થું.

નરસીંહરામના ઘરમાં ભજનની ઝડી મચી રહી છે ને હરી કીરતન થયા કરે છે, ત્યાં ગોર આવીને બેઠા. અને કીરતન સાંભળવામાં એકતાર થઇ ગયા.

કીરતન.

(હવે મને હરી નામથી લેહ.)

પ્રભુ તારા નામની લેહ એક લાગી.
બેઠો સંસાર વેહેવાર ત્યાગીરે—પ્રભુ.
સગાં સબંધીની માયા નકામી છે, સ્વાર્થ તણી સર્વ માયા;
હંસો ગયા પછી ઘડી ન સંગરે, મળ મુત્રે ભરેલી આ કાયારે–પ્ર.
ધન અને ધામ સઉ પડી રહેવાનાં, અંતે ન આવે સાથે કાંઇ;
પુત્ર પૌત્રાદીક મોહોની મીઠાશો, પડી રહેવાની તે આંહીરે–પ્ર.
મોહ મમતમાં પ્રાણી અમથા ફસાએ, ખાલી કરે મારૂ મારૂ;
માયા જાળ એતો નર્કનો રસ્તો, શીવપદ દાતા નામ તારૂરે–પ્ર.

આવાં ભજન કીરતન સાંભળી તથા ઠાઠ માઠ જોઈ દીક્ષીત તો દીંગજ બની ગયો, અને મન સાથે ધન્યવાદ આપ્યો. ઘંટના નાદ, ઘડીયાળોના ઘણઘણાટ, ઢોલ, તાલ, પખાજ આદી વાજીંત્રોના નાદ, કીડતાલનો સુર. શંખ અને ભેરીના નાદ આદી સાંભળી દીક્ષીત તો ઠંડો ગાર જેવોજ થઇ ગયો. નરસીંહ મેહેતા પચાસ સાધુની ટોળીમાં ઢીંચણ સુધી ઘુઘરા બાંધ્યા છે, હાથમાં કીડતાલ શોભી રહી છે, તુળશીની માળાના થોક ગળામાં દીપી રહ્યા છે. ટીલાં ટપકાં શોભી રહ્યાં છે. એવા વેશવાળા પચાશ સાધુની વચમાં થેઇકાર

કરી રહ્યા છે. તેમને જોઇ દીક્ષીતને અતિ હર્ષ થયો. વાહ ભગવાન તારી લીલા ! ઠરીને બેસવાનું ઠેકાણું તો આ જ. આ ડમરાનું વન, આ તુળશીનું વન. આ ફુલઝાડનું વન, માળાઓના થોકના થોક ખીંટીઓ ઉપર શોભી રહ્યા છે, ગોપીચંદનના ઢગલા મારી મુકયા છે. ગેરૂના ઢગલાઓ પણ કરી મુકયા છે. ધન્ય છે દીનાનાથ તારી કૃતીને ! કે જ્યાં માયાનું તો નામજ નથી. નામતો નથી તો નથી પણ માયાનો લેશ માત્ર અંશ પણ પ્રવેશી શકે તેમ નથી. જો મદન મેહેતાની પુત્રીનો વીવ્હા અહીં થાય, તો મદન મેહેતાનાં પુરણ ભાગ્ય. આ સંત સંગતથી જુઠીબાઇ તે સાચીબાઇ થઇ જાય ને ફરીથી તેને માતાના ગર્ભવાસમાં દેહ ધારણ કરવો ના પડે. નરસીંહરામને નમસ્કાર કર્યા, અને ધન્યવાદ આપ્યો.

ગાયન.

દીક્ષીત—ધન્ય ધન્ય નરસીંહરામ, વશ કીધા સુંદીર શામ;
જેને માયાનું નહી કામ, નમુ હર્ષ ધરી.

નરસીંહ—કહો પધાર્યા શું કામ, સુખે રહો આણે ઠામ;
જપો નારાયણ નામ, કરી માયા પરી.

દીક્ષીત—હું આવ્યો વિવ્હા માટ. જોયો નાગરોનો ધાટ;
પણ નહી આવો ઠાઠ, જોયું ફરી ફરી.

નરસીંહ—શું જોયો મારો ઠાઠ. છે અખાડાનો ઘાટ;
ધારી મોક્ષ તણી વાટ પ્રીતે ભજીએ હરી

દીક્ષીત—આવું જોઇ મન મોહ્યું, પ્રભુ દર્શનમાં ચીત પ્રોયું;
ભવ ભયનું દુઃખડું ખોયું, પ્રભુ દર્શન કરી.

ઉપર પ્રમાણે મેહેતા તથા દિક્ષિતને વીવાદ ચાલી રહ્યા છે તેની ગડબડ મેહેતોના કાંને ગઇ, અને વિચાર કર્યો કે કદાપી દીક્ષીત તો નહીં હોય ? ના ! ના ! લોકો સો સો રૂપીઆ

ખરચીને દીક્ષીતને આંગણે તેડે છે, ને પોતાના છોકરા બતાવે છે. આપણી પાસે કયાંથી હોય કે દીક્ષીત આપણે બારણે આવે ? આમ વીચાર કરતી હતી ત્યાં અવર જતનો સ્વર સાંભળી મંદીરમાં ગઇ, અને દીક્ષીતને જોઇ તેને આદરમાન આપ્યુ, અને કહ્યું દીક્ષીત પધારો.

દીક્ષીત—કોણુ માણેકબાઇ ?

માણેકબાઈ—હા ગોર મહારાજ. તમે મારૂ નામ કયાંથી જાણો ?

દીક્ષીત—ગામમાં ત્રણ મહીનાથી આવ્યોછું ને નામ કાંઇ ઢાંકયું રહે છે ?

માણેકબાઈ—કહો, કેમ પધારવું થયું છે ?

દીક્ષીત—હું વડનગરથી મદનમેહેતાની કુંવરી જુઠીબાઇનું સગપણ કરવા આવ્યોછું.

માણેકબાઇ—(નરસીંહરામને) સાંભળો આ દીક્ષીત કહેછે તે. ઘડી તમારો કકળાટ બંધ રાખો.

નરસીંહરામ—કહો શું છે ?

માણેકબાઇ—આ દીક્ષીત મદનમેહેતાની પુત્રી જુઠીબાઇનું વેવૈશાળ કરવા વડનગરથી આવ્યા છે.

નરસીંહરામ—તેનું શું છે ?

માણેકબાઇ—તેમની જોડે બેસી વાતો ચીતો કરો. ભજન એક ઘડી પછી કરજો.

નરસીંહરામ—(ભગવાનને મેં ના કહી હતી કે મારે સંસારમાં જવું નથી, ને માયા વ્હોરવી નથી. જો ત્યાં હોત તો કોઈ કેહેનાર કે સાંભળનાર હતું) વારૂ ! દીક્ષીત કહો તમારે શું કામ છે ?

દીક્ષીત— **મરાઠી સાખી.**

વૈકુંઠપુરી સમ આ મંદીર, પ્રભુ બીરાજ્યા પ્રીતે,
હરી ભક્ત તમો હરી રૂપ છો, નામ હરી એક ચીતે,
તેની ખુશી થઈ, વેવૈશાળ હું કરૂ અહી–તેથી.

મદન મેહેતાની જુડી તનયા, નોતમ સાધુ તનથી;
વિવહા કરવા નિશ્ચય ધાર્યો ફરે નહી કદી મનથી,
વેહેંચો ગોળ ધાણાં, લ્યો આપું શ્રીફળ નાણાં–તે

નરસીંહરામ—અરરર ! આ શું બોલ્યા ? કાંક વિચાર તો કરો. ઘર ભુલ્યા, ગામ ભુલ્યા, કે દીશા ભુલ્યા ?

દીક્ષીત—ભક્તરાજ ! એમ શા માટે કહોછો ? ઘરે નથી ભુલ્યો, ગામે નથી ભુલ્યો, ને દીશાએ નથી ભુલ્યો.

નરસીંહરામ—દીક્ષીત અમારી ન્યાતમાં ઘણા પૈશાવાળાનાં ઘર છે. જેમને હીરા મોતીની માળાઓ છે. તથા તેમના દીકરા કસબી પીતાંબર, ને તેવા દાગીના પેહેરી ન્યાતમાં જમવા જાય છે. એવાતમારી નજરમાં ના બેઠા તો આતો વાવા ટોપી પહેરી, લંગોટી વાળી, ગોપીચંદનનાં ટીલાં કરી તુળશીની માળા ઘાલનાર છે, તે તમારી નજરમાં શું આવશે ?

દીક્ષીત—મારે તો તેવાનેજ કન્યા દેવી છે, જેથી કન્યાનો જન્મ સફળ થાય.

નરસીંહરામ—કોઈ પૈશાવાળો જુવો પૈશાવાળો.

દીક્ષીત—(દુઃખની વીજળીએ કુમળી) એ રાહ.

સત્ય ભગત જાણ્યા સહી, પ્રભુ પ્યારા;

રેહોછો જગત સકળથી ન્યારા,
કર્યા વશ ભગવાન સત્ય.
નટખટ નાગર ન્યાત સર્વે જોઇ,
નહી પેખ્યા તમસમ કોઈ,
પર્મ વૈષ્ણુવ જન; સત્ય.
ઇર્ષા કપટને લોભ કદી નહી પીડે,
આશા તૃષ્ણા અળગી હીંડે,
દંભ દાખે ન દુઃખ; સત્ય.
તનમન ધન અર્પણ કર્યું પ્રભુ ચરણે,
સુરવર મુનીવર ગુણ વરણે,
શંભુ કરે વખાણ; સત્ય.
કાળ તણી નહી બીક કદીએ નડતી,
દેખુ જુડીબાઇની ચઢતી,
મળ્યા તમ દામ; સત્ય.

નરસીંહરામ—ભલે મને ગમે તેવો સમજી મારે ઘેર કન્યા આપો, પણ અહી આવીને ખાશે શું ખાશે?

દીક્ષીત—મેહેતાજી જે મઠ બાજરીનું ઢેબરૂ તમો ખાશો તે તે ખાશે.

નરસીંહરામ—અરે! અહીંતો મઠતોએ નથી ને બાજરી-નોએ નથી! દહાપી કોઇ શેવકનું શીધુ આવે તો લાડવાએ કરીને ખાઇએ, નહીંતો ત્રણ ત્રણ દીવશના કડાકા થાય;

દીક્ષીત—તમો ત્રણ દીવસના કડાકા કરશો તો અમારી દીકરી ચાર દીવસના કડાકા કરશે.

નરસીંહરામ—દીક્ષીત! હાથે કરીને દીવો લઇ કુવામા કેમ પડોછો? ને બીચારી મદન મેહેતાની કુંવરીને પણ શું કરવા કુવામાં નાંખો છો?

દીક્ષીત—હું કુવામાં પડતોએ નથી, તેમ મદનમેહેતાની દીકરીને નાંખતોએ નથી; પણ ઉલટો સંસારના માયારૂપી કુવામાંથી બહાર કાઢું છું જ્યાં તમારા જેવા મહાત્મા નીરંતર થેઇથેઇકાર કરી રહ્યાં છે તે ઠેકાણે મદનમેહેતાની દીકરી ઘડીભર ઉભી રહેશે, તો એનાં કોટાનકોટી જન્મનાં કરેલાં પ્રાયશ્ચિત બળીને ખાખ થઇ જશે. ને ફરીથી એને અવતાર ધારણ કરવો નહી પડે.

નરસીંહરામ—દીક્ષીત પસ્તાશો ?

દીક્ષીત—પસ્તાઇશ નહી પણ હરખાઇશ.

નરસીંહરામ—પણ મદનમેહેતાને પુછ્યું છે? મારા જેવા ગરીબ વેરાગીને ત્યાં કન્યા આપોછો તે ઠપકો મળશે.

દીક્ષીત—તમોને ગરીબ કોણ કહે છે ? જેને શામળીઆની સાહ્ય તેને ગરીબ કોણ કેહેનાર છે ?

છપ્પો.

સોનુ રૂપું તેહ, નહી લક્ષ્મી કેહેવાયે,
માટાની પેદાશ, છેવટે માટી થાયે,
ચળીત તેની જાત, નહી તે ઠામે ઠરતી;
વેસ્યા સ્ત્રીની પેઠ, નીત્ય ઘરોઘર ફરતી;
અચિળ ભક્તી પ્રભુ તણી, સાચી લક્ષ્મી જાણવી,
જેરો કહે ભવબંધ ત્રોડી શીવસુખ પદવી માણવી.

માટે મેહેતાજી બધી વાત જવા દઈ શામળશાને બોલાવો કે ઝટ ચાંલ્લો કરૂ. મેહેતા કહે તમારી મરજી (પરમોદદાસણાવાને) પરમોદદાસ જાઓ શામળીઆને બોલાવી લાવો. બાવો શામળીઆને તેડવા ગયો; નીશાળે જઇ મેહે-

તાજીને કહ્યું, શામળીઆને મોકલો, એનો વિવાહ કરવા-નો છે! દીક્ષીત ખોટી થાય છે. મેહેતાજીએ વિચાર્યું ભગતડે શી હીમ્મત ભીડી છે? આવા પૈસાવાળા તથા વગ વસીલાવાળાને ઘેરે વીવ્હા ન થાય. ને આ વેરાગીને ઘેર વીવ્હા થશે. જગતમાં કોઇની ત્રષ્ણા તુટી નથી ને ત્રુટ-વાનીએ નથી. શામળીઆ જો તારો વીવ્હા આજ થશે તો હું મારી ઉલટથી નીશાળની, છુટી મુકીશ જા.

શામળીઓ પાટી ઉપર ધુળ નાંખી બારાખડી ઘુંટતો હતો તેને રજા આપી, કે એકદમ ઉભો થયો ને ઓચીંતી પાટી ઉંધી વળી. તે બધી ધુળ તેના શરીર ઉપર પડી, ને આખું શરીર ધુળધુળ થઇ ગયું. ટુંકડું પોતીયું પહેર્યું છે, સતર થીગડાંની બંડી પહેરી છે, ગોપીચંદનનું ટીલુ કર્યું છે, તુળશીની માળાનો ચોકડો ગળામાં ઘાલ્યો છે, ઉપરથી પરસેવાના રેલા ઉતરે છે, લાળને લીંટ દદડે છે, તે શામ-ળીઓ સડડ સડડ લેતો જાય છે, ને પરમોદદાસની પાછળ દોડતો જાય, તે પરમોદદાસે પાછુ વાળીને જોયું અને વીચાર કર્યો; આતે દીક્ષીતની નજરમાં કયાંથી આવશે? અને વીવ્હા તે શી રીતે થશે? વીવ્હા કરવા તેડાવ્યો છે પણ કદાપી કાળે આ મુર્તી પસંદ પડવાની નથી.

ભગવાને વિચાર્યું જો આ વેશમાં શામળશાને દીક્ષીત જોશે તો પરમોદદાસના મનમાં છે તેમજ થશે; અને જો તેમ થશે તો મારા ભક્તની લાજ જશે. માટે દીક્ષીતને પ-સંદ પડે તેવો સ્વરૂપવાન બનાવું. આવો વિચાર કરી પ્ર-ભુ દોડતા શામળીઆ પાસે આવ્યા, અને સુંદર વસ્ત્રો પે-હેરાવ્યાં અને સુર્યનારાયણને હુકમ કર્યો કે તારી સોળ ક-

ળામાંની એક કળાનું તેજ શામળશામાં મુકો. સુર્યનારાયણે એક કળાનું તેજ શામળશામાં મુકી દીધું. ઉમદાં વસ્ત્રો અને સુર્યનારાયણની એક કળાનું તેજ પછી તેની સુંદરતામાં બાકી શી રહે? ભગવાનના પોતાના ચારે હાથ જેના ઉ-પર હોય તેને શી વાતની ન્યુન્ય હોય? પરમોદદાસ વીવ્હા નહી થાય તેના વીચારની ધુનમાં ને ધુનમાં ચાલ્યો જતો હતો; તેણે પાછું ફરી શામળશા તરફ જોયું ને એકાએક આવો અજબ ફેરફાર જોઇ વીચાર કર્યો કે આ શું? ઘડી પહેલાં શું દેખતો હતો ને હાલ શું જોઉ છું? ઇશ્વરની લીલા અગાધ છે. ધન્ય છે પ્રભુ તારી કૃતીને અને તેના વિચાર જે માયાવી હતા તે વીચાર આથી ફેરવાઇ ગયા અને પ્રભુ પ્રત્યે, પુર્ણ આકીનવાળો થયો. અને ત્યારથી જે કાંઇ માયાનો અંશ હતો તે દુર કર્યો અને તેથી છેવટમાં ઈશ્વરપદને પ્રાપ્ત થયો.

શામળીઆને તેડી પરમોદદાસ ઘેર આવ્યા. જેવો શા-મળશાને જોયો તેવોજ દીક્ષીત તો તેના રૂપથીજ અં-જાઇ ગયો, અને આભો થઈ ગયો. મન સાથે વિચાર કર્યો કે સાક્ષાત સુર્યનારાયણ તો પધાર્યા નથી? પરમોદદાસે કહ્યું, દીક્ષીત મહારાજ! આ અમારો શામળીઓ આવ્યો. પરમોદ-દાસનું વચન સાંભળી દીક્ષીતનો સંદેહ ટળ્યો અને કહ્યું અહાહાહા! શું સ્વરૂપ! શી કાન્તી? જો આ વરને આ ઘર. ભગવાને મને પ્રથમ દેખાડયો હોત તો મારે ત્રણ સાડાત્રણ મહીના સુધી અભાગીઆઓનાં મોઢાં શા માટે ઉઘડાવ-વાં પડત?

મેહેતી કહે દીક્ષીતજી, સારા નરતાનો મુકાબલો થયો? બધી ન્યાત ફર્યા પણ અમારા જેવું ઘર એકે નહી. મા-રા વડ સસરાનીજ ન્યાતમાં શેઠાઇ. આમણે ભક્તિના લક્ષ-

ણુમાં ભળીને બધું કાઢી નાંખ્યું, નહીતો ન્યાતમાં અમને (નરસીંહ મેહેતાને) કોઇથી શું ન થાય.

દીક્ષીત કંકુનો ચાંદલો કરી રૂપીઓને નાળીએર શામળીઆના મ્હોં આગળ મુકયું, અને મેહેતાજીને કહ્યું મેહેતાજી! હવે ગોળ, ધાણા સોપારીઓ, ખારેક, પતાસા મંગાવો; પાંચ બૈરાં બોલાવી આણંદ મંગળનાં ગીત ગવરાવો. મેહેતાજી એક હાથે માથું ખણતા જાય છે અને કહે છે કે ગોળને ધાણા ને સોપારીઓ ખારેકોને બધુએ...... (ઘરમાં પૈ નહી તેથી માથુ ખણાય.) મેહેતી કહે રોજ ઢોલકાં વગાડો છો ને ભેટો આવે છે તે સાધુના ભંડારામાં વાવરી નાંખોછો, તે જો આજ હોય તો કામ ન લાગે?

મેહેતા કહે તમારે હમારા ભંડારાની વાત કરવી નહી. મેહેતી કહે તો આજે ગોળ ધાણા લાવવા પૈસો સરખો પણ પાસે નથી. મેહેતા કહે ભગવાન તો છેને? ને સંતને મ્હોઢે ગયું એ કયાં કમજરે ગયું છે? દીક્ષીતે વિચાર્યું, ઘર રૂડું, વર રૂડો, પણ પૈસો નથી; દીક્ષીતે પોતાની પાસેથી પચાસ રૂપીઆ કાઢી નરસીંહ મેહેતાને આપ્યા અને કહ્યું, લ્યો મેહેતાજી, જે જોઇએ તે મંગાવો. મેહેતાને રૂપીઆ મળ્યા એટલે તેમણે તરત સાધુઓને કહ્યું ધર્મદાસ, શાન્તિદાસ પરમોદદાસ. નીતીદાસ. ભગવાનદાસ સાધુ હાથ જોડી કહે મહારાજ! મહારાજ! મહારાજ! મેહેતા કહે શામળીએ પરણવાનો હશે તો પરણશે, નહીતો ધુળ નાંખી. કળી રોટીને દુધપાકનો ભંડારો કરી મારા ભગવાનને ભોગ ધરાવો ભોગ. મેહેતી કહે ઠાકોરજીને ભોગ પછી ધરાવજો પણ વીવ્હાની સામગ્રી તો મંગાવો; મેહેતા કહે બધુએ પછી પણ પેહેલા મારા ભગવાન પછી વીવ્હા. દી-

ક્ષીત કહે માણેકબાઇ લ્યો આ પાંચ રૂપીઆ બીજા, તેમાં-થી તમારે મંગાવવું હોય તે મંગાવો. પણ એ રૂપીઆનું તો મેહેતાજી કરે છે તે કરવા દ્યો, મારૂ એવું ભાગ્ય ક્યાંથી કે જેવા રૂપીઆ આપ્યા તેવા ભગવાનની ભોગ સામગ્રી અને સંતોને મોઢે જાય. મેહેતી કહે જેટલા આવે છે તેટલા એમનજ વાપરી નાંખે છે. એક પાઈ સરખી પણ રહેવા દેતા નથી. કોણ જાણે શી ભરમણા થઈ છે, કે સંસાર વેહેવારનુ તો ભાનજ નથી. મેહેતાજી સાધુ-ઓને લઈ સટાક ચૌટે આવ્યા. નાગરો કહે ક્યાં ચાલ્યો ટીલવા ? અલ્યા ક્યાં હેંડ્યો ભગતડા ? મેહેતાજી કહે જઇશુ ગોળ, ધાણા, સોપારીઓ, ખારેકો, પતાસાં અને કંકુ લેવા. નાગરો કહે અલ્યા શું કરીશ ? મેહેતાજી કહે કેમ શું કરીશ ? આપણા શામળીઆનો વીવ્હ. કર્યો. નાગ-રો કહે ક્યાં ? નરસીંહ મેહેતા કહે વડનગર મદનમહેતાને ઘેર. નાગરો કહે કર્યું તારા બાપનું કપાળ. જુઠો જુઠો જનમારો જુઠો. નરસીંહમહેતા કહે તેમ તો તેમ; મેં તો જે હતું તે કહ્યું. તમો ના માનો તો તમો જાણો કહી મહેતા ગયા.

નાગરો માંહોમાંહી વાતો કરવા લાગ્યા કે આ કહે છે તે વાત સાચી હશે ? શંકાપ્રસાદ કહે જુઠું. તદન જુ-ઠું. પાવકપ્રસાદ કહે ભાઇઓ તમે તેમ કહો પણ નરસઈ-ઓ જુઠું બોલતો નથી. ત્યાં બે ચાર જણે કહ્યુ તમોતો પ-રસાદીઆ ભગતછો, પરસાદીઆ તમને પરસાદ વધારે આ-પતો હશે એટલે એનું સારૂજ બોલોને. આપણા ધનવાન નાગરોના ઘરમાંથી એકે ઘર દીક્ષીતને પસંદ આવ્યું નહી

તો એ ભીખારીનું ઘર ક્યાં પસંદ પડે. પાવકપ્રસાદ કહે હું કહુછું તે સત્યજ છે. નરસીઓ કદી જુઠુ બોલેજ નહી; બ્રહ્માંડ ફરે પણ નરસીઓ જુઠુ બોલે નહી. ને તે વાતની ખાત્રી કરવી હોય તો ખાત્રી કરો એટલે જણાશે.

પાંચ સાત જણા દર્શનને બ્હાને નરસીંહ મેહેતાના મંદીરમાં ગયા—સામળીઆના કપાળમાં કંકુનો ચાંલ્લો, ખોળામાં રૂપિઓને નાળીએર, અને સામો દીક્ષીતને બેઠેલો જોઈ તેમનાં મોઢાં ફીકાં પડી ગયાં. સટાક ચૉરે આવી કહ્યું,સારંગધર, દીક્ષીતે સાતસેં ઘરનું નાક લીધું તમારા ભાઈબિંધનું ઠીક ન થયું આપણામાંથી એકે વર અને ઘર એને પસંદ નહી આવ્યું, ને છેવટે મારા બેટા ભીખારાનું ઘર પસંદ આવ્યું, તે ત્યાં જઈ ભગતડાના છોકરાનું વેવેસાળ કર્યું. જાત ભીખારીનીને, એટલે ભીખારી વગર બીજા ક્યાંથી પસંદ આવે.

સારંગધર—તમો ગભરાઓછો શું કરવા? એ વેવૈશાળ રેહેવાનું નથી. એતો હું મદન મહેતાને કાગળ-લખુછું કે તરત વિવ્હા-ભાગશે. વિઘ્નસંતો-પરાય કહે એમ થાય તો સારૂ; નહીંતો મદન મેહેતાનું બગડશે. એ બામણો તો ગમે તેમ આ-ડો ગોળો વળ્યો હશે કે જાદુમાં અંજાણો હશે. પણ મદન મહેતાની છોડીને કુવામાં નાંખી.

સ્વાર્થરાય--આપણે પ્રથમ મહેતા કહેતા કે ટીલવો જાદુ વાળો છે? ને તે જુવો એમજ થયુને,બામણો જતાવેંત જાદુમાં ગળી ગયો અને પટ દઇને વેવૈશાળ કર્યું. કપટરાય કહેતો કાગળ લખો હા-

લને હાલ બ્રાહ્મણને મોકલો વડનગર.

સારંગધર—લાવો ખડીઓ કલમ અને કાગળ, ને બોલાવો બ્રાહ્મણને હાલ કાગળ લખુ છું, એ વેવૈશાળ કયાં સુધી ટકે છે તે તમે જોશો. કાગળ પહોંચ્યો કે વીવ્હા ભાગ્યો સમજો. નાગરોએ ખડીઓ કલમ ને કાગળ સારંગધરને આપ્યાં. સારંગધર કાગળ લખવા બેઠો.

ગાયન.

(અહી ગજબ ખરે) એ રાહ.

કર્યો ગજબ ખરે (૨) દીક્ષીતે લાલચમાં ઉંધુ માર્યું;
જઇ વટલેલ ઘરે (૨) વેવૈશાળ ત્યાં પરભાર્યું ઉતાર્યું,
જઇ ઢેડ તણે ઘેર ભજન કરે, નાગર ન્યાતીથી નાહી ડરે;
નાચી કુદીને પેટ ભરે— કર્યો.

ઘર સારાં સારાં હતાં ઘણાં, મુરતીઆમાં નહોતી કાંઈ મણા,
પણ વિચાર ઉંધા દીક્ષીત તણા— કર્યો.
કાળો કદરૂપો પુત્ર તેને, નવજ્ઞાતી બોલાવે એને;
નહી ખાવા એકદીનું જેને— કર્યો.

કાગળ લખી બ્રાહ્મણને વડનગર વિદાય કર્યો; ત્યાં બ્રાંન્તીરાયે કહ્યું, સારંગધર જો આમનેઆમ રોજ જાદુ ચલાવે તો આપણી ન્યાતનું માન ઘટે, માટે તે ટીલવાને તો ડેક પહોંચા ડવો જોઇએ. સારંગધર કહે શી રીતે કરવું ? નાગરો કહે શી રીતે શું ? તમો જાઓ માંડળીક રાજા પાસે, અને કહો કે નરસીઓ ભગત નથી, પણ જાદુગર અને ધુતારો છે. વડનગરથી દીક્ષીત આવ્યો હતો, તેને કોણ જાણે શુંએ જાદુ કર્યું કે અમારા નાગરોના ત્રણસો છોકરામાંથી

એકે છોકરો પસંદ પડયો નહી, ને છેવટે પોતાને ઘેર વેવૈ-શાળ ઉતાર્યું; તે ભજનને બાહાને ઘણાં ઘણાં કુકર્મો કરે છે, માટે તેના માટે યોગ્ય બંદોબસ્ત થવો જોઇએ.

સારંગધર—તે ખરૂ હું તથા વિઘ્નસંતોષરાય બંન્ને મળી માંડળીક રાજાને અરજ કરીએ, એટલે સમજો કે તેનું કાટલું માંડળીક રાજા કાઢી નાંખશે, અને બારોબારથી તે કામ પતી જશે. બીજા નાગરો કહે, એ ટીલવા પાસે એવી મોહની છે, કે જે ગયો તે આંધળોભિંત ! જે ગયો તે આંધળો ભિંત ! માંડળીક રાજાને પણ તેમ આંધળો ભિંત કરી નાંખશે.

વિઘ્નસંતોષરાય—કર્યું એના બાપનું કપાળ. નોહ દીક્ષીત જેવો મુરખો, કે આંધળોભીંત થાય. રાજ્યનો ધણી છે રાજ્યનો.

સારંગધર—વખત આવ્યે વિઘ્નસંતોષરાય સાથે માંડળીક રાજા પાસે જઈ અરજ કરવી, તેમાં ભુલ આવવા દેવી નહી. એ વિચાર નક્કી કરી સારંગધર પોતાને ઘેર ગયો.

મેહેતાજી સાધુઓ સાથે સામાન લેવા ગયા હતા, તે લઇને ઘેર આવ્યા, અને રસોઈ કરી ઠાકોરને થાળ ધરાવી પરસાદ લઇ પરવારી રાત્રીએ કીરતન કરી નીંદ્રા લીધી. દીક્ષીત આથી બહુજ પ્રસન્ન થયો; અને સર્વે મોડી રાત્રીએ સુઇ રહ્યા, સવારમાં વેહેલા ઉઠી ખટકર્મથી પરવારી દીક્ષીતે રજા માગી.

દીક્ષીત—મેહેતાજી ! મારે તમારી પાસે કાંઇ માગવું છે.

મેહેતાજી—જે જોઇએ તે માગી લ્યો. ગોપીચંદન, ગેરૂ,

તુળશીની માળાઓ શું જોઇએ બોલો ?

દીક્ષીત—ભક્તરાજ ! હું માગું અને કદાચ આપ ના કહો ત્યારે ?

મેહેતાજી—એ શું બોલ્યા? તમારાથી શું વિશેશ છે, કહો શું જોઇએ ગોપીચંદન જોઇએ ? આપોલ્યા બે મણ ત્રણ મણ ગોપીચંદન.

દીક્ષીત—મારે ગોપીચંદન ન જોઇએ.

નરસીંહમેહેતા—ત્યારે શું ગેરૂ જોઇએ ? આપો લ્યા અધમણ મણ ગેરૂ.

દીક્ષીત—ધન્ય છે ભક્તરાજ ! જે તમારી પાસે હાજર તે આપવા તૈયાર છો. દુનીયાની મોહજાળમાંથી ભાગ્યાના ભેરૂ તો તે બેજ છે. ગોપીચંદનને ગેરૂ. પણ મારે તે પણ ના જોઇએ.

નરસીંહમેહેતા-ત્યારે શું જોઇએ ? ઢોલક, ઝાંજ, પખાજ, તંબુરો, તાળ, કીરતાળ, ઘુઘરા ?

દીક્ષીત—ના, તે પણ ના જોઇએ.

નરસીંહમેહેતા—ત્યારે કહો શું જોઇએ ? કહ્યા વિના શી રીતે સમજાય; હું કાંઇ પરમેશ્વર નથી.

દીક્ષીત—ભક્તરાજ ! તમો ભગવાન નથી તે ખરૂ છે, પણ ભગવાન તમને મળ્યા છે, અને તમારે આધીન છે.

નરસીંહમેહેતા—ગોર મહારાજ એ શું બોલ્યા ? જે ભગવાન મહા મુનીઓના સ્વપ્નામાં પણ ના આવે તે ભગવાન મારા સુધી કયાંથી હોય ? હું તો એક પામર જીવ છું ને તેના ગુણ ગાઉછું.

દીક્ષીત—જુઠું બોલો તો ભલે પણ મારી તો ખાત્રી છે કે તમને ભગવાન મળ્યા છે; અને તે તમારા વશ છે.

નરસીંહમેહેતા—મળ્યા છે, કહો કેમ કરવા છે ?

દીક્ષીત—હે મહાત્મા ! દર્પણ વિના પ્રતિબિંબ નજ દેખાય, વાડ વીના વેલો નજ ચડે. સુર્યના કીરણને રૂ બાળવાની શક્તિ છે, પણ તે આડો કાચ રાખવાથીજ બળે છે; તેમજ હે ભક્તરાજ ! આજ અવતારમાં મૃત્યુ પહેલાં મને એકવાર શ્રી કૃષ્ણના દર્શન કરાવવાનું વચન આપો. મારી ઇચ્છા એકવાર શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરવાની છે. તે તમો પુરી પાડો; ને તે આપના શીવાય પાર પડવાની નથી. માટે એકવાર કહો કે હું ભગવાનનાં દર્શન કરાવીશ.

નરસીંહમેહેતા—ઓહો ! એજ કે બીજું. લ્યો વચન. જાઓ હું શામળીઆને પરણાવા આવીશ, ત્યારે તમને ભગવાનનાં દર્શન કરાવીશ.

દીક્ષીત—લ્યો, હવે હું રજા લઈશ, કહી દીક્ષીત વીદાય થયા.

નરસીંહરામ-(આવી લપોથી હું થાક્યો. મારા ભજનમાં ભંગ પડ્યો અને મારો વખત વૃથા ગયો.) સંતો આવો, કુડો પડો કુડો-**રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ, ભજો રાધેકૃષ્ણ, રાધે.** (ભજનની શરૂઆત થઈ).

પ્રકરણ ૫ મું.

સારંગધરે મોકલેલો બ્રાહ્મણ વડનગર જાય છે. ત્યાં ભગવાને વિચાર્યું, કે જો દીક્ષીતના જતાં પહેલા તે જશે તો મદન મેહેતા ઉંધું સમજશે; માટે તે દીક્ષીત પહોંચ્યા પછીજ પહોંચવો જોઇએ. એવો વિચાર કરી તાવને મોકલ્યો. તાવે બ્રાહ્મણને સપડાવ્યો, તે બાપલીઆ પોકારતો રસ્તામાંજ રહ્યો. દીક્ષીત વડનગર આ-આવ્યો અને જુઠીબાઇના સગપણુની વધાઈ મદનમેહેતાને કહી. દીક્ષીતને જોઈ મદન મહેતા હરખાયા. અને કહ્યુ દીકરીનો વીવ્હા કર્યો ?

દીક્ષીત—હા ! કર્યો.

મદનમેહેતા—ક્યાં કર્યો ?

દીક્ષીત—નરસીંહમેહેતા ઇશ્વરના પરમભક્ત ન્યાતના પટેલને ઘેર કર્યો

મદનમેહેતા—વારૂ મુરતીઓ કેવો છે ?

દીક્ષીત—સુર્ય સમાન કાંન્તિદાર.

મદનમેહેતા—ઘરમાં પૈશા કેવા છે ?

દીક્ષીત—પૈશા નથી.

મદનમેહેતા—થોડા ઘણાએ ? બે ચાર હજાર?

દીક્ષીત—બે ચારહજાર તો શું,પણ બે ચાર પૈઓએ નહી.

મદનમેહેતા—છેક ગરીબ !

દીક્ષીત—ત્રણ ત્રણ દીવશના કડાકા થાય તેવો.

મદનમેહેતા—અરેરે ! એવું શા માટે જોયું ?

દીક્ષીત—એવું ના જોયું હોત તો ઘરે સારૂં ના મળત, અને વરે સારો ના મળત.

મદનમેહેતાની સ્ત્રી કહે ભલે જોયું- મુરતીઓ સારોછે, તો વરમાંથી ઘર થશે. આપણી પાસે પૈસો છે તે તેનોજ છેને? આપણે કીયાં બે ચાર છોકરાં છે? જે છે તે છોડી અને જમાઇ ઉપરજ છેને? પણ વર સારો મળ્યો તેથી મને પુરણ સંતોષ થયો છે. દીક્ષીત રજા માગી ઘેર ગયો, અને મદનમેહેતાની સ્ત્રીએ મદનમેહેતાને કહ્યું હવે લગનની સામગ્રી કરવા માંડો. લગન તાકીદે કરી નાંખવું છે; હવે દહાડા ભાગવા નથી. મદનમેહેતા કહે સારૂ મહુરત જોઈ લગ્નકાર્યનો સમારંભ કરીશું. એવું કહી મેહેતીને ખુશી કર્યા, અને મેહેતા લગ્નના વીચારમાં પડયા.

બીજે દીવસે સવારમાં મદનમેહેતા ઓટલે દાતણ કરવા બેઠા છે તે અરસામાં સારંગધરે મોકલેલો બ્રાહ્મણ આવી પ્હોંચ્યો, અને મદનમેહેતાનું ઘર પુછતો પુછતો મદનમેહેતાને ઘેર આવ્યો. મદનમેહેતા પાસે આવી તેણે સારંગધરના નમસ્કાર કહ્યા.

મદનમેહેતા—મારો દીક્ષીત જુનાગઢથી કાલેજ આવ્યો, અને તમને પાછળ તુરત મોકલ્યા તેનું શું કારણ?

બ્રાહ્મણ—(કાગળ આપી) લ્યો! વાંચશો ત્યારે જાણશો!

મદનમેહેતાએ કાગળ વાંચવા માંડ્યો, ને વાંચીનેતેને રોમ રોમ જ્વાળા પ્રગટી ને દીક્ષીત ઉપર ઘણોજ ગુસ્સે થયો. અને તેને બોલાવા નોકરને મોકલ્યો; પોતે ઘરમાં ગયા; અને પોતાની સ્ત્રીને કહ્યું દીક્ષીતે તો આપણું ઘણું બુરૂં કર્યું છે; હું આવો કૃતઘ્ની જાણતો નહોતો. જુઓઆ કાગળ નાત્યબારીઆને ઘેર સારંગધરના ઉપરવટ થઇને વેવીશાળ કર્યું છે. ને તેણે મારા ભરોંસાનો ખોટો ઉપયોગ

કર્યો છે તેની તે આવે ત્યારે વાત એટલામાં નોકર દીક્ષીતને તેડીને ઘરમાં આવ્યો.

મદનમેહેતા—(ક્રોધાયમાન થઇને) ના કહેવરાવ, ના કહેવરાવ. નરસીંહના ઘરનો વીવ્હા મારે કબુલ નથી રાખવો. ના કહેવરાવ.

દીક્ષીત—છે શું ? આમ આકળા કેમ બન્યા છો ?

મદનમેહેતા—બસ, કહું છુ કે ના કહેવરાવ; તારી કૃતઘ્નતા હમોને માલમ પડી ચુકી.

દીક્ષીત—શી, તે તો કહો ?

મદનમેહેતા—લે, જો આ કાગળ.

દીક્ષીત— **ગાયન.**

ક્ષત્રીકલંક.

જોયો કાગળને જોયો લખનાર-પ્રપંચી પાપે પેટ ભરેરે;
રાખે ભગત ઉપર પુરો ખાર-ખારે કરીને બળી મરેરે.
જોઇ નાગરની આખી મેંતો ન્યાત-પ્રપંચી.
ધન્ય ધન્ય નરસઇની જાત-ખારે.
જુઠું લખ્યું જુઠા સહીઓના કરનાર-પ્રપંચી.
જેને ઘેર કાળા કુરૂપ કુમાર-ખારે.
જોયા ત્રણસે મુરતીઆ ધારી મન-પ્રપંચી.
પણ દેવરૂપ નરસઇયાનો તન-ખારે.
ધન્ય નરસઈયા સાચુ હરી તાન-પ્રપંચી.
જેણે વશ કીધા ભગવાન-ખારે.
મળ્યો સંબંધનો અતિ ઉત્તમ લાગ-પ્રપંચી.
હું તો જાણુંછું મેહેતાજી તુમ ભાગ્ય-ખારે.

મદનમેહેતા—કેવો અવિચાર ! શું એવા ભ્રષ્ટથી રાજ્યના

દીવાનનો સંબંધ ? શું કુરૂપ મુરતીઆ સાથે દેવકન્યાનો સંબંધ ? શું આ બધા નાગર જુઠા ને તમે એકલા સાચા ?

દીક્ષીત—હા ! હા ! હું સાચો ને તેઓ બધા જુઠા.

મરાઠી સાખી.

ઇર્ષાવંત થઈ નટખટ નાગર, કાગળ આ મોકલાવ્યો;
મુરખ વરને દઇ જુઠીબાઈ, મોહોટપ લેતાં ન ફાવ્યો;
શું બોલો તમે, ખોટું તે કેમ કરીએ અમે.

મદનમેહેતા— રાગ ઉપરનો.

નાત્ય બહાર છે એ નરસઇઓ, તેને કન્યા કેમ દઇએ;
કન્યા દેતાં તેના કુંવરને, ન્યાત બહાર અમે રહીએ;
દેવી કન્યા શી પેર, ઓછવ કરે જઈ ઢેડને ઘેર.

દીક્ષીત— રાગ ઉપરનો.

કાગળ ઉપર સહીઓ જુવો, તે સઉને હું જાણું;
ધન્ય ધન્ય છે ભક્ત નરસઇઓ, શું હું મુખે વખાણું;
વર ત્રણસો સહી, પણ શામળશા તુલ્ય એકે નહી.

દીક્ષીત કહે મેહેતાજી શોચ ના કરશો. સારંગધરને ઓળખ્યો, અને આ સહીઓ કરનારાઓને ઓળખ્યા. બધા નરસીંહ ઉપર વ્હેર રાખે છે. બધા દંભી અને છળકપટનાભરેલા છે, ને નરસીંહ સાચો ભગત છે. જગતને ને ભગતને અનાદિકાળથી વ્હેર ઝેર ચાલતું આવ્યું છે. વળી આમને ઘેર સબંધ ના થયો અને નરસીંહ મેહેતાને ઘેર સંબંધ થયો તેથી ઝેરમાં બાકી શું રહ્યું ?

મહેતા કહે દીક્ષીત આ કાગળ ઇર્ષાભાવથી તેમણે લખ્યો છે. એવી મારી ખાત્રી થયા શીવાય હું જુઠીબાઈનું વેવીશાળ કબુલ રાખતો નથી. દીક્ષીતે કહ્યું, ભલે અ-

હીંથી આપણે લગનીઓ મોકલો, તે કોઈ હોંશીઆર મા-
ણુસને મોકલો, જે નરસીંહને ઘેર બે ચાર દીવશ રહે, અને સઘળી બીનાની તપાસ કરે. ને સત્ય શું છે તે શોધી કાઢી સત્ય ખબર લાવે; તેમાં નરસીંહના ઘરમાં ખાવા નથી તે શીવાય બીજી કાંઇ પણ ખામી હોય, તો વીવ્હા ફોક કરવો.

મદન મેહેતાએ સારંગધર ઉપર જવાબ લખ્યો, કે તમારા કાગળનો વીચાર કર્યો છે. અમે કાંઈ મુરખ નથી કે તપાસ કર્યા શીવાય કન્યા પરણાવીએ; તેની તમો ચિંતા કરશો નહી. એવી મતલબનો કાગળ લખી બ્રાહ્મણને આપી જુનાગઢ વિદાય કર્યો.

બ્રાહ્મણને વિદાય કરી લગનીઓ તૈયાર કર્યો, અને કહ્યું ભાઇ, તારે જુનાગઢ જવું, નરસીંહ મેહેતાને ઘેર બે ત્રણ દીવશ રહેવું, ને આ કાગળ સત્ય છે કે અસત્ય છે, તેની તપાસ કરવી; કહી કાગળ આપ્યો અને કહ્યું, જો તેના ઘરમાં ખાવા નથી તે સીવાય બીજી કાંઈ ખામી ના હોયતો લ-
ગ્ન લઇને આવવું, નહીતર એમને એમ ચાલ્યા આવવું. પણ તપાસ કરવામાં ખામી ના આવવી જોઇએ. લગનીઓ કહે સારૂ, તેને માટે ચીંતા રાખશો નહી. બરાબર તપાસ ક-
રીનેજ આવીશ કહી વીદાય થયો.

નરસીંહ મેહેતાની સ્રી માણેકબાઇને ઘરમાં વીવ્હાની વાત નીરંતર થતી હોય તો સારૂ તેમ રહેલું, અને મેહેતા-
જીની આ રીતભાત માણેકબાઇને બીલકુલ રૂચતી ન-
હોતી; તેતો મનમાં ને મનમાં બળી જતી હતી. તે એક દીવશ અકળાઇને મેહેતાજીને શીખામણ દેવા લાગી.

ગાયન.

(ઓ કુટીલ અંધ કામી) એ રાહ.

સુણો સત્ય કહુ સ્વામી, કાંઈ વિચાર ઉર ધરો;
અહી જગત તણી સૌ રીત, જરી વેહેવારમાં પળો;
હું નારી વધારે શું કહુ, ખોઇ હાથે કરી સૌ લાજ;
માટે વીચારી સ્વામી મારા, માનો નારીનું આજ—સુણો;

પ્રાણનાથ ! આપણને આ કેમ ફાવે આપણી ન્યાત જાતમાં ઈજત આબરૂ કહાડવી જોઇએ, કાંઇ છડાં નથી. વસ્તારનાં ધણી છીએ, માટે ઘર બાર, પુત્ર પરિવાર ને જગતના વહેવાર સર્વે સાચવવા જોઈએ, ને સાધુ વેરાગીને શું ? એતો બાવા ઉઠયા બગલમાં હાથ, માટે કાંઈ વીચાર રાખો વીચાર.

નરસીંહરામ—ખબડદાર ! ખબડદાર ! તમારે મારા સાધુ સંતોની ટોળીની કે ભજન કીરતનની ઇર્ષા નહી કરવી.

માણેકબાઇ—વાતતો ન કરૂં, પણ કદાપી આવામાં લગનીઓ આવે ને તમારા આવા ઢંગ જુવે તો જરૂર વિવ્હા ફોક કરે, આમ દુનિયામાં ઈજત તો ખોઈ, ઈજત.

નરસીંહમેહેતા—ઈજત કેદી હતી તે ખોઈ ? મારે તો ઈજત હતીએ નહી, ને ખોઇએ નથી.

માણેકબાઈ— **મરાઠી સાખી.**

ઢીંચણ સુધી ઘુઘરા બાંધો, ઘાલી માળાના થોક;
ટીલાં ટપકાં વેશ વિચિત્ર, થાશે વિવ્હા ફોક
જો આવું જાણે, આવી લગનીઓ આ ટાણે.

નરસીંહરામ—વિવ્હા ફોક કરે તોએ શું, ને વીવ્હા રાખે તોએ શું. અને મદનમેહેતા વિવ્હા ભાગશે.

તો મારો શામળીઓલાલ કરશે. મારો નટવરલાલ કરશે. મોકલશે કયાંથી ઠાગુ કરીને મદનમેહેતાને ઘેર કોણ ખોળા પાથરી કેહેવા ગયું હતું કે તમે મારા શામળીઆ વેહેરે તમારી પુત્રી આપો.

માણેકબાઇ—પણ તમારે દુનીયાદારીમાં નથી આવવું કેમ ? ભજનની રીત હશે કે નહી હોય ? આખુ ગામ ભજન કરેછે. કલાક બે કલાક, પણ તમારાથી તો અવધી. જે એક કંઠી તુળશીની પેહેરતું હશે તેને ભગવાન નહી મળતા હોય, કે આ કોઢ બધી ભરી કાઢી છે. ભારાના ભારા નાંખીને ? આ ટીલુ છેક નાક ઉપરથી તાંણ્યું છે, તે કપાળ ઉપરથી તાણો તો ભગવાન નહી મળે ? આતો લજવી માર્યા.

નરસીંહરામ—તારે મારી તુળશીની માળા તથા તીલકની નીંદા નહી કરવી.

માણેકબાઈ—હવે મીજાસ મુકો મીજાસ) બહાર મ્હોં કાઢીને બોલાતું નથી. એકલી માળાઓ ઘાલતા હો તો જાણે ઢુળ વાળી, પણ પગમાં ઘુઘરા બાંધી થન થન થન થન નટવા માફક નાચોછો તેથી હું તો બળી જઉછું.

નરસીંહરામ—તું બળતી હોય તો તારાં કરમ, પણ કહુછુ કે તારે મારી કશી વાત નહી કરવી.

મરાઠી સાખી.

જગત રીતની પરવા ન જરીએ, લાજ મુકી હરી હાથે;
લાજ આબરૂ પ્રભુની માયા, આવે નહી કાંઈ સાથે
નામ ચિતે ધરૂં, સંસાર માયાથી અળગો ફરૂં.

મેહેતા ભજનની ધુનમાં લાગ્યા, એટલામાં લગનીઓ દામોદરનું મંદીર નરસીંહ મહેતાનું નામ પુછતો પુછતો આવ્યો.

લગનીઓ— મરાઠી સાખી.

કૃષ્ણ દામોદરનું કયાં મંદીર, કયાં છે નરસઇઓ ભક્ત;
પ્રભુ ઉપર જેને પુરણ પ્રિતી, જાણે બધુ જગત
લાગ્યો લગ્ન સહી, મદનમેહેતાના થયા વેહેવાઇ.

અજાણ્યા માણસનો સાદ સાંભળી, માણેકબાઈ બહાર આવ્યાં, ને લગનીઆને જોઇ એકદમ મંદીરમાં ગયાં. સાંભળોછો? લગાર ઢંગ રાખો, ને ખડખડીઆં બંધ કરો મેહેતા કહે છે શું? મેહેતી કહે લગનીઓ આવ્યો છે. મેહેતા કહે લગનીઓ આવ્યો તેથી મારૂં ભજન બંધ રહે? ના! ના! તે કદી નહી બને, જાઓ તમે જાણો ને લગનીઓ જાણે. હું કાંઈ ભજન બંધ રાખવાનો નથી.

મેહેતી કહે ઘડી બંધ રાખો, લગનીઆને વધાવી લેવા ધો, પછી કુટજોને જનમારો. (લગનીઓ ઉમ્બરા ઉપર આવીને ઉભો તેને) ઉભા રહો. હું ચાર બૈરાંને બોલાવી લાવું. મેહેતા કહે લગનીઓ વધાવી લેવો તેમાં વળી બૈરાંનું શું કામ પડશે? મેહેતી કહે ગાવું પડશે. મેહેતા કહે તું લગનીઆને વધાવ ને હું ગાઉં, નહીતર હું વધાવું, ને તું ગાય, એમાં બૈરાંનું શુ કામ છે?

માણેકબાઇ કહે લાજો, લાજો, અમારી વાતમાં તમને ડહાપણ કોણ કરાવે છે! લગાર વિચાર રાખો. (બૈરાંને તેડવા ગયાં) મેહેતાએ વીચાર્યું લગનીઓ બીચારો દુર દેશાવરથી થાકયો પાકયો આવ્યો છે, તેને ખાલી ઉમ્બરા વ-

ચ્ચે ઉભો રાખવો, ને બૈરાંને એકઠાં કરતાં ને વધાવતાં સેજે કલાક થઇ જશે, માટે લાવ્ય આ ઠાકોરજી આગળ ચોખા પડયા છે તેથી વધાવી લઇ મંદીરમાં બેસાડું.

આવો વિચાર કરી મેહેતાજી મંદીરમાં ગયા, અને એક ખોબો ચોખાનો ભરી લગનીઆ ઉપર નાંખ્યો, અને તેને ઘરમાં લઇ જઇને બેસાર્યો. અને વડનગરમાં મદન-મેહેતા તથા દીક્ષીત વિગેરેની ખબર અંતર પુછી.

મેહેતી પાંચ સ્ત્રીઓને બોલાવી ઘર આગળ આવ્યાં ત્યાં લગનીઆને જોયો નહી, તેથી મંદીરમાં પુછવા ગયાં; લગનીઆને બેઠેલો જોઈ સ્ત્રીઓ કહે શું વધાવશો ? મેહેતી કહે બળ્યું બેહેન! આ ભાયડાને પરણીને એક દહા-ડો ઠરવા વારો ના આવ્યો (મેહેતાને) મેં તમને કહ્યુંતું શું ? ને તમે કર્યું શું ?

મેહેતા કહે બીચારો લગનીઓ થાકયો પાકયો આવેલો તેને કલાક સુધી પાણી ઉતરાવત ત્યારે બીચારાને બે-સવા વારી આવત; તુ નાંખત ચપટી ચોખા, ને મેં નાં-ખ્યા ખોબો ચોખા. હવે ગાવું હોયતો ગાઈ લ્યો. મેહેતી કહે. શું ગાઉ ? એતો ગાઈ મુકયું છે; તમને પરણી ત્યા-રથી અઢારે ઓરીઆ વિતી ચુકયા છે. એ પ્રમાણે મેહેતાને છણકા કરી લગનીઆને વધાવા આવેલી સ્ત્રીઓને વિદાય કરી.

મેહેતીએ વિચાર્યું લાવ્ય હવે રસોઇ કરૂં; ઘરમાં દાળ ચોખા આટો વીગેરે હતું, પણ ઘીઈ ગોળ નહોતાં; તેથી પાડો-શીને ઘેર ગયાં અને કહ્યું, બેહેન મને થોડાં ઘીઇ ગોળ ઉ-ધાર આપો. કોઈ શેવકનું શીધુ આવશે એટલે પાછાં આ-

પીશ. પડોશણે કહ્યું લઇ જાઓ, અમારે તમારી પાસેથી પાછું લેવું નથી; કયાં કમાર્ગે જવાનું છે ?

મેહેતી રસોઇ કરવા લાગ્યાં, અને લગનીઓ મેહેતાજી-ની રજા લઇ ગામમાં ફરવા સારૂ ગયો. લગનીઓ ગયો કે તરત ભજનની શરૂઆત થઇ. અને મંદીરમાં થેઈકાર થઈ રહ્યો, માણેક મેહેતીએ મંદીર તરફ જોયું, અને લગની-આને જોયો નહી, અને ભજનની ઝડી ચાલતી જોઇ કહ્યું કે લગનીઓ ગયો કે આમણે વેશ કાઢયો.

લગનીએ પડોશમાં જઇ પુછ્યું, ભાઇઓ નરસીંહ મેહેતાનું ધર કેવું? પડોશીએ કહ્યું ધર જ્ઞાતિમાં સત્તર આના ને બે પાઇ. બધાથી શ્રેષ્ટ, ન્યાતનો શેઠ પટેલ. લગનીંઓ કહે તેમનો છો-કરો કેવો છે ? પાડોશી કહે છોકરો રતન જેવો. ખોડખાં-પણ વગરનો. લગનીઓ કહે વારૂ મેહેતાને ન્યાતબહાર મુ-કયાં છે ને ? પડોશી કહે ખોટી વાત, કેહેનારા ખાંડ ખા-ય છે. એની ન્યાતના ગમે તેમ ખોટા ગપાટા ઉડાડે પણ મેહેતાજીને જ્ઞાતીની પરવાજ નથી. શેઠાઇ, પટલાઇ, આઘી પાછી, કાંઇજ નહી. લગનીઓ કહે વારૂ, ઢેડવાડામાં ઓછ-વ કરવા જાય છે તે ખરૂ કે ? પડોશી કહે અમારા ગામ-માં એક ઢેડ પરમ વૈષ્ણવજન છે, અને બધો આચાર વિ-ચાર પાળનારોછે, તેની બરોબરી એક વખત બ્રાહ્મણ પ-ણ ના કરી શકે; તેના અતિ આગ્રહથી એકવાર ઢેડવાડા નજીક જગો સાફસુફ કરાવી, તેમાં તુળશીનું વન વવરાવી તે જગા પવિત્ર કરી, તેમાં ત્યાં કીરતન ઓછવ કર્યો હતો; તે ઉપરથી નાગરોએ મેહેતાને ન્યાતબહાર મુકવાનો વીચાર કર્યો હતો. ને મેહેતાજી જમવા ગયા ત્યારે તેમને ઉઠાડી મુકયા હતા; પણ તે દીવશે એકેક નાગરને એકેક ઢેડ ને ઢેડના

હાથમાં હાડકાં; આ બનાવ જોઈ નાગરો ચમકયા, અને નરસીંહ મેહેતાપાસે માફી માગી અને અતિ આગ્રહ કરી જમવા બોલાવ્યા, ત્યારે ઢેડ દેખાતા બંધ થયા; એવી પરમાત્માની એના ઉપર કૃપા દ્રષ્ટી છે. લગનીઓ કહે એની પાસે પૈસા કેવા ! પાડોશી કહે પૈસા નથી. તમારે માટે લાવશી કરવા એની બાયડી મારે ઘેરથી ઘી ગોળ ઉધાર લઇ ગઈ ત્યારે તે લાવશી કરી તમને પીરસશે.



પ્રકરણ ૬ ઠું.

લગનીઆએ ઘણે ઠેકાણે પુછી ખાત્રી કરી;બીજે દીવશે લગન મહુરત નક્કી કરી લગનીઆએ રજા માગી; મેહેતાજી રજા લઉ છું જાન લઇ વહેલા પધારજો. મેહેતા કહે તેતો મારા નાથના હાથમાં; છોકરો પરણાવવો હશે તો એની મેળે આવશે. લગનીઓ કહે ઠીક, હું રજા લઇશ. મેહેતા કહે સારૂં આવજો. પધારજો. મેહેતી કહે ત્યાં સરવેને અમારા જેશ્રીક્રષ્ણ કહેજો. એમ કહી લગનીઆને ભાગોળ સુધી વળાવા ગયાં. લગનીઆએ જાણ્યું કાંક આપશે ખરાં. લ્યો મેહેતાજી ઉભા રહો. મેહેતા કહે હા. પધારજો, ને મદન મેહેતા, દીક્ષીત, વીગેરે સર્વેને અમારા જેશ્રીકૃષ્ણ કહેજો. મેહેતી કહે લગનીઆને કાંઈ આપ્યું? મેહેતા કહે ના, મેહેતી કહે ત્યારે તો તમે આખરના કાંકરા કર્યા, વેવાઇ પુછશે કે શું દક્ષણા આપી ? તે વખત કેહેશે કાંઇ નહી, ત્યારે વેવાઇ શો ખ્યાલ કરશે, તેનો વિચાર કર્યો ? કેહેશે કે નરસીંહના ઘરમાં ખાવા નથી.

મેહેતા કહે આપવું પડતું હશે કે ? મેહેતી કહે હા. મેહેતા કહે પણ તું મને પેલી તાલ ખખડાવા ના પાડે છે, ને જે છે તે એમાં છે. મેહેતી કહે ખખડાવો, પણ કાંક આપો. રજા મળતાં મહેતાજીએ ત્યાંજ ભગવાને આપેલી તાલ વગાડી સ્તુતી કરવા માંડી.

ગાયન.

(મોહોટાઇ અમે શું કરીએ) એ રાહ.

ત્રીકમ કરો તેવડ તમે, હો વીઠલ વીરા–ત્રીકમ.

લજ્યા લુંટાય તારી, જાણ કરૂં આ વારી;
હું તો ન રાખું લેવા દેવારે—ત્રીકમ.
વીવ્હા કર્યો શા માટે, કરવુંતું આવું ત્યારે;
ખોટ આવી શું તારે ધામરે—ત્રીકમ.
લગનીઓ ખાલી જશે, વહેવાઈ ઘેર હાંશી થશે;
તારી ત્યાં આતમરામરે—ત્રીકમ.
પુત્ર પરણાવવો હોય તો, પરણાવજે આપે.
અવર ન માથે વિણ તુજ નામરે—ત્રીકમ.

નરસિંહ મહેતાની સ્તુતી સાંભળી લક્ષ્મીજીને દાંત આવ્યા, અને કહ્યું. મહારાજ સાભળ્યું તમારો ભગત કહે છે તે ભગવાન કહે બરોબર છે; તેણે તો સંસારનું ધુંસરૂં બધું મારા ઉપર નાંખ્યું છે. લક્ષ્મીજી કહે ત્યારે તો આપો લગનીઆને દક્ષણા. ભગવાને એક રત્ન કાઢી અંત્રીક્ષથી નાંખ્યું. તે રત્ન નરસિંહરામની પાસે આવીને પડ્યું, તે નરસીંહરામે લઈ લગનીઆને આપ્યું, અને લગનીઆને વીદાય કર્યો.

લગનીઆને રત્ન આપ્યું તો ખરૂં, પણ તે લગનીઆએ ઓળખ્યું નહી, ને કાચનો કટકો સમજી મદનમેહેતાને બતાવવા માટે ચીંથરામાં બાંધી, પાઘડીમાં ખોશ્યું. અને વીચાર કર્યો કે, લોકો કહે છે કે આમના ઉપર કીરતારની કૃપા દ્રષ્ટી છે, તો મને દક્ષણામાં કાચનો કટકો શા માટે આપ્યો? સોનાં મ્હોર તો બાજુએ રહી, પણ રૂપા મ્હોરે નહી, ને કાચનો કટકો. છોકરાંને રમવાનો કાચનો લખોટો ફેરો ફોગટ ગયો. ફીકર નહી આપણે મદન મહેતા પાસેથી અહીંની ને ત્યાંની બે દક્ષણાઓ ગણીને લઈશું, ને તેમના વહેવાઇએ આપેલી સોગાત તેમને બતાવીશું.

પાંચ સાત દહાડે લગનીઓ વડનગર આવ્યો;

મદનમેહેતાને ઘેર જઈ તેમને નમસ્કાર કર્યા. મદનમેહેતાએ કહ્યું નમસ્કાર ભાઇ નમસ્કાર. કેમ વિન્હા રાખવો કે ભાંગવો? લગનીઓ કહે વર સારો, ઘર સારૂ, ને પેલો કાગળ હતો તે તદન જુઠ્ઠો, મેં પેરવી બરાબર કરી છે, ને પત્તો બરાબર મેળવ્યો છે; સહીઓ કરનારા બીજાજના ફાટેલા છે, ને બીચારા હરીજન મેહેતાને કાંઇ લેખામાંએ ગણતા નથી. વાંધો ફકત એટલોજ કે ગરીબ છે, ને એવો ગરીબ કે, મારે માટે લાવશી કરવા સારૂ ઘીઈ ગોળ પાડોશીને ઘેરથી માગી લાવવા પડ્યાં. એક પાઈનું પણ ઠેકાણું નથી.

મેહેતા કહે છેક નિર્ધન મારૂં આંગણું શું શોભાવશે, ને મને લગનનો શો લ્હાવો વીતાવશે. વળી રાજા મારા ઘેર વેવાઈની મુલાકાત કરવા આવશે, તો હું શું જવાબ આપીશ ? વળી હરીજનને વહેવારીક બુદ્ધી તો હશેજ શાની? વારૂ ! તમને કાંઇ દક્ષણા આપી ? લગનીઓ કહે એક કાચનો લખોટો આપ્યો છે; તે તેમણે ભાગોળે ભજન કર્યું. ત્યારે કોણ જાણે કયાંથી આવીને મેહેતાજી પાસે પડ્યો, તે લઇ તેમણે મને આપ્યો. લ્યો જુઓ તમારા વ્હેવાઇની આપેલી સોગાત, કહી ચીંથરૂ છોડવા માંડ્યું; મેહેતા કહે મને કયાં કમતડી ધાઈ, કે મેં પેલા દીક્ષીતને વીન્હા કરવા મોકલ્યો ? લગનીએ કહ્યું લ્યો આ તમારા વેવાઇએ આપેલો કાચનો લખોટો.

મદનમેહેતાના હાથમાં હજારો રત્નો આવી ગયેલાં, તેમણે કહ્યું મહારાજ તમારી આંખે દેખાતું નથી કે શું ? લગનીઓ કહે છે શું ? મદન મહેતા કહે આતો કાચનો કટકો નથી, પણ રત્ન છે. તેની પરીક્ષા હું હાલજ અહીંજ કરાવું છું, કહી એક નોકરને ઝવેરીઓને બોલાવા મોકલ્યો, ને બીજાને દીક્ષીતને તેડવા મોકલ્યો.

દીક્ષીત, તથા ઝવેરીઓ, સૌ સાથે મદનમેહેતા પાસે આવ્યા; મદનમેહેતાએ રત્ન ઝવેરીઓના હાથમાં મુકયું, અને કહ્યું આની કીમત કરી આપો, ઝવેરીઓએ રત્ન લઈ બરાબર તપાસ્યું, અને કહ્યું આ કોઇ દેવતાઇ રત્ન છે ને અમારી ઉમ્મરમાં આવું રત્ન આજેજ જોયું.

મરાઠી સાખી.

રત્ન લઇને કાંટે નાંખ્યું, તોલ જોઈ મન હરખ્યું;
મહેતાને કહે સર્વે મળીને, અમે બરાબર પરખ્યું;
અતી ઉત્તમ સાર, કીંમત તેની ચઉદ હજાર—અતી.

મેહેતાએ કહ્યું ચઉદ હજાર રૂપીઆ! ઝવેરીઓ કહે હા, વેચવું હોય તો લાવો, ને ચઉદ હજાર ગણી લ્યો. મેહેતાએ કહ્યું, વીચાર કરી જવાબ આપીશ; એવું કહી ઝવેરીઓને વીદાય કર્યા અને દીક્ષીતને કહ્યું;

દીક્ષીત તમો તો કહેતા હતા કે ગરીબ છે, ને નરસીંહ મેહેતાએ તો ગજબ કર્યો! લગનીઆને ચૌદ હજાર રૂપીઆ દક્ષણા! તેમણે જેટલા રૂપીઆ લગનીઆને આપ્યા તેટલા ઉમેરી કોઇ ત્યાંથી આવે તેને આપવા પડે. વેવૈશાળના કરમાં એક રૂપીઓ, બે રૂપીઆ, છેવટે પાંચ રૂપીઆથી પગલું હોય, પણ જેણે ચૌદ હજાર રૂપીઆથી પગલું માંડ્યું. તો મારા છાપરાનાં નળીઆંએ નહી રહે. માટે કહું છું કે ના કહાવ! ના કહાવ? મારે વીવ્હા રાખવો નથી. હુ નીર્ધન માણસ આવા ધનૂવાનને પુરો નહી પડી શકું.

ગાયન.

(ખટક રહી આ મૃગનયનીને) એ રાહ.

ના કહે ના કહે નથી રાખવો, વીવ્હા મારે ઘેર તેને;
બમણું જોઇએ મારે, પુરૂ કહે પડાય શેને;

આ પ્રમાણે લાવે અહીંઆં, જાન માંહી અગણીત સાજન;
ઘરને ગામ તજાવે એતો, તેનાં આગળ હું નીર્ધન,
દળ સાજન જોઈ જવું પડે વન, નાશી મારે એ શ્રીમંત;
ભાળીને વીવ્હા ના કહાવો, કામ કરો આ રાખી ખંત.
કન્યાદાન દઉં તો થાયે, મોઘાં લુગડાં ન ફેર જરાય;
જલદીથી ના કહાવો તેમને, મુજ પામરથી ન પુરૂ પડાય.

લગનીઓ—મેહેતાજી ! નરસીંહમેહેતા જેવો પરમ વૈષ્ણુવ, હરીજન વહેવાઇ, શોધ્યો મળવાનો નથી.

ગીતી.

પ્રભુ ભક્ત છે એતો, વિભુ આવશે જાન જોડી કોડે;
કન્યાદાન તમે આપો, દર્શન દઇ પભુ જન્મ મરણ ત્રોડે.

ગાયન.

(જઈ ગુમાવી આવ્યા લાજ) એ રાહ.

કેમ મેહેતા તમારી બુદ્ધી ફરી, કાંઈ વિચાર રાખો મનથી જરી;
તમે નાગરની ન્યાત બધીમાં, આવું સગપણ મળે ન ફરી—કેમ
ભગવન પોતે છે વશ જેના, ક્યાંથી આવે પગલાં તેનાં;
પગલાથી પાપ પલક રહે ના, સાથે આવે ભગવત એનાં—કેમ
ઘરમાં નહી તેને ખાવા જરી, પણ ઘડી વીસરતા નથી હરી;
સમજો કે સવળી દશા ફરી, ભવ ભ્રાંતી સઘળી જશે ટળી;
અણુચિંત્યા તે તો ગયા મળી, સૌ નાગર જોઇ ગયા બળી—કેમ

મદનમેહેતા કહે દીક્ષીત ! મારી પાસે ધનમાલ છે તે ખરચ કરતાં આબરૂ રહે તેમ લાગતું નથી. દીક્ષીત કહે મેહેતાજી ! તમો ગભરાશો નહી. તમને સાતલાખ તો શું, પણ સાત હજારે થવાના નથી. મેહેતાજી કહે પગલાં આ

વાં માંડે છે, ને એમ કેમ બોલો છો ? દીક્ષીત કહે, હું બો-લ્યું તે બરાબર છે, તેની વખત આવે ખાત્રી થશે. મેહે-તાજી કહે તેવો વખત આવે તોતો ઠીક. નહીતર મારે મરવું પડશે. દીક્ષીત કહે કશી ફીકર રાખશો નહી, ધીરજ રાખો; કહી મેહેતાના મનનું સમાધાન કર્યું.

શામળશાના લગન ઉપર માણેકમેહેતીએ કુંવરબાઇને તે ના સાસરેથી તેડાવી, લગનના થોડા દીવસ રહ્યા, ત્યારે મે-હેતીએ કહ્યું હવે લગનને દાહાડા રહ્યા થોડા, માટે જેને કે-હેવું કહેવરાવવું હોય તેને કહો કહેવરાવો; અને કંકોત્રીઓ લખો. મેહેતા કહે મારે તો મારા ભગવાન શીવાય કોઇને કહેવું કહેવરાવવું નથી, તમારે જેને કહેવરાવવું હોય તેને કહેવરાવો; મેહેતી કહે, તમારા પંડની તો મને ખાત્રી છે; એવું કહી મેહેતીજીએ બધે કહેવરાવવું હતું ત્યાં કહેવરાવી દીધું, ને નરસીંહરામે ભગવાનને કંકોત્રી લખી; અને પોતે દ્વારીકાં આપવા જવાનું નક્કી કરી તૈયારીઓ કરવા માંડી; મે-હેતીએ પુછ્યું કેણી તરફ તૈયારીઓ કરી. મેહેતા કહે જ-ઇશું ભગવાનને કંકોત્રી આવવા દ્વારીકાં, કહી મેહેતા નીકળ્યા.

સટાક ચોરા આગળ થઈ મેહેતા નીકળ્યા, ત્યાં નાગરો બેઠેલા હતા તેમાંના એકે કહ્યું, વીકળશંકરભાઇ? નરસઇઓ ટીલવો આવ્યો. કેમ નરસીંહ ! કેણી તરફ ? નરસીંહ કહે જઇશું કંકોત્રી આપવા. પ્રલયશંકર કહે શાની કંકોત્રી ? નરસીંહ કહે શામળીઆનું લગન શડમાં આવ્યુંને શંકાપ્રસાદ કહે તાહારૂએ થડમાં આવ્યું. (મોહોત) મેહેતાજીએ કાંઈ ગણુકાર્યું નહી ને ભાગોળે આવ્યા.

ભાગોળે આવી વીચાર કર્યો કે દ્વારીકાં જઇશું, ગોમતી-જીમાં નાહીશું, ગોવીંદના ગુણ ગાઇશું, હરી કીરતન કરીશું

મંદીરે મંદીરે ફરીશુ અને ભગવાન દેખશે ત્યાં કેહેશે મારા નરસઇઓ મને ભેટશે, એટલે હું એવો ભેટીશ કે છોડીશજ નહી; એવી ધુનમાં ને ધુનમાં ખાલી બાથ ભીડાવી ઉભો રહ્યો.

એમને એમ સાંજ પડી, પણ નરસીંહરામ જાણે ભગવાનને બાથ ભીડાવી હોય, તેમ ઉભો રહ્યો, ભગવાને ગરૂડને કહ્યું, તમો જુનાગઢની ભાગોળે નરસઇઓ મને બાથ ભીડી ઉભો છે, તેને ગોમતીજી ઉપર હાજર કરો. ગરૂડને આજ્ઞા થતાં તર્ત જુનાગઢની ભાગોળે આવી, નરસીંહરામને ચાંચમાં પકડી, પાંખ ઉપર બેસાડી ગોમતીને તીરે મુકી દીધો.

નરસીંહ મેહેતાએ આંખ ઉઘાડી ત્યાં ગોમતીનો કીનારો દીઠો; મેહેતાએ કહ્યું, હું ઉભો હતો જુનાગઢમાં, ને મને એવામાં દ્વારીકામાં લાવીને મુકયો, ત્યારે એની આવવાની દાનતતો ખરી; મારે તેને આગ્રહ નહી કરવો પડે. એવો વીચાર કરી ગોમતીજીમાં સ્નાન કરી પરવારી હરીકીરતન કરતા દેવ દર્શન કરવા ચાલ્યા. એમને એમ પંદર દીવશ થઇ ગયા પણ કંકોત્રીનું ભાન નથી.

ભગવાને વિચાર કર્યો, આને તો કાંઈ ભાન નથી, ને પણે લગનના દીવશ રહ્યા ટુંકા. માટે નરસીંહરામને શુદ્ધી મુકી. શુદ્ધી મળતાં તેને કંકોતરીનું ભાન થયું અને તેણે કૃષ્ણજીના મંદીરમાં જઇ ભગવાનના સામી કંકોત્રી ફેંકી; તે કંકોત્રી ભગવાને ઝડપ લઇને ઝીલી લીધી, નરસીંહ મહેતાએ જાણ્યું કંકોત્રી પહોંચી; હવે તેને આવવું હશે તો આવશે, નહીતર એ જાણે ને એનું કામ જાણે, કહી જુનાગઢ જવા સારૂ દ્વારીકાની ભાગોળે આવ્યા.

ભગવાન ભાગોળે આવી નરસીંહરામને મળ્યા, અને કહ્યું નરસીંહરામ, કયારના આવ્યા છો ? નરસીંહરામે કહ્યું પંદર દહાડા થયા; ભગવાને કહ્યું પંદર દહાડા થયા, ત્યારે આજેજ દર્શન દીધું, ને કંકોત્રી આપી.નરસીંહરામે કહ્યું મને શી ખબર કે તમે જોયો નહી હોય ? દર્શનમાંતો રોજ આવુંછું, ભગવાને કહ્યું, હજારો માણસો ભેગો આવતો હઇશ ને જતો હઇશ એટલે શું દેખું, નરસીંહરામ કહે સત્ય છે, તમો સર્વને દર્શન દેવા બેઠા છો, એટલે સર્વ તમને દેખે, તમે કાંઇ દર્શન કરવા બેઠાછો કે તમે બધાને દેખો ?

ભગવાન—(કંકોત્રી બતાવી) અલ્યા દીવસ થોડા રહ્યા.

નરસિંહરામ—થોડા રહ્યા છે, ને ભરાઇ ગયા હોય તોય મારે શું, આડી રાત રહી હોય તોય મારે શું ? મારે શો ઉજાગરો છે ? તમે જાણો ને તમારે છોકરો જાણે, ને તમારો વેવાઇ જાણે મ્હેંતો આ મારૂં ચલાવ્યું. રાધે ગોવીંદ ભજો રાધે ગોવીંદ ભજો રાધે ગોવીંદ.

ભગવાન—નરસીંહ, તું જા જુનાગઢ.

નરસિંહરામ—તમે કયારે આવશો ?

ભગવાન—હું પછીથી આવીશ.

નરસિંહરામ—તે નહી બને. તમો આગળને હું પાછળ.

ભગવાન—એમ બને નહી, હાલ હું ઓધવને ને અક્રૂરને મોકલુંછું તેમની સાથે જા, ને સાથે દસ જાદવ ઘોડેસ્વાર મોકલુછું. જે જે સાહીત્ય જોશે તે ભક્ત ઓધવ ને અક્રૂર, મારૂ નામ દઇ તઇયાર ક

રશે. ને તું વરઘોડો ચઢાવી ગામ બહાર નીક-
ળે ત્યારે મને યાદ કરજે, એટલે હું હાજર
થઈશ.

ભગવાને કહ્યું લે પેહેર આ કસબી કેશરી પીતાંબર; લે આ હીરા રત્ન જડીત્ર સોનાનો મોર પીછવાળો મુગટ માથે ધારય. અને આ મોતીની માળાઓ ગળામાં ધારણ કર; નરસીંહને ::ગમતીવાત નહી, પણ ભગવાન પાસે કાંઇ બોલાયું નહી, ને પ્રભુ પ્રસાદી તેથી સઉ ધારણ કર્યું. મોતીની માળાઓ ઉપર થોડી તુળશીની માળાઓ પણ પેહેરી, ગોપીચંદનનાં ટીલાં તાંણી મેહેતાજી રથમાં બેઠા. ઓધવનું મોહું ઉત્તર તરફ, અને અક્રુરનું મોહું દક્ષીણ તરફ. મેહેતાજી આગળ હાંકનાર ધુંસરા ઉપર, અને આગળ દસ જાદવ ઘોડેસ્વાર એ પ્રમાણે ઠાઠમાઠથી નરસીંહ મહેતા જુનાગઢ આવ્યા, અને ગામમાં પ્રવેશ કર્યો.

સટાક ચૅારા આગળ આવ્યા, ત્યાં કપટ પ્રસાદ કહે સારંગધર, કોક દરબાર આવતો હોય એમ જણાયછે; (ઘોડેસ્વારને) ભાઇ કોણ છે તમારા રથમાં ? (મેહેતાને જોઇ) અલ્યા આતો નરસઇઓ ટીલવો ! મારા બેટાને લોક ગાડીમાંએ બેસાડે છે તો ગાડીમાં !

ગાયન

સારંગધર—(કંથ વિણુ હાય હું છું) એ રાહ.

સ્વાંગ જોઈ ઉર અતી ગભરાય, ચિતમાં કાંઇ કાંઇ થાય—સ્વાં.
મોર પીંછનો મુગટ પેહેર્યો બની બેઠો ભગવંત,
મોતીમાળા ઉર મહી ધારી, જુઓ આ સાચો સંત—સ્વાં.
રાજા પાસે જઇને હમણાં, જણાવું તેનું જુઠ;

રથને સ્વારો લાવ્યો સાથે, મારીને ક્યાંઇ લુંટ. સ્વાં.
ભોળાજનને નાંખી ભભુતી, પહેરી લાવ્યો પોશાક;
ટીલાં ટપકાં કર્યાં અતીશે, જોઇ ઉઠે ઉર આગ—સ્વાં

નાગર—ભગત ઠગત હે જગતકું, રહે જગત જખમાર;
ઓધવ—ઠગે જગતને ભગતજન, પામે ભવ નીસ્તાર.

ઓધવ—વાહ ! ભક્તરાજ નરસીંહરામ, ગામમાં આબરૂ તો ઘણી ઉત્તમ દેખાય છે ! નાગરોનું તમારા ઉપર વ્હાલ તો ઘણું છે !

નરસિંહ—આપ કેમ ભુલો છો ? જ્યાં આબરૂનો ખપ છે ત્યાં કેટલી છે, તે વીચારો. જ્ઞાની થઈઅજ્ઞાની કેમ બનો છો? આ અભાગીઆઓની આગળ આબરૂ હોય તોએ શું ને ના હોય તોએ શું.

ઓધવ—મેહેતાજી! તમને તીરસ્કાર કરતાં, તે અભાગીઆઓની જીભે વાઢ કેમ પડતા નથી ?

ગાયન.

નરસિંહ—(જો જો કૌતક જગનું) એ રાહ.

સુણો ભક્તજી પ્યારા-ભક્ત-જગતથી ન્યારા-સુણો.
માયાનું કામ, ક્યાંથી સત્યનું નામ, સત્યપ્રભુને ધામ સુણો.
ભક્ત જુઠો જણાય, અને પાંખડી ગણાય, એવો માયા મહીમાય—સુણો.

પવિત્ર પંચમી દીન, ચીત્ર નાગને પુજાય;
સાચાને સાણસે પકડી, વગડામાં મુકવા જાય;
એવાં છે એવાં છે, પ્રભુની માયાનાં કામ— સુણો.

પવિત્ર પુષ્પ તેતો, જોરથી ઝલાય;
કૌવચથી રહે પાછો, હાથ નહી ઘલાય.
એવી પ્રબળ માયા, વર્ણવી ન કદી જાય. સુણો.

(ઉપર પ્રમાણે ઓધવના મનનું સમાધાન—મેહેતાએ કર્યું, અને ઘેર આવ્યા.)

સારંગધર, વીઘ્નસંતોષરાય બંને જણા માંડળીક રાજા પાસે જવાનો નિશ્ચય કરી, માંડળીક રાજા પાસે ગયા, અને તેઓ માંડળીક રાજા પાસે જઇ તેને હાથ જોડી અરજ કરી, કે મહારાજ, આપણા ગામમાં નરસિંહ જે ભગતના નામથી ઓળખાય છે, તે ભગત નથી, પણ જાદુગર, અને લુચ્ચો ઠગારો છે.

માંડળીક રાજા આ જોઇ અચંબો પામ્યો અને પુછ્યું, તેની સાબીતી ? સારંગધરે કહ્યું એક સાંબીતી તો એ કે, વડનગરથી મારા દોસ્તદાર મદન મેહેતાને ત્યાંથી તેની દીકરી જુડીબાઈનું વેવીશાળ કરવા દીક્ષીત આવ્યો હતો તેને આપણા ગામના ત્રણસો વર અને ત્રણસો ઘર બતાવ્યાં કે જે. મને ઘેર પુરણ સાધ્યમા, અને એક બીજાથી ચઢે તેવા. પણ કોણ જાણે તેણે દીક્ષીતને શું કર્યું, કે એકે વર તથા એકે ઘર તેની નજરમાં આવવા દીધું નહી, ને છેવટમાં પોતાના દીકરા શામળીઆ સાથે તે સગપણ ઉતાર્યું.

માંડળીક કહે કાંઈ બીજું ? સારંગધર કહે બીજું એ કે, પંદર વીસ દીવસ ઉપર એકલો જતો હતો ત્યારે પુછ્યું કે કયાં જાય છે ? ત્યારે કહે ભગવાનને કંકોત્રી આપવા; બાદ તે આ કોકને લુંટી, રથમાં બેશી આઠ દશ સ્વારો લઇ આવ્યો તેણે ગમે તેને જાદુના જોરે ભીખ મગાવી છે. અને એવાં ઘણાં ઘણાં કુકર્મો ભજનને બ્હાને કરે છે.

ઉપલી વાત સાંભળી માંડળીક રાજા વીચારમાં પડયો. અને વિચાર્યું કે, લોકોના કહેવામાં તે પરમભક્ત છે, ને આ લોકો ઇર્ષાને મારે આમ બોલતા હોવા જોઇએ, તેની મને તો ખાત્રી છે; તેની પરીક્ષા લઇ આ લોકોને સખ્ત

ઠબકો આપવો; એવો વીચાર કરી સારંગધરને કહ્યું ઠીક છે, હું તેનો તપાસ કરીશ.

સારંગધરે કહ્યું મહારાજ! એની પાસે જાદુનું બળ છે. માટે જો જો! તમને પણ જાદુમાં આંજી નાંખે નહી, કહી વીદાય થયા.

માંડળીક રાજાએ તરત શેવકને બોલાવી એક ચાંદીના થાળમાં સુંદીર વસ્ત્રો તથા એક હજાર સોના મ્હોરની થેલી મુકી નરસીંહરામની પરીક્ષા કરવાના હેતુથી નરસીંહરામના ઘેર ભેટ તરીકે મોકલાવ્યો. અને વિચાર્યું કે જો સારંગધર કહે છે તેમ તે માયાને વશ હશે તો તે ભેટ કબુલ કરશેં. કારણ તેને ઘેર વિવ્હાનો પ્રસંગ પણ છે અને જો નિર્વિકાર હશે તો તે મારી ભેટ કબુલ રાખશે નહિ. તે મારે જાતેથી જઇને જોવું એવો નિશ્ચય કરી નરસિંહરામને ઘેર ગયો.

માંડળીક રાજાના સેવકોએ નરસીંહરામને ઘેર આવી માંડળીક રાજાએ મોકલેલી ભેટ નરસીંહરામના મ્હોં આગળ મુકી. ભેટ જોઈ નરસીંહરામે કહ્યું, મારે ભેટને શું કરવી છે! આ ભેટ મારે કામની નથી. ત્યાં માંડળીક રાજા આવવાના સમાચાર એક શેવક મારફત મળ્યા, નરસિંહરામ માંડળીક રાજા સામે ગયા અને માંડળીક રાજાને માન આકાર સહીત મંદીરમાં લાવ્યો, ને તેમણે મોકલેલી ભેટ પાછી લેવા માટે કહ્યું.

માંડળીક રાજાએ કહ્યું, નરસીંહરામ ભક્ત મેં તમને તમારા ઘેર લગ્ન પ્રસંગ હોવાથી આ ભેટ મોકલી છે, તે સ્વીકારો, નરસીંહરામે કહ્યું, મહારાજ! આ માયાને શું કરૂં? ને આવા વસ્ત્રો મારી ઉમર ધરીને પહેર્યા નથી. તો તે હવે શી રીતે

ધારણ કરૂં; માટે મહારાજા તેવી માયાથી હું દુર છું. ને જો આપવાની ઇચ્છા હોય, તો ઠાકોરજીને ભોગ સામગ્રી કરી ભોગ ધરાવો, ને સાધુ સંતને જમાડો. તે શીવાય બીજું કાંઇ મારા કામનું નથી.

માંડળીક રાજા આથી પ્રસન્ન થયો, અને નરસિંહરામને ઘણો ધન્યવાદ આપ્યો ને સાધુ સંતનો ભંડારો કર્યો, અને ઠાકોરજીને ભોગ સામગ્રી ધરાવી, નરસિંહરામને સંતોષ્યો.

માંડળીકે ઘેર આવી સારંગધરને બોલાવ્યો. અને તેને સખ્ત ઠપકો આપ્યો, અને નરસીંહરામને ધન્યવાદ આપ્યો. આથી સારંગધરને ઘણી ઇર્ષા ઉત્પન્ન થઇ, અને તેને પાછો પાડવાના કામમાં રોકાયો, અને મન સાથે તેને દરેક કામમાં પાછો પાડવાનો નિશ્ચય કરી જંખવાણો પડી ઘેર ગયો.

મહેતાજી સાથે ઓધવ, અક્રૂર અને દશ જાદવ સ્વાર જોઇ મેહેતીએ ગુસ્સામાં કહ્યું. આટલા બધા માણુસોને કયાંથી લાવ્યા? મેહેતા કહે હળવે બોલો, હળવે બોલો, તેઓ સાંભળશે. મેહેતી કહે સાંભળશે તો શું થશે? કાંઈ તેના બાપની ઓશીયાળ બોશીયાળ છે ? મેહેતા :કહે તું ઓળખતી નથી. મહેતી કહે મારે ઓળખીને શું કામ છે ! હશે કોક તમારા જેવા વેરાગીને વેરાગી. મેહેતા કહે વેરાગી નથી, પણ તેઓ લગ્નને માટે સાહીત્ય કરવા સારૂ આવ્યા છે, માટે બોલશો નહી, જે જે સામગ્રી જોઇએ તે કહો ? મેહેતી કહે પ્રથમ મહુરતમાં વડીઓ પાપડ જોઇએ. મેહેતા કહે તૈયાર જોઇએ? મેહેતી કહે ના, અમે પાંચ બાયડીઓ બેશી મુકીએ એવું જોઇએ. મેહેતાએ ઓધવજીને કહ્યું, આ કહે તે ચીજો હાજર કરો. ઓધવજીએ ઇશ્વર-

સ્મરણ કર્યું, તેજ વખત ચોળાના પીઠાનાં તૈયાર તપેલાં તથા પાપડ વણવાનાં અડદનાં લોટનાં તૈયાર કરેલાં ગુલ્લાં અંત્રીક્ષથી ઉતર્યા.

મેહેતીએ મેહેલ્લાની સ્ત્રીઓ એકઠી કરી, વડીઓ મુકવા તથા પાપડ વણવાનું કામ કર્યું, ને ગાણું ગાવા માંડયાં ને વડીઓ પાપડ તૈયાર કર્યા.

ત્રીજે દીવશે મહેતાજીએ મેહેતાને કહ્યું કે આજે વરઘોડો ચઢાવવાનો દીવસ છે, માટે વરઘોડાની સાહીસ તઈયાર કરો. મેહેતાજીએ ઓધવજીને કહ્યું. ઓધવજી કહે શું શું જોઇએ? મેહેતા કહે તે પુછો ઘરમાં, ને તે કહે તે તૈયાર કરો, ઓધવજી કહે શું શું જોઇએ, તે અમો જાણીએ છીએ પણ કેટલું કેટલું જોઇએ? મેહેતાજી કહે શું શું જોઇએ તે તમો જાણોછો, તો કેટલું કેટલું જોઇએ તે પણ જાણતા હશો. જેટલું જોઇએ તેટલું તૈયાર કરો ઓધવજી કહે પણ તમારે કહેવું જોઇએ. કહો? ગાડીઓ, ઘોડા, બગીઓ, પાલખીઓ......મેહેતા કહે બસો પાંચસો ઘોડા, બસો પાંચસો હાથી, બસો પાંચસો પાલખીઓ, બસો પાંચસો બગીઓ, અને જરૂર જોગાં વાજીંત્રો; ત્યાં ઓધવજીએ ઇશ્વરનું ધ્યાન ધરી સર્વે ચીજો અંત્રીક્ષથી મંગાવી તૈયાર કરી. અને સઘળી ચીજો તૈયાર થઇ, કે મેહેતાજીને આંગણે ધામધુમ શરૂ થઈ.

નરસીંહ મેહેતાને આગણે ધામધુમ જોઇ, સટાક્યારે નાગરો એકઠા થયા, અને માંહોમાંહી વીચાર કરવા લાગ્યા, કે મારા બેટાએ ઠેઠ સુધી વેશ ભજવ્યો ! સારંગધર કહે ભજવવા દો, પણ તે વરકન્યા પરણવાનાં નથી; તોરણેથી વર પાછો આવશે, તોરણેથી. તમો ઉંચા નીચા

શા માટે થાઓછો? એકતો મારો મદનમેહેતા ઉપર લખેલ કાગળ મીથ્યા થવાનો નથી; બીજું માંડળીક રાજાને અમોએ પુરો ભમાવ્યો છે, તે પણ તેને છોડવાનો નથી; સમજો કે હમણાં રંગમાં ભંગ પડયો.

કપટરાય કહે સારંગધર, તેતો જેમ બનવાનું હશે તેમ બનશે; પણ નરસીંહ આપણને નોતરે, તો આપણે શું કરવું? સારંગધર કહે શું કરવુ શું? નોતરાં કબુલ રાખવાં નહી, ને શામળીઆનો વરઘોડો આપણા સટાકચ્યોરા પાસે થઇને નીકળે, ત્યારે આપણે અવળાં મોઢાં કરી ઉભા રહેવું. વરઘોડાના સામુ પણ જોવું નહિ. વરઘોડાના સામુ જુવે તેને જ્ઞાતી બહાર મુકવો.

બધા નાગરોએ તે વાત કબુલ કરી, ત્યાં સારંગધરે કહ્યુ, મ્હોઢાની કબુલત નહી.કરો એકડા કે જે વરઘોડાના સામુ જુવે તેને ન્યાત બહાર મુકવો; ત્યાં ખડીઓ, કલમ તથા કાગળ લાવી કરારનામુ કરી, સર્વે જણાએ સહીઓ કરી ઠરાવ બહાલ રાખ્યો. તે ઠરાવમાં સાતસો સહીઓ થઇ.

સહીઓ કરનારા સટાક ચ્યોરે બેઠા છે, પણ તેમના છોકરાઓ કાંઇ સહીઓ કરવા આવ્યા નથી, ને તેમને આ ધામધુમની ખબર થતાં વીસથી ત્રીસ વર્ષના બસો ત્રણસો જુવાનીઆઓ ટોળે મળી નરસિંહરામને ઘેર આવ્યા નરસીંહરામે તેમને આવકાર આપ્યો ત્યારે તેમણે પુછ્યું? નરસિંહરામ કાકા! આ બધું કોને માટે? નરસિંહ કહે જે બેસે તેને માટે. તમો બેસો તો તમારે માટે, સર્વે જણા આ અલૌકીક શોભા જોઇ જાને જવાનો નિશ્ચય કરી, વડીલની આજ્ઞા માગવા સટાકચ્યોરે ગયા.

સટાકચૅારે જઇ જુવાનીઆઓએ તેમના વડીલો પાસે રજા માગી. તેમના વડીલો ગુસ્સે થયા અને ના કહી. આ-થી સર્વે પાછા વળ્યા, ને વીચાર કર્યો કે આપણે તો બસ જવુંજ; જેમણે એકડા કર્યા હોય તેમને ના આવવું હોય તો તેમની મરજી. માટે ચાલો તૈયાર થઇ મેહેતાને ઘેર. ત્યાં એકે કહ્યું, તૈયાર શો રીતે થવું ? કુંચીઓ કરસનજીના હાથમાંને, પોશાક દાગીના તેમના કબજામાંને. સર્વે જણે કહ્યું ચાલો નરસીંહરામને ઘેર, જો તે કાંઈ સોઇ કરી આ-પે તો; તે કરી આપશેજ. નહીતર આ બધી સાહીત્ય કરી છે તેમાં બેસશે કોણ ? સર્વે જણા એક મત થઇ નરસીંહરામને ઘેર ગયા.

સર્વે જણે કહ્યું, નરસીંહરામ કાકા! અમારા વડીલો તો એકડા કરી બેઠા છે. નરસીંહ કહે એકડા શાના ? જુવા-નીયા કહે તમારા વરઘોડામાં નહી આવવાના. બીજો કહે નહી આવવાના તો નહી આવવાના, પણ વરઘોડો જુવે તેને પણ ન્યાત બહાર મુકવો એવો ઠરાવ કર્યો છે.

નરસીંહરામ કહે, તમારા વડીલોએ એકડા કર્યા છે, તો તમો કરો બગડા. જુવાનીયા કહે શીરીતે ? નરસીંહરામ કહે તમો ચાલો. જુવાનીયા કહે પણ વસ્ત્ર દાગીના રહ્યા તેમની પાસે, તે શીવાય કાંઇ અવાય? મેહેતાએ ઓધવને કહ્યું આમને શોભતા શણગાર અને વસ્ત્ર આપો. ઓધવે ઈશ્વર સ્મરણ કરી પોશાક દાગીના સર્વે આપ્યા.

પોશાક દાગીના પહેરી સર્વે જણ કોઇ હાથી ઉપર, તો કોઇ ઘોડા ઉપર, ને કોઇ બગીમાં, એ પ્રમાણે મન ગમતી સાહીત્ય ઉપર બેઠા. તેમાંનો એક જણ ગયો સટાકચૅારે, તેને જોઇ સાર-ંગધર કહે, ગધેડીના હેઠો ઉતર. ક્રોધીલાલ કહે નથી ઉતરતા, ક-

હો શું કરશો ? સારંગધર કહે નહી ઉતરે તો ગ્નાતી બ-
હાર મુકીશું. જો તારા બાપનો કરેલો એકડો.; ક્રોધીલાલ
કહે મારા બાપે કર્યો છે, કાંઇ મેં કર્યો નથી સમજ્યા ? સા-
રંગધર કહે તારા બાપે કર્યો તે તારી સાત પેઢીએ કર્યો,
સમજ્યો ? ક્રોધીલાલ કહે વારૂ સમજ્યો, પણ હું કાંઈ એક-
લો નથી; મારા સાથે બીજા બસો અઢીસે છે. તેમનું સર્વેનું
થશે, તે મારૂં થશે. સર્વે કહે હેં ! બીજા બસો અઢીસો છે !
ક્રોધીલાલ કહે હા. આ પ્રમાણે વાતચીત ચાલે છે, ત્યાં
સર્વે જણા ઇચ્છીત વાહન ઉપર બેઠેલા, સટાક ચૅારા
આગળ આવ્યા.

સારંગધર કહે ખબડદાર બધા હેઠા ઉતરો. સરવે જ-
ણાએ કહ્યું નથી ઉતરતા. સારંગધર કહે બધા પસ્તાશો.
તમને બધાને ન્યાત બહાર મુકવા પડશે. સરવે જણે
કહ્યું. હમો છીએ એટલાનું તડ જુદું પાડીશું, પણ શામ-
ળશાની જાનમાં જઈશું. સારાં સારાં પકવાન અને માલમશાલા
ઉડાવીશું, સરખા સરખા મીત્રો મનગમતી મોજ માણીશું,
ને દેશ પ્રદેશના માણુસોની મુલાકાત કરીશું, અને આનંદથી
ફરીશું. તમો તમારે શામળશાના વરઘોડાની ધુળ ઉડે, તે-
માંથી નવટાંક પાશેર જે તમારા ભાગ્યમાં આવે તે ફાકો,
અમે તો આ ચાલ્યા.

જુવાનીઆએ એક પછી એક વરઘોડાની ધામધુમમાં
બળી ગયા. ત્યાં નાગરોએ વીચાર કર્યો, છોકરા તો ગયા;
બધાને કાંઇ ગ્નાતી બહાર મુકાય તેમ છે ! સારંગધર
કહે રામ રામ કરો. એકાદ જણુ હોય તો મુકાય, બધાને
ગ્નાતી બહાર મુકીએ, તો પછી ન્યાતમાં રહ્યું શું ? ત્યાં સર
વેએ કહ્યું, ત્યારે પાવકપ્રસાદ કેમ કરીશું ! પાવકપ્રસાદ ક-

હે કેમ કરીશું શું ? આપણે પણ ચાલો. ત્ર્ષ્ણુપ્રસાદ કહે પણ એકડા કર્યા છે તેનું ? ઉર્મીપ્રસાદ કહે તેનું શું ? હાથે થાપવું, ને હાથે ઉથાપવું; એકડાનું કાગળીયું ફાડી નાખો. સરવે જણા એકમત થઇ કાગળીયું ફાડી નાંખ્યું.

કાગળીયું ફાડી નાંખી સૌ નરસીંહરામને ઘેર સગા થતા ગયા, અને સરવે જણાએ સગાઇની ઓળખ આપવા માંડી. કોઈ મામાની તો કોઇ માશીની, કોઇ સાસરાની તો કોઇ ફોઇની એમ ઓળખાણ આપી કહ્યું, પેહેલાં કહાવવું હતું ને ? આતો ધામધુમ જોઈ ત્યારે વીચાર કર્યો કે આજે નરસીંહને ત્યાં શું છે ? તે પુછવા આવ્યા; કાંઇ કામકાજ હોય તો સુખેથી બતાવો. જુદા સમજશો નહી. અમે સૌ તમારાજ છીએ.

નરસિંહરામે કહ્યું, કામકાજમાં બીજું કાંઇ નથી, પણ જાનમાં જવા તૈયાર થઇને આવો, એટલે મહોટો ઉપકાર કર્યો તેમ સમજીશ. સરવે જણાએ કહ્યું સારૂ, કહી જાનમાં જવા તૈયાર થવા ઘેર ગયા. અને થોડી વારમાં તૈયાર થઇને આવ્યા; સ્ત્રીઓ પણ એકઠી થઈ, અને વરઘોડો ચઢયો.

પ્રકરણ ૭ મું.

વાંચકવૃંદ શામળશાના વરઘોડાની શોભા જુવો. આગળ ધ્વજાનું ઝાડ, જેમાં અમુલ્ય ધ્વજાઓ ફરકી રહી છે. તેની પાછળ નીશાનડંકો ઉંટ ઉપર છે. ને છડીદાર પણ સાથેજ છે. ને તે શામળશાની નેકી પોકારી રહ્યા છે. તેની પાછળ બગીઓની હાર શોભી રહી છે. જે નાગરો નરસિંહરામની ચેષ્ટા કરતા હતા તેજ નાગરો ઉત્તમ વસ્ત્રો ધારણ કરી બગીમાં બેશી વરઘોડાની શોભામાં વધારો કરે છે. તેની પાછળ મેંના, પાલખીઓ આદી દીપી રહ્યાં છે. પાલખીઓમાં જરીની અને ખરા મોતીની ઝુલો શોભી રહી છે. તેમાં નાગરની બાળાઓને શણુગારીને બેસાડેલી છે. તેની પાછળ હાથીની હાર શોભી રહી છે. તેમના ઉપર અમુલ્ય અંબાડીઓ દીપી રહી છે. ગળામાં ઘંટ નાદના રણકા થાય છે. તેના ઉપર મ્હાવતો સુંદીર વસ્ત્રો પહેરી હાથમાં અંકુશ લઇ હાથીને ચલાવે છે. તેની પાછળ ઘોડેસ્વાર બની નાગર બાળકો સાબેલા બનો દીપી રહ્યા છે. તેમની શોભાનું વર્ણન કરતાં પ્રષ્ટોનાં પ્રષ્ટો ભરાઇ જાય તોપણ તાગ આવે નહિ. એવા અમુલ્ય શોભાયમાન બની ઘોડાને નચાવતા નચાવતા ચાલે છે. ઘોડાના પગમાં ઘુઘરા ઘમકી રહ્યા છે તેની પાછળ નગારાં, તાંસાં, ઢોલ આદિ વાજીંત્રાનો નાદ વરઘોડાની શોભામાં અતી વધારો કરે છે. તેની પાછળ સુંદીર વાડી કે જેમાં સોનાનાં મણીજડીત ફુલો દીપી રહ્યાં છે. ને ચોતરફ ફુવારા ગોઠવ્યા છે. તે દરેક ફુવારા પુતળીના માંથા ઉપર ગોઠવ્યા છે ને વચ્ચેનો ફુવારો મ-

ણીમય હાથીની પીઠ ઉપર ગોઠવેલો છે. ને મોતીની ઝાલરો ચારે તરફ ઝુકી રહી છે. એવી અમુલ્ય વાડી લુંટવા માટે ઘણા માણસોનાં ટોળાં તે વાડી પાછળ ચાલે છે. તેની પાછળ દારૂખાનું ઉત્તમ પ્રકારનું ફુટે છે. હવાઇઓ આકાશમાં ઉડી, તેમાંથી અનેક રંગના તારાઓ નીકળે છે. કોઠીઓ પણ ઘણી ઉત્તમ પ્રકારની છે જેની શેડો ગગન સુધી ઉડીને જાય છે. દરેક શેરી શેરીને ગલી ગલી દારૂખાનાનાં ઝાડ ગોઠવ્યાં છે. જે ઝાડ વરઘોડો નજીક આવતાં ફોડવામાં આવે છે; ને તેથી વરઘોડાની અતુલ્ય શોભા થઈ રહે છે. બીજાં ઘણાં દારૂખાનાના ફાળકા, જનાવરો, પટારા વીગેરે ફુટી રહ્યાં છે. જે જોવા લોકના થોકના થોક એકઠા મળેલા છે. જેથી પુષ્કળ ગીરદી થઈ રહી છે. તેની પાછળ છત્રીસ વાજાં, જેવાં કે છત્રિજન વાજુ, પેટીનું વાજુ, પરધમવાજું, સરગમવાજું, શરણાઈવાજું, વિગેરે સરવે વાજાં સુરથી વાગી રહયાં છે. જેના નાદથી સરવે અતિશય આનંદ પામી નરસીંહરામને લાખો ધન્યવાદ આપે છે. તેની પાછળ સાજનમાં મલપતા હાથીની માફક નાગરજનો મલપતા ચાલે છે, ને માંહેમાંહી વરઘોડાની શોભાનાં વખાણુ કરે છે. તેની પાછળ શામળશા વરરાજાનો ઘોડો દીપી રહ્યા છે. જેના ઉપર હીરા જડીત્ર સોનેરી સાંજ નાંખ્યું છે. ને જેનો જોડો જગતમાં નથી એવો અનુંપમ ઘોડો છે, એવા ઘોડા ઉપર શામળશા દીપી રહયોછે. હાથમાં પાન શ્રીફળ ને સોપારી દીપી રહયાં છે. જરેકસીનો જામો શોભી રહયો છે. હીરા જડીત મુગટ માથે દીપી રહયો છે કેશરી રંગનું પીતાંબર પગની પાની સુધીનું દીપી રહયું છે. હીરા માણેક અને મોતીએ ભરેલો દુશાલો ખભે નાંખ્યો છે.

માથે સુવાસીત ફુલોનો ખુંપ નાંખી દીધો છે. પીઠીથી હાથ પગ પીત વર્ણના શોભી રહ્યા છે. એવો અતુલ્ય શોભાવાળા ઘોડા ઉપર શોભી રહ્યો છે. તેની પાછળ કુંવરબાઇ અમુલ્ય વસ્ત્ર શણગાર પેહેરી, હાથમાં કાંસાની વાડકીમાં લુણ (મીઠું) ભરી, રૂમાલમાં ઝાલી લુણ ઉતારે છે, અને આનંદનાં ગીત ગાય છે. તેની પાછળ માણેકબાઇ અમુલ્ય વસ્ત્રો પેહેરી હાથમાં નામણદીવો ઝાલી બીજી અનેક ગવરીઓ સહ આનંદ મંગળનાં ગીતો ગાતી ગાતી મલપતી ચાલે છે. જેની શોભા વર્ણવી જાય તેવી નથી, એવી રીતે વરઘોડો નીકળ્યો. જેને ત્રીકમજી સહાયક હોય તેને શી વાતનો ટોટો હોય ? ધન્ય છે નરસિંહરામને કે જેણે ભગવાનને પોતાના કરી રાખ્યા, અને ભગવાનને પોતાના કર્યા, તો તેના શું લ્હાવ પુર્યા તે સરવે જણે જાણ્યા. ભક્ત પાછળ ભગવાન ભક્તિને વશછે. માટે મારા સુજ્ઞ વાંચકવૃંદ નરસિંહરામે તેની ભક્તિ એક નીષ્ટાથી કરી તો તેમણે તેના સરવે કોડ પુરા કર્યા. જો તમો તે પ્રમાણે કરશો તો તે તમારા કોડ કેમ પુરા નહી કરે ? માટે એક નીષ્ટાથી તેની ભક્તિ કરી તેને વશ કરવા શક્તિવાન થાઓ.

ઉપર પ્રમાણે વરઘોડો ચઢયો, ને વરઘોડો સવારથી ચઢવા માંડયો, ત્યારે છેક રાત્રીએ શામળશા ઘોડા ઉપર બેસવા પામ્યો. વરઘોડો નીકળ્યા બાદ મેહેતાજીએ ઓધવજીને કહ્યું હમારા માટે તૈયારી કરો, ઓધવજીએ કહયું, કહો તમારે માટે શું શું જોઇએ ? મેહેતા કહે એક ગાડામાં ઢોલકાં, એકમાં પખાજો, એકમાં તંબુરા, ત્રણ ગાડાંકાં શીન્જોડાનાં ભરો. બીજાં ઘુઘરા, ઘડીયાળ, મંજીરા, શંખ, ખંજરીઓ

ગોપીચંદન, છાપાં, ગેરૂ, તુળશીની માળાઓ વીગેરેનાં થોડાં ગાડાં ભરો.

સાધુઓ કહે ભક્તરાજ બજાનેવાળા પાંચ પચાસ તો આ ગાડે ગાડાંને શું કરશો ? મેહેતા કહે જ્યાંથી સાધુ દેખીશું ત્યાંથી તેમને સાથે લઇ જઇશું. દરેક સાધુના પગમાં ઘુઘરા બંધાવી હાથમાં કીડતાલ આપી **રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ રાધેના** ઉચ્ચારો કરતા તૈયાર કર્યા ને ઓધવજીએ મેહેતાએ માગેલી તમામ સામગ્રીનાં ગાડે ગાડાં ખડાં કરી દીધાં, તે ગાડાં સહ શામળીઆલાલની જય બોલાવી પાછલી રાત્રે મેહેતાજી નગ્ર બહાર આવ્યા અને ભગવાનને બોલાવા સ્તુતી કરવા માંડી.

સ્તુતી

(સુંદર શામળીઆ) એ રાહ.

ગોવરધન ધારી વેગે વેહેલા આવો,
અર્જ ઉરે ધારી શુદ્ધી વચનની લાવો—ગોવરધન.
વાટ જોઉં છું તારી હરજી, વેહેલા આવો સુણી આ અરજી;
જો નાવે તો તારી મરજી, વચન આપી શીદને ફરજી;
આવો તો ઝટ આવો—ગોવરધન,
જાદવસ્વામી જાગો તમેતો, અગણીત ખોડે ભરીયા અમેતો;
યાદ ન લાવો પ્રભુ આ સમેતો, વેહેલા આવો તમને ગમેતો;
છે તમપર સાચો દાવો—ગોવરધન.

ઓધવજી કહે મેહેતાજી ચાલો. મેહેતા કહે હુંતો તેના (હરીના) આવ્યા શિવાય એક ડગલું પણ દેનારો નથી, ઓધવજી કહે તમે ચાલો ને તે (ભગવાન) રસ્તામાં આવી મળશે- નરહિંમેહેતાએ માન્યું નહી ને ભગવાને આપેલી તાલ ખખડાવી પોકાર કર્યો.

મરાઠી સાખી.

તાલ લઈ ખખડાવી મેહેતે, મુખે બોલાવ્યા હરજી;
વાર કરોછો શાને વીઠલ, પોકાર ઉરમાં ધરજી,
ખોટી થવાનો, પણ તુમ વિણ નહી જાવાનો;

નરસીંહમેહેતાની તાળનો રણકાર તથા હરજીનો પોકાર સાંભળી કૃષ્ણે એકદમ સરવે રાણીઓને બોલાવી તૈયાર થવાનું કહ્યું, અને ગરૂડને બોલાવી સરવે રાણીઓસહ ગરૂડ ઉપર બેશી, ભગવાન જુનાગઢની ભાગોળે જ્યાં નરસિંહ હઠ કરી ઉભો છે તે તરફ ગયા.

ભગવાનનો ખડભડાટ સાંભળી બળદેવજીની સ્ત્રી જાગૃત થયાં અને કૃષ્ણને જતા જોઇ બળભદ્રને જગાડયા અને કહ્યું, સ્વામીનાથ ! સર્વે રાણીઓ સહ કૃષ્ણજી કયાંક ગયા કાંક ભય આવ્યો હોય તેમ જણાય છે, નહીતર રાણીઓ સહ શા માટે જાય? બળભદ્ર કહે ભય બય કાંઈ નથી પણ જુનાગઢમાં તેમના ભક્ત નરસીંહરામનો પુત્ર શામળીઓ પરણે છે તેની જાનમાં ગયા હશે, બળભદ્રની સ્ત્રી કહે સ્વામીનાથ ! ભગવાન જાયને આપણે નહી ? બળભદ્ર કહે ઇચ્છા હોયતો ચાલો, ચાલોનું વાક્ય સાંભળી બળભદ્રની સ્ત્રી તૈયાર થઇ; બળભદ્રે સર્વે જાદવોને સાથે આવવાઆજ્ઞા કરી તેથી છપ્પનકોટી જાદવ તૈયાર થયા, તેમને લઇ બળભદ્ર વિમાનમાં બેશી આકાશ માર્ગે આવ્યા.

ઈંદ્રપુરીમાં ઈંદ્રાણી જાદવોનો ખળભળાટ સાંભળી ઈંદ્રને કહે પ્રાણનાથ ! આટલો બધો ખળભળાટ શાનો થાય છે ? ઈંદ્ર કહે જુનાગઢમાં નરસીંહરામનો છોકરો પરણે છે તેની જાનમાં સૌ જાય છે તેનો આ ખળભળાટ છે; ઈંદ્રાણી કહે મૃત્યુ લોકના વીવ્હા જોવાનું મને પુરણ મન છે

માટે આપણે પણ ચાલો ભકતના ઘરની જાનમાં; ઇંદ્ર તેત્રીશ ક્રોડ દેવતા સહ ઐરાવત હાથી ઉપર બેશી આકાશ માર્ગે આવ્યા.

સાવિત્રીએ બ્રહ્માને સુચવ્યું તેથી અઠયાસી હજાર રૂપી લઈ બ્રહ્મા હંસ ઉપર સ્વારી કરી આકાશ માર્ગે આવ્યા.

પાર્વતીની વીનવણીથી શંકર પણ નંદી ઉપર સ્વાર થઈ ભુત, ભેરવ, ગણુ, વીર, વૈતાળ, ડાકણુ, શાકણુ, ચુડેલ, રોગ, દોગ, એ સરવે લઈ આકાશ મારગે આવ્યા.

ભગવાન ગરૂડ ઉપરથી ઉતરી નરસીંહરામના સામા આવીને ઉભા રહ્યા અને નરસીંહ જે તેના ધ્યાનમાં હતો તેને કહ્યું નરસીંહ ! નરસીંહ ! નરસીંહ ધ્યાનમાંથી જાગ્રત થયો અને કહ્યું પ્રભુ પધાર્યા ! ચાલો ચાલો જાનમાં, ભગવાન કહે હું એકલો નથી, નરસીંહ કહે ત્યારે કોણુ કોણુ છો તે તો કહો ?

ભગવાન કહે મારી પાછળ છપ્પન કોટી જાદવ સહ વડીલ બંધુ બળભદ્ર, તેની પાછળ તેત્રીસ કરોડ દેવ લોક સહ ઇંદ્ર. તેની પાછળ અઠયાશીહજાર રૂપીસહ બ્રહ્મા. તેની પાછળ ભુત વ્યંતર આદિ સૈન્ય સહીત શંકર.

નરસીંહ કહે બધાને નીચા ઉતારો. ભગવાન કહે આ વરઘોડો પંદર ગાઉ તો પોહોંચ્યો છે, અને જો બધા નીચા આવે તો મદનં મેહેતાને ઝાંપે પહોચતાં એ રસ્તામા માય નહી, માટે તમે નીચે ચાલો ને હમો સર્વે ઉપર ચાલીશું, તેમાંથી ખપ જેટલા નાગરરૂપે તારૂ કાર્ય કરીશું, માટે તું નીર્ભય રહે.

પ્રભુ પધાર્યા એટલે મેહેતાજી આગળ ચાલ્યા તે ગાઉ એ ગાઉએ મુકામ કરતા અને વાવોને કુવા ખોદાવતા ખોદાવતા આગળ ચાલ્યા. બંદુકોના અવાજથી તથા વાજીંત્રોના સુરથી ગામે ગામના લોકના થોકે થોક ગામની ભાગોળોમાં વરઘોડો જોવા એકઠા મળ્યા હતા; તે વરઘોડો જોઇ વખાણ કરતા જાય છે, તેને નરસિંરામે કહ્યું જોગે શો દહાડો વળ્યો, હેંડો જાનમાં જોડે, ખાજો પીજોને આણંદ કરજો.

લોક કહે કોઈ નથી રેહેતું કે જાનમાં હેંડો પણ આ વેરાગી કેમ કહે છે કે જાનમાં હેંડો? સાધુઓ કહે એ વેરાગી નથી, પણ વરનો બાપ છે. નરસીંહરામને ઓળખી ઘણા માણસો જાનમાં ગયાં.

પ્રથમ નીશાન ડંકો વડનગરની ભાગોળમાં આવતાં મદનમેહેતા તે જોવા અગાશી ઉપર ચડયા અને જાનનું અથાગ દળ જોઇ સ્તબ્ધ બની ઉભા રહ્યા, તે સવારથી સાંજ પડી પણ જાનના દળનો છેડો આવ્યો નહી. તે જોઇ ગભરાયા અને વિમાસણમાં પડયા.

મદનમેહેતાએ વીચાર કર્યો, હવે ખાલી વીમાસણ કરવાથી ફાયદો શું? અગણીત દળને મારા ગામનું પાણી પુરૂ ના પડે તો ખવરાવાનું તો કયાંથીજ બને! મારી તમામ દોલતની વટાવીને પૈઓ કરૂં તોપણ અકેકી પઇ પુરી ના પડે. વળી રસોઇ કરવા માટે લાકડા કયાંથી લાવીશ? ઓઢવા પાથરવાનું એ કયાંથી લાવીશ? ને હું હવે શું કરીશ? હવે ઇજત રેહેવાની નથી, માટે અફીણ ઘોળીને પીવું અને નીશ્ચીત થઈ સુઇ જવું કે પાછળ ગમે તે થાય, પણ નહી

દેખવું કે દાઝવું; એવો નીશ્ચય કરી મદનમેહેતાએ અફીણુ ઘોળી તૈયાર કરવા માંડ્યું.

દીક્ષીતે જાણ્યું લાવ હું મદનમેહેતાની ખબર કાહુ; આટલું માણસ દેખી મેહેતાનો જીવ ઠેકાણે નહી રહે, એવો વીચાર કરી દીક્ષીત મદન મેહેતાને ઘેર આવ્યો.

મદનમેહેતો અફીણુનો વાટકો ભરી પીવાની તૈયારીમાં છે એટલામાં દીક્ષીત આવી પહોંચ્યો, અને મદનમેહેતાની અફીણુનો વાટકો મોઢે માંડવાની તૈયારી જોઇ તેણે તે વાટકો ઝુંટાવી લઈ ફેંકી દીધો, અને કહ્યું, મેહેતાજી આ શું કરોછો ? આવાં ગાંડા તમને શોભે ?

મદનમેહેતા કહે ગોર મહારાજ! હવે ઇજત રેહેવાની નથી ને આટલાં માણસોને ગામનું પાણી પુરૂ ના પડે તો હું તમામ મીલકત તમને સોપું છું, તમો તમારે દીકરીને પરણાવજો, ને જો તમારાથી ન પોહોચાય તો તમો પણ કાલે મારી માફક દેહનો અંત આણજો. તમારૂ કર્યું આજ હું વેગરૂ છું ને કાલે તમે વેગરજો.

દીક્ષીત કહે આવા અવળા વીચાર શા માટે કરોછો? તમારાં ધન ભાગ્ય સમજો કે આંગણે ભગવાન વેહેવાઇ થઇ આવ્યા છે, માટે નરસીંહરામને મળી હરજીનાં દર્શન કરી પવિત્ર થાઓ. નરસીંહમેહેતાનાં દર્શન કરવાથી તમને હરીનાં દર્શન થશે; મદનમેહેતા કહે એતો દીઠા દેવ ને પોહોંચી જાત્રા. તમો તમારે દર્શન કરી પવિત્ર થાઓ, મારેતો હવે આ દેહનો અંત આણવો એજ નીશ્ચય છે. દીક્ષીતે તેમને સમજાવા માંડ્યા.

નગરની ભાગોળે દારૂખાનાના અવાજ સાંભળી નગરનો રાજા ચમકયો. અરે ! બહાર લશ્કર કોનું આવ્યું છે ? સભાજનોએ કહ્યું, માહારાજા લશ્કર નથી, પણ મદનમેહેતાને ઘેર જાન આવી છે. રાજા કહે કોના ઘરની ? સભાસદો કહે જુનાગઢના નરસઇભગતના ઘરની જાન આવી છે. રાજા કહે આટલો બધો ઠાઠ ?, સભાસદો કહે ઠાઠ કેમ ના હોય ? જેને ભગવાન વશ તેના ઠાઠની વાત કરવાની હોય? રાજા કહે હેં ભગવાન વશ ! તો તો જરૂર જાનમાં ભગવાન હશે; માટે ચાલો ભગવાનના દર્શન કરી પવિત્ર થઇએ. સભાસદો ખુશી થયા અને રાજા સહ મદનમેહેતાને ઘેર ગયા.

મદનમેહેતાને ઘેર રાજા સભાસદો સહ ગયા. મેહેતાને દીક્ષીત સાથે રકઝક કરતા જોઈ રાજાએ કહ્યું મદનમેહેતા શી રકઝક કરોછો? મેહેતા કહે કાંઈ નહી; રાજા (મદનમેહેતાનો ગભરાટ જોઇ)–મદનમેહેતા ગભરાશો નહીં; ઘણી પેઢીથી આપણા ખજાના હીરા માણેક અને રત્નથી ઉભરાઇ જાય છે, તે સરવે ખજાના ખાલી થાય ને ઉપર પાંચ પચાસ કરોડનું દેવું થાય, તોપણ ગભરાશો નહિ, ને તે સરવે ધનથી પ્રભુના પરમભકતની જાનને સંતોષ આપો, અને કોઇ રીતે કોઇને દુભાવા દેશો નહી. ચાલો ભગતનાં દર્શન કરવા જઇએ.

આથી મેહેતાનો ગભરાટ મટયો અને રાજા સહ નરસીંહરામ ભક્તનાં દર્શન કરવા ચાલ્યા. કોણ કયાં પડયું છે તેની પણ ખબર નથી, પણ માંડવાની પાસે જરીયાનના તંબુ ડોકી કીનખાબનાં બીછાનાં બીછાવી, બ્રહ્મા, ભગવાન, ઇંદ્ર, ચંદ્ર શંકર, અગની, વરૂણ, સુર્ય એવા પાંચસો દેવ નાગરનાં રૂપ લઇ પડયા છે અને સરવે

દેવાંગનાઓ નાગરણોનું રૂપ લઇ ઉભી રહી છે; ત્યાં રાજા, દીક્ષીત, મદનમેહેતા અને સર્વે સભાજનો નરસીંહરામની શોધ કરતા આવ્યા, અને કહ્યું ભાઇઓ, અમારા વેહેવાઇ ક્યાં ? સર્વે દેવોએ ભગવાનને બતાવી કહ્યું આ તમારા વેહેવાઈ.

પ્રભુ સનમુખ રહી દીક્ષીત કહે મહારાજ! આ તમારા વેહેવાઈ મદનમેહેતા. ભગવાન કહે ધન્ય ભાગ્ય અને ધન્ય કમાઈ કે તમે નરસીંહરામ જેવો વેહેવાઇ શોધ્યો; મદન મેહેતા કહે શોધ્યો તો ખરો પણ જીવ ગભરાયછે. ભગવાન કહે એમ કેમ ? મદનમેહેતા કહે કોઇ રીતે આબરૂ રહે તેવું લાગતું નથી. ત્યાં દેવાંગનાઓએ વેહેવાઈ જાણી ગાવા માંડયું.

દેવાંગના— ગાણું

મારા પાંચશો ઘોડાને હજાર હાથીઆ,
મારી વ્હેલોનો સંગ ન માય રે જગલીલડી;
મારૂં સાજન દેખીને વેહેવાઇ બ્હી ગયો,
હવે કેમ કરી રેહેશે લાજ રે જગલીલડી.

મદનમેહેતા ગાણું સાંભળી દીક્ષીતને કહે દીક્ષીત? આબધાં તાહારાં વઢાયાં. દીક્ષીત કહે મેહેતાજી તમારી ઇકોતેર પેઢીઓ પાવન થઇ; ભગવાન કહે મેહેતાજી એતો સ્ત્રીઓના બોલવા સામુ જોવાનું નથી એતો એમનો સ્વભાવ તેથી ગાય, કારણ, શીયાળામાં છોકરો પરણે તોપણ વરની મા કહેશે કે આવ્યા ઉનાળાના દહાડા કે વહુઅર વીંઝણો શે ન લાવી. પણ કોઈ ચુંદડી મંગાવતું નથી. મદનમેહેતા કહે મહારાજ! અમારા વેહેવાઈ નરસીંહમેહેતા કીયા? ભગવાન કહે પાંચ સાત ગાઉમાં ખબર કાઢો. ક્યાંક ભજન જમાવી બેઠા હશે.

રાજાસહ મદનમેહેતા નરસીંહમેહેતાની ખોળ કરતા આગળ ચાલ્યા; ગામથી પાંચ ગાઉને છેટે નરસીંહમેહેતા ખેતરમાં બે હજાર સાધુનો અખાડો જમાવી ભગવાનનું ભજન કરી રહ્યા છે, કોઇના હાથમાં તાલ, તો કોઈ હાથમાં કીરતાલ, કોઇના હાથમાં ઝાંઝ, તો કોઇના હાથમાં પખાજ ને સર્વ જણાના પગમાં ઘુઘરા ઘમકી રહ્યાછે તે માથોડું માથોડું કુદે છે, ને જયરાધા, કૃષ્ણરાધાનો ઉચ્ચાર થઇ રહ્યા છે. વચમાં નરસીંહમેહેતા ભગવાનનું નામ દેતા માથોડુ માથોડુ કુદે છે, ને પરસેવાથી આખું શરીર પાણી પાણી થઇ ગયું છે, ત્યાં સરવે આવ્યા.

દીક્ષીત કહે મેહેતાજી ? હે મેહેતાજી ? મેહેતાજી કહે કોણ દીક્ષીત? દીક્ષીત કહે હા ભક્તરાજ; જુવો તમારા વહેવાઇ મદનમેહેતા! નરસીંહ કહે મહેતાજી ભગવાનનું ભજન કરો ભજન ? રાધે રાધે રાધે;મદનમેહેતા કહે કૃપાનાથ ધન્ય છે તમને અને તમારી ભક્તિને ! દીકરો પરણાવવા આવ્યાછો પણ પ્રભુ ભક્તિ ઘડી વીસરતા નથી; તમારા જેવા ભક્તના દર્શનથી પાપી હોય તે પાવન થઇ જાય. નરસીંહરામ કહે એવી કુથલી જવા દો ને ઇશ્વરનું ભજન કરો.

મદનમેહેતા કહે દયાળુ દયા કરી ત્યાં પધારો. નરસીંહમેહેતા કહે કયાં ? મદનમેહેતા કહે માંડવે; તમારા જરીયાનના તંબુએ. નરસીંહરામ કહે મારૂં ત્યાં શું કામ છે. મદનમેહેતા કહે. તમો ત્યાં આવો તો સુજ પડે. મેહેતા કહે સુજના પાડનાર, પૈસાના ખરચનાર, કારભારના કરનાર અને હીસાબી કીતાબી અને સૌને સંભાળનાર ગુમાસ્તા ત્યાં બેસાર્યા છે. મદનમેહેતા કહે શેઠ તે શેઠ અને

ગુમાસ્તા તે ગુમાસ્તા. દીક્ષીત કહે મેહેતાનું મન છે તો ભકતરાજ તેમનું માન રાખો, અને પધારો. મેહેતાજીએ સરવે સાધુઓને ભજન ચાલુ રાખવા સુચના આપી મદનમેહેતાની સાથે માંડવે આવવા નીકળ્યા.

મેહેતાને જોઈ સરવે જણા બે હાથ જોડી પગે લાગી ઉભા રહ્યા. અને રસ્તે સહુ તેમને પ્રણામ કરવા લાગ્યા. જરીના તંબુએ આવતાં સરવે દેવ ઉઠી ઉભા થયા અને મેહેતાજી બેઠા ત્યારે સરવે બેઠા.

મદનમહેતાએ વીચાર કરયો, મેહેતાની સાહ્યબી તે કેટલી હશે ? આવા કોટયાધીપતી કે જેમના પગમાં પગરખાં પેહેર્યાં છે તેમાંના એક પગરખા જેટલી એ મારા ઘરમાં પુંજી નથી. આવા નગો તેમના આધીન છે, તો મેહેતાજીની અકળકળાની શી ખબર પડે.

મદનમેહેતાએ ઇંદ્રને પુછ્યું તમારે ને મેહેતાને શી સગાઇ થાય ? ઇંદ્ર કહે મેહેતાજીનાં સગાં તો બીજા તંબુમાં છે, પણ અમે આટલા અને બીજા અતીઘણા અમુલ્ય વસ્તુઓના વેહેપારી છીએ ને કરોડો રૂપીઆ ખોઇએ છીએ. જ્યારે ખોઇએ છીએ, ત્યારે નરસીંહમેહેતાને ઘેરથી નાણાં ઉધાર લઇએ છીએ; નરસીંહમેહેતા અમારા અન્નદાતા છે, ને અમારે તો ફકત તેનોજ આશરો છે.

મદનમેહેતાએ વીચાર્યું કે "આટલી સાહ્યબી છતાં મેહેતાને કોઈજ અભીમાન નથી, ને આઠ દશ લાખ રૂપૈયા ઉપર તો હું મોહોટો પુંજીવાળો થઈ બેઠો છું. મારી કેવી મુર્ખાઈ ! (નરસીંહરામને પગે પડી) મેહેતાજી આઠ દશ લાખ રૂપીઆ ખરચતાં આબરૂ રહે તેમ કરજો.

નરસીંહમેહેતા કહે, મદનમહેતા જ્યારથી શામળીઆનો વીવ્હા કર્યો ત્યારથી જાણું છું કે મદનમેહેતાના ઘરમાં ખાવા નથી અને તેથીજ ઘેર કંદોઇ બેસાડી પકવાન પડાવી મુકયાં હતાં તે ગાડે ગાડાં ભરાવીને લાવ્યો છું ને તે મારી જાનનાં માણુસો ખાય છે. જો તમારા ગામના માણુસોને ખાવું હોય તો સુખેથી મોકલજો; ને અનેક વાવ કુવા ખોદાવ્યા છે, તેનું પાણી પીએ છે; એટલે તેની પણ તમારે ચીંતા નથી. તમારે તો ફક્ત માંહેરામાં કંન્યા પધરાવવી એજ કામ છે.

ભગવાને લક્ષ્મીજીને સાનમાં કહ્યું જુવો, આ કંદોઈ બેસાડીને આવ્યા છે ! લક્ષ્મીજી કહે નહી બેસાર્યો હોય તો તમારે જાતે કંદોઇ થઈ શકવું પડશે. એનો બોલ કાંઇ જવા દેવાશે ?

બનતું ખરચ કરી મદન મેહેતાએ કન્યા માંહેરામાં પધરાવી. બ્રહ્મણોએ ગોતરોચ્ચાર કર્યા, બાદ વરઘોડીઆં ચોરીમાં આવ્યાંને મંગળ ફેરા ફરવા માંડયા. દરેક ફેરે મદન મેહેતાજીએ દાન આપ્યું. તે સરવે દાન ભગવાને નરસીંહને લેવાનું કહ્યું. નરસીંહ કહે તમો જાણોને તમારૂ કામ જાણો, છોકરાને પરણાવવો હોય તો પરણાવો ને ના પરણાવવો હોય તો ના પરણાવશો આપણે તો કાંઈ જાણુતા કે સમજતા નથી, કહી સાધુની ટોળીમાં ગયા. નરસીંહરામ ગયા તેથી મદનમેહેતાએ દાન આપ્યું તે ભગવાને ગ્રહણ કર્યું.

વરઘોડીઆં પરણી ઉઠયાં અને મદનમેહેતા તથા ભગવાનની દાઢીઓ પીળાણી. આ બધો કારભાર રૂક્ષમણી તથા લક્ષ્મીજીને હાથે થયો. તેથી માણેકબાઇનું મોઢું ચઢયું.

ભગવાન નરસીંહ પાસે ગયા અને કહ્યું નરસીંહ ! તારી બાઈડીનું મોઢું ચઢયું. નરસીંહરામ માણેકબાઈ પાસે આવ્યા અને કહ્યું અલી ! તારૂં મોઢું કેમ ચઢયું છે ? માણેકબાઇ કહે છોકરો મારો પરણેને કારભાર લોક કરે તે કેમ ખમાય. નરસીંહ કહે લોક કોણ ભગવાન કારભાર કરે છે તે તારાથી ખમાતું નથી ? એવાં આપણાં ભાગ્ય ક્યાંથી ! મહેતી કહે ભગવાનનું નામ દઇ તમે મને રોજ રોજ છેતરો છો.

નરસીંહ ભગવાનને કહ્યું એને દર્શન આપો તો એ નહી રીસાય, કારણ, એ તમને ઓળખતી નથી તે ઓળખે. ભગવાન કહે બીજા કોને ? નરસીંહ કહે વેહેવાઇને, દીક્ષીતને અને રાજાને. ભગવાન કહે પાંચમી એક પુર્વની દાસી છે તે મદનમેહેતાના ઘરમાં છે તેને મેં વચન આપ્યું છે માટે તેને પણ બોલાવો; નરસીંહરામે તે પાંચેને બોલાવ્યાં અને તેમને ભગવાને સાક્ષાત દર્શન આપ્યાં.

ભગવાનના દર્શન કરી સૌનાં મનહરખ્યાં, અને જાનને વિદાયગીરી આપી. જાન જુનાગઢની ભાગોળે આવી ત્યાં ભગવાને નરસીંહરામને કહ્યું હવે હું રજા લઇશ. હવે કાંઇ માગવું હોય તો માગી લે, નરસીંહરામે કહ્યું કુંવરબાઇ બીચારી ગરીબ છે તેને કાંઈ આપો. ભગવાને કુંવરબાઇને કહ્યું તારૂ મામેરૂ પુરીશ કહી વચન આપ્યું.

ભગવાને કહ્યું તમારે શું જોઇએ ? જે જોઇએ તે માગી લ્યો. નરસીંહરામે કહ્યું મ્હારાજ !જગતની જાળ સો મીથ્યા છે. સગાં વહાલાં તે સઉ આળપંપાળ છે. જગતનું સુખ અલ્પ છે અને તે સુખ સ્વપ્નવત છે ને દુખ અથાગ છે. માટે મારા નાથ ! મારા ધણી ! દયાળુ દામોદર! માગુંછું એ

ટલુંજ કે મારો નિર્વંશ જાય. ભગવાન આ માગણીથી કંપીત થયા અને કહ્યું, નરસીંહ આવી માગણી તે હોય ? નરસીંહ કહે મહારાજ એ શીવાય બીજી માગણીની ઈચ્છા નથી. ત્યાં ભગવાને શામળશાને માથે હાથ મુકી કહ્યું જગતનું સુખ ભોગવીને મારા ચરણમાં આવજે કહી ભગવાને નરસીંહરામને ઈચ્છીત વર આપ્યો. પછી કૃષ્ણ સવરે દેવ સહ વિદાય થયા અને મેહેતાજી પુત્ર અને પુત્રવધુ અને જાનઇઆ સહ ઘેર ગયા, ને જાનના માણસો સઉ સઉને ઘેર વેરાઈ ગયાં અને નરસીંહરામને ધન્યવાદ, આપ્યો.

એક મહીના બાદ જુડીબાઇને વડનગરથી તેડુ આવ્યું, એટલે વડનગર વિદાય કરી અને પછીથી ભગવાને માયાની એવી ધુંચવણી મુકી કે સૌ આ વાત માયામાં ભુલી ગયું, અને કુંવરબાઈ સાસરે ગઇ, ને નરસીંહરામ ભજનની લેહેમાં પડયા. ત્યાર બાદ શામળશા દેવલોક પામ્યા. વીગેરે બીનામાં કાંઇ વીશેશ જાણવાનું નહી હોવાથી તથા ગ્રંથ વધી જવાના હેતુથી નહી દર્શાવતાં શ્રાદ્ધ પક્ષથી ચાલુ કરી વચલી બીના અત્રે દર્શાવી નથી.

પ્રકરણ ૮ મું.

વાંચકવૃંદ શામળશાના લગ્નની સમાપ્તી થઇ, ને ઈશ્વરનો બતાવેલો તે પરચો સરવેને પ્રભુએ માયાની ધુંચવણીમાં નાંખી ભુલાવી દીધો, અને મેહેતાનું ગાડુ જેમ ચાલતું હતું તેમ ચાલવા માંડયું. એમ કરતાં શ્રાદ્ધપક્ષ આવ્યું ત્યારે તેમનાભાઈ વણસીધરે પીતાનું શ્રાદ્ધ કરવા નક્કી કરી લોક લાજે નરસીંહરામને ઘેર નોતરૂ દેવાના વિચારથી નરસીંહરામને ઘેર ગયા.

વણસીધર કે જેને પૈસાનો પુરો ગર્વ છે, ને મનથી સમજે છે કે ન્યાતમાં મારા જેવો કોઇજ નથી, પણ નરસઇઓ ખરાબ ઉઠયો અને બાપનું નામ બુડાડયું. સાવ બાવોજ બની ગયો છે, નથી ઘરનું ભાન, કે નથી દુનીયાદારીનું ભાન, એવા વિચાર કરતા કરતા નરસીંહરામને ઘેર આવ્યા ત્યાં નરસીંહરામ સાધુની ટોળીમાં ઘુઘરા બાંધી થેઇકાર કરી રહ્યા છે; આવું જોઇ વણસીધર મેહેતા કકળી ઉઠયા અને કહ્યું—

વણસીધર—વિચાર રાખ ! વિચાર રાખ ! નામ બોળુ તેં બાપનું નામ લજાવ્યું. જ્યારે આવું ત્યારે નટવાની માફક નાચતોને નાચતોજ હોય. લગાર દુનિયાદારીનું તો ભાન રાખ્ય, તારામાં જનમારો દોઢ પૈયો રહ્યો.

નરસીંહરામ—હા ભાઇ તેમજ છે. વારૂ શું કહોછો ? જે કહેવું હોય તે કહી દ્યો.

વણુસીધર—અક્કરમી સાંભળ્ય ! કાલે બાપનું શ્રાધ છે, માટે સવારના પોહોરમાં વેહેલો આવજે; જોજે પાછો ઘુઘરા બાંધી ઘુમવામાં ભરાઇ રહેતો નહી. અભાગીઆ તને રાત દહાડાનું કે સંસાર વેહેવારનું ભાન રેહેતું નથી. ને તારા પાપે મારાથી બહાર મ્હોં કાઢી બોલાતું નથી. બાપે કાંઇ થાંપણુ બાંપણુ સોંપી નથી, પણુ સંસારમાં રહ્યા એટલે બધું સાચવવું પડે છે ને ખરચ કરવું પડે છે.

નરસીંહરામ—બહુ સારૂ ભાઈ, સવારે આવીશ.

વણુસીધર—સવારે વેહેલો આવી રસોઇ તારેજ કરવાની છે, ને તારી વહુને કહે કે મણુ ઘઉં મારે ઘેરથી લઇ આવે તે સવારના પોહોરમાં દળી લાવે અને પાણી પણુ તેનેજ લાવવાનું છે, અને ઘરનું બીજું કામ કાજ પણુ તેનેજ કરવાનું છે, માટે તેને પણુ વેહેલી લોટ લઇને મોકલજે.

પતીની આવી નીંદા માણેકબાઇથી સહન થઇ શકી નહી તેથી સત પુરૂષોના વચન જેવાં કે પુત્ર માતા પીતાની, શીષ્ય ગુરૂની, અને સ્રી પતીની નીંદા સાંભળે ને તેને ઘટતા ઉત્તર ના આપે તો તે દોષિત થાય એવાં વચનો ઉપર વિશ્વાસ રાખી એકદમ ગરજી ઉઠયાં.

ગાયન.

માણેકબાઇ— (સખી મુઝે ન કાંઇરે) એ રાહ.

સુણો મોટા ભાઇરે,
તુમ ગ્રહસ્થાઇ તમને ગંધાય કામ નાવે કાંય—સુણો.

જાણુશે નહિ લાચાર પ્રભુ સહાયકાર છે થનાર;
શ્રાદ્ધ સારીશ તાત પિંડ મુકાવીશ પતી હાથ–સુણો.
છત છાકે અપમાન રાખો કરતાં કાંઇ ભાન તમે;
તરણા સરખો તોલ થાશે મારા બોલતાં–સુણો.

મોટાભાઇ માપમાં રહી બોલવામાં સારૂ. તમે સો ટુંકારા કરશો, પણ હું એક ટુંકારો કરીશ તો તમારૂં માપ નહી રહે ને સવાગજ ધરતી હેઠી જશે.

વણુસીધર—એતો જાણ્યો તારો જ.ખ.રીનો તોર. જો ચટકો લાગ્યો હોય, ને ઘરમાં આટા ઉડતા હોય તો કાલે શ્રાદ્ધ કરજો. દયાનો વખત નથી. કહ્યું કે લાવ્ય નોતરૂં દઇ આવું. :કે બીચારાં જમી જશે. પણ (કરમ મારાં કરહણીયાને જાને કયાં થી જઇએ, કરમમાં ડોળીયું તો ઘીઇ કયાંથી ખઇએ) એ કહેવત અનુસાર તમારા કરમમાં ખાવાનું લખ્યું હોય ત્યારેને. જો નરસઇઓ ને તું જમવા નહી આવો તેથી શું ખાસડું ફાટી જવાનું છે.

માણેકબાઇ—મોટાભાઈ, હવે વધારે બોલવું જવા ઘો, હમારે બીચારાં થવુંએ નથી, ને તમારા ઘેર જમવા આવવુંએ નથી.

વણુસીધર—ઠીક, જો મ્હોં બોલ્યું હોય તો કાલે શ્રાદ્ધ કરજો.

વણુસીધર ક્રોધ કરી ચાલ્યા ગયા; માણેકબાઇને વીચાર થયો કે હું તેમના સામી બોલી, તેથી તે મારા ઉપર ગુસ્સે થયા હશે, કારણ, તેતો નીરઅભીમાની, સમદ્રષ્ટીવાળા ને માન અપમાનને નહી ગણવા વાળા છે, માટે રખેને તે મને

મોટાભાઇને ઘેર જમવા જવાનું કહે, ને મારે ના પાડવી પડે; માટે કાલ શ્રાદ્ધ કરવાનું કહું એટલે તેમના મનોભાવ સમજાશે; એવો વીચાર કરી તેમણે મેહેતા કે જે 'આ વાત સાંભળી સ્તબ્ધ થઈ ગયા હતા તેમને કહ્યું, પ્રાણનાથ! મોટાભાઇનો બોલ ના સહેવાયો તેથી તેમને બે વાતો કહેવી પડી તેથી હું દોષિત છું. કારણ તમે ભગવાનવી ભક્તિ કરોછો તેથી તમને હલકા કહે તે કેમ સાંખી ખવાય ? અમારો બૈરાંઓનો જીવ, માટે અપરાધ માફ કરો ને કાલે આપણે ભાઇને ઘેર જમવા જવું નથી. એવા જમવા કરતાં લાંઘણ કરવી વધારે સારી, ને કાલે શ્રાદ્ધ બ્રાહ્મણને બોલાવી આપણે ઘેર કરીશું.

નરસીંહરામ કહે ગાંડી ! એ મોટાભાઇ, હું નાનોભાઇ એ કહેવા લાયક, હું સાંભળવા લાયક, એમણે બે બોલ કહ્યા, ને મેં સાંભળ્યા, હવે આપણે તેમને ઘેર જમવા જઇએ તો કયાં નીચા બાપના થઇ જવાના હતા!

માણેકબાઈ— મરાઠીસાખી.

માન વગરનું અમૃત ભોજન, તે સૌ તુચ્છજ જાણો;
માન સહીતનો સુકો ભાખર, અમૃત સમ પરમાણો.
નહી જાવાની ઘેર શ્રાદ્ધ સરાવાની.

નરસીંહ—વારૂ ! પણ તમે ભાઇને કહ્યું ને મને પણ કહોછો કે ઘેર શ્રાદ્ધ કરીશું તે શું સમજીને? ઘરમાં કાંઇ ઠેકાણું છે ?

માણેક—પ્રાણનાથ ! ભગવાનને ઘેર કેવો અન્યાય ! મોટાભાઇની સારી અવસ્થા અને આપણી આવી દુર્બળ ?

નરસીંહ—ઇશ્વરને ઘેર તો અન્યાય છેજ નહી, એતો

અદ્દલ ઇનસાફી છે. હું તો સાફ સમજુંછું કે મારા જેવો સુખીઓ આ દુનિયા ઉપર કોઇજ નથી.

માણેક—પ્રાણનાથ ! આટલું બધું દુર્બળતાનું દુઃખ છતાં તેને સુખ માનોછો ?

નરસીંહ—તું દુઃખ દેખતી હોય તોતે તારી કરણીનું ફળ, હું તો દુઃખ દેખતોજ નથી.

મરાઠી સાખી

પરભવ દીધું આ ભવ પામે, એજ પ્રભુનો ધારો;
અમુલ્ય ભક્તિ આપી મુજને, સફળ કર્યો જનમારો;
દીધું અવિચળ સુખ જે નવ, વર્ણવી શકું મુજમુખ.

માણેક—પ્રાણનાથ ! ભક્તિ મળી તે કોણ ના કહે છે, પણ પૈસા તો નહીજને; નહીતર મોટાભાઈ શું બોલી જાય ને હું સાંભળું, તેમના કરતાં સવાયું ના કરૂં ?

નરસીંહ—સવાયું શું દોઢું કરોને, એની મરજી હશે તો સવાયુ નહી પણ દોઢુ થશે. આકીન રાખો, ને સ્થીતીનો વીચાર કરો.

માણેક—ભલે ગમે તેવી સ્થીતી છે પણ મારી પાસે પાંચ વાલની સોનાની વાળીછે તે વેચો અને શ્રાદ્ધ સામગરી લાવો.

નરસીંહ—કયાં છે વાળી લાવો, જો ભક્તને ભીડ પડે તો ભગવાન લાજે. ભકતની લાજ ગઇ તે ભગવાનનીજ લાજ ગઈ, માટે ઇશ્વર જરૂર લાજ રાખશે ને તમારા બોલનું પત પણ તેજ શામળીઓલાલ રાખશે, માટે લાવો.

માણેક—તમારા ભગવાનના ભરૂસેને ભરૂસે હું તો બળી ને ખાખ વળી ગઇ. આટલી વાળી છે, જો ના હોતતો ખબર પડત, લ્યો.

વાળી લઇ મેહેતા બજારમાં ગયા અને તે વેચી ઘી શીવાય તમામ વસ્તુઓ લઇ મેહેતા ઘેર આવ્યા, અને સઘળી વસ્તુઓ માણેકબાઇને આપી, અને પુછ્યું. આટલી સામગરીમાં કેટલાં માણુસ જમશે ? તેની સમજ પાડો એટલે હું નોતરાં દેવા જાઉં; મેહેતી કહે હું ને તમે મળી જણુ બે, ત્રીજો સરાવા આવે તે ગોર, ચોથો નોતરીઓ, ને પાંચમો ગમે તે બ્રાહ્મણ, તે ઉપર એક માણસ થશે તો આબરૂ રેહેશે નહી. મેહેતાજી ગોરને, નોતરીઆને તથા એક બ્રાહ્મણને નોતરવા ગયા. ત્યાં દીક્ષીત સામો મળ્યો.

દીક્ષીત—જયશ્રી કૃષ્ણ મેહેતાજી.

મેહેતાજી—જય શ્રી કૃષ્ણ દીક્ષીતજી. તમારા ઘેરજ જતો હતો. સારૂ થયુ કે સામા મળી ગયા.

દીક્ષીત—મેહેતાજી કાલેતો તમારા બાપનું શ્રાદ્ધ છેને ?

મેહેતાજી—તમને કયાંથી ખબર ?

દીક્ષીત—અમને નોતરીઆને ખબર કેમ ના હોય ? વણુસીધરના ઘેરથી નોતરાં પણુ આવી ગયાં.

મેહેતાજી—દીક્ષીત કાલે જમવાનુ આપણે ઘેર રાખજો, હું પણ શ્રાદ્ધ કરૂછું.

દીક્ષીત—કેટલું કરોછો મેહેતાજી ? (કોક શેવક મળી ગયો હશે તો ભંડારો ભંડારો કરતો હશે કાઇ દીવશ નાગર બચ્ચો એઠો કર્યો નથી તે ઠીક લાગમાં આવ્યો છે, ચઢાવીને કામ લેવું.)

મેહેતાજી—અમે બે ઘરનાં. ત્રીજા તમે, ચોથો સારનાર, ને પાંચમો ગમે તે એક બ્રાહ્મણ.

દીક્ષીત—તમે કહો તેને હું કહી આવું, મેહેતાજી ?

મેહેતાજી—ના, હું જાઉંછું.

દીક્ષીત—ના હું જઇશ.

એમ હાંહાંતુશ કરતા સટાક ચોરે આવ્યા. સટાક ચોરે કેટલાક નાગરો વાંકીટેડી પાઘડીઓ પેહેરી ગપ્પાં મારી રહ્યા છે, તેમણે મેહેતાને જોઇ મશ્કરીઓ કરવા માંડી. પરસતરાય કહે ગોર મેહેતા સાથે શી હાંહાંતુશ કરો છો? (દીક્ષીત સર્વેને, મશ્કરી નહી કરવી તેવું સાનમાં સમજાવી) ભાઇઓ કાલે મેહેતાના બાપનું શ્રાધ છે, ને એ નોતરાં દેવા નીકળ્યા છે.

વિકળરાય કહે ધન્ય ઘડી ધન્ય દહાડો મેહેતાજી, તમારા ઘરનો તુળશીપત્ર ઉપર રહે તેટલો પરસાદ પણ અમારા પેટમાં જાય તો અમારો મનુષ્ય દેહ ધારણ કર્યો સફળ થઇ જાય. મેહેતાજી ! વણુસીધરના ઘરનાં નોતરાંતો આવી ગયાં છે, પણ એતો હમારી વેહેવારની રીતનાં સમજ્યા? પણ તમારૂ નોતરૂ આવે, તો હમારો અવતાર સફળ થઇ જાય.

મેહેતાએ વિચાર્યું વણસીધર આવો ગ્રહસ્થ તેનું નોતરૂ ના કબુલ કરી મારા ઘેર આવવાનું કહે છે, ને મારૂ ગરીબનું નોતરૂ કબુલ કરે છે. દીક્ષીત દઇદે સાતસે ઘેર સર્વેજણુ નોતરાં. " દ્વારકાંધશકી જય. "

દીક્ષીત કહે જુવોભાઇઓ કાલે નરસીંહમેહેતાને ઘેર શ્રાદ્ધ છે, ને સર્વે ન્યાતમાં સર્વેજણ નોતરાં છે. કૃષ્ણરાય

કહે મોહનરાયભાઈ સાંભળો છો ? છે કાંઇ વીચાર ? મારો બેટો ચઢાવ્યો કે ચઢયો, જાણે હવાઇની માફક. પરમોદરાય કહે ભાઇઓ, ડાગળીછટછે. ડાગળીછટ, ઘરમાં હાંલ્લાં તો કુસ્તાઇ કરે છે. કોણ જમવા જાય તેવું છે ?

નરસીંહરામ કહે ભાઇઓ જમવા વેહેલાસર આવજો. મોડુ કરતા નહી. તમો ભાઇઓ આવેથી મને ઘણો આનંદ થશે. વાસુકીરાય કહે મારો બેટો ઇતયડી વળગે તેમ વળગ્યો છે, માટે કાઢો ગમે તેમ જવાબ આપીને. પરમોદરાય કહે જો ભાઈ અમારે તો બંનેનાં નોતરાં કબુલ, પણ જેને ઘેર વેહેલુ થશે તેને ઘેર જઈશું.

નોતરાં દઇ ઉતાવળા ઉતાવળા મેહેતા ઘેર ગયા અને મેહેતીને કહ્યું મેં તો સાતસો ઘેર સરવેજણ નોતરાં દીધાં છે. મેહેતી કહે પાંચ માણસનું સીધું ને તેમાં ઘીનું તો ઠેકાણું નથી, ને તમે સાતસેં ઘેર શી રીતે સરવેજણ નોતરાં દીધાં? કાંઈ વીચાર બીચાર કરયો હતો કે નહી? મેહેતા કહે તેતો ભુલી ગયો ને મને ભાન ના રહયું, હવે દીધાં તે ના દીધાં થવાનાં છે.

મેહેતી કહે કાસાં કુટવાં હોયને નાચવા કુદવાનું હોય ત્યાં ભાન કેમ રહેછે ? ખાવા માટેતો ખાસ્સુ અઢીશેર ધાન જોઈએ છીએ, ત્યાં ભાન ભુલીને કેમ ઓછું ખાતા નથી ? પાંચનું તો જમવાનું ઠેકાણું નથી ને ન્યાત કયાંથી જમાડશો મને કયાં કમતડી ધાંઇ કે મોટા ભાઈથી વીરોધ કરી ઘેર શ્રાદ્ધ કરવા વીચાર કર્યો

મેહેતા કહે હવે કલ્પાંત શા સારૂ કરો છો? હવે બન્યું

ન બન્યું થવાનું છે ? ઇશ્વરનું સ્મરણ કરો તે દીનોનાથ ભક્ત વત્સળ સઘળી ઇચ્છાઓ પુરી કરશે. એવી નમ્ર વાણી સાંભળી મેહેતીએ વીચાર કરયો કે મેં એમના ભાઇ સામે ઉચાર કર્યા, તેથી મને દાઝે બાળવા બનાવીને બોલે છે એમ કાંઈ અજ્ઞાન નથી, કે નાના નથી એમ સમજી મન વાળ્યું.



પ્રકરણ ૯ મું.

બાજે દીવશે સવારમાં મેહેતીએ તપેલી આપી કહ્યું લ્યો, આમાં બે રૂપીઆનું ઘી લઇ આવો; મેહેતા તપેલી લઇ ઘી લેવા ગયા. એક હાથમાં કીડતાલ છે, ને બીજા હાથમાં તપેલી લઇને ગોવીંદના ગુણ ગાતા ગાતા બજારમાં ગયા. આવીરીતે ભજનની ધુનમાં જતા જોઇ એક દુકાનદારે બોલાવ્યા કે મેહેતાજી જેશ્રીકૃષ્ણ. ત્યારે મેહેતાજીએ કહ્યું જેશ્રીકૃષ્ણ.

દુકાનદાર—પધારો ભક્તરાજ શું લેવા નીકળ્યા છો ?

મેહેતા—(તપેલી જોઇ) ઘીઇ લેવા ભાઇ.

દુકાનદાર—મેહેતાજી ઘીઈ એવું આપું કે તમે ખાઇને સંભારો. કહો કેટલાનું આપું ?

મેહેતાજી—બે રૂપીઆનું.

દુકાનદાર—રૂપીઆ લાવો મેહેતાજી.

મેહેતાજી—રૂપીઆ ચાર દીવશ પછી આપીશ.

દુકાનદાર—(ભગતડો શું રૂપીઆ આપશે, તેના અંગનું તો ભાન નથી ને રૂપીઆનું ભાન કયાંથી રહેશે) મેહેતાજી ઘીઇ તમારા લાયકનું નથી. બકરાંના ઘીનો ભેળ છે.

મેહેતાજી—બહુ સારૂ, લાવો તપેલી પાછી. તપેલી લઇ આગળ ચાલ્યા ત્યાં બીજી દુકાનવાળા દુકાનદારે સાદ કર્યો. મેહેતાજી જય રાધાવલ્લભ.

મેહેતાજી—જયરાધા વલ્લભ.

દુકાનદાર—પધારો બાપજી, શું લેવા નીકળ્યા છો ?

મેહેતાજી—ઘીઇ લેવા.

દુકાનદાર—મેહેતાજી ઘીઇ એવું આપું કે તમે તમારી ઉમ્મરમાં ખાધું ન હોય તેવું (તપેલીનો ઘડો કરી મહી ઘીઇ નાંખી) બોલો કેટલું આપું ?

મેહેતાજી—બે રૂપીઆનું. રૂપીઆ દસ દહાડા પછી આપીશ.

દુકાનદાર—(પણે પણ આજ રામાયણ થઇ હશે. ભગતડા પાસેથી લેવાનું **શું**) મેહેતાજી ફીકર નહી, તમારા દસ દીવસ ને મારા પંદર દીવસ, અને નહી આવે તોય **શું**? કોણ પુછેછે, ઘી ઢળ્યું તે ખીચડીમાં છેને ? ને છુટી પડયું તો ગંગાજીમાં છે પણ ઘીમાં બા...પજી.

મેહેતાજી– ઘીમાં છે **શું** ?

દુકાનદાર—ઉંદરડી પડી હતી ભક્તરાજ.

મેહેતાજી—કાઢી નાંખો? કાઢી નાંખો? તપેલી ધોઇ નાંખો?

દુકાનદાર—(તપેલીમાંથી ઘીઇ કાઢી લઇ તપેલી ધોઇ નાંખી) લ્યો બાપજી.

આ પ્રમાણે દુકાનદારોએ અનેક બ્હાનાં કાઢી ઘીઇ આપ્યું નહી, પણ એક પરમ વૈષ્ણવ ઇશ્વરનો ભક્ત તેની દુકાન હતી, ત્યાં થઇ મેહેતાજી જય રાધા કૃષ્ણ રાધાના ઉચ્ચાર કરતા નીકળ્યા, તેમને જોઇ તે દુકાનદારને હર્ષનાં આંસુ આવ્યાં અને ચરણમાં પડયો.

દુકાનદાર—જય શ્રી કૃષ્ણ ભક્તરાજ.

મેહેતા—જે શ્રીકૃષ્ણ.

દુકાનદાર—મેહેતાજી **શું** લેવા નીકળ્યા છો ?

મરાઠો સાખી.

મેહેતાજી—ઘેર શ્રાદ્ધ છે તાતજ કેરૂં, નીકળીઓ ઘીઇ માટે.

દુકાનદાર—ઘીઇ તણી શી ખોટ બળી છે. મેહેતા તજો ઉચાટે. એ ભજન કહો; ભરી તપેલી ઘૃત લઇ લ્યો

મેહેતાજીને તો ભાવતુ હતુ ને વૈદે કહ્યું તેવું થયું; ભજન ગાવાનું મળ્યું એટલે તેમને તો ગોળનાં ગાડાં મળ્યાં. મેહેતાજીએ દુકાન ઉપર બેશી ધુનપર ધુન ને કીરતનપર કીરતન ગાવાં શરૂ કર્યા. દુકાનદારને ત્યાં મેહેતાજીનાં ભજન સાંભળવા હજારો માણુસોની મેદની મળી. ઘેર મેહેતી વાટ જોતાં બેઠાંછે પણ મેહેતાજી ભજનના તાનમાં ઘીની શુદ્ધી વીસરી ગયા અને ગોવીંદના ગુણ ગાવામાં ગુંથાયા.

મેહેતાજીએ નોતરાં દીધેલાં તેથી બધી નાગરની ન્યાત ચકવે ચઢી; અને જેને જેમ ફાવે તેમ બોલવા માંડ્યું. એક કહે સાંભળો વિકળશંકરભાઇ, નરસીંહમેહેતાને ઘેર આજ આખા જનમમાં પેહેલીવાર જમાડે છે, તેથી જમણ સારૂ હશે? વીકળશંકર કહે ખાવા આટાતો ઉડતાનથી. જમવા બેસજો એટલે શંખ વગાડી ઠાકોરજીનો પરસાદ તુળશીનાં પત્ર આપશે તે ચાવજો; બીજું તો કાંઇ ખવરાવે તેમ નથી કૃષ્ણપ્રસાદ કહે, પણ જોગવાઇ જોઇને જમવા નહી જઇએ? કપટપ્રસાદ કહે, તો ચાલો નરસઇને ઘેર તપાસ કરી આવીએ. જો જમાડવાનો હશે તો શાક વીગેરેની સોઇ કરી હશે; સરવે કહે ચાલો, એવો વિચાર કરી પાંચ પચીસ નાગરો ટોળે મળી પ્રથમ વણસીધરને ઘેર ગયા.

અકળશંકર કહે આપણે તો નરસઇઓ જમાડે તો પણ આવવાના નથી. આપણે તો અહીઆંજ જમવા આવવાના. આ આઠ દશ શાક સુધારી તૈયાર કર્યા છે તો પછી જમણતો કોણ જાણે કેવુંએ હશે; આ સાહીત્ય પ્રમાણે લાડુ તો કાલના ઠાર્યા હશે, ને નરસઇઓ બહુ કરશે તો પાશેરીકો રશીનો લાડુ.

વીકળસંકર કહે હવે ચાલો! નરસીંહરામને ઘેર તપાસ કરીએ, જોયા પહેલુ બોલવું નકામું માટે ચાલો. સર્વે જણા ત્યાંથી નીકળી નરસીંહરામને ઘેર ગયા.

સારંગધર—નરસઇભગત ? હે નરસઇ ભગત ?

મહેતી—કોણુ હશે ?

કૃષ્ણરાય—છે કે મહેતાજી ?

મહેતી—ના ! એતો બજારમાં ઘી લેવા ગયા છે.

કપટરાય—સાંભળો સારંગધર, ના ખવરાવાની દાનત હોય, તો ઘી લેવા જાય ખરાકે ?

સારંગધર—પણુ કેટલું લેવા ગયા છે તે તો પુછો ?

વિકળરાય—માણેકબાઇ ? કેટલું ઘીઇ લેવા ગયાછે ?

માણેકબાઈ—ખપ જેટલું. બે રૂપીઆનું.

સારંગધર—જમો ! બે રૂપીઆનું ઘીઇ ને સાતસેં ઘેર સર્વેજણુ નોતરાં ! ચાલો એતો પોગળ જણાઇ ગયું, મ્હેં તો પ્રથમથીજ જન્મોતરી કરી મુકી હતી.

સર્વે નાગરો ગયા બાદ આઠ દશ નાગરની સ્ત્રીઓ નરસીંહરામને ઘેર આવી, માણેકબાઇને એક ગવરી કહે મેહેતીજી શું કરવા માંડયું? તેમાંની બીજીએ,કહ્યું વેંત પ્રમાણે વેતરતાંજ હશેની. કયાં ગયા ભક્તારાજ મેહેતીજી ? મેહેતી કહે એતો ઘી લેવા ગયા છે, ને મે રસોઇ કરવા માંડી છે. ત્રિધાગવરી કહે રસોઇ કયાં કરો છો ? મેહેતી કહે ચુલે દાળ ઓરી છે ને ભાતનું આધણુ ઓલા ઉપર મુકયું છે. સર્વે ગવરીઓ કહે મેહેતી આ શું બોલો છો ? મેહેતાજીએ સાતસેંહ ઘેર સર્વેજણુ નોતરાં દીધાંછે, ને તમે તો ઓલો ચુલો બતાવો છો; મેહેતી કહે જાઓ જાઓ મશ્કરી શું કરતાં હશો! ગવરીઓ કહે મશ્કરી તો તમે કરો છો. નોતરાં દઇ નહી જમાડો તો ન્યાત તમારા માટે વિચાર કરશે, સમજ્યાં ? આ પ્રમાણે કહી સરવે ગવરીઓ વીદાય થઇ

ગવરીઓના ગયા પછી મેહેતીએ પશ્ચાતાપ કરવા માંડયો, કે મારાં કયાં વઢાયાં કે મેં ઘેર શ્રાદ્ધ કરવાનું કહ્યું. મ્હોટાભાઇ સામેંના બોલી હોતતો આ પરિણામ આવત નહી. વાંક બધો મારો છે. પણ હવે લાજ શી રીતે રહેશે, ભગવાનને રાખવી હશે તો રહેશે, નહીતર આજ લાજ રહે તેવું નથી, કહી ભગવાનની સ્તુતી કરવા માંડી.

ગાયન.

(સખી સુઝે ન કાંઈરે) એ રાહ.

પ્રભુ કરૂ શું હવેરે—
નથી નથી રેહેવી લજ્જા આજ, ગરીબ નીવાજ—પ્રભુ
કર્યો ન કાંઇ વિચાર, કર્યો જેષ્ટ સામા ઉચ્ચાર;
કરીને બેઠી શ્રાદ્ધ, લાવશો નહી કાંઇ બાધ—નથી૦
સત્ય તુજ નામ, પતી જપે અહો દીન જામ નામ;
ભક્તને તુમ હામ, કાઢો આટલું કામ— નથી૦
ઉગારી અહલ્યા નાર, તારી મીરાં સુકુમાર સાર;
પ્રલ્હાદ સ્થંભે નાથ. વશીને ગ્રહયો હાથ—નથી૦
પુર્યા દ્રૌપતી ચીર, ઉતાર્યું કૈરવ નીર તમે;
તેવી કરો વ્હાર, સત્ય તુંજ આધાર. નથી—૦

ઉપર પ્રમાણે મેહેતીએ ભગવાનની સ્તુતી કરવા માંડી, ને પણે મેહેતાજી ભજનની ઝડી લગાવીને બેઠા છે, તેમને તો ઘરની માલમજ નથી. મેહેતાજીની ભજનની ઝડી સાંભળી ભગવાને વિચાર્યું, કે હવે મારે ગયા વગર શીધ્ધી નથી, નહીતર ભક્તની લાજ જશે, ને તેની ગઇ તે મારીજ ગઇ. એવો વીચાર કરી ગરૂડને બોલાવા સાત સાદ કર્યા, તે લક્ષ્મીજીએ સાંભળ્યા. લક્ષ્મીજી ભગવાન પાસે આવીને કહે, મહારાજ આટલા બધા સાદ ગુરૂડને

કરી કેમ બોલાવ્યો? ક્યાં જવુ છે તેતો કહો? શુ વત્રાસુર નો વધ કરવા જવુ છે? વૃંદાને છળવા જવુ છે?

ભગવાન કહે વત્રાસુરનો વધ કરવાએ જવું નથી કે વૃંદાને છળવાએ જવુ નથી; જે મને સદા સંભારે તેને હું આધીનછું, ને જેને મારો કહયો તેને કેમ તરછોડી શકાય? લક્ષ્મીજી કહે તેતો ખરૂ, તમો ભક્તવત્સલ છો પણ કયાં જવુ છે, ને કીયા ભક્તનું કામ કરવાનું છે તેતો કહો? ભગવાન કહે જુનાગઢનો નરસઇઆ ભગતને ઘેર તેના બાપનું શ્રાદ્ધ છે ને તેતોબજારમાં મારૂં ભજન કરવા બેઠો છે, તેને શ્રાદ્ધનું તો ભાનજ નથી, માટે તેના બાપનું શ્રાદ્ધ કરવા જાઉછું.

લક્ષ્મીજી કહે તમે બાપે કેટલા કરશો, ને શ્રાધે કેટલાં સારશો? ભગવાન કહે તમે તમારે કામે લાગો, મને ખોટી નહી કરો, મને વાર થાય છે, કહી લક્ષ્મીજીના મનનું સમાધાન કર્યું. ઓધવ અને અક્રૂરને હુકમ કર્યો કે તમારે વણઝારા બની પાંચસો જાદવોસહ જુનાગઢમાં નરસીંહરામનું મંદીર પુછતા આવવું; હું જાઉંછું; તેવો હુકમ કરી ભગવાન જુનાગઢની ભાગોળે આવ્યા અને નરસીંહનું રૂપ લઈ ઘીઇની તપેલી હાથમાં લઈ નરસીંહરામને ઘેર આવ્યા, ને મેહેતીને કહે લ્યો ઘીઇ.

મેહેતી—અત્યાર સુધી કયાં ગયા હતા?

મેહેતા—કએ જણે કહ્યું કે એ ભજન કીરતન કહો, તે કહેવા રહયો તેથી વાર થઇ.

મેહેતી—બળ્યો તમારો ઢંગ, સદાયે ભપં વગાડતાને વગાડતા રહયા; જયાં જાઓ ત્યાં અડેદ્રાર, ન જુવો કામ કે ન જુવો કાજ.

મહેતા—હજી શું વહી ગયું છે, કામ હોય તે કહોને ?
મહેતી—(રીશમાં) હજી ગોર નથી ટળ્યો.

મહેતીના હુંકારા હુંકારા સાંભળી ભગવાન ગોરને તેડવા ચાલ્યા, તે ગોરના ઘર આગળ આવ્યા ત્યાં ગોરે ભગવાનને નરસીંહરૂપે જોઈ તેનાં છોકરાને કહ્યું, છોકરા કમાડ દઇ દે કમાડ દઈ દે. આગળો ચઢાવી મહીની સાંકળ દે સાંકળ. છોકરો કહે છે શું છે ! ગોર કહે નરસઇઓ ટીલવો આવ્યો છે, તે ઝોડ જેવો ખાલી ખોટી કરશે.

ગોરના અંતરની ભગવાને જાણી લીધી. ગોરને કહ્યું ગોર મહારાજ પધારો. ગોર કહે ક્યાં લ્યા નરસઇઆ? ક્યાં લ્યા ટીલવા ? મહેતા કહે મારા બાપનું શ્રાદ્ધ છે માટે સરાવા ચાલો. ગોર કહે તારો બાપને વણસીધરનો બાપ કાંઈ જુદો છે ? મેહેતા કહે ના મહારાજ, એકજ. ગોર કહે ત્યારે વણસીધર શ્રાદ્ધ કરે છે તે કેવું ને તું કરે છે તે કેવું ? એક બાપને સો દીકરા હોય તો સોએ જણ શ્રાદ્ધ કરતા હશે કે ? શું ગોર કાંઇ સો ઠેકાણે ફરતો ફરતો હશે કે ? હું તો વણસીધરને ઘેર જઇશ.

મહેતા કહે મહારાજ, તમો વણસીધરને ઘેર તો વરશો વરસ જાઓછો, ને હું તો ઓણુજ શ્રાદ્ધ કરૂ છું; માટે પધારો તો સારૂ. ગોર કહે વણસીધરને ઘેરથી તો બાર મહીને પાંચ પચાશની મતા મળે છે, તેં કોઇ દહાડો રાતી પાઇ પણ આપી છે ? રૂપીઆ પચીસ આપવા કબુલ હોય તો તારે ત્યાં આવું.

મહેતા કહે મારા ગરીબનું પચીસનું ગજું છે ? પણ જે મળશે તે આપીશ, ફુલ નહી ને ફુલની પાંખડી. ગોર

કહે તારી ફુલની પાંખડી રાખ્ય તારે ઘેર. વણસીધરને ઘેર ન જાઉ કે દશ પંદરની મતા તો મળે. મહેતા કહે ગોર મહારાજ, તમારે તો સરવેને સરખા ગણવા જોઇએ. સૌ- સૌના ગજા પ્રમાણે સઉ આપે. તાલેવન યજમાન કાળે ક- કરીને ગરીબ થાય, ને ગરીબ તાલેવન થાય, માટે કાંઇ વી- ચાર કરો, ને મારે ઘેર પધારો.

ગોર કહે એ તો જાણ્યો તને જાણમાંનું છાંણુ થયો છે તે ! જા તારા ભીખારીને ઘેર નથી આવતો. મહેતા ક- હે ત્યારે મારે ત્યાં શ્રાદ્ધ કોણ સરાવશે ? ગોર કહે કોઈ રસ્તાના જનારને બોલાવી સરાવી લેજે. મહેતા કહે હું ગમે તેને બોલાવીને સરાવું તો ખરો, પણ તમે પાછળથી કહેશો કે હું ગોર ને મેરા લગતા હે ત્યારે ! ગોર કહે જા લ્યા ટીલવા હું અત્યારથી તારો ગોર નહી, ને તું મારો યજમાન ન- હી. મહેતા કહે મોઢે બોલ્યું કામમાં ના આવે. લખી આ- પો કાગળ ઉપર.

ગોરે છોકરા પાસે ખડીઓ કલમ ને કાગળ મંગાવી લખી આપ્યું, કે આ નરસઇયો અત્યારથી મારો યજમાન ન- હી, ને હું તેનો ગોર નહી. એ પ્રમાણે લખી બહારીએથી કાગળ ફેંકયો, કે તે કાગળ ભગવાને ઉપાડી લીધો, અને કહ્યુ ગોર મહારાજ જીવ તો શુદ્ધીમાં છેને ? ગોરે કહ્યું હા, શુ- દ્ધીમાં છે. મહેતાએ કહ્યું લખ્યું તે બાપના બોલ સાથે કબુલ છેને ? ગોર કહે હા બાપના તો શું પણ બાપનાએ બાપના બોલ સાથે કબુલ છે. કાનખજુરાનો એક પગ ભાગ્યો તોએ શું ને એક પગ આખો તોએ શું.

ભગવાન કાગળ લંઈ રસ્તે પડયા. ગોરે તમાશો જોવા પોતાના છોકરાને પાછળ મોકલ્યો અને કહ્યું, જોને કીયો

એના બાપનું શ્રાદ્ધ સરાવે છે. પ્રભુ રસ્તામાં જાય છે ત્યાં એક હળ ખેડુ સામો મળ્યો. તે નરસીંહભક્તને જોઇ હળ હેઠું નાંખી દઇ ચરણમાં પડ્યો, અને કહ્યું આજ સવારમાં કોઇ સારાનું મોં જોયેલું જેથી પ્રભુના પરમ ભક્તનાં દર્શન થયાં.

મેહેતાએ કહ્યું ભાઈ તમે શું ન્યાતી છો ? હળ ખેડુ કહે મહારાજ બ્રાહ્મણ છું, કાંઇ કામ શેવા ? મહેતા કહે મારા બાપનું શ્રાદ્ધ છે માટે સરાવા ચાલો. ખેડુ કહે મહારાજ હું એકે અક્ષર ભણ્યો નથી. ભગવાને કહ્યું કાંઈ ફિકર નહી. હળ ખેડુ કહે ત્યારે ચાલો, કહી હળ નાંખી દઇ મેહેતાની સાથે ગયો; પેલા ગોરના છોકરે જોયું અને વીચાર કર્યો, કે આ હળખેડું શું એના બાપનું શ્રાદ્ધ સરાવશે અને દહાડો વાળશે.

ભગવાન હળ ખેડુને લઈ ઘેર આવ્યા, મહેતીને કહ્યું ગોરને બેસવા ઘરમાંથી પાટલો લાવો. (મહેતી મન સાથે વીચાર કરે છે કે પાટલા કયારે વસાવ્યા છે તે માગતા હશે ? મહેતા કહે ચાલો ઝડપ કરો, વિચાર શું કરો છો ? ઉતાવળ કરો આજે કોઈ કામમાં ઢીલ ન રાખવી જોઇએ, ઝડપ કરો, પાટલો લાવો.

મહેતી ઘરમાં જુવેછે તો સોનાનો પાટલો પડેલો દીઠો, તે લાવી ગોરને બેસવા માટે આપ્યો, ને પોતે સરાવા બેસવાની તૈયારી કરવા માંડી. નાગરોએ વીચાર કર્યો કે ચાલો નરસીંહ સરાવતો હશે તે જોવા જઇએ. ટીખળી નાગરો ટોળે મળી નરસીંહરામને ઘેર આવ્યા.

નાગરો—મહેતાજી જય શ્રીકૃષ્ણ.

મહેતાજી—જય શ્રીકૃષ્ણ, પધારો ! પધારો !

અગમ ાય—કેમ કૃષ્ણરાયભાઇ, કાંઈ નજર પડી નજર !

કૃષ્ણરાય—હા, ગોરની ગાંડ તળે મારા બેટાએ સોનાનો પાટલો ઘાલ્યો છે !

સારંગધર—હં હં ! જાદુગર છે ભાઇ, ગમે તેને રોવરાવીને લાવ્યો હશે, કે કાંતો માગીને લાવ્યો હશે.

ભગવાને વીચાર્યું, એક છે તેથી રોવરાવીને કે માગી લાવીને મુકેલો ઠર્યો, ધારી મેહેતીને કહ્યું પાટલા લાવો પાટલા. આ ન્યાતના ગ્રહસ્થો ઉભા રહ્યા છે તે સારૂ દેખાય ? મેહેતી કહે પાટલા ! મેહેતા કહે હા પાટલા પાટલા પાટલા. શું કરોછો ! અત્યારે નહી કાઢો તો પછી કયારે કાઢશો ?

મેહેતી ઘરમાં જઇ જુવે છે તો પાટલાનો ઢગ મારેલો જોયો, તેમાથી એકે એકે લાવીને બહાર મુકવા માંડયા. ત્યાં સારંગધર કહે મારો બેટો બહુ લાવ્યો જણાય છે. આનું કાંઇ સમજાણું નહી.

મેહેતાએ ગોરને કહ્યું મહારાજ, હવે શ્રાદ્ધ ક્રિયા શરૂ કરો. ગોર કહે બાપજી મેંતો તમને પહેલેથી જણાવ્યું છે, કે હુંતો એકે અક્ષર ભણ્યો નથી. મહેતાએ કહ્યું કાંઇ ફીકર નહી, નાગરો કહે નરસઇયા ! આવું ઓડુ કયાંથી લાવ્યો છું ઓડુ ? કોઇ સાધુ ભણેલો નથી સાધુ ? એમ કહી મસ્કરીઓ કરવા માંડી, ત્યાં ભગવાને મહારાજને કહ્યું ગોર મહારાજ "રાધાકૃષ્ણ ગોવિંદ" કહો ગોરે "રાધાકૃષ્ણ ગોવિંદ" કહ્યું ને ભગવાને પોતાની ટચલી આંગળી ગોરની જીભના ટેરવા ઉપર અડાંડી કે સરસ્વતી દેવી ગોરની જીભ ઉપર બેઠી. સરસ્વતીનો વાસ થયો ત્યાં ચાર વેદ, ખટ શાસ્ત્ર, અઢાર પુરાણ ખડાં થયાં, અને મહારાજે શાસ્ત્રો ચાર

કરવા માંડયો. આ હળખેડુને શાસ્ત્રોચાર કરતો જોઈ નાગરો સૌ વીસ્મય પામ્યા.

શ્રાદ્ધમાં પીંડ મુકયા ત્યારે ગોરે કહ્યું, મેહેતાજી શ્રાદ્ધના સોળ પીંડ ઉપર દક્ષણા મુકો. મેહેતાએ દરેક પીંડ ઉપર એકેક એમ સોળ મોહોરો મુકી.

અકળશંકર કહે સારંગધર ! જોજો સાચી સમજશો નહી. ગીલેટ ! ગીલેટ ! વિકળશંકર કહે પાટલા માગી લાવેલા ને મોહોરો ગીલેટ, ત્યારે ખરૂ શું ! સારંગધર કહે ખરૂ કાંઇ નહી. ખરૂ કયારે માનીએ કે સાતસેં ઘેર સર્વેંજણ નોતરાં દીધાં છે, પણ ધુમાડો કયાંઇ દેખાય છે ! ધુમાડો નીકળતો બતાવો તો સાચુ માનીએ.

ઉપર પ્રમાણે સર્વે નાગરો ચેષ્ટા કરે છે, ત્યાં ઓધવને અક્રૂર વણઝારા બની સાથે પાંચસે જાદવ લઇ નરસીંહ મેહેતાનું ઘર પુછતા આવ્યા. નાગરો કહે મેહેતાજી કોક બોલાવે છે. ભગવાને કહ્યું શું છે ? વણઝારા કહે તમે મંગાવેલ સામગ્રી લાવ્યા છીએ. ભગવાન કહે રસોઇ કરવા માંડો, ને બનતી તાકીદે રસોઇ તૈયાર કરો. જોજો કાંઇ કહેવત ના આવે. જાદવો સૌ ચુલ્હો ખોદી રસોઈ કરવા મંડી પડ્યા.

આ પ્રમાણે બનાવ જોઇ નાગરોનો ગર્વ ઉતર્યો ને સૌ છક પામી ગયા. માંહોમાંહી કહેવા લાગ્યા, સારંગધર તેના ઘરમાં તો ખાવા નહોતું ત્યારે આ બધુ કાઢ્યું કયાંથી ? સારંગધર કહે કયાંથી શું, ઘણાને ભીખ મંગાવી સંગ્રહ કરી રાખ્યો છે તે નીકળે છે.

શ્રાદ્ધ સામગ્રી થતી જોઇ કૃષ્ણપ્રસાદ કહે આપણે તો વહેલું થાય તોએ અહી, ને મોડુ થાય તોએ અહી. ત્યાં

શ્રાદ્ધ સારવાનું કામ પુરૂ થયું, ત્યાં ગોરે મહા દક્ષણા માગી તેજ વખતે ખરા મોતીનો નવ લાખ રૂપીઆનો હાર ગોરના ગળામાં પહેરાવ્યો. અને પેલા જુના ગોરના છોકરાને એક મોહોર દક્ષણા આપી.

ગોરના છોકરાએ વીચાર કર્યો કે ઘેર જઇ બુઢીઆને એવો ટીચું કે ફરી કોઇને લખી આપે નહી, કે હું તારો ગોર નહી ને તું મારો યજમાન નહી.-એવો વીચાર કરી ઘેર ગયો.

શ્રાદ્ધના પીંડ સુધી પ્રભુએ નરસઇની બહોતેર પેઢીઓ તારી દીધી. નાગરોને કહ્યું ભાઇઓ! હવે પંગતની તૈયારી કરો. શણીયાં લાવ્યા હો તે બદલો, ને ના લાવ્યા હો તે અહીંઆથી લ્યો, નાગરો (જે નહી લાવેલા) કહે હમો ઘેર જઈ હાલ લાવીએ છીએ.

મહેતા કહે ના! ના! અહીઆંથી લ્યો. નાગરો (આવેલા) કહે તમને લેવા જતાં વાર થશે. મહેતાજી આપે છે તે લ્યોને ! નાગરો કહે સાધુના કામળા પડ્યા હશે તે પહેરવા આપશે, બીજું મહેતાના ઘરમાં શું હશે ? તમો પેહેરો, હમો હાલ જઈ લઇ આવીએ છીએ,

મેહેતાજી કહે લાવો અબોટીઆના ગાંસડા. ઓધવે હાજર કર્યા તે મેહેતાએ છોડવા માંડયા. છોડતાં કમખની કીનારીઓ દેખાણી. કીનારીઓ જોઈ સઘળા નાગરો દોડતા આવ્યા, અને હાથ ઉચા કરી લાવો મહેતાજી, લાવો મહેતાજી, કહી નરસીંહરૂપ ભગવાનને વીંટઇ વળ્યા.

મેહેતાજી ફેંકે છે ને નાગરો લુંટે છે. જેની પાસે હતાં તેમણે પણ પોતાનાં સંતાડી નવાં લીધાં. કસબી અબોટીઆ પહેરી સર્વે નાગરો તૈયાર થયા અને કહયું, મહેતાજી! આ ભાદરવા મહીનાનો દહાડો છે માટે એકાદુ ઝાપટુ બા-

પડુ આવશે તો ટાઢ વાશે, માટે ભેગાં ઓઢવાનાં હોયતો લાવો. મહેતાજી કહે તૈયાર છે, તમારાથી કશુંએ વધારે નથી, કહી અકેકી કસબી સાલ આપી. સાલો મળી તેથી નાગરોનો લોભ વધ્યો અને બોલ્યા, ગળામાં કંઠી શીવાય કસબી સાલને પીતાંબર શોભતાં નથી.

મહેતાજીએ ઘરાણાંના દાબડા કાઢી દરેક નાગરને અકેકી કંઠી આપી. સર્વે નાગરોને કંઠીઓ આપી તેથી માણેકબાઈનું મોઢું ચઢયું, અને રાવણરૂપ થયું; તે રોવા જેવું મ્હોં કરી બોલ્યાં, આટલું બધું ઘરમાં છે છતાં કોઈ દહાડો વાલની વીંટી સરખીએ પહેરાવી છે ? મહેતાએ તેને એક દાબડો આપ્યો, અને કહ્યું લ્યો તમે પણ સોળે શણગાર પહેરી તૈયાર થાઓ. માણેકબાઈએ સોળે શણગારપહેર્યા અને મનમાં આનંદ પામી.

પુરૂષો તો સઘળા હાજરજ હતા, પણ સ્ત્રીઓ આવી નહોતી, તેથી તેમને બોલાવા દીક્ષીત દોડયો, ને બુમ પાડી કે ચાલજો. નરસીંહ મહેતાને ત્યાં વખત થયો છે. દીક્ષીતની વાંસે નાગરોએ પોતાના છોકરાઓને દોડાવ્યા અને પોતપોતાને ઘેર કહેવરાવ્યું કે સૌ સુતરાઉ વસ્ત્ર પહેરીને આવજો, અબોટીઉ પહેરીને આવશો નહી.

નાગરણો સર્વે સુતરાઉ વસ્ત્રો પહેરી હાજર થઈ, અને મહેતીને કહે કેમ વખત થઈ છે કે ? મહેતી કહે વખત તો થઈ છે ને તમે તો સાડલા પહેરી આવ્યાં છોને ? નાગરો મહેતાજીને કહે મહેતાજી સ્ત્રીઓને માટે પણ પહેરવાનાં હોય તો કાઢો . ભગવાને ગાંસડા છોડી કસબી બુટેદાર સાડીઓ દરેકને પહેરવા સારૂ આપી. જાદવોને પાટલા, પાણી, વાસણ વીગેરે પીરસવા હુકમ કર્યો.

જાદવોએ ભગવાનના હુકમથી માંથા દીઠ અકેકો સોનાનો પાટલો બેસવાનો, અકેકો સોનાનો પાટલો આગળ મુકવાનો, તેના ઉપર અકેકો સોનાનો થાળ, સોનાના વાડકા અને સોનાના પાણી વાસણ પ્રથમ પીરસી દીધાં, અને ૬૨૬ નાગરને જમવા બેસાડયા.

વૈકુંઠમાં લક્ષ્મીજી બેઠાં છે, ત્યાં બ્રહ્માજીની સ્ત્રી સાવીત્રી અને ગાયત્રી તેમને મળવા આવ્યાં. લક્ષ્મીજીને એકલાં જોઇ સાવત્રીએ પુછ્યું, લક્ષ્મીજી ! વૈકુંઠનાથ કયાં પધાર્યા છે ? તમે એકલાં કેમ ? લક્ષ્મીજી કહે તેતો ગયાછે તેમના બાપનું શ્રાદ્ધ સારવા જુનાગઢ નરસઇઆને ઘેર ગાયત્રી કહે ત્યારે તમને ગોઠતું નહી હોય? લક્ષ્મીજી કહે તેગજછે. જીવને ચેન પડતુ નથી બ્રહ્માને જોઈ) પણ જુવો તમારા વિના બ્રહ્માજીને પણ ગોઠતુ નથી તેથી, તેઓ પોતે અહીં આવેછે. સાવીત્રી કહે લક્ષ્મીજી મશ્કરી શું કરો છો ? લક્ષ્મીજી કહે મશ્કરી નથી. જુઓ આ આવ્યા (બ્રહ્મા આવ્યા) લક્ષ્મીજી કયાં ગયા છે વૈકુંઠનાથ ? લક્ષ્મીજી કહે તેમના બાપનું શ્રાદ્ધ સારવા જુનાગઢ નરસીંહમહેતાને ઘેર. બ્રહ્મા કહે ચાલો આપણે પણ જઇએ. લક્ષ્મીજીસહ બ્રહ્મા તથા સાવિત્રી, ગાયત્રી જુનાગઢ નરસીંહરામને ઘેર જવા નીકળ્યાં, રસ્તામાં શંકર પાર્વતી મળ્યાં તેમણે પુછ્યુ, બ્રહ્માજી કેણી તરફ સીધાવો છો ? બ્રહ્મા કહે જુનાગઢ નરસીંહ મહેતાને ઘેર. શંકર કહે કેમ? બ્રહ્મા કહે વૈકુંઠપતી નરસીંહરામના બાપનું શ્રાદ્ધ સારવા ગયા છે તે જોવા. શંકરપાર્વતી કહે ચાલો અમો પણ આવીએ છીએ, કહી સર્વેએ જુનાગઢ તરફનો રસ્તો લીધો. રસ્તામાં ત્યાં ઇંદ્ર સામો મળ્યો; તેણે પુછ્યું બધાં કેણી તરફ સીધાવો છો ? શંકરે કહ્યું જુનાગઢ

નરસીંહ ભગતને ઘેર. ઇંદ્ર કહે કેમ ? શંકર કહે નરસીંહના બાપનું શ્રાદ્ધ સારવા વૈકુંઠનાથ ગયા છે તે જોવા. ઇંદ્ર કહે ચાલો હું પણ મારી ઇંદ્રાણીસહ આવું છું, કહી ઇંદ્રાણીસહ તે પણ સાથે જવા તૈયાર થયાં. પ્રથમ વૈકુંઠનાથ, પછી બ્રહ્મા, શંકર, ઇંદ્ર, શું નરસીંહનું ભાગ્ય !

નાગરો સરવે જમવા બેઠા ત્યાં સામગ્રીઓ પીરસાવા માંડી. વાંચકવૃંદ જોજો તમારા મ્હોંઢામાં પાણી આણતા ? આતો તે વખતે જાદવે બનાવેલી વાનીઓ છે, એમાની અત્યારે ક્યાંઇ મળે તે સમજતા નહી, સાક્ષાત વૈકુંઠનાં શીધાંની જાદવોએ બનાવેલી, માટે મન ઠેકાણે રાખી વાનીઓનું વર્ણન વાંચો.

તરેહ તરેહના લાડુ પીરસાઈ રહ્યા છે, ત્યારબાદ જાત જાતની લાવશીઓ નીકળી; નાગરો એટલામાં તો શું ખાવું કે શું ના ખાવું તેના વીચારમાં પડી ગયા. અને નરસઇયાને ધન્યવાદ આપવા લાગ્યા. લાવશીઓ પીરસાઈ કે તરત રોટલી નકળી, ત્રણ ચાર જાતની રોટલી જેવી કે ફુલકા રોટલી, બપડી રોટલી, સાતપડી રોટલી, દરેક ઘીમાં બોળેલી, ઘીમાં લચપચતી પીરસાણી; બાદ પકવાન નીકળ્યાં. ખાજાં ઘુંજાં, ઘેબર, સુતરફેણી, બરફી, પેંડા, ઠોર, ગલેફાં, મોહનઠાર, મેસુર, અમૃતપાક, ગુલાબ જાંબુ, જલેબી, મરકી, ગુલાબપાક, ગગનગાંઠીયા, કોપરાપાક, દુધીનો હલવો, સુકો હલવો, બદામનો હલવો, એ સરવે વાનીઓ પીરસાણી .પછી તરત દુધપાક, શીખંડ બાસુદી, કઢેલુ દુધ વાગેરે પ્રવાહી ચીજો પીરસાણી. બાદ આંબા કેરીનો સર પીરસાણો. ઉપર પ્રમાણે જમણની સરવે સામગ્રી પીરસાણી પણ શાક પીરસાતાં સુધી કોઇથી નીચો હાથ થયો નહી, ને

થાળમાં પીરસાયેલી વાનીઓ જોઈ નાગર માત્ર અચંબો પામ્યા. પછી શાક પીરસાવા માંડયાં, કારેલાં, કંકોડાં; કોહોળુ, તુરીયાં, પરવર, પટોળાં, આરીયાં, સુરણ, સરગવાની શીંગો, શકરીઆં, રીંગણાં, રવૈયાં, ટીનસાં, રતાળુ, ભીંડા, ગીલોડાં, ગુવારફળીઓ, દુધીચણાનીદાળ, મુળા, મોગરી, અળવી, મોઘરા, વાડકારેલા, વાલોળ, પાપડી, ગલકાં, બટાટા, કાકડી, ચોળાફળી, લીલા વટાણા, ત્યાર બાદ ભાજીનીકળી. તાંદળજાની, સવાની, પોપની, ચીલની, કડાની, કુળાની, ગળજીબીની, ટોડીની, લુણીની, એ પ્રમાણે ભાજીઓ પીરસાણી. પછી કઠોળ નીકળ્યાં, ચણા, વટાણા, તુવર વાલ, મગ, મઠ, ચોળા એ પ્રમાણે કઠાળ પીરસાયાં. ત્યારબાદ ભજીઆં નીકળ્યાં. પતરવેલીયાં, ફુલવડી, કેળાંનાં ભજીયાં, મેથીની ભાજીના ગરગોલા, વડાં, ઇદડાં, પકોડા, પાપડ, સારેડાં, ખેરા, શેવો એ સરવે વાનીઓ પીરસાણી, બાદ રતાળાના, કોહોળાનાં, બટાટાનાં, રીંગણાનાં, ગલકાનાં, તુરીયાનાં, અજમાના પાનનાં, પોઇનાપાનનાં, આદુના, મરચાનાં વિગેરે તરેહ તરેહનાં ઉનાં ઉતરતાં ભજીયાં પીરસાણા, બાદ રાયતુ નીકળ્યું. કાકડીનું. કેળાંનું, દ્રાક્ષનું, રાયણનું, દાઢમનું, આદુનું, મરચાંનું, ખોપરાનું, દહીવડાં, મઠા વિગેરે પીરસાયા. બાદ બે ત્રણ જાતની ચટણીઓ નીકળી, બાદ અચાર પીરસવા માંડયો. કેરીનો છુંદો, ખારીયાં, રઇતીકેરી, મેથીઆં, બોલીનો, ડોડીનો, બોળકેરીનો, ગરમાળાનો, ગરમરનો, ગુંદાનો લીંબુનો, મરચાંનો, આદાનો વીગેરે ઘણી જાતના અચાર પીરસાયા. બાદ કેસરીભાત, બીરંજ, મોળોભાત એમ બે ચાર જાતના ભાત પીરસાયા. બાદ બે ત્રણ જાતની કઢી પીરસાણી

એ પ્રમાણે સર્વે વાનીઓ પીરસાઈ રહી કે મહેતાએ

ગોવરધન નાથની જે બોલાવી. સરત નાગરોને જમવાની રજા આપી, જમતાં જમતાં એક ચીજ ખાયને બીજી વિસરી જાય. જાદવો પાસે જેજે ચીજ માગે તે જાદવો તુરત આપે; નાગરોએ કહ્યુ ધન્ય છે નરસઇ મહેતાને કે આખી ઉમ્મરભરમાં જમણ જમ્યા તો આજેજ જમ્યા. એમ વખાણ કરતાં જમી ઉઠયા. ત્યાં પાણી પીરસાયું. સર્વે જણા હાથ મ્હોં ધોઇ રહ્યા કે તરત બરાસ નાંખેલ પાનનાં બીડાં વહેચ્યાં. સર્વે જણ નરસીંહની વાહ ! વાહ ! બોલવા લાગ્યું.

સારંગધર—પરમોદરાય ભાઈ, મારે એટ કાઢયું કયાંથી ?

કૃષ્ણરાય—તમને કયાં ખબર છે, ધણાને લુતી લુતીને એકઠું કર્યું છે.

અકળશંકર—પણ આજે ખરચ્યું તે કહોને !

સારંગધર—ન ખરચે ને આપણને ન ખવરાવે તો કોણ એનો બાપ ખાનાર હતો ?

સર્વે નાગરો માંહોમાંહી વાતો કરી રહ્યા છે ત્યાં મહેતાજી આવ્યા; તેમને નાગરોએ કહ્યું, મહેતાજી આ તમારા થાળીઓ વાડકા, પાણીવાસણ અને પાટલા ગણી લ્યો. મેહેતાજી કહે એકઠા કરી ઉકરડે ફેંકી ધો. નાગરો કહે એ શું બોલ્યા મહેતાજી ! આ કયાં પતરાળાં દડીયા છે કે તે ફેંકી દેવરાવો છો? સોનાનાં વાસણ ફેંકી દેવાય ? મહેતાજી કહે ત્યારે તમારાં એઠાંને શુ કરૂં ? તે મારા મંદીરના કામમાં નઆવે. નાગરો કહે તમારી રજા હોયતો ઘેર લઇ જઇએ. મહેતા કહે સુખેથી લઇ જાઓ. સર્વે નાગરોએ એંઠાંને એંઠાં બગલમાં મારીને ઘેર લઇ જવા માંડયાં. ત્યાં મહેતાએ કહ્યું હજી દક્ષણા આપવાની છે તે લેતા જાઓ. મુઠીએ

મુઠીએ મોહારો દક્ષણામાં વહેંચી. નાગરોને સંતોસ્યા. અને નરસીંહ મહેતાનું જન્મનું મ્હેણું ભાગ્યું. અને મેહેતીનો લ્હાવ પુરો કર્યો.

ધન્ય છે નરસીંહરામ તમારી ભક્તિને કે જે ભક્તિને વશ થઇ ભગવાનને આવાં કામ કર્યા છે! તો વાંચકવૃંદ! જો એક નીષ્ઠાથી તમો ભક્તિ કરશો તો તમારી મનોઇચ્છા ભગવાન કેમ પુરી નહી કરે? પ્રલ્હાદજીની ભક્તિથી પ્રભુ સ્થંભમાં જઇ વસ્યા. દ્રૌપતીની ભક્તિથી તેને નવસો નવાણું ચીર પુર્યાં. અને કૌરવને ઝાંખા પાડ્યા. મીરાંબાઇને ભક્તિથી સદેહે સ્વર્ગમાં લઈ ગયા. ઝેરનું અમૃત કર્યું. કુંભારની ભક્તિથી નીંભામાંથી મંઝારીનાં બચ્ચાંને ઉગારી કુંભારની મનોઇચ્છા પુર્ણ કરી. એવા દયાળુ કૃપાવંત રીદ્ધી સીદ્ધી આપવાવાળા છે; માટે આવા દાખલા જોઈ વાંચકવૃંદ કુકર્મ કરતાં ડરો, અને તેની ભક્તિ એકાગ્રહ ચીતથી કરી તેમનેપ્રસન્ન કરો. માણસ મજુરી આપે છે તો તે કેમ નહી આપે. એવો દ્રઢ વિશ્વાસ રાખો, અને ભક્તિ કરો. જેથી આ મનુષ્યા દેહ સફળ થશે, અને ફરીથી ગર્ભ વાસમાં આવવું નહી પડે. ને છેવટે તેના ચરણ કમળને પામશો અસ્તુ.

બધા કામથી પરવારી નરસીંહરૂપ ભગવાને માણેકબાઇને કહ્યું હું જરા તળાવે સ્નાન કરી આવું છું કહી વિદાય થયા.

ગોરના છોકરે ઘેર જઈ ગોરને લખી આપવા સંબંધી ઘણો ઠપકો આપ્યો. અને નરસીંહરામે કરોડો રૂપૈયા ઉડાવ્યાની વાત કહી. ડોસે કહ્યું હવે શું કરવું? છોકરો કહે શું કરવું શું! એ ભગવાનનો ભક્ત છે માટે બોલ જવા નહી

હે, માટે જઇને તેને વીનવો. ગોરનરસીંહરામના ઘર તરફ આવતો હતો, ત્યાં નરસીંહરૂપ ભગવાન મળ્યા. ગોર કહે મેહેતાજી મારી ભુલ થઇ છે તે માફ કરો ને પેલું કાગળીયું ફાડી નાંખો. ભગવાને તરત તે કાગળીયું ફાડી નાંખ્યું. ગોર કહે મહેતાજી દક્ષણા ? હું તમારો ગોર કહેવાઉં. મહેતા કહે લખીને આપ્યું હતું ત્યાંસુધી તમે ગોરે નહોતા ને હું તમારો યજમાને નહોતો, તે વખતમાં શ્રાદ્ધતો થઇ ગયું. હવે કાગળીયુ ફાડી નાંખ્યા પછી તમે ગોર થયા માટે પહોર શ્રાદ્ધ કરૂં તો આવજો. ગોરે કરગરી પડી કહ્યું, ભગતજી એમ ના થાય, અમે તો તમારી ગાયો કહેવાઇએ. (ભગવાને વિચાર્યું નરસઇયાને આટલા કાલાવાલા કરશે તો મને અધવચથી બોલાવશે) લ્યો ગોર મહારાજ; (દસલાખ સોના મોહોરનો કંઠો પહેરાવ્યો) ગોર આશીર્વાદ આપતા ઘેર ગયા અને ભગવાનને વૈકુંઠમાં જતાં રસ્તામાં બ્રહ્મા, શંકર, ઇંદ્ર, વીગેરે મળ્યા તેમને લઇ ભગવાન વઈકુંઠમાં ગયા.

વઇકુંઠમાં જઇ ભગવાને નરસઇને શ્રાદ્ધની શુદ્ધી મુકી દીધી, શ્રાદ્ધનુ ભાન આવતાં નરસીંહરામ એકદમ ઉઠયા. તેમને દુકાનદારે ઘીની તપેલી ભરી આપી, તે લઇ ઘેર આવવા સારૂ નીકળ્યા; રસ્તામાં સૌ નાગરો માંહો માંહી વાતો કરે છે કે નરસઇએ હદવાળી, ને તેની ન્યાતેર પેઢી તારી. મહેતા આથી ઝંખવાણા પડયા, કારણ તેમને ખબર નથી કે શ્રાદ્ધતો થઇ ગયું.

મહેતા માણેકબાઇ વઢવાની બીકથી ઉતાવળા ઉતાવળા ઘેર આવ્યા, ને ઘીની તપેલી માણેકબાઇને આપી માણેકબાઇ કહે હમણાંતો કહી ગયા હતા કે હું ન્હાવા

જોઉછુ, ને આ ઘી કયાંથી લાવ્યા ? નરસીંહ મહેતા કહે હું શ્રાદ્ધને માટે લેવા ગયો હતો તે લઇને આવ્યો. મહેતી કહે ત્યારે શ્રાધ સરાવ્યું તે કેવું ? અને ન્યાત જમાડી તે કેવી? જુઠું શા માટે બોલો છો ભગત થઈને ? મહેતા કહે બધું થઈ ગયું ? મહેતી કહે મારા મ્હોં આગળ કરો છો, ને પાછા અજાણ્યાનો ડોળ કરી ફરી જાઓછો; હું કાંઇ નાની કીકલી નથી સમજ્યા ?

મરાઠી સાખી

નરસીંહ—શ્રાધ સરાવી ગયો પોતે, જાતે ત્રીલોકીનાથ;

મહેતી—છણકા કરેલા મહેતીએ તે, સુણીને ઘસીયા હાથ;

હું પાપી ખરી, ઓળખીઆ નહી મેં શ્રીહરી.

નરસિંહમહેતા—કયાં ગયા ત્રીલોકીનાથ ? **જયરાધા કૃષ્ણરાધા, પ્રભુ જયરાધા, કૃષ્ણરાધા કહી** ભગવાને આપેલી તાળ ખખડાવી. તેમને બોલાવા સ્તુતી કરવા માંડી.

ભગવાન કહે—બ્રહ્મા ચાલો ? નરસીંહ પાછા બોલાવે છે.

લક્ષ્મીજી—ચાલો ઝટ કરો.

બ્રહ્મા—એમ કેમ ?

લક્ષ્મીજી—બાપનું શ્રાદ્ધ કર્યું, ને વખતે વહુઆનુંએ આજને આજ હોય.

ભગવાન—લક્ષ્મીજી તેમ નથી. આતો જમવા નોતરે છે જમવા.

સર્વેદેવ—ચાલો, તેનુ નોતરૂ કાંઇ પાછું ફેરવાય તેમછે?

(સર્વે દેવ નરસીંહને ઘેર આવ્યા)

નરસીંહ જે ધ્યાનમાં આરૂઢ બની ભગવાનને સમરતો બેઠો હતો, ત્યાં ભગવાને આવી બુમ પાડી નરસૈયા? હે નર-

સઇઆ? નરસીંહ ધ્યાનમાંથી જાગ્રતથઇ ભગવાનના ચરણું પડયો, અને કહ્યું પ્રભુ પધાર્યા ! ભગવાન કહે હા. મહેતા કહે શ્રાદ્ધ તમે સાર્યું? ભગવાન કહે હા. નરસીંહ કહે મારા બાપનું નામ દેતાં શરમાયા હતા? ભગવાન કહે ના. મહેતા કહે તમે ન્યાત જમાડી ? ભગવાન કહે હા. મહેતા કહે તમે જમ્યા ? ભગવાન કહે ના. મહેતા કહે તમારા જમ્યા શીવાય મારો બાપ તે શું પામવાનો હતો ? માટે એસો.

ભગવાન, બ્રહ્મા શંકર, ઇંદ્ર, તેમની જોડે નરસીંહ મહેતા, સરસ્વતી, સાવીત્રી, ગાયત્રી, લક્ષ્મીજી, પારવતી, ઇંદ્રાણી તેમની સાથે માણેકબાઇ, દેવની પંગતીમાં બેશી જમ્યા. જમ્યા પછી માણેકબાઇએ પ્રભુને નહી ઓળખ્યા, અને છણકા કર્યાં તેને માટે માફ માગવા સ્તુતી કરી.

સ્તુતી.

માણેકબાઇ—(કર કરૂણા જગનાથ) એ રાહ.

જાણ્યા નહી જગનાથ કૃપાળુ, જાણ્યા નહી જગનાથ,
કરો મયા દયાળુ તાત—કૃપાળુ.
માયા તમારી અતીઅકારી, જન સમુહને ફસાવેછે ભારી,
પુન્ય કર્મ સઉ દેજે વિદારી—રાખે નહી એક બચવાનીબારી,
આપી માયામાં લાત—કૃપાળુ.

ભગવાન—માણેકબાઈ માયાની ઘુંચવણી એવીજછે. તેમાં તમારો દોષ નથી (નરસીંહરામને) નરસીંહ બીજી કાંઇ ઇચ્છા છે ?

નરસીંહ—મહારાજા! આ પ્રમાણે દાસનાં કામ કરજો ને ભીડ પડે ત્યારે આવી ઉભા રહેજો.

ભગવાન–તારાથી હું જુદો નથી; જ્યાં વગર મુલ્યે વેચીશ ત્યાં વેચાઇશ, અને મોકલીશ ત્યાં જઇશ, હવે હમો જઇએ છીએ.

મેહેતા } મહા પ્રભુ પધારજો અને દાસને વીશારશો નહી.
મેહેતી } સર્વે દેવમંડળને અમારા તનમનથી પ્રણામછે. દેવ સર્વે વીદાય થયા અને મહેતા પોતાની ધુનમાંલાગ્યા)

આના પછી મહેતી દેવલોક પામ્યાં ત્યાં સુધી કાંઇ જાણવા જોગ બીના બની નથી; તેથી તે દર્શાવી નથી; ભક્તિથી પ્રભુ કેવા વશ થાય છે, તે શ્રાદ્ધ પક્ષ વાંચવાથી સમજાશે હશે. ભક્તિને વશ થઇ ભગવાનને ભક્તનું રૂપ લઇ શ્રાદ્ધ કરવું પડ્યું. માટે મારા વહાલા વાંચકવૃંદ! આવા દાખલા જોઇ તમો પણ ભક્તિથી ભગવાનને વશ કરવા શક્તિવાન થાઓ. અસ્તુ.

પ્રકરણ ૧૦ મું.

એક દીવશ મહેતા ભજનની ધુનમાં લાગી રહ્યા છે ત્યાં માણેકબાઈ દેવલોક પામ્યાના સમાચાર મહેતાને મળ્યા. મહેતા આથી ઘણાજ પ્રસન્ન થઈ નાચવા તથા ગાવા લાગ્યા. (ભલુ થયું ભાગી જંજાળ; સુખે ભજશું શ્રી ગોપાળ) એ પ્રમાણે ગાવા તથા ખુશી થવા માંડ્યું. અને માણેકબાઈના શબને સ્મશાન ભુમીમાં લઈ જઈ અગ્નીદાહ દઈ સર્વે ઈશ્વર સ્મરણ કરતાં કરતાં ઘેર આવ્યા.

એ અરસામાં કોઈ ચાર સંતો યાત્રાએ નીકળેલા જુનાગઢમાં આવ્યા- અને સટાકચોરા પાસે જઈ નાગરોબેઠા હતા તેમને પુછ્યું. ભાઈઓ, હમારે દ્વારકાની હુંડી લેવી છે તે ક્યાં મળશે ? નાગરોએ મસ્કરી કરી કે દ્વારકાંની હુંડી લેવી હોય તો જાઓ નરસીંહરામને ઘેર- કારણ કે તે પણ તમારા જેવાજ ભગતછે. નાગરોએ કહ્યું તેથી તેઓ નરસીંહરામના મંદીર તરફ ગયા.

દામોદરનું મંદીર પુછતાં તીરથવાશીઓ નરસીંહરામના ઘેર આવ્યા, અને સાતસો રૂપીઆ ઢગલી કરી કહ્યું, નરસીંહ મહેતા અમને દ્વારકાંની હુંડી આપો. મહેતાએ કહ્યું તમને કોણે મોકલ્યા ? તીરથવાશી કહે હમને નાગર ગ્રહસ્થોએ તમારી ઓળખાણ આપી અહીં મોકલ્યા. નરસીંહરામે કહ્યું ભગવાનની મરજી હશે તેથી તેણે અહી મોકલ્યા છે. ને આ રૂપીઆ સ્ત્રીની ક્રિયા ખર્ચમાં ભંડારો કર-

વામાં કામ લાગશે, ને ભોગ ધરાવાશે; એવા હેતુથી દ્વારકાંની હુંડી લખવા બેઠા.

હુંડી.

સ્વસ્તીશ્રી દ્વારકાંપુરી શુભસ્થાને પુજ્યારાધે અનેકસર્વે ઉપમાજોગ શેઠ શામળશા વાસુદેવ જોગ શ્રી જુનાગઢથી લી. દાસાનુદાસ નરસઇઆના ઘણા માનથી જેશ્રીકૃષ્ણ વાંચવા જત અત્રેથી રાખ્યા તીરથવાશી પાસેથી રૂ. ૭૦૦) અંકે રૂપીઆ સાતસેંહે પુરા શીક્કાઇ નવી છાપના, પુરા તોલના, કોરાને કડકડતા, મુદત હુંડી પહોંચેથી તરતના, ઠામ ઠેકાણું જોઈ ચોકસ કરી ગણી આપજો. તેની નીશાની એ જે કાગળ મધે લખું છું. નીશાનીમાં લાજ આબરૂ તમને છે. મીતી મળીએ ત્યારે, વાર વિચીત્ર.

લી૦ દાસાનુંદાસ નરસિંહ.

ઉપર પ્રમાણે હુંડી લખી તીરથવાશીઓને આપી, અને કહ્યું દ્વારીકામાં શામળશા વાસુદેવની દુકાન પુછજો, તે તમને તમારી હુંડીના રૂપીઆ ગણી આપશે; જો ત્યાંથી તમને રૂપીઆ ના મળે તો સુખેથી અહીં આવી લઇ જજો, કોઇ વાતે મુંઝાશો નહી, એવું કહી વીદાય કર્યા.

હુંડી લખી આપી વીદાય કર્યા બાદ નરસીંહમેહેતાએ ભગવાનની સ્તુતી કરવા માંડી, હે દીનદયાળુ, હે વીઠ્ઠલ, તારા ભરોંસે હુંડી લખી છે તે તું શીકારજે. જો નહી શીકારે તો જુનાગઢમાં તારી આબરૂ જશે ને હાંશી થશે. ને તે આબરૂ મારી જવાની નથી, તારીજ જશે. મારે તો કાંઈજ લેવા દેવા નથી. ને નાગરો તારી મશ્કરી કરશે, કહી ભગવાનની સ્તુતિ કરવા માંડી.

સ્તુતી.

(દર્શન આપજોરે) એ રાહ.

હુંડી શીકારજોરે, વહાલા શેઠ બનીને હરજી;
લજ્જા રાખજોરે, સુણી પામરની આ અરજી;
શ્રાદ્ધ સરાવી મુજ તાતનું, કીધું મોટું કામ;
મારા રૂપે આપ પધાર્યા, કાઢયુ મોટું નામ—હુંડી૦
શામળશા પરણાવ્યો પોતે, રાખી નહી કાંઇ નુન્ય;
એવી રીતે હુંડી શીકારો, કરૂં તુજ નામની ધુન—હુંડી૦
સત્ય વચન દીધું શામળીઆ, કરવા શેવકનું કામ;
વચને પળીને હુંડી શીકારો, મોટી છે તુજ હામ—હુંડી૦

તીરથવાશીઓ દ્વારકામાં આવ્યા અને ગોમતીજી નાહી સર્વે મંદીરમાં દેવ દર્શન કરી પરવારીને શામળશા વાસુદેવની પેઢી ખોળવા સારૂ નીકળ્યા. તે આખો દ્વારકાં ફર્યા પણ શામળશા વાસુદેવની પેઢી મળી નહી; તેથી એક તીરથવાશીએ બીજા ત્રણને કહ્યું, નક્કી આપણા રૂપીઆ ગયા. ત્યારે બીજો કહે અહીએ આપણે વાપરવાનાજ હતાને, ને સંત સાધુને ખવરાવવાનાજ હતાને. ત્યાં એ પણ સંત સાધુને મ્હોઢે ગયા છે. ત્રીજો કહે એમ શું ઠગીને રૂપીઆ ખાઇ જાય તે ખાવા દઇશું ? જુનાગઢમાં જઈ ફેંટ પકડી ધડી એકમાં રૂપીઆ લઇશું. ચોથો કહે તેતો ખરૂ પણ ફરીથી તપાસ કરો, વખતે કોઈ નાની પેઢી હોય તો બધાની જાણમાં ના હોય. ખોળ કરતાં વખતે મળે તો ? કારણ તે ભકતે આપણા રૂપીઆ ડુબાવવાના સબબથી ખોટી હુંડી લખી નથી. ને તેવું કરે પણ નહી કારણ, ઇશ્વરનો પરમ ભક્ત છે. એ પ્રમાણે વાદવીવાદ કરતા શામળશા વાસુદેવની પેઢીની શોધમાં ગુંથાયા.

ભગવાને ઓધવને કહ્યું, ઓધવજી ચાલો તૈયાર થાઓ, ઓધવજી કહે ક્યાં ? **ભગવાન** કહે દ્વારકાંના બજારમાં. ઓધવજી કહે **કેમ ?** ભગવાન **કહે** નરસઈની હુંડી શીકારવા. ઓધવજી કહે હુંડી શેની ? ભગવાન કહે નરસઇએ તીરથ વાશીને સાતસો રૂપીઆની હુંડી લખી દીધી છે તેથી તમે સાતસો રૂપીઆ લઇ, ગુમાસ્તા બની મારી સાથે ચાલો; હું **શામળશા** શેઠ બનું છું. એ પ્રમાણે ભગવાને **શામળશા શેઠનું** ને **ઓધવે ગુમાસ્તાનું** રૂપધારણ કરી સાતસો રૂપીઆ સાથે લઇ તીરથવાશી **શામળશા વાસુદેવની** પેઢી ખોળે છે તેમના સામા ભગવાન, ઓધવ શેઠ ગુમાસ્તો બની આવ્યા.

ભગવાને તીરથવાશીઓને પુછ્યું, ભાઇઓ તમે કોને ખોળોછો તીરથવાશી (હુંડી બતાવી) હમો **શામળશા વાસુદેવની** પેઢી ખોળીએ છીએ (ભગવાન ચમક્યા હોય એવો ડોળ કરી) કોની **શામળશા વાસુદેવની?** તીરથ વાશીઓ કહે હા, **ભગવાને** કહ્યુ તેતો હું પોતે, લાવો હુંડી, કહી હુંડી લઇને વાંચીને કહ્યું, નરસીંહરામ તો મારા શેઠજી, ને હું તેમનો વાણોતર છું, તેમના થકી પેઢી ચલાવું છું; આટલું બધું ના લખ્યું હોત ને મોંઢે કહાવ્યું હોત તોએ બસ હતું. હુ તો તેમના વડે છું. **(ઓધવજીને)**મુનીમ આ તીરથવાશીઓયે સાતસો રૂપીઆ ગણી આપો. **ઓધવજી** તીરથવાશીઓને રૂપીઆ ગણી આપવામાં ગુંથાયા.

એક તીરથવાશીને ભ્રમ થયોકેઆ **શામળશા** શેઠ નથી પણ **ભગવાન** પોતે છે તેથી તે તે રૂપીઆમાં લ્હે નહી લગાડતાં **પ્રભુના મુખારવીંદનાદર્શનમાંજ** લીન બની ગયો. તેને **ભગવાને** નરસીંહમેંહેતા ઉપરનો કાગળ આપ્યો.

તીરથવાશીઓ તેમના રૂપીયા ભરી પુરી પામ્યા કે તર્ત **ભગવાન** તથા **ઓધવજી** અંતર્ધ્યાન થયા. તીરથવા-

શીઓએ ફાંફાં મારવા માંડયાં કે તે શેઠ ને ગુમાસ્તો ક્યાં ગ-યા પણ તેતો અંધરધ્યાન થયેલા તે ક્યાંથી દેખાય? આમ ફાંફાં મારતા ત્રણ તીરથવાશીઓને જોઇ ચોથો કે જેણે પ્રભુના મુખારવિંદનાં પુરણ દર્શન કર્યાં હતાં તેણે કહ્યું, તમે કોને ખોળો છો? ત્રણેએ કહ્યું, જેણે આપણી હુંડી શીકારી તે શેઠને ને મુનીમને. ચોથાએ કહ્યું મુર્ખાઓ! તે શામળશા શેઠ નહોતા, પણ ભગવાન પોતે હતા. અકર્મીઓ હું તમને નહોતો કહેતો કે નરસીંહરામ ઇશ્વરનો પરમ ભક્ત છે; ને ભગવાન તેના વશ છે. ત્રણે જણે પસ્તાવો કરી હાથ ઘસવા માંડયા

ચોથો કહે પસ્તાવો કરે શું વળશે. ચાલો જુનાગઢ પાછા, ને તે પરમભક્તનાં દર્શન કરી પાવન થઇએ; અને આ ભગવાને આપેલો કાગળ તેમને પહોંચાડીએ. એક જણે કહ્યું કે કાગળમાં શું લખ્યું છે તેતો વાંચો? વાંચવાનું ક-હેતાં ચોથા તીરથવાશીએ કાગળ વાંચવા માંડયો.

કાગળ

(એ......માંથે મરકુડી) એ રાહ.

એ......વેગે હું તૈયાર થાઉં
તુમ હુકમને જલદી બજાઉં—એ૦
કામ કાજ હોયે સુખે કહેજો,
જે જોઇએ તે માગી લેજો;
જાણો દાસ હું અતિ હરખાઉં;—એ૦

તીરથ વાશીઓ (કાગળ વાંચી) ધન્ય છે નરશીંહરામ ને કે જેણે ભગવાનને પોતાના કરી રાખ્યા છે. બસ અડ-સઠ તીરથની જાત્રાતો ફક્ત એજ કે ભગવાન જેના દાસ

થવા ઈચ્છા રાખે છે. (ચોથાને) ધન્ય છે તને કે તેં ઓ ળખીને ભગવાનનાં સાક્ષાત દર્શન કર્યાં, હમે કર્મ હીણુ રૂપીયાની માયામાં ગુંથાયા, અને અમુલ્ય દર્શનનો લાભ ખોયો. પણ જ્યારે તેં ભગવાનને ઓળખ્યા ત્યારે કહ્યું કેમ નહી? ચોથાએ કહ્યું, હું તો તેમના દર્શનમાં એવો તો લીન બન્યો હતો કે મને મારી દેહતુંજ ભાન નોહોતું, તો તમને ચેતાવું તે શી રીતે! હવે જે બની તે ખરી; હવે ભગવાનનાં દર્શનનો લાભતો મળવાનો નથીજ, પણ ચાલો ભગવાનના પરમ ભક્તનાં દર્શન કરી પાવન થઇએ. એવો વીચાર કરી, ચારે જણા જુનાગઢ તરફ વીદાય થયા, ને ત્રીજે દીવશે જુનાગઢ આવ્યા.

નરસીંહરામ ભજનની ધુનમાં બેઠા છે, ત્યાં ચારે તીરથવાશીઓ આવ્યા અને નરસીંહરામના ચરણમાં પડયા, અને કહ્યું ધન્ય છે નરસીંહરામ તમને અને તમારી ભક્તિને! નરસીંહરામે કહ્યું રૂપીઆ મળ્યા ? તીરથવાશીઓ કહે બળ્યા રૂપીઆ. નરસીંહરામ કહે બળ્યા રૂપીઆ શા માટે કહો છો ? તીરથવાશીઓ કહે તેજ રૂપીઆની માયાની ઘુંચવણીમાં પડી સાક્ષાત ભગવાનનાં દર્શન ખોયાં. નરસીંહ રામ કહે તમારામાંથી એક જણે દર્શન કર્યાં છે. ચોથો કહે હા મેં કર્યાં. નરસીંહરામ કહે વારૂ ભગવાને કાંઈ કહ્યું છે? ચોથો કહે આ કાગળ આપ્યો છે (કહી ભગવાને આપેલો કાગળ આપ્યો.) કાગળ વાંચી નરસીંહરામ ખુશી થયા, અને ઇશ્વર સ્તુતી કરવા માંડી.

સ્તુતી.

(અશરણ શરણ સ્વામી) એ રાહ

સત્ય શરણાં તારાં દીસો ધારાં જગદાધાર

મુજ દેહ સકળ વારૂ! તુજ નામ અતિ પ્યારૂ!
દારણુ દરણુ જગત મોઝાર–સત્ય.
ભવ ભવનો આવે નિસ્તાર, ભક્ત વત્સલ મુક્તિદાતાર–સત્ય.
અચળ ભક્તિ તારી કરનાર, તેનો તું થાયે કીરતાર–સત્ય.
અકળીત કામો તારાં સાર, નમીએ તુજને વારંમવાર–સત્ય.

નરસીંહરામ કહે ચાલો સંતો કુડો પડો? કુડો પડો ?
ભજો રાધે કૃષ્ણ ગોવીંદા રાધે કૃષ્ણ ગોવીંદા ભજો રાધે રાધે રાધે. (ભજનની ઝડીઓ ચાલવા માંડી.)

વાંચકવૃંદ આવા કૃપાળુ અને ભક્ત વત્સલ ભગવંતની ભક્ત વત્સલતા વાંચી અને વીચાર કરો ? ભગતને માટે ભગવાનને કેવાં કેવાં રૂપ ધારણ કરી ભક્તની લાજ રાખવી પડે છે તે જુવો, અને નરસીંહરામને તેમની ભક્તી થી વશ થઈ આ પ્રમાણે તેમનાં કામ કર્યાં તો તમે ભક્તિ કરશો તો તમારાં કામ કેમ નહિ કરે ? કરશેજ. માટે દ્રઢ વિસ્વાસ રાખી પ્રભુની ભક્તિમાં ચિત્ત પરોવી ભગવાનને પોતાના કરી લેવા શક્તિવાન થાઓ એવી મારી સર્વે પ્રત્યે પ્રાર્થના છે. અસ્તુ,



પ્રકરણ ૧૧ મું.

વાંચકવૃંદ, નરસીંહ મેહેતાનું ચાલતુ હતું તેમ ચાલવા માંડ્યું, પણ કુંવરબાઇને તો આપણે ભુલીજ ગયા છીએ, તેને ભુલવી નહી જોઇએ. માટે હવે તમારી દ્રષ્ટી કુંવરબાઇ તરફ ફેરવો. કુંવરબાઇ ગરીબ બાપની પુત્રી હોવાથી તેને સાસરામાં કોઇ ગણતું નહોતું, અને સઉ વૈષ્ણવની દીકરી કહી મશ્કરી કરતું હતું.

દસા વીશી સૌને આવે છે. દસકો દુઃખનો અને દસકો સુખનો. બધા દહાડા દુખના જતા નથી, તેમ બધા દહાડા સુખના જતા નથી. રાજા અને રંક સર્વેને દસાં વીશી સરખીજ આવે છે. રાજાને રાજાના પ્રમાણે, અને રંકને રંક પ્રમાણે. તે પ્રમાણે કુંવરબાઇને દુઃખનો દસકો જઇ સુખનો દસકો બેસવાનો તેથી તેને શ્રીમંત આવ્યું. શ્રીમંત આવ્યું તેથી કુંવરબાઇનો ઉમંગ વધવો જોઇએ પણ તેમ નહી બનતાં ચીંતામાં વધારો થયો. અને વીચાર કર્યો, હવે શી વલે થશે. ગરીબ પીતાથી મામેરૂ પુરાશે નહી તો જનમનુ મેહેણું ખાવાનું સાલ થશે. એવા વીચારમાંને વિચારમાં તેને કાંઇ ગમતુ નહોતું; છતાં પીતા ઇશ્વરનો ભકત છે, તેથી ઈશ્વર સહાયકુળ થાય, અને મામેરૂ પુરે એવી આશાથી તે સાસુ પાસે ગઈ અને કહ્યું; સાસુજી આપણા ગોરને જુનાગઢ મોકલો, તો મારા પીતાને કંકોતરી આપી આવે.

સાસુએ રીસ કરીને કહ્યું, શું તારા બાપને અહી બો

લાવી મારા ઘરની ફજેતી કરાવવી છે? વેરાગી જેવો આ-વી મારૂ આંગણું લજાવી મારે. ને તું ધારતી હઇશ કે તે મામેરૂ કરશે, પણ બધાં થોથાં. એ ભીખારી શું કર-વાનો હતો. સાધુ વેરાગીમાં પડયો રહેછે, ને દુનિયાદારીનું તો ભાનજ નથી, ને જ્યાં ત્યાં કરી પેટ ભરે છે, તે શું મામેરૂ લાવવાનો છે, માટે એ વિચાર છોડી દે.

ગાયન.

કુંવરબાઇ–(ગર્વથી ગાજે શું ગુલાબ) એ રાહ.

સાસુજી ન બોલો વધુ બોલ, બોલો બોલ વીચારી
મામેરૂ મંગળકારી, લાવે મુજ પીતા ભારી;

સાસુ–
તાળ, શંખ, તુળશી સારી, છાબે મુકે તે વારી,

કુંવર–
નહી નહી એવું બોલતાં કરો વીચાર ધારી–સાસુ.

સાસુ– **સાખી.**

આશા ધારો ઉરમાં, નક્કી ખાશો ધાપ,
કુંવર–ગરીબ તવંગર નવ ગણું, ગમે તેવો પણ બાપ;
પેહેરી ચતરૂભુજ ચુડી, લક્ષ્મી છે જેની લુંડી.
મોરલીધર સાચી મુડી;...............

સાસુ–...........જાવાદે જાવા ભુંડી
કુંવર–પ્રેમ કરી આવી પુરશે મન ઇચ્છા મારી–સાસુ,

મરાઠી સાખી.

સાસુ–તાત તારાનું ઉંચુ રાખે, પણ તે નહી રેહેવાનું
નવ આવ્યામાં નવ ગુણું છે, પછી નહી રહે કેહેવાનું
માટે તેડો નહી, એ વેરાગીને તમો અહીં;

કુંવરબાઇ— મરાઠી સાખી

જોગી કે વેરાગી સમજો, પણ અવસર નહિ ચુકે
ભક્તજનની ભીડ ભાગવા, ભગવત આગળ ઝુકે
માટે તેડો સહી, તે વીણ મુજને ચેન નહી

કુંવરવહુના અતી આગ્રહથી તેની સાસુએ પોતાના પતી શ્રીરંગધરને કહ્યું, કુંવર વહુ તેના બાપને કંકોતરી લખી તેડાવાની હઠ લઇને બેઠી છે, માટે નરસીંહમેહેતાને કંકોતરી લખી ખોખલાપંડયાને જુનાગઢ કંકોતરી આપવા મોકલો; શ્રીરંગધરમેહેતાએ પોતાની સ્ત્રીની વાત સાંભળી તરત નરસીંહ મેહેતા ઉપર કંકોતરી લખવા માંડી.

ગાયન.

(જાહેર આશછે જોગી તમારી) એ રાહ.

પાવન કરોને મેહેતા પધારી.
જગતમાં ભકતછો અમૃત સમ આપ
ભગવતપર દ્રઢ નીષ્ટા ધારી. પાવન
સાધુ માંહી સાધ્યમન, તત્વ માંહી તોડયું તન;
પવિત્ર તુમ દર્શન, જનેતા તમારી ધન્ય;
રટે નીરંતર બાળા તમારી. પાવન
ત્રુઠયા છે જુગદાધાર, વાંચી હરખો અપાર;
દીધું છે શ્રીમંત સાર, તુમ સુતાને આવાર;
પુરો મામેરૂ મંગળકારી. પાવન
કંકોતરી વાંચીને આવો, સગાં સ્નેહી સાથે લાવો;
પ્રભુથી તનારે દાવો, મળશે ન ફરી આવો;
અવસર તમને જુવો વિચારી. પાવન

ઉપર પ્રમાણે કંકોતરી લખી ખોખલા પંડયાને આપીને જુનાગઢ મોકલવા તઇયાર કર્યો. આવાતની કુંવરબાઇને જાણ થતાં તેણે પણ પોતાના બાપને એક પત્ર લખ્યો.

મરાઠી સાખી.

ત્રેવડ કરીને મામેરાન, આગળ ડગલુ ભરજો;
તેમ બને નહી તુમથકીતો, સ્નાન પુત્રીનું કરજો:
મેહેણાં ખવાય નહી, પ્રાણુ તજુ એક પલક મહી;
ભવનું મેહેણું ભાગો લાવો સારૂ મામેરૂ સાથે;
સ્વસુર પક્ષ સઘળો સંતોશો, ત્રીકમ છે તુમ હાથે;
વેગે આવો અહીં. વિલંબ જરીએ કરતા નહીં.

ઉપર પ્રમાણે પત્ર લખી કુંવરબાઇએ ખોખલા પંડયાને આપ્યો; બંન્ને પત્રો લઇ ખોખલો પંડયો જુનાગઢમાં નરસીંહરામને ઘેર આવ્યો, ને બંન્ને પત્ર નરસીંહરામને આપ્યા. નરસીંહરામે પત્ર વાંચી તરત સંતોને કહ્યું, સંતો! સંતો કહે આજ્ઞા માહારાજ! નરસીંહરામ કહે આપણી કુંવરબાઇને શ્રીમંત આવ્યું છે, તેની આ કંકોતરી આવી છે. માટે આપણે કુંવરબાઇને મામેરૂ કરવા જવું પડશે. અને તાકીદે તેડાવે છે, માટે તમે ગામમાંથી એકાદી વેહેલ બેહેલ માગી લાવો. સંતો કહે સારૂ બાપજી, કહી વેહેલ માગવા ગામમાં ગયા. નરસીંહરામે ખોખલા પંડયાને જમાડીને વીદાય કર્યો.

સંતો ગામમાં જે જે હરીજનો મંદીરમાં કીરતન સાભળવા આવતા હતા તેમને ઘેર ગયા, અને કુંવરબાઇના શ્રીમંતની વાતથી વાકેફ કર્યા, અને વેહેલ માટે માગણી કરી, કોઇએ જુની ધુંસરી, તો કોઇએ તળાવાં, કોઇએ પેંજણીઓ, તો કોઇએ પઈડાં, એમ પરચુરણ સામાન એકઠો કરી માહા મેહેનતે સાલસંચો ગોઠવી દોરથી બાંધી વેહેલ તઇયાર કરી.

વેહેલ તો શમે તેમ તઇઆર કરી પણ બળદ જોઇએ, તે સારૂ સાધુઓને ફરીથી દોડાવ્યા; સાધુઓ ગામમાં જઇ એક વૈષ્ણવ જનને ઘેરથી ઘરડો બળદ અને બીજાને ત્યાં-થી એક આખલું, એ પ્રમાણે માગી લાવી વ્હેલ જોડી તે-યાર કરી; તેમાં ઢોલ, ઘુઘરા, ઝાંઝો, પખાજ, ગોપીચંદનના ગાંસડા, તુળશીની માળાના કોથળા અને એક દાભડામાં કૃ-ષ્ણ દામોદરની મુર્તી, એટલો સામાન ભરી વહેલ હાંકી.

સટાક ચૌટા આગળ વેહેલ આવી એટલે નાગરો સર્વે હસ્યા અને સારંગધરે કહયું કયાં જાય છે લ્યા ન-રસઇઆ? કયાં ચાલ્યો લ્યા ટીલવા!

નરસીંહ મેહેતા—કુંવરબાઇનું મામેરૂ પુરવા.

સારંગધર—અલ્યા ટીલવા તું **શું** મામેરૂ પુરવાનો હતો! તારા ઢંગ તો જો ઢંગ! ઘરમાં એક દહાડાનું ખાવાનું તો છે નહી. ખાવાનું! નાગરી ન્યાતનું મામેરૂ પુરવું તે કાંઇ રમતની વાત નથી સ-મજ્યો ? નથી એમાં નાચવાનું કે કુદવાનું.

નરસીંહ—સારંગધરા મારાથી **શું** પુરાવાનું છે? દયાળુ દેવ પુરશેઃ કૃપાળુ નાથ પુરશે.

સારંગધર—મારો ઢોંગ ધતુરા જોને કરે છે ઢોંગ ધતુરા! અલ્યા ટીલવા! આ વ્હેલ કયાંથી લાવ્યો છું વ્હેલ? આ આખલું કોનું છે! (આખલાને હા-થ અડાડવા જાય છે ત્યાં આખલો પાટુ મારે છે તે સારંગધરને વાગે છે તેથી બાપલીઆ પો-કારતો બેશી જાય છે.)

નરસીંહ—કયાં વાગ્યું ભાઇ ? સંતો તેની સારવાર કરો!

સંતો—ધન્ય છે ભક્તરાજ ! જે તમોને આટલા હુંકારા હુંકારા કરે છે, તેને તેની કરણીનાં ફળ મળ્યાં છતાં તમો તમારી દયાળુ વૃતી ચુકતા નથી.

નરસીંહ—તેનાં કર્યા તે ભોગવશે, આપણે શા માટે આપણી વૃતી ચુકવી જોઇએ?

સંતો—ચાલો મેહેતાજી વાર ઘણી થઇ.

નરસીંહ—ચાલો, બોલો **રાધા કૃષ્ણની જય.**

નરસીંહરામે **રાધા કૃષ્ણની જય** બોલાવી વેહેલ ચલાવી, તે થોડે દહાડે વેહેવાઇના ગામની ભાગોળે આવી પોહોચ્યા. મેહેતાજી આવ્યા જાણી શ્રીરંગધર મેહેતા તેમનાં સગાંવહાલાંને લઇ સામા મળવા આવ્યા. અને નરસીંહરામને ભેટયા. નરસીંહ મેહેતા આવ્યા જાણી ગામનાં નાંનાં મોટાં સર્વ નરસીંહરામને જોવા ટોળે મળ્યાં, અને જે આવે તે મેહેતાને જે શ્રી કૃષ્ણ કહે, અને તેમને તેને મેહેતા જે શ્રી કૃષ્ણ કહે. એમ એમને કહેનાર અનેક ને તેમને ઉત્તર આપનાર મેહેતા એક, તેથી શ્રીરંગધર મેહેતાએ સર્વને વાર્યા; અને પોતાની સ્ત્રીને મેહેતાનો માટે ઉતારાની સોઇ કરવા મોકલી.

શ્રીરંગધર મેહેતાની સ્ત્રીએ મેહેતાને એક જુના ખંડીએરમાં ઉતારો આપ્યો. તે ખંડીએરની ભીંતો પડુ પડુ થઇ રહી છે. ભીંતોમાં લુણો લાગેલો છે, ભોંયતળીએ ખાડા ટેકરા છે, તેમાં ઉંદર, સાપ, વીંછી, કાનખજુરા વીગેરે ઝેરી જાનવરોનો વાસ હોય એવો ભાસ થાય છે. જુવા માંકણ અને મચ્છરનો તો તાગજ નથી. ઓરડીમાં પેસતાંની સાથે સંતોને જુવા અને મચ્છરો વળગી પડયા, તેથી ખણી ખણીને શરીરે મોટાં મોટાં ઢીંમણાં સુઝી આવ્યાં; તેથી તેઓ મેહેતાને

કહે મેહેતાજી આપણે તો બહાર બેશીશું,આપણાથી આખંડી એરમાં રહેવાય તેમ નથી, ને અહી ઠરીને ઠામ બેસાય તેમ નથી. મેહેતા કહે ઉતારો ઘણો સારો છે. અહીંઆં આઠે પહોર હરી કીરતન થશે. બીજે હોત તો બે પહોર ઉંઘત એટલો વખત વૃથા જાત; ધન્ય છે વેહેવાણને કે આવો ઉત્તમ ઉતારો આપ્યો. સંતો કહે ધન્ય છે બાપજી તમારી દ્રઢ ભક્તિને, અને દ્રઢ નિષ્ટાને.

ગામની ગવરીઓ મેહેતાજીને જોવા સારૂ મેહેતાજીને ઉતારે આવી, અને માંહોમાંહી વાતો કરવા લાગી કે મામેરાના કશા ઢંગ દેખાતા નથી. ત્યાં એક કહે નથી કેમ? એકેકી તુળશીની માળા આપશે માળા. તે પેહેરી પાવન થજો. બીજી કહે એનો વેશ તો જુવો ! નાકની ડાંડીથી તે ઠેઠ તાળવા સુધી ટીલુ તાણ્યું છે. જો કો ભેંસઈનીનજરે ચઢે, અને ખીલે બાંધેલી ના હોય તો જરૂર ભડકીને ભાગી જાય, તેમાં શક નહી. એના હાથ ઉપર છાપાં તો જુવો ! હરાયા ઢોરને તો એકાદો ડાંમ હોય, પણ આને તો દશવીશ ડામ દીધેલા છે, તો આને કેવો ગણુવો ? કારણ, હરાયા આખલાથીએ વધી ગયો ! ખાલી ફજેતી મેળવી જશે, ને બીચારી કુંવરવહુના ભોગ થશે. એને તો જનમારો મેહેણું રહ્યું જનમારો !

બીજી કહે એનું વીમાન તો જુવો વીમાન ! કડકા કે, ટલા ભેગા કરી ઉભુ કર્યું છે ! આતે આકાશે ઉડીને આવ્યું હશે કે, પાતાળે પેશીને આવ્યું હશે ? કુંવરવહુનાં ધન ભાગ્ય કે આવો હરી ભગત બાપ. એ પ્રમાણે ઘણી તરેહની ચેષ્ટા કરતી, સૌ ઘેર જવા તૈયાર થઈ.

સાધુ કહે ભગતજી બેલકુ કુય ખાનેકે વાસ્તે પુળા ખુળાતો મંગાઓ ? મેહેતા કહે એતો એમની મેળે લાવશે. આપણે આપણું ચલાવોને. **રાધેકૃષ્ણ રાધે; રાધે, રાધે; રાધે,**

નાગરણો કહે અલીઓ ઉભી રહો ઢોલ ખખડયું, હવે ભજનીયાં થશે. ભક્તાઇ શરૂ થઈ ભક્તાઇ ! એક કહે બેહેનો ઘરડાની કહેવત તો ખરી કે ભગતને બીલકુલ રીસ કે રોપ હોયજ નહી, તેમજ આ મહેતાની આપણે સઘળાં મળી ઓછી ચેષ્ટા કરીએ છીએ ? પણ છે તેમને કશુંય ! જાણે કે સાંભળતાજ નથી.

એક કહે મેહેતા બધુંય જાણે છે ને સાંભળે છે, પણ બોલવા જેવું હોય તો બોલેને કહેવત છે ને કે (ભાભા હોય તેવા ગવાય) એટલે શું કરે. નહીતર કાંઇ બાકી ના મુકે સમજ્યાં ? એ પ્રમાણે વાતો ચીતો કરી રહી છે, પણ મેહેતાજી તો ભજનની ધુનમાં બેઠા છે તેતો કશુંય જાણતાજ નથી, ને પ્રભુ નામ ઉચ્ચાર કરી રહ્યા છે.

કુંવરબાઇને પોતાના પીતા આવ્યાની ખબર પડતાં, તે પીતા પાસે જવા ઉતાવળી તૈયાર થઈ, ત્યાં તેની નણંદે કહ્યું, કુંવરભાભી, તમારો બાપ આવ્યો છે, તે નાશી જવાનો નથી, ઉતાવળ શા માટે કરોછો ? કુંવરબાઈએ કહ્યું, પીતાને મળવાની ઉલટ કોને ન થાય ? નણંદ કહે પીતાને મળવાની ઉલટ સઉને થાય પણ તે બાપ જુદા આવા વેરાગી નહી.

નણંદ— **મરાઠી સાખી.**

ધીરેથી પરવારો ભાભી ઉતાવળાં નહી થાશો
ઢંગ જોઇ એ વેરાગીના, પુરણ મન પસ્તાશો;
જાવું રેહેવા દીયો, આવ્યો તેવો જાવા દીયો.

મરો પીતા એવો હોય ત્યાંથી, નાહક લાજી મરીએ;
તેના કરતાં ન હોય સારૂ, સુખે ન બાપાં ફરીએ;
નહી ઢંગ કંઇ, દીસે મામેરાના તહી.

કુંવર—સારો નરતો પીતાએ મારો, હવે નહી બદલાએ;
સારો શોધી નરતો બદલવો, તમ થકી તે થાયે,
ડાહાપણ તુમ જાણ્યું, પોત તમારૂ પરમાણ્યું;

નણદીને ઉપર પ્રમાણે બોલ કહી, કુંવરબાઇ પોતાના પીતા પાસે આવી, પીતાને પ્રણામ કર્યા, મેહેતાએ કુંવરને છાતી સરસી ચાંપી. મામેરાના ઢંગ નહી જોવાથી કુંવરે કહ્યું પીતાજી, મામેરામાં શું લાવ્યા છો ? આવા ઢંગ જોઇ ગભરાઉ છું, કે લજ્જા શી રીતે રેહેશે ? અને આવી કઠણ સાસરીમાં દહાડા શી રીતે જશે ?

નરસીંહ મેહેતા કહે બેટા કુંવર નાહક જીવને ઉદ્વેગ શા માટે કરે છે? શામળીઓલાલ મામેરૂ પુરશે, દીનોનાથ મોસાળુ કરશે. કુંવરબાઇ કહે પીતાજી દીનોનાથ તે શું કરશે? મામેરૂ કરવા આવ્યા નથી, પણ ગામના લોક હસાવા આવ્યા છો. દુર્બળ તાતની દીકરીને સ્વપ્નામાંએ સુખ-ક્યાંથી હોય ? મામેરામાં શંખ, તાળ અને તુળશીની માળા, શીવાય કાંઈ નજરે પડતું નથી. મા મરતાં મહીઅર પડી ભાગ્યું; જો તે જીવતી હોતતો કાંકે કોડ પુરત; પણ હવે જીવીને જનમારો મેહેણાં ખાવા કરતાં આ દેહનો અંત આણવો શો ખોટો ? એ શીવાય બીજો રસ્તો સુઝતો નથી.

મેહેતા— મરાઠી સાખી.

ધીરી ધીરી દીકરી મારી, ઉંધા વીચાર ન લાવો
શું શું જોઇએ પુછી સાસુને; હાલ લખાવી આવો;

પ્રભુ પુરે સહી, મામેરૂ તે તારૂ અહી,
દર્શન કરીને જાઓ દીકરી, તોડ નથી આપણને;
વીવ્હા વખતે વચનજ આપ્યું, તોડ છે તેનો તેને;
જાઓ સુખેથી નામ વિસરશો ન સુખેથી,

કુંવરબાઇને શામળશાના લગ્ન વખતે ભગવાને આપેલું વચન યાદ આવતાં હીમત લાવી સાસુ પાસે ગઈ અને કહ્યું; સાસુજી ! મારા પીતાએ કહેવરાવ્યું છે કે મામેરામાં જે જે સામગ્રી જોઇએ તે લખાવો. સાસુએ કહ્યું એ જોગટા શું મામેરૂ કરવાનો છે? ખાલી કાગળ શા ચીતરવા કાગળ ! કુંવરબાઇને ખોટું લાગ્યું અને આંખમાંથી ચોધાર આંસું પડવા માંડયાં.

સાસુ કહે શું જોઇને રડવું આવે છે? જાણ્યો તારા બાપને ! આખી ન્યાતમાં ફજેત મેળવ્યાં. મામેરામાં છે શંખને તાળ એ. આ પ્રમાણેનાં વાક્ય વડસાસુને કાને પડતાં વડ સાસુએ કંવરબાઇની સાસુને ધમકાવી અને કહ્યું, ખબડદાર કુંવરવહુને કાંઇ કહ્યું છે તો ? બેટા કુંવરવહુ આવો હું લખાવું. એ છકેલીનું મોઢુ શા માટે ઉઘડાવોછો? લાવો ખડીઓ કલમ અને કાગળ, અને હું લખાવું તે લખો. કુંવરબાઇ ખડીઓ કલમ લઇ લખવા બેડી. ત્યાં વડ સાસુએ લખાવા માંડયું.

કંકુ શેર સવાપાંચ, સોપારી થેલા પાંચ, શ્રીફળ હજાર સાત, બ્રાહ્મણોને દાનમાં આપવાનાં પંચવસ્ત્ર જોઇએ તેટલાં ચાર ચોકડી તાસનાં થાંન, પચાસ,, સો વાઘા, આઠસેપાટ રેશમી સાડી સાતસો, મશરૂ તાકા પાંચશો, ગજીયાણી તાકા એક હજાર, હીર, ચીર, ધોતીઆં, જરકશીની સાડી, છીંટ, મુગટા, પીછોડી. છાયલ, પટોળાં તે સર્વે પુરાં પડે

એટલાં જોઇએ, શણીયાં સોળ હજાર, જમાઇને સોનાના સાંકળાં, તમને સોળ શણગાર, અને પાંચહજાર સોના મોહોરો રોકડી. ગરીબ છે તેથી વધારે લોભ નહી કરતાં સભા શોભતું લખાવ્યું છે. અને તેથી વધારે કરે તો તેમનો પાડ. ડોશીનાં આવાં વેણ સાંભળી કુંવરબાઇની નણંદ એકદમ ભુરકી ઉઠી.

નણંદ— મરાઠી સાખી.

બુઢ્ઢા થઈ મતી બગડી તમારી, વીચાર ઉરમાં લાવો;
એ વેરાગીથી નહી બનશે, લખ્યો કરીઆવર આવો;
ખાવા નહી દાણા, લખાવો મોટા એ પાહાણા;

કુંવરબાઇની નણંદ કહે મોટાં મા, બે મોટા પાહાણા લખાવો, જે મેહેતાજીથી આપી શકાય. તે વગર આ બધું લખાવ્યું તે થોથાં સમજજો થોથાં. તે શીવાય, ગોપીચંદન, ગેરૂ, તાળ, પખાજ, ઘુઘરા વિગેરે લખાવો કે જે હાજર તો ખરાં ! કુંવર ભાભી લખો મોટા બે પાહાણા. કુંવરબાઇએ નણંદના બોલનું માન રાખી તે પણ લખ્યા.

કાગળ લઈ કુંવરબાઈ મેહેતા પાસે ગઇ, અને કહ્યું પીતાજી ડોશીએતો ડાટજ વાળ્યો. મેહેતા કહે છે શું? કુંવર કહે, મોહોટા તવંગરથી પુરૂ ના પડે તેટલું લખાવ્યું છે.

કુંવર— મરાઠી સાખી.

ડોશીએતો ડાટજ વાળ્યો, પળ્યાં વરસ પાણીમાં;
મીઠીને વળી મનની મેલી, ગણાય ભક્તાણીમાં;
બોલી મીઠું આજ, લેવા ધારી તમારી લાજ.

મેહેતા— રાગ ઉપરનો.

શાન્ત થા શાન્ત થા, દીકરી મારી, ભરૂસે સરશે અર્થ:

એથી શે નહી ઝાઝું લખાવ્યું, શામળીઓ દેવા સમર્થ;
નહી ટાળે::ટાણું, બેહેન તું વાહાવા દે વાણું.

કુંવરબાઇ કહે પીતાજી, શાન્તિ કયાંથી થાય? ધીરજ કેવી રીતે રહે ? મામેરૂ પુરવાનું ચીન્હ તો એકે પ્રકારનુ જણાતું નથી. મેહેતા કહે દીકરી એ ભગવત ઉપર ભરોસો રાખ. જે ભગવાને દ્રૌપતીનાં ચીર પુર્યા, પ્રલ્હાદનાં સ્થંભે જઇને વસ્યા, મીરાંબાઇને રાણાએ ઝેરનો પ્યાલો મોકલેલો તે અમૃત કર્યું, બળતા નીભામાં મંઝારીનાં બચ્ચાંને ઉગાર્યાં, એવી રીતે ઘણા ભક્તોનાં કામ કર્યા તેજ ભગવાન મારો શામળીઓલાલ તારૂ મામેરૂ પુરશે. આપણું જેનો ભરૂસો છે, આધાર છે, તે શેઠ અગણીત દ્રવ્યનું દાન આપી ભક્તોનાં કાર્ય કરે છે. રાયના રંક ને રંકના રાય પણ તેજ શેઠ કરે છે. અને તે નાથની જેના ઉપર કૃપા દ્રષ્ટી થાય તેને કોઇ વાતની કમીના રહેતી નથી. માટે દીકરી ધીરજ ધરો ને તે કૃપા સીંધુનું રટણ કરો. કુંવરબાઈ કહે ઠીક પીતાજી, જેમ હરીએ ધાર્યું હશે તેમ થશે.

મેહેતાજીને મળી કુંવરબાઇ ઘેર ગઇ, અને બીજે દીવશે સવારમાં પીતા પાસે પાછી આવી. શ્રીરંગધરને ઘેરથી મેહેતાને બોલાવા આવ્યું, તેથી તેઓ કુંવરબાઇસહ વેહેવાઇને ઘેર ગયા, અને ત્યાં ભજનની ઝડી ચલાવી. અને ભગવાનનાં કીર્તન ગાવાં શરૂ કર્યાં.

કુંવરબાઈની સાસુ કહે મારા કયાં ભોગ લાગ્યા કે મેં આ ભગતડાને ત્યાં, આવા જાતસૂંજામણાને ત્યાં છોકરો પરણાવ્યો. આણે તો લજવી માર્યા, હવે તો આંગણેથી ટળે તો સારૂ. આના કરતાં જો હું વાંઝણી રહી હોત તો મારે

આંગણે આવો વેવાઇ તો ના આવત? તેમ મનમાં ને મનમાં બળીને ખાખ થવા લાગી.

થોડી વારે ભજન બંધ થયું. કુંવરબાઇની સાસુએ મેહેતાના ભજનને ઢોંગ ઠરાવવા ઉકળતું આંધણ જેવું પાણી મુકયું, અને મેહેતાજીને નહાવા બેસવા કહ્યું. મેહેતાજી નહાવા બેઠા, અને ઉકળતું પાણી જોઈ તેમાં ટાઢા પાણીનું સમોવણ માગ્યું. કુંવરબાઈની સાસુ કહે ભગતજી, માગ્યા મેહ વરસે છે ને અમારી પાસે પાણી શું માગતા હશો ? વેહેવાણનાં આવાં વચન સાંભળી મેહેતાજીએ ભગવાનની સ્તુતી કરવા માંડી.

મેહેતા— **સ્તુતી.**

(સુજ ના પડે પીયુ પ્યારા) એ રાહ.

કરૂ વિનતી હો પ્રભુ પ્યારા. વરસાવો મુશળધારા;
કરે ઠઠ્ઠા નાગર તારા, કેમ સુણાય કરણે મારા;
કરૂ વિનંતી તુજને પ્રભુ હું, સુણી બેશી રહયોછું કેમતું;
સત્ય ભક્તવત્સલ કાહાવું છું—હાં હાં;
જો મુશળધાર નહી વરસે, સૌ નાગર ઠેકડી કરશે;
તારે લાજી મરવું પડશે—કરૂ.

હરીશંકર કહે મણીશંકર? કુંવરબાઇનો બાપ વરસાદ વરસાવે છે વરસાદ ! મણીશંકર કહે શ્રીરંગધર મેહેતીએ જ્યારથી આવો જાત લજામણો વેહેવાઇ વહોર્યોછે ત્યારથી આપણને તો ખાત્રી થઈ ચુકી છે. વરસાદમાં શું વરસાવશે ઇંટા કે રોડાં? હરીશંકર કહે તે તો જે વરસાવે તે નજરે જુઓ એટલે વધારે ખાત્રી થશે. આ પ્રમાણે માંહોમાંહી પાંચ સાત જણા વાતોના ગપાટા મારતા ભગતની નીંદા કરવામાં ગુંથાયા.

નરસીંહરામે સ્તુતી કરી ભગવાને આપેલી તાળ બજાવી મલ્હાર ગાવો શરૂ કર્યો. મલ્હાર રાગ ગાવા માંડયો કે તરત આકાશ વાદળથી ઘેરાઈ ગયું. અને વીજળીઓના કડાકા થવા લાગ્યા. પવન પણ અતીશય ચઢયો ને ધુળના ગોટે ગોટ આકાશે ઉડવા માંડયા. અને તેથી આકાશના સામુ તો જોવાતુંજ નથી. ઉચું જોતાં આંખો પુરાઇ જાય એમ થઇ રહ્યું. એ પ્રમાણે પવનનું તોફાન થઈ વર્ષાદ થયો ને પુરણ જોશમાં વરસવા લાગ્યો. તે એવાતો જોશથી વરસ્યો, કે આખા નગ્રમાં પાણી પાણી કરી દીધું, અને ઘણાના ઘરોમાં પાણી પેશી ગયું, અને તેથી નગ્રજનોના હાંઝા છુટી ગયા. કુંવરબાઇની વડસાસુ આવી મેહેતાના ચરણમાં પડી વર્ષાદ રોકવા સ્તુતી કરી, અને (વેહેવાણ સામે આંગળી કરી) કહ્યું આતો અજ્ઞાન છે, અને અમો સર્વે એ આપની ભક્તિનો પ્રતાપ જાણ્યો નહી. હવે તો રેહેમ કરી વર્ષાદ બંધ કરો. નહીતર આખું નગ્ર તણાઇ જશે મેહેતાએ તાળ ખખડાવવી બંધ કરી કે વર્ષાદ અટકયો, હરીશંકર કહે કેમ મણીશંકર વરસાદ વરસ્યો ખરો ? મણીશંકર કહે શું એ ભગતે વરસાવ્યો ? ના! ના! આતો માવઠુ થયું માવઠુ. એમ તે માગ્યા મેહ વરસતા હશે? ને જો માગ્યા મેહ વરસતા હોયતો તેના આવા દેદાર હોય? એના દેદાર તો જો દેદાર !

હરીશંકર કહે હવે મામેરૂ ભરવાનો વખત થયો છે, તે વખત બધું જણાશે કે શું શું પુરે છે. મણીશંકર કહે મામેરામાં પુરશે શંખને તાળ બે તે શીવાય તેની પાસે છે શું ? કે પુરશે. હરીશંકર કહે તે બધું તે વખત જણાશે.

મેહેતાજી નાહીને ખટકર્મથી પરવાર્યા કે તરત શ્રી-રંગધરમેહેતાએ બીછાનાં બીછાવી સગાં વહાલાંને સાદ કર્યો કે મામેરૂ પુરે છે માટે જોવા પધારો. ગામમાં ખબર થતાં નહાનાં મોહોટાં સર્વે શ્રીરંગધરમેહેતાને ઘેર મામેરૂ જોવા આવ્યાં. મેહેતા બીછાના ઉપર બેઠા અને ઇશ્વર સ્તુતી ભગવાને આપેલી તાળ ખખડાવી કરવા માંડી.

સ્તુતી.

નરસીંહ—(જપતી પ્રીતમની જપમાળ) એ રાહ.

જલદી આવોને જગનાથ તમે પરવારી વેહેલા
વાર ન કરો પ્રભુ બની મન મેલા,
લઇને છાબ આવો ઝટઝટ છેલા;
વાર કરો નવી આવડી, નાગર ઉર અકળાય;
આળસ ઝટ અળગી કરો, થશે ચેકડી આંહ્ય
નોહોતા મેં જાણ્યા પ્રભુ આવા મન મેલા,
દોડ્યાં આવતા સંભાર્યા પેહેલા—જલદી૦
કુંવર તમારી કુંવરી, પુરો મામેરૂ આપ,
કહેવાનો હું જગતમાં, પણ સું સાચો બાપ;
પરવારી વચને પળો આવે આપેલા—લઇને૦

નરસીંહમેહેતાની સ્તુતી સાંભળી ભગવાને સર્વે રાણીઓને મામેરૂ પુરવા જવા તૈયાર કરીને ઓધવને હાથમાં ગજ આપી મુનીમ બનાવ્યો ને બીજા સાતસો જાદવોને ગુમાસ્તા બનાવ્યા, ને ભગવાન પોતે શેઠ બન્યા અને રાણીઓને નાગ્રણો બનાવી ગરૂડ ઉપર બેશી સર્વે શ્રીરંગધર મહેતાના ગામની ભાગોળે ઉતર્યા. મોસાળાની છાબ લક્ષ્મીજીને આપી નગ્રની ભાગોળેથી ગાતાં ગાતાં શ્રીરંગધર મેહેતાને ત્યાં ચાલ્યાં.

ભગવાને આગળ જઇ નરસીંહરામને શેઠ રૂપમાં દર્શન આપ્યાં. ભગવાનને જોતાંવાત નરસીંહ ઘણા હર્ષથી ભગવાનને ભેટયો અને કહ્યું, પ્રભુ પધાર્યા? ભગવાને કહ્યું મારૂ નામ દેતો નહી. નરસીંહ કહે સારૂ હવે હું મારે જાઉં છું, તમે તમારૂં ફોડી લેજો. ભગવાન કહે બેશ તો ખરો. નરસીંહ કહે ના હું ખોટી થાઉછું.

નરસીંહ—(પંથથી પરદેશી ચીત સોંપી) એ રાહ.

દઇ સોંપી બાધુ કામ હવે હું જાઉં......છું

ભગવાન—

જરા રોકાઓ.

નરસીંહ—તમે કરી અતીશય વાર ખોટી હું થાઉં......છું

ભગવાન— **સાખી.**

મામેરૂ સજવા રહયો લાગી અતીશય વાર,
પાછળ આવે છાબ લઇ ખરચો વિત્ત અપાર;

નરસીંહ—

જાણો તમે તમારૂ કામ ગુણ તુમ ગાઉં...છું—દઇ

ભગવાન— **સાખી.**

મારો કહયો મુકું નહી, ચુકું નહી લગાર,
ક્રોડોનું વિત્ત ખર્ચવા, બેઠો છું તૈયાર
સુણી પોકાર તારો ખોટી નહી જરી થાઉ...છું—દઇ.

લક્ષ્મીજી અને બીજી રાણીઓ નાગરણોના રૂપમાં છાબ લઇ ગાતી ગાતી આવતી જોઇ ગામના લોક વીસ્યમ પામ્યાં, અને તેમનું રૂપ જોવામાં લીન બની એકાગ્રહ ચીતથી તેમના સામું જોઇ રહ્યાં. લક્ષ્મીજીએ આવી બી-

છાનામાં છાબ ઉતારી; નાગરોએ કૃષ્ણજીને કહ્યું, તમારેને નરસીંહમેહેતાને શો સંબંધ છે, કે આ બધું કામ તમને સોંપી તે તો ભજનની ધુનમાંજ લાગી રહ્યા છે. કૃષ્ણજી કહે મેહેતા અમારા મીત્ર છે, ને અમારી સઇઆરી પેઢી ચાલે છે; મારા ઘરનો બધો કારભાર તે કરે છે, તેથીતેમનો બધો કારભાર મને સોંપ્યો છે. નાગરો કહે શેની પેઢી ચાલે છે ? ભગવાન કહે ઝવેરીની. નાગરો કહે કયાં ? ભગવાન કહે ઉત્તરમાં વૈકુંઠપુર નગ્રમાં. નાગરો કહે તમે પાછળ કયાંથી આવ્યા ? ભગવાન કહે મને ખબર એક દિવશ મોડી પહોંચી, તેથી મેહેતા નીકળી ગયા અને એક રાતનો આંતરો પડયો. (મણીશંકર કહે હરીશંકર આપણે તો જાણતા હતા કે મેહેતા ભીખારી છે, પણ તેમને ત્યાં તો ઝવેરાતની પેઢીઓ ચાલે છે ! હરીશંકર કહે દુર દેશાવર ચલાવે તેથી આપણને શું ખબર; પણ ભકતાઈ તો સાચી હો! જેને મામેરૂ કરવા આવ્યા છે, પણ તે તો જાણે જાણતા જ નથી ને કારભાર તેમના સૈયારીને સોંપી દઇ તેતો હરીભજનમાંજ લાગી રહ્યા છે. ધન્ય છે તેમની ભકતઇને! ઘેર ઝવેરીની પેઢી ચાલે છે છતાં છે લગાર મોટાઇ! મણીશંકર કહે અધુરો છલકાય, પુરો કદાપી છલકાય નહી.

શ્રીરંગધર કહે હવે મામેરૂ ભરવાનું કામ શરૂ કરો. ત્યાં ભગવાને કુંવરબાઇને બોલાવી પાસે બેસાડયાં, અને જાદવોને કહ્યું ગાંસડા છોડો ! જાદવોએ ગાંસડા છોડયા. ભગવાને કુંવરબાઇને પામરી આપી કહ્યું, લ્યો બેન આ પામરી તમારા સસરાને આપો; કુંવરબાઇએ પામરી સસરાને આપી; પછી સોળ શણગારનો દાબડો સાસુને માટે ભગવા-

ને આપ્યો, તે કુંવરબાઇએ લઇ સાસુને આપ્યો; સાસુતો શણગાર જોઇ દીંગજ બની ગઇ.

ભગવાને ખુસટીઆને બે તોલા સોનું નણંદને રાખડી બંધામણ પાંચ તોલાસોનું, ગોરને, ગોરાણીને, અમુલ્ય વસ્ત્ર આપ્યાં; કુંવરબાઇનાં જેઠ જેઠાણી, દીયર દેરાણી, વીગેરેને પણ ઘટતાં વસ્ત્ર આપી રાજી કર્યા; પછી ભગવાને નાગરી ન્યાતને સારાં અને અમુલ્ય વસ્ત્રો પેરામણીમાં આપી, આખી નાગરી ન્યાતને સંતોષી.

પેરામણી લઈ નાગરો ખુશી થયા, અને મેહેતાને ધન્યવાદ આપવા લાગ્યા. નાગરણો પણ અમુલ્ય વસ્ત્રો મળવાથી ખુશી થઇ કુંવરબાઇને ધન્યવાદ આપવા માંડયો; કે ધન્ય છે કુંવરબાઇને કે જેણે આવા હરીભક્ત અને તવંગર પીતાને ઘેર જન્મ ધારણ કર્યો !

ભગવાને કુંવરબાઈની વડસાસુએ લખાવેલ કાગળીઆ કરતાં અધીક મામેરૂ પુર્યું, પછી છેવટમાં બે પહાણા વાંચ્યા ત્યાં છાબમાં મોટાં સોનાનાં બે ગચ્ચાં મુકી દીધાં, આખું ગામ વાહવાહના ઉદ્ગારો કાઢવા લાગ્યું, અને વેહેવાણે છાબ વધાવી લીધી.

ભગવાને નરસીંહને કહ્યું નરસીંહ ? હવે કાંઇ ઇચ્છા છે ? જે ઇચ્છા હોય તે માગીલે. નરસીંહે કહ્યું; માગુછું એટલું કે કોઇ નાગર નાગો ભુખ્યો ના રહે. ભગવાને કહ્યું ધન્ય છે તને અને તારી ઉદાર અને પરોપકાર વૃતીને, કહી નરસીંહરામને ઇચ્છીતવર આપ્યો,અનેવિદાયગીરીમાગી

ભગવાન— **ગાયન.**

(જીવન જગમાં જોડવું કેમ શી એ રાહ)

ખુશી થાઉં જોઇ તુજ પ્રેમ
ધન્ય છે ધન્ય તારો નેમ

નરસિંહ—

પ્રભુ તુજ નામ ચુકુ હું કેમ—

ભગવાન— **સાખી.**

કામ, ક્રોધ, મદ, મોહ, સઉ, જીતી કાઢયું નામ,
દાસ બની હું તાહયરો, કાઢું તારૂં કામ.

નરસીંહ—

રટું તુજ નામ હું ચુકુ કેમ,

ભગવાન—

સાચો અતી તુજ પ્રેમ અનેમ—ખુશી

નરસીંહ— **સાખી.**

ઉરમાં નવ લેશો કશું, ગણી ગાંડો મુજનાથ,

ભગવાન—

અરરર એશું બોલીઓ, મુકું નહી કદી હાથ,
જોઇ તુજને, થઉ દીલ હેમ.

નરસીંહ—

પ્રભુ ઇચ્છું હું એવી રેહેમ—ખુશી.

પેહેરામણી પતી, પ્રભુ રાણીઓ અને જાદવો સહ પધાર્યા. મામેરામાં મળેલાં સર્વે જણ વેરાઇ ગયાં, અને મેહેતાએ કુંવરબાઇને લઇ જુનાગઢ તરફ જવાની તૈયારી કરી. એટલામાં કુંવરબાઇની નણંદ એકદમ દોડી આવી, અને કહ્યું, આખી ન્યાતને પેહેરામણી આપવા મળી પણ મારી ફુલફુલી છોકરી યાદ ન આવી. આ લ્યો

તમારૂ પાછું, મારે પણ લવું નથી. કુંવરબાઇ કહે પીતા હવે કેમ થશે ? મેહેતા કહે બેન ધીરજ ધર, તેના દરબારમાં ટોટો નથી (કુંવરબાઇની નણંદને) બાઇ તમે અધીરાં ના થાઓ તમારી છોકરીને પણ આપીશ; કહી ભગવાનનું સ્મરણ ભગવાને આપેલી તાળ વગાડી કરવા માંડયું.

ગાયન.

(મને સહાય કરશે) એ રાહ.

વ્હાર કરો વીઠલ આ વારીરે,
નહીતર જાશે લજ્જા તમારી,
પેહેરામણી પુરી, એક બાળા અધુરી.
તેને મુકી તમે કેમ વીસારી,—વ્હાર.
શામળશા બની તમે હુંડી શીકારી,
શ્રાધ્યે નાગરની ન્યાત જમાડી;
એવી રીતે વ્હાર કરો, આપો કાંઈ વીચારી—વ્હાર

નરસીંહરામની સ્તુતી સાંભળી ભગવાને લક્ષ્મીજીને કહ્યું, આપણે મામેરૂ તો પુર્યું, પણ કુંવરની નણંદની છોકરી બાકી રહી છે, માટે નરસીંહ તેને આપવા માટે વીનવે છે. લક્ષ્મીજીએ કહ્યું આટલું કર્યુ છતાં પણ બાકી રહ્યું કે, ભગવાન કહે હા. લક્ષ્મીજી કહે તો કાંઇ આપો. ભભગવાને અંત્રીક્ષથી એક કાપડું નાંખ્યું, તે મેહેતાજી પાસે આવીને પડ્યું;તેલઇમેહેતાજીએકુંવરબાઇની નણંદને આપ્યું, અને કુંવરબાઇનું જનમારાનું મેહેણું ભાગ્યું, અને શ્રીરંગધર પાસે મેહેતાએ વીદાયગીરી માગી.

શ્રીરંગધર અને બીજા નાગરો મેહેતાજીની ભક્તિને વખોડતા હતા તેઓ સર્વે આવી મેહેતાના ચરણમાં પડ્યા: અને મેહેતાજીની સ્તુતી કરી ધન્યવાદ આપવા લાગ્યા.

કુંવરબાઇની સાસુ, વડસાસુ, નણંદ, જેઠાણી, દેરાણી વીગેરે ગામની સ્ત્રીઓ કુંવરબાઈને ધન્યવાદ આપવા લાગી.

મેહેતાએ વ્હેલ જોડી સાધુઓને તૈયાર કરી વેહેલ હાંકી. ગામનાં સઘળાં નાનાં મોહોટાં મેહેતાને ગામની ભાગોળ સુધી વળાવવા ગયાં. અને મેહેતાને તથા કુંવરબાઇને મળી ભેટી છુટાં પડયાં, ને જ્યાં સુધી વેહેલ સૌની નજરે પડી ત્યાં સુધી એક ટસે જોઈ રહ્યાં, અને વેહેલ દેખાતી બંધ થઇ ત્યારે સૌ સૌને ઘેર વેરાઇ ગયું, અને મેહેતા કુંવરબાઇને તેડી જુનાગઢ આવ્યા. કુંવરબાઇને પુત્ર પ્રસવ્યો ત્યાં કુંવરબાઇનો પતી દેવલોક પામ્યો, તેથી કુંવરબાઇ વીધવા થઈ; અને પુત્ર પણ ગત થયો, તેથી તે તેની ભાભી જુઠીબાઈ સાથે રહી, ઇશ્વર ભજનમાં કાળ નીરગમન કરવા લાગી.

પ્રકરણ ૧૨ મું.

નરસીંહરામે સારૂ મામેરૂ પુર્યાના ખબર જુના ગઢમાં ઘણે વખતે આવ્યા; આ ખબર સાંભળી સારંગધરનો પીતો ઉછળ્યો, અને વિચાર્યું કે આતો મારો બેટો ખોટે ખોટું ભકતાણું કરીને ખોટો ડોળ બતાવી નામના મેળવતો જાય છે; તેને કોઈ મુદ્દાસર રાજા પાસે લઇ જઈ તેને ખરાબ કરવો. તે શીવાય રાજા માનશે નહી; કારણ જો મુદ્દા વગર જઇશતો વીવ્હા વખતે બન્યું હતું તેવું બનશે, માટે કાંઈ યુકતી કરવી.

વીચારમાં ને વીચારમાં તેને જુનાગઢની ફુલકી નામની નાયકા યાદ આવી; તેણે વીચાર્યું કે તેના ધંધામાં તેએવી તો હોંશીયાર છે, કે ગમે તેવો હોય તેને એક પલકમાં પાણી પાણી કરી નાંખે છે; તેથી તેને મેહેતા પાસે મોકલવી, તે મહેતાને ફસાવશે; લાગ જોઈ મંડળીકને લઇ જઇ તેની સીદ્ધઇનો ડોળ બતાવી, તેને યોગ્ય શાસન અપાવીશું.

આ પ્રમાણે વીચાર કરી તે ફુલકીને ત્યાં ગયો, અને તેને લાલચ આપી મેહેતાને ફસાવાની વાત કહી. ફુલકીએ કહ્યું તેની તે શું વીશાત છે! મોટા મોટાને વશ કર્યા, તો એ ભગતડો શું હિસાબમાં છે; હાલ જઇ મેળવી લઉં છું, એમ કહી ભકતાણીનો વેશ લઇને નરસીંહરામના મંદીરમાં ગઇ. અને ભજનમાં ભળી ગઈ.

ભજન પુરૂં થયા બાદ ફુલકીએ નરસીંહરામ પાસે ઇચ્છીત વસ્તુની માગણી માગવા, મેહેતાજી પાસે વચન માગ્યું; મેહેતાજીએ તેને માગવાનું કહેતાં, ફુલકીએ મેહેતાજી

સાથે વીષય ભોગ માગ્યો. મેહેતાજી કહે અરરરર! એ શું બોલ્યાં માતાજી! તમારી દેહનો વિચાર કરો, ખાલી મોહમાં શા માટે તણાઓ છો? ગંદીકાયાને પવિત્ર કરવા પ્રભુજી પ્રત્યે માગણી કરો, ને તેનું રટણ કરો. ફુલકીએ કહ્યું ભક્તરાજ! તે બધુ ખરૂ, પણ પ્રથમ મારી માગી વસ્તુ આપી આ કામાગ્નીથી બળતી દેહનો બચાવ કરો.

મેહેતાએ તેને કહ્યું, દેહનો ખાલી ગર્વ ના કરો; જાનવરોની દેહ કરતાં આપણી દેહ નકામી છે. જાનવરોની દેહનો ઉપયોગ થાય છે. ચામડુ કામમાં આવે છે, હાડકાં પણ કામમાં આવે છે, અને આપણી દેહ તો તદ્દન નકામીજ છે; તે કાંઇ પણ ઉપયોગમાં આવતી નથી; દેહનો ગર્વ છોડી ભગવત ભજનમાં દેહનો ઉપયોગ કર, અને જન્મ મરણનો ફેરો ટાળવાના કામમાં ગુંથા, જેથી ફરીથી માતાના ગર્ભ વાસમાં દેહ ધારણ કરવો ના પડે, અને સ્વર્ગનું સુખ મળે, વિગેરે ઘણાંક બોધનાં વચનો મેહેતાએ ફુલકીને કહ્યાં.

મેહેતાનાં બોધનાં વચન સાંભળી, ફુલકીની આંખ ઉઘડી; કરેલ કર્મનો પસ્તાવો થયો, તથા સારંગધર કે જેણે મેહેતાને ફસાવા મોકલી હતી, તેને ધીટકાર આપવા લાગી, તથા પોતાના ધંધાને તન મનથી ધિક્કારી, સાચી ભક્તાણી બની; અને છેવટમાં મોક્ષ પદને પામી.

વહાલા વાંચકવૃંદ વેસ્યા સ્ત્રી કે જેને રૌ રૌ નર્કમાં પણ ઠામ ના મળે, તેણે પોતાના કરેલ કર્મનો પસ્તાવો કરી, કુકર્મ તજી, સાચી ભક્તીમાં જોડાઇ, છેવટે મોક્ષપદને પામી, તો તમો પણ તમારાં પાપ કર્મનો પસ્તાવો કરી, તેવાં કર્મને તન મનથી ધીક્કારી, નીતી માર્ગે ચાલી, ઇશ્વરની ભક્તિ કરશો, તો તમો પણ છેવટમાં મોક્ષ પદને પ્રાપ્ત

થશો; માટે એવાં વિષયાદીક કુકર્મો જેને તમે સુખ માનતા હો, તેનો તન મનથી વીચાર કરો, તો સમજાશે કે તે આફાની દુનીયામાં કાંઈ પણ સુખ રૂપ નથી, ને છેવટમાં રૈ રૈ નર્કમાં વાસ કરાવનાર છે; માટે જેવી રીતે ફુલકીએ તર છોડી ઇશ્વર ભજનમાં ચીત્ત લગાડયું, તેમ તમો પણ તેવાં પાપકર્મ તજી, ઇશ્વર ભક્તિમાં ચીત્ત પરોવી, છેવટે સદગતીને પ્રાપ્ત થાઓ અસ્તુ

ફુલકી ઘણીવાર સુધી આવી નહી, ને કરેલ વાયદો વીતી ગયો, તેથી સારંગધરની ખાત્રી થઇ કે જરૂર ભગતડાને ફસાવ્યો હશે, તેમાં ભુલ નહી; તેવો વીચાર કરી નરસીંહરામના મંદીરમાં ગયો, અને ફુલકીને ભજનમાં લીન બનેલી જોઇ, ફુલકીને બોલાવીને કહ્યું, કેમ શું કર્યું? ફુલકીએ કહ્યું નિર્ભાગી! તું હરીભગતને ફસાવા ગમે તેટલાં ફાંફાં માર, પણ તારા જેવા પાપીઓ તેમની દ્રઢનીષ્ટા પાટે જખ મારે છે, સમજ્યો ? તે અકર્મીએ મને હરીજન મેહેતાને ફસાવા મોકલી, પણ સમજે છે? કસોટીએ સોનુંજ ચઢે. તારા જેવું પીતળ જખ મારે છે. હરીજનને ફસાવાનું કહેતાં તારી જીભે વાઢ કેમ ના પડયા ? અભાગીઆ તને રૈ રૈ નર્કમાં પણ ઠામ મળવો નથી, ને હજી પણ કહું છું કે જો તારૂ શુભ ઇછિતો હોય તો તારી હરીજનને ફસાવાની પેરવીઓ મુકી દે; તું તારી એક પેરવીમાં ફાવનાર નથી, તે નક્કી સમજજે; હરીજન મેહેતાની દ્રઢ નીષ્ટા અને દ્રઢ ભક્તિ આગળ, તું અને તારી પેરવીઓ જખ મારે છે, સમજ્યો ?

ફુલકીનું આ ભાશણ સાંભળી સારંગધર તો સ્તબ્ધજ બની ગયો, અને કહ્યું ફુલકી! આ તું શું બોલે છે ? ફુ-

લકી કહે, હું જે કહું છું તે સત્યજ છે; તું મેહેતાનું બુરૂ કરવા ધારે છે, તેથી તને રોમ રોમ કીડા પડશે, ને કોઇ કાઢનાર નહી જડે કાઢનાર. સારંગધર કહે, તને પણ ભગતડે જાદુ કર્યું હોય તેમ દેખાય છે.

ફુલકી કહે જાજા કાળમુખા કુતરા ! તું એમ સમજે છે કે તું કોઈ પણ રીતે મેહેતાની વૃતી ચળાવી શકીશ ? સારંગધર કહે હા ! હા! ફુલકી કહે જા ! જા ! તારા જેવા તેમની અચળવૃતી આગળ ખાંડ ખાય છે ! ખાંડ. તું હરીભગત મેહેતાને સતાવા તેમની પાછળ પડ્યો છું, તો તને તારી કરણીનાં ફળ મળશે. સુરજ સામે ધુળ ગમે એટલી ઉછાળ પણ તે ઝાંખો નહીજ થાય, તે નક્કી સમજજે. અને, તે ધુળ તારીજ આંખમાં પડવાની. મેહેતાને નાંખવા ગમે તેટલા ખાડા ખોદ, પણ તે ખાડામાં તુજ પડવાનો. બાવળનાં બી વાવી આંબાની આશા સ્વપ્ને પણ સમજતો નહી, માટે જા, તને તારી કરણીનાં ફળ ભગવાન આપશે, બીજું કાંઇ કહેતી નથી, કહી ભજનમાં ભળી ગઈ; તે અરસામાં નરસીંહરામના મામા અનંતરાયની સ્ત્રી નરસીંહરામને પાણી પાવા આવી.

સારંગધરે વીચાર કર્યો કે ફુલકીને મોકલી એ ભગતડાને ફસાવા, પણ મારા બેટાએ જાદુના જોરે ફુલકીને ફસાવી; લોક કહે છે કે દરરોજ ભજનમાં અનંતરાયની વહુ નરસીંહની મામી પાણી પાય છે, ને તેના શીવાય બીજા કોઇના હાથનું પાણી એ ભગતડો પીતો નથી; તેથી અનંતરાયને ચડાવી તેની મામીને આવતી બંધ કરૂ, પછી જોઉં કે શું બને છે આવો વીચાર કરી તે અનંતરાયને ત્યાં ગયો

અનંતરાય બેઠા છે, ત્યાં સારંગધર આવ્યો, અને કહ્યું અનંતરાય મેહેતા, તમારી સ્ત્રી સાથે તમારો ભાણેજ નરસઇ આડો વહેવાર રાખે છે. અનંતરાય કહે તેમ કદાપી હોયજ નહી; સારંગધર કહે, તો ચાલો તમારી ખાત્રી કરી આપું પછી તો માનશોને ? અનંતરાય કહે ખાત્રી કરી આપો તો પછી કેમ ન મનાય ? શી ખાત્રી ? સારંગધર કહે તમારી સ્ત્રી ત્યાં પાણી પાવા આવે છે કે નહી તેની. અનંતરાય કહે ચાલો, સારંગધર કહે ચાલો ત્યારે; બન્ને જણા નરસીંહરામના મંદીરમાં આવ્યા, અને એક બાજુ છુપાઇને તમાશો જોવા સારૂ બેઠા.

નરસીંહરામને ત્યાં ભજનની ઝડી ચાલી રહી છે, ત્યાં તેમની મામી અનંતરાયની સ્ત્રીએ આવી મેહેતાને પાણી પાયુ, અને તે ઘેર ચાલી ગઇ. આ બનાવ જોઈ અનંતરાયની ખાત્રી થઇ કે નક્કી કાંઇ હોવું જોઇએ; માટે તેની ઘેર જઇને વાત; આવો વીચાર કરી સારંગધરને સાથે લઇ ઘેર ગયા.

અનંતરાયે પોતાની સ્ત્રીને કહ્યું કે તું નરસીંહને પાણી પાવા કેમ જાય છે ? તેમની સ્ત્રી કહે હું પાણી પાવા જાઉછું તેમાં તમારૂ શું લઉ છું ? અનંતરાય કહે બસ, તારે

એક ઓરડામાં પુરી બહારથી તાળું દીધું.

ભગવાનને ચીંતા થઈ કે આતો બુરૂ થયું. કારણ કે તે તેની મામી શીવાય બીજાના હાથનું પાણી ભજનમાં પીતો નથી, ને તે મારૂ નામ દેતો હોય તે વખતે તરશે મરાશે વળી, એવો વીચાર કરી બીજે દીવસે ભગવાન અનંતરાયની સ્ત્રીનો વેશ લઇ પાણી પાવા જવા વિચાર કર્યો.

બીજે દીવશે અનંતરાય મહેતાએ પોતાની સ્ત્રીને ઓરડામાં પુરી બહારથી તાળુ દઈ સારંગધર સાથે નરસીંહ મહેતાને આજે કોણ પાણી પાય છે, તે તમાશો જોવા નરસીંહરામના મંદીરમાં આવ્યા, અને છુપાઇને એક જગો ઉપર બેઠા. ભજનની ઝડી ચાલે છે તેવામાં ભગવાન તેની મામીના રૂપે પાણી લઇને આવ્યા, અને નરસીંહરામને પાયું.

આ બનાવ જોઈ સારંગધરે અનંતરાય મહેતાને ઉસ્કેર્યો, અને માંડળીક રાજા પાસે ફરીઆદ કરવા મોકલવાનું નક્કી કરી, માંડળીક રાજા પાસે જવાનું કહી મોકલ્યા; અને પોતે સંન્યાસીઓને માંડળીક પાસે લઇ જઇ ધર્મનો વાદ વિવાદ કરાવી નરસીંહને ખોટો ઠરાવાના હેતુથી, તે સંન્યાશીઓ પાસે જવા નિકળ્યો.

સારંગધરની કૃતઘ્નતા ઓધવજીથી જોઇ શકાણી નહી, તેથી તેને શીક્ષા વાળવાના હેતુથી નાગનું રૂપ લઈ રસ્તામાં પડયા. સારંગધર સંન્યાસીઓને ઉસ્કેરી રાજા પાસે લઈ જવાના વીચારમાં ને વીચારમાં ચાલ્યો જાય છે. તેને એકદમ પગે ડંશ માર્યો.

સારંગધરને હળાહળ ઝેર વ્યાપ્યું, અને શબવત થઈ ગયો. તેના શબને નાગરોએ બધા ગામમાં ફેરવ્યું, અને મોટા મોટા ઉતારનારાઓ પાસે લઇ ગયા, પણ કાંઇ વળ્યું નહી. શાનું વળે, ઓધવજીને તેને શીક્ષા વાળવી છે; એટલે નરસીંહ શીવાય બીજાને હાથે શેના ઉતરે ? છેવટે તેના શબ સાથે તેનાં સગાં વહાલાં આક્રંદ કરતાં નરસીંહરામના મંદીર પાસે થઈને નીકળ્યાં, ત્યાં એક નાગરે વીચાર કર્યો કે મહેતા જાદુગર છે, વાસ્તે વખતે ઉતારે તો પુછી જોઉ; એવો વીચાર કરી મહેતા કે જે ભજનનીધુનમાં

લાગી રહયા હતા, તેમની પાસે ગયો, અને કહયું ભગતજી ! તમને સાપ ઉતારતાં આવડે છે ? મેહેતાએ કહ્યું કોને કરડયો છે ? નાગરે કહ્યું સારંગધરને. નાગરે બ્હીતાં બ્હીતાં સારંગધરનું નામ દીધું, કારણ તેણે વીચાર્યું કે વખતે સારંગધરનું નામ સાંભળી જાણતો હશે તો એ ના કહેશે. પણ મેહેતા હરીજન હતા, તેમને તો રીશ કે દ્વેષ કશુંય નહોતું; તેમણે કહ્યું કે લાવો મારી બનતી મેહેનત કરી ઉતારીશ.

ઉતારીશ એ શબ્દ સાંભળી નાગર દોડયો, તે તેના શબ સમેત સાથેના નાગરોને લઇ મંદીરમાં આવ્યો, અને સારંગધરના શબને સુવાડયું. સારંગધરના શબની પાસે આવી ભગવાનનું નામ દઇ, એક અંજળી પાણીની ભરી, સારંગધરના મ્હોં ઉપર છાંટી; પાણી છાંટતાંની વાર નાગ રૂપે ઓધવજી ડસ્યા હતા તે ઉતરી ગયા. અને સારંગધર આળસ મરડી બેઠો થયો. મેહેતાએ તેને નાગ કરડેલો હતો તે ઉતાર્યો સાંભળી સારંગધર વધારે ઇર્ષાવાન થયો. કારણ કે તેને મહેતાને પાછા પાડવા હતા, પણ મેહેતા તો જશ મેળવતા જાય છે, તેથી ઇર્ષાવાન થયો, અને તેને સાથેના નાગરો ઘેર લઇ ગયા.

ઇર્ષાવાન માણસ કદાપી કાળે ઇર્ષા છોડતો નથી. ઓધવજી તેને શીક્ષા વાળવા માટે નાગ થઇ ડસ્યા, પણ આ તો ઉલટો વધારે ઇર્ષાવંત થયો. તેની આવી વૃતી જોઇ, ઓધવ અચંબો પામ્યા, અને નરસીંહરામની રાગ દ્વેશ માં નિર્વિકાર વૃતી માટે ભગવાન લક્ષ્મીજી સહ બીરાજ્ય હતા ત્યાં જઇ નરસીંહરામને ધન્યવાદ આપ્યો.

ભગવાન—લક્ષ્મીજી ! જોઇ મારા ભક્તની વૃતી ?

લક્ષ્મીજી—જોઈ; પણ તમારા ભક્ત કદાપી કાળે વૃતી ચળિત નહી થતા હોય ?

ભગવાન—કદાપી કાળે નહી.

લક્ષ્મીજી—પ્રાણ ઉપર આવે તો પણ ?

ભગવાન—પ્રાણ ઉપર આવે તો પણ નહી.

લક્ષ્મીજી—તે તો હું માનતી નથી,

ભગવાન—કેમ ?

લક્ષ્મીજી—તમારા ભક્ત પ્રાણ ઉપર આવેથી વૃતી ચળિત ન થાય તે,

ભગવાન—તમને ખાત્રી કરી આપું, પછી તો માનશોને?

લક્ષ્મીજી—શી ખાત્રી ?

ભગવાન—મને કેદારો રાગ પ્રીય છે તે તો તમે જાણો છો. તે રાગ કોઇને ત્યાં ગીરે મુકાવરાવીએ, અને તે રાગ ગાયા શીવાય મારે તેને ગમે તેવી રીતે ભીડ પડે તો પણ તેની પાસે જવું નહી. ને તમારા વીનવ્યા શીવાય તે રાગ છોડાવવા પણ જવું નહી. પછી તે ગીરો મુકેલો રાગ ગાય છે કે નહી, તે જોશો એટલે તમારી ખાત્રી થશે.

લક્ષ્મીજી—પણ કેદારો રાગ ગીરો શી રીતે મુકાવશો ?

ભગવાન—તમો બનો બ્રાહ્મણી, ને હું બનું બ્રાહ્મણ; અને ચાલો નરસઈ પાસે.

લક્ષ્મીજી—શું કરવા ?

ભગવાન—યાચના કરવા.

લક્ષ્મીજી—શી ?

ભગવાન—પુત્રીને કન્યાદાન દેવું છે, માટે સાઠ રૂપીઆ આપો. તેના કહેવાનો નથી, ને તેની પાસે એક પાઇ પણ નથી, એટલે ગમે તેને ત્યાં માગવા જશે, પણ કોઇ અંગ ઉધાર આપનાર નથી, પણ જુનાગઢની પાસે તલાજા ગામમાં ધરણીધર નામનો ભક્ત છે, તે પરમારથ જાણી કેદારો રાગ ધરાણે રાખી રૂપીઆ આપશે. તે લઇ ચાલ્યાં આવીએ.

લક્ષ્મીજી—પછી ?

ભગવાન—પછી શું, તેને જ્યારે ભીડ પડે, ને મને યાદ કરે, ત્યારે તમારે તેના સખી મંડળમાં જઇ કહેવું કે મેહેતા કેદારો ગાય તો પ્રભુ આવે.

લક્ષ્મીજી—પછી ?

ભગવાન—મારી ખાત્રી છે કે કદી તેના પ્રાણ ઉપર આવી પડે તો પણ કેદારો રાગ ગાવાનો નથી, એટલે તમારી ખાત્રી થશે

લક્ષ્મીજી—ચાલો.

ભગવાન અને લક્ષ્મીજી બ્રાહ્મણનું રૂપ લઇ નરસીંહ મેહેતા ભજન કરે છે ત્યાં આવ્યાં, અને નરસીંહરામને કહ્યું, ભક્તરાજ, હમારે કંન્યાદાન દેવું છે, તેમાં સાઠ રૂપીઆની જરૂર છે, માટે આપો. પરોપકારી મેહેતાએ કહ્યું એસો હું હાલ લાવી આપું છું, કહી ગામમાં ઉધાર રૂપીઆ લેવા ગયા. ગામમાં જઇ બધે ઉધાર રૂપીઆ માગ્યા, પણ કોઇએ આપ્યા નહી, તેથી તલાજે ધરણીધર મેહેતા પ્રભુનો ભક્ત છે તે આપશે, એવો વિચાર કરી મેહેતા તલાજે ગયા.

તલાજે આવી ધરણીધર મેહેતા પાસે સાઠ રૂપીઆની માગણી કરી. ધરણીધર મેહેતાએ કહ્યું, એવું શું કામ પડયું છે ? નરસીંહ

રામે કહ્યું, એક બ્રાહ્મણની પુત્રીને કન્યાદાન દેવાનું છે, તેને આપવા છે. ધરણીધર મેહેતાએ કહ્યું, કાંઈ અવેજ બવેજ લાવ્યા છો ? નરસીંહરામે કહ્યું અવેજ તો નથી. ધરણીધર મેહેતાએ કહ્યું. અવેજ શીવાય હું કોઇને રૂપીઆ આપતો નથી. નરસીંહરામે કહ્યું અવેજ તો નથી, પણ કેદારો રાગ જે મારા ભગવાનને ઘણો પ્રિય છે, તે રાગ તમારે ત્યાં ગીરો મુકું, અને તમને રૂપીઆ આપ્યા શીવાય તે રાગ ગાઇશ નહી.

નરસીંહરામની પરોપકાર બુદ્ધિ જોઈ, ઇશ્વર ઉપર આકીન રાખવાવાળા હરી ભગત ધરણીધરે તેને મનથી ધન્યવાદ આપ્યો,::અને વગર અવેજે રૂપીઆ આપવા કહ્યું. નરસીંહરામે તે માન્યું નહી, ને કેદારો રાગ લખી આપી કાગળ ધરણીધર મેહેતાને સોંપ્યો.

કાગળમાં લખ્યું કે કેદારો રાગ ધરણીધર મેહેતાના રૂપીઆ સાઠ લીધા છે, તે વ્યાજ દોકડા સાથે આપ્યા શીવાય મારે ગાવો નહી. એ પ્રમાણે લખેલો કાગળ ધરણીધર મેહેતાને સોંપી સાઠ રૂપીઆ લઇ જુનાગઢ પોતાના મંદીરમાં આવ્યા, અને બ્રાહ્મણ રૂપ ભગવાન અને લક્ષ્મીજીને તે રૂપીઆ આપી પગે પડયા. ભગવાને હાથ ઝાલી ઉઠાડયા, અને પછી તેને આશીશ આપી વીદાય થયા.

રસ્તામાં ભગવાને લક્ષ્મીજીને કહ્યું, જોયો મારા ભક્તનો પ્રેમ ? લક્ષ્મીજી કહે પ્રેમ તો જોયો છે, ફક્ત તેની વૃતી અને નેમ જોવાનો છે. ભગવાન કહે તે જોશો ત્યારે ખાત્રી થશે; કહી વૈકુંઠમાં ગયા.

——:*:——

પ્રકરણ ૧૩ મું.

ભુડો ભુંડાનો ભાવ ન તજે, તે કહેવત અનુસાર સારંગધર સંન્યાશીઓ પાસે ગયો અને કહ્યું, સન્યાશી; મહારાજ ! આજ કાલ નરસઈઆ બગ ભગત આગળ તમારો તો કોઇ ભાવજ પુછતું નથી. એની પાસે શું જાદુ વીદ્યા છે તે કાંઇ કહીજ શકતો નથી. જે જાય છે તેને જાદુમાં આંજી નાંખે છે. કાંઇ બોરનું બેંટ સરખું પણ જાણતો નથી; માટે તમો માંડળીક રાજા પાસે જાઓ, અને નરસઇઆને ત્યાં બોલાવી, શાસ્ત્રના સ્વાલ પુછી, ભોંઠો પાડો; કારણ કે તેને બોરનું બેંટ આવડતું નથી, તેથી તમારા શાસ્ત્રના સ્વાલના જવાબ આપી શકવાનો નથી. સંન્યાશીઓને તે વાત રૂચી, તેથી સારંગધર સાથે દરબારમાં જવાનું કબુલ કર્યું, અને જવા તૈયાર થયા.

માંડળીક રાજા સભા ભરી બેઠા છે, ત્યાં અનંતરાય મેહેતા ફરીયાદ પોકારતા માંડળીકરાજા પાસે આવ્યા. માંડળીકે કહ્યું અનંતરાય મેહેતા છે શું ? અનંતરાય કહે મહારાજ નરસઇઓ જુલમ કરે છે. માંડળીક રાજા કહે શો ? અનંતરાયમેહેતા કહે મારી બૈરી તેને ભજનમાં પાણી પાવા જતી હતી; તેને મેં ના કહી તો પણ તેણીના ઉપર તે ભગતડે શું જાદુ કર્યું હતું કે, મને કહે બસ જઈશ, જઈશ ને જઈશ. ત્યારે મેં તેને ઘરમાં ઓરડામાં પુરી બહારથી તાળુ દઇ હમો નરસીંહરામને ઘેર ગયા, કારણ અમને એમ ખબર મળી હતી કે નરસઇઓ ભજન વખતે તેની મામી શીવાય, બીજાના હાથનું પાણી પીતોજ નથી; તેથી ત્યાં જોવા ગયા કે આજ કોના હાથનું પાણી પીએ છે. હમો ત્યાં જઈ છુપા રહી તમાશો જોતા હતા, એટલામાં મારી સ્ત્રી ત્યાં આવી અને નરસઈઆને પાણી પાયુ. મેં

મારા ઓરડામાં પુરી તાળુ દીધું હતું, છતાં તેને શા જાદુના જોરે બોલાવી તે સમજાણું નહી. માટે મહારાજ હવે તો તેણે આબરૂ ઉપર હાથ નાંખવા માંડ્યો છે.

માંડળીકે કહ્યું આનો કોઇ સાક્ષી છે? અનંતરાયે કહ્યું, હા સારંગધરને હું બંને જણ હતા, ને પ્રત્યક્ષ જોયું. મંડળીકે કહ્યું ઠીક છે, સારંગધરને પુછીને વાત; ત્યાં સારંગધર સન્યાસીઓ સહ આવ્યો.

માંડળીકે સારંગધરને અનંતરાય મેહેતાએ કહી તે વાત પુછી, ત્યારે સારંગધરે કહ્યું મહારાજ! આ પ્રમાણે ઘણાં કબાડાં ભજનને બહાને કરે છે. ઘેર સ્ત્રીઓનું સખી મંડળ જમાવે છે, તેમાં તેના પુત્ર શામળીઆની વહુ તથા તેની પુત્રી કુંવર બંન વીધવાઓને અગ્રેસર કરી છે. અને બીજા સાધુ વેરાગીઓ છે, ને સર્વે મંડળની વચમાં પગમાં ઘુઘરા બાંધી નાચે છે, અને એવા ઢોંગ કરી ભજનને બહાને બહુ અનર્થ કરે છે.

સંન્યાસીઓને જોઇ માંડળીકે પુછ્યુ ? વારૂ ! આ મહાત્માઓને શા માટે તેડી લાવ્યા છો? સારંગધરે કહ્યું, તેમને લાવવાનું પ્રયોજન એટલુંજ કે, નરસઇઆને શાસ્ત્રમાંથી એકે અક્ષર આવડતો નથી, ને જુઠા ઢોંગ કરે છે. તે ઢોંગની ખાત્રી કરાવા સારૂ આ મહાત્માઓને અત્રે લાવ્યો છું; તેથી તેને બોલાવી શાસ્ત્રના સ્વાલ 'જવાબ કરાવવા, તેથી તમારી સંપુર્ણ ખાત્રી થશે કે, નરસઇઓ ભગત નથી, પણ જુઠો ઢોંગી છે.

માંડળીક રાજાને અનંતરાયની ફરીયાદીથી અને સારંગધરની સાક્ષીથી, નરસીંહમેહેતા ઉપર વ્હેમ આવ્યો, અને સંન્યાસીઓ તથા તેની પરીક્ષા લેવાના હેતુથી નરસીઆને બોલાવા એક સીપાઇને મોકલ્યો.

નરસીંહરામ હરી ભજનમાં લાગી રહ્યા છે. ત્યાં માંડળીકરાજાનું તેડુ આવ્યું, અને કહ્યું તમને માંડળીક રાજા

હાલને હાલ બોલાવે છે.: માંડળીકરાજાના તેડાને માન આપી સાધુ મંડળ તથા સખી મંડળને ભજન ચાલુ રાખવાનું કહી **જયરાધા, કૃષ્ણરાધા**ના ઉચ્ચાર કરતા નરસીંહ રામ માંડળીકની કચેરીમાં આવ્યા.

માંડળીકરાજાએ પુછ્યું, નરસીંહા તારા મામા અનંતરાયની મરજી નહી છતાં તારી મામીને પાણી પાવા શા માટે બોલાવે છે? નરસીંહરામ કહે, હું કાંઈ તેડવા જતો નથી. માંડળીકરાજા કહે પણ તારે એવો નીયમ છેને કે તારી મામી શીવાય ભજનમાં બીજાના હાથનું પાણી નહી પીવું, નરસીંહરામે કહ્યું હા, નીયમ તો છે, પણ ના આવે તો કોઈ તેડવા જતુ નથી. માંડળીકે કહ્યું, કાલે તારા મામાએ તેણીને તાળામાં પુર્યા છતાં, તેં કીયા જાદુના જોરથી તેને પાણી પાવા બોલાવી.

નરસીંહરામ કહે હું તો જાદુ બાદુ કાંઇ જાણતો નથી. પણ કાલે તેમણે મારી મામીને તાળામાં પુરી હોય, તોતો મારો નાથો મારો ધણી:શામળીઓલાલો મામી બની પાણી પાઈ ગયો તેમા સંશય નથી.

માંડળીકે કહ્યું તારાં ફેલ અને ઢોંગ ધતુરાં હવે ચાલવાનાં નથી; જો તારી ભક્તાઇ સાચી હોય તો આ સંન્યાશી મહારાજ ઉભા છે તે પુછે તે સ્વાલના જવાબ આપ. હું આજ સુધી તને સાચો ભગત સમજતો હતો, પણ હવે તારૂ પોગળ જાણ્યું.

નરસીંહરામ કહે પોગળ બોગળ કાંઇ જાણતો નથી. વારૂ મહાત્માઓ તમારો સ્વાલ શું છે તે કહો, આપણે તો કાંઈ ભણ્યા ગણ્યા નથી, પણ સ્વાલ શું છે તે તો જાણીએ. સંન્યાસીએ કહ્યું, એમ નાચ્યે કુદે હરી મળતા નથી; ખટ શાસ્ત્ર વેદ વિગેરેનો સાર જાણ્યા શીવાય, નાચવું કુદવું નકામું છે. જો રામ રામ કહેજ રામ મળતા હોય, તો પોપટ આખો દીવશ રામનું નામ ઉચરે છે તેનેજ મળે, ને તેનુંજ કામ થાય, પણ ભગતનો બો

ટો ડોળ ધરાવનાર મુર્ખા, એમ નામ દીધે કાંઈ વળતુ નથી. હરી શબ્દનો સાર જાણ્યા વગર બધુ નકામું છે; પરમેશ્વર શબ્દનો સાર શું છે તે તું જાણે છે? નરસઇરામ કહે ના. સંન્યાશી કહે તો તું આવો જુઠો ઢોંગ તજી, રામકીઓની સંગત છોડી સંન્યાશી થા. અને પરમેશ્વર શબ્દનો સાર સમજ; આમ ખાલી નાચી કુદી રામકીઓને આંખ મારવી, એવી દાંભીક ભક્તિ છોડ; અને પ્રભુ ભક્તિનો સાચો સાર શાસ્ત્ર. પુરાણ, વદ, આદીનો અભ્યાસ કર. નરસીંહરામ કહે મેંતો બધો સાર ગ્રહણ કર્યો છે, તેમાં સારમાં સાર મારા કૃષ્ણ કૃપાળુનું નામ, તે શીવાય બીજો કશો સાર જોતોજ નથી જો જટા વધારે ભગવાન મળતા હોય, તો વડનેજ ભગવાન મળે, જો દંડ ઝાલે દીનોનાથ મળતા હોય, તો આંધળાનેજ મળે, જો ભસ્મ ચોળવાથી ભગવાન મળતા, હોય, તો ગધેડુ રખ્યામાં રોજ આળોટે છે, તેનેજ મળે. જો દંડવત્ કરવાથી ભગવાન મળતા હોય, તો ભોરીંગ (સાપ) ભોંય ઉપરજ પેટ ઘસડતો ચાલે છે, તેનેજ મળે. જો વગડામાં રેહેવાથીજ ભગવાન મળતા હોય, તો વનચર પશુઓનેજ મળે. જો શીંગી વગાડે ભગવાન મળતા હોય તો બે'રા બહુ શંખ ફુંકે છે તેમનેજ મળે. એવા ખાલી ઢોંગ કરે ભગવાન મળતા નથી, માટે એ વાત જવા દો. નરસીંહનાં આ વાક્ય સાંભળી સંન્યાસી મંડળ ઉશ્કેરાયું, અને બધાએ મળી નરસઇને પાછો પાડવાનું ધારી, એક ફુલનો હાર ગુંથી તૈયાર કર્યો. હાર તૈયાર કરી માંડળીકને કહ્યું કૃષ્ણ દામોદરના મંદીરમાં કૃષ્ણ દામોદરની મુરતીને આ હાર પેહેરાવો, અને તે મંદીરને ચારે તરફથી બંધ કરો. જો તે ભગવાનની ભક્તી સાચી કરતો હશે, તો ભગવાન તેને આ હાર પેહેરાવશે; નહીતર બધાં થોથાં. માંડળીકે નરસીંહરામને કહ્યું નરસીંહ! આ મહાત્માઓ કહેછે તે તારે કબુલ છે? નરસીંહ કહે હા, મારે કબુલ છે. મારો શામળીઓલાલ પોતાની પત ખોવાનો નથી; આથી માંડળીકે કૃષ્ણ દામોદરના મંદીરમાં જઈ દામોદરની મુરતીને

હાર પેહેરાવી મંદીરને બંધ કર્યું, અને બરાબર ચોકશી કરી. ચોકશી કરી નરસીંહને કહ્યું, જો તારી ભક્તિ સાચી હશે, તો ભગવાન તને તેજ હાર પેહેરાવશે. નરસીંહ કહે તેજ શામળીઓ મને હાર પેહેરાવશે. માંડળીકે કહ્યું સવાર થતાં સુધીમાં એ હાર તને મળવો જોઇએ. સંન્યાશી કહે હવે ઠીક સાંકડે આવ્યો છે; ઘણા દીવશ સુધી દંભ ચલાવ્યો, પણ છેવટે પકડાયો. ભગવાન ઘણા ને મળ્યા, ધ્રુવ, અંબરીષ, પ્રલ્હાદ; વીદુરજી, પણ તે તો બધા વૈરાગ ધારી હતા. તારી પેઠે ઉઘાડો શણગાર ગાતા નહોતા. અને લંપટ પણે હરી મળતા નથી તે નક્કી સમજજે. નરસીંહ કહે તે ઓ વૈરાગ ધારી હતા, પણ તમારા જેવા નહોતા તે તો સર્વે ભુતને સમ દ્રષ્ટીથી જોવા વાળા હતા; અભીમાની નોહોતા. જો આમ અભીમાન કરવો હતો, તો ખાલી વૈરાગનો વેશ શા માટે લજાવ્યો; જાઓ પંચવસ્ત્ર પેહેરો, ને વૈરાગ ના વેશને લજવવો મુકી દો. સંન્યાશીઓને આ પ્રમાણે કહ્યું તેથી માંડળીક ગુસ્સે થયો, અને કહ્યું, જો તારો ભગવાન સવાર સુધીમાં હાર નહી આપે તો તને ગરદન મારીશ. માંડળીકનાં આ આવાં વચન સાંભળી મેહેતાએ સ્તુતી કરવા માંડી.

નરસીંહરામ— મરાઠી સાખી

કૃષ્ણ દામોદર આવો દોડી, વેગે હાર પેહેરાવો;
નટખટ સર્વે મળીને સાથે, કરે મુજ પ્રાણનો દાવો;
જો વાર થશે, નામ તારાની પત જશે.

સંન્યાશી કહે એમ કાંઈ હરી હાર આપવા આવવાના નથી, ને હજી કહીએ છીએ કે ખોટી હઠ મુકી દે, ને માંડળીકરાજાની માફી માગ્ય. જો હઠથી, હિરણ્યકશીપુ, રાવણ, દુર્યોધન વીગેરે કેટલાક મહા પુરૂષો કે જેમનાં નામ અમર રહી ગયાં છે, તેમણે પ્રાણ ગુમાવ્યા, તમ તું ખાલી મત શા માટે રાખે છે. ગોવીંદની ગત ન્યા-

રી છે; તું આજ સુધી વૈષ્ણવનો ડોળ ધરી, લંપટતામાં લીન બન્યો, પણ નક્કી સમજજે કે આજ છુટવાનો નથી. નરસીંહ મેહેતાએ ઇશ્વરની સ્તુતી કરવા માંડી.

મરાઠી સાખી

સોડ તાણી કેમ સુતો શામળીઆ, રીસ રંકપર લાવી,
જાગીને ઝટ વેહેલા આવો, હાર દીયો પેહેરાવી;
જો રાત જશે, તો નક્કી મુજ ઘાત થશે.
જેમ જાગ્યો દ્રૌપદીને કાજે, ગજની વારે ધાયો,
મંજારી બચ્ચાંને બચાવ્યાં, પ્રલ્હાદ સ્થંભે આવ્યો.
કેમ વાર કરે, હાર આપતાં શું પાડ ચઢે.

સંન્યાશી કહે મુર્ખા નારાયણને નીદ્રા હોયજ નહી, પણ તું વિષય રસમાં ડુબ્યો તેથી તારો શામળીઓ સુતો હશે, તે ખોટું નહી. વિષય ત્યાં વિશંભર હોયજ નહી, એવાં વેદ પુરાણનાં વાક્યો કાંઇ ખોટાં નથી પણ તું હશે, શણગાર ભક્તિ ગાય છે, એટલે તારો હરી સુતોજ જ્યારે તેમાં શક નથી. (રામાનંદી સાધુ હનુમાનદાસ આવે છે) હનુમાનદાસ કહે ક્યું રાજા, ક્યા વિષયકી ચર્ચા હો રહી હે. મેરેકુ હરી નરસઇયેકું હાર પેનાને આતાહે એસી ખબર ભઇ, ઉસકેલીયે મેં દેખનેકુ આયા. માંડળીક કહે હા તેમજ છે. પણ હરી તે હાર ક્યાંથી પેહેરાવાના હતા.

હનુમાનદાસે નરસઇઆને કહ્યું, અએ નરસઇ લંપટ બનકે કુડી બાત કરતાહે? ઉસસે કયા હોગા. ખટશાસ્ત્ર ઓર વેદકા વચન શ્રવણ કીયા હે ? દેખ શીવા રામ કોન ધનીહો જો એક પત્નીવ્રત, ઓર બ્રહ્મચર્ય ગ્રહન કરનેવાલા થા, તેરા હરીકીમાફોક ગોપીઓમે ઘુમનેવાળા નહી થા; ઉસકે લીયે સમજ, સમજ, ઓર એહી રામચરનમે ચીત લગા. ખાલી ઢોંગ મત કર.

નરસીંહરામ કહે પ્રિતી વિના નાહક શા માટે બોલે છે. વિશ્વવ્યાપક રઘુવીર તું ક્યાંથી જાણે ? શ્રીરામ રઘુવીર ઘટઘટમાં વ્યાપી રહ્યો છે, પણ હરીજન શીવાયતે-

હાથમાં ક્યાંથી આવે ! અને સાચા પ્રેમ શીવાય ઘટમાંએ ક્યાંથી આવે ! હરી અને રામ જુદા નથી.

હનુમાનદાસ કહે જો તુમ એસા સમજતા હો, તો રઘુવીરકા સ્મરણ કરો. વિષય લંપટ કૃષ્ણ જો સોળહજાર એકસોને આઠ સ્ત્રીયોકા ભોગી બનકે બેઠાહે ઉસકુ કાયકુ સ્મરતાહે ? તુમ આપ વિષયલંપટ હો, તો તુમેરા જેસાઇ યાદ આવને ! એક પત્નીવ્રત ધારણ કરનેવાલા મેરા રામ ક્યાંસે યાદ આવે !

નરસીંહરામ કહે રામ ક્યારે યાદ આવશે, કે જ્યારે મરણ પથારીએ સુઇશ ત્યારે; ત્યાંસુધી તો મારા છોગાળા રાધાવર શીવાય બીજાને નહી ભજુ, નહી ભજુ, તે નહીજ ભજુ. મારો હરી હાડ જાય તેવો નથી. કાંતો કમાડના ઓઠેજ ઉભો હશે ! જ્યાં વીશ્વાસ છે ત્યાં વીસભંર છે. તેની પ્રીતી ખોટી નથી, તેની પ્રીતિ મેળવવા તમારા જેવા કરોડો ભગવા વેશધારી ગોથાં ખાધા કરે છે; તમારા શાસ્ત્રનાં પોથાં સઘળાં બાંધી મુકો, ને જુવો કે તેજ હરી હાર આપે છે કે નહી ? સંન્યાસી કહે નરસઇઆ આતો રાજદ્વાર છે, તારૂ મંદીર નથી, સમજ્યો ? જો તને તારો હરી હાર નહી પેહરાવે, તો માંડળીક રાજા તને ગરદન મારવા તૈયાર થઇ ઉભો છે. નરસીંહ કહે તમો ખોટા વેશ ધારીને મારો હરી ક્યાંથી દેખાય ! હું તો તેને પ્રતક્ષ દેખુ છું, ને તેના આગળ આ રાજાને ત્રણુવત લેખુછું. સમજ્યા ?

નરસીંહનું આ વાક્ય સાંભળી, માંડળીકનો ગુસ્સો હાથ ન રહેવાથી એકદમ તલવાર લઈ નરસઇને મારવા ધસ્યો; માંડળીકને નરસઇઆ ઉપર ધસતો જોઇ માંડળીકરાજાની માતા એકદમ દોડીને માંડળીક પાસે આવી, ને તેનો હાથ પકડયો અને કહ્યું, હે પુત્ર અભીમાન દુરકર, અને આ પરમ વૈષ્ણવ જનને મારવા જતાં તને જરી વીચાર નથી! પ્રભુના પરચા તને યાદ નથી, શામળશાનો વીવ્હા તને યાદ

છે ? તેમના બાપનું શ્રાદ્ધ કોણે કર્યું હતું તે તું જાણે છે ? આવા પરચા જગ જાહેર છે, છતાં તું અંધ કેમ બન્યોછું. માંડળીક કહે માતાજી, પણ આજ સુધી હું અજાણ હતો, પણ હવે તો પુરો જાણ બન્યો છું. તમો પણ અજાણજ છો. તે ઢોંગી ઢોંગ કરી બધું નગ્ર ભ્રષ્ટ કરે છે. રાજ માતા કહે તને દુષ્ટનો પાસ લાગ્યો છે, ને નક્કી સમજજે કે વૈષ્ણવને દુભે છે, તો તારૂ સારૂ નહીજ થાય; માટે તે ભગતના ચરણ કમળમાં પડી તેમની માફી માગ્ય? પાપી આ, મારા કુળમાં અંગારા રૂપ કયાંથી ઉઠયો ? જો ભગત દુભાશે તો પૃથ્વી પ્રલેકાર થશે, સમજ્યો? માટે નરસઇરામના ચરણમાં પડી તેમની માફી માગ્ય. વળી વધારે ખાત્રી કરવી હોય તો આપણા ગામમાં શ્રીધર પંડીત છે તેમને બોલાવીને પુછી જો ?

મંડળીકે તરત શ્રીધર પંડીતને તેડાવ્યા, અને પુછ્યું નરસીંહ ઢોંગી છે, એમ આજની સભામાં અનુમાન થાય છે, તેથી તમારી પાસેથી તેની ખાત્રી લેવાની છે; તમે સત્ય હોય તે કહો કે તે કેવો છે ? શ્રીધરે કહ્યું. નરસઇરામને ઢોંગી કહેનાર સઘળા ઢોંગી છે. માંડળીકે કહ્યું કારણ ? શ્રીધર પંડીત્ત કહે મને બાળપણમાં બ્રહ્મહત્યા અણચીંતી ચોટી હતી, તે ટાળવા કાશી જઈ ભણ્યો, પણ બ્રહ્મહત્યા ઉતરી નહી. અઢારે પુરાણ શીખ્યો, તો પણ તે હત્યા ગઈ નહી. અષ્ટાંગ યોગે કરી હરીને આરાધ્યા, તોએ તે ગઈ નહી. એકવીસ મહારૂદ્ર કર્યા, ચોવીસ અતીરૂદ્ર કર્યા, તોએ તે હત્યા ઉતરી નહી. અષ્ટદાન આપ્યાં, ચૌદ વીદ્યા પાઠે કરી, દેહનું દમન કર્યું, તોપણ તે હત્યા ગઇ નહી. તેથી તે હત્યાના પાપથી પરજળતો પરજળતો હું જુનાગઢમાં આવ્યો ને અડધી રાત્રે મેહેતાના મં-

દીરમાં ગયો, અને તેમને મનસા વાચાએ પ્રણામ કર્યા;અને નરસઇરામની ભક્તિ શ્રવણ કરી. નરસીંહરામે મને વૈષ્ણવ કહી ધન્યવાદ આપ્યો, ત્યાંથી તે સંતાપ મટયો, અને બ્રહ્મહત્યા ગઇ, એવો તે પ્રતાપી છે.

શ્રીધર પંડીતની વાણી સાંભળી માંડળીકનું મન પીંગળ્યું, અને તેણે કહ્યું હવે સર્વે મહંતો વાદ વિવાદ તજી દયો. માંડળીકનાં આવાં વચન સાંભળી સંન્યાસીઓએ કહ્યું હે રાજા! વીચાર કરો. રાત હવે થોડી બાકી છે, છતાં તેને હરીએ હાર આપ્યો નહી, ને જો તું વૈષ્ણવ કહેવાતાની વ્હાર કરીશ, તો ધર્મ માત્ર ધોવાઇ જશે. અમને અઢારે પુરાણ આવડે છે, ચારે વેદ જાણીએ છીએ, અડસઠે તીરથ ફ્રરી વળ્યા, પણ કયાંઇ સાક્ષાત હરી દીઠા નહી, ને જો તું કરેલ વીચાર ફેરવી લોકના કહેવા ઉપર વિસ્વાસ રાખી ટેક તજીશ, તો હમારી લજ્જા જશે; માટે વિચાર કર! જો નરસઇયાને દામોદરરાય હાર આપે, તો હમો પણ હમારો ટેક તજી તેના દાસ થઇ રહીશું, કારણ અમને તો ખાત્રી છે કે તે બધુ ગપે ગપ છે.

સંન્યાશીઓનાં આવાં વચન સાંભળી માંડળીનોવિચાર પલટાયો, અને નરસીંહને કહે નરસીંહા હવે રાત થોડી બાકી છે. તને પાખંડીને હવે ઓળખ્યો, આખીરાત વહી ગઈ પણ તારો હરી તને હાર આપવા નવરો ના થયો કેમ? શેના થાય! તારા જેવા લંપટ, અને લબાડને હાર શેના પેહેરાવે. તેં તારી લંપટતાથી બધુ ગામ ગાંડુ કર્યું. હવે અહીંથી જીવતો જવાનો નથી,તે ખાત્રી સમજજે.તનેઅને તારા સખી મંડળને બધુ બતાવાશ, કે આમ વિષય લંપટ થવાય છે. કહી સખી મંડળને તેડવા મોકલ્યું, અને તેને કેદ કર્યાં,

સખી મંડળ સ્તુતી કરે છે, ત્યાં ભગવાન આવ્યા, અને તેમને દર્શન દીધાં. સખી મંડળે ભગવાનને પ્રણામ કર્યાં અને નરસીંહરામ ઉપર આવેલું દાવાદળ દુર કરવા વીનવણી કરી; ભગવાને કહ્યું, નરસીંહને કહો કે કેદારો ગાયા શીવાય મારાથી અવાશે નહી, કહી અંતરધ્યાન થયા.

ભગવાન અંતરધ્યાન થયા. ત્યાં રાજાનો સીપાઇ સર્વેને બોલાવા આવ્યો, તેની સાથે સખી મંડળ સર્વે દરબાર તરફ ગયું.

નરસીંહરામને કેદ કર્યો ત્યાંસુધી ભગવાન આવ્યા નહી, તેથી તે ભગવાન ઉપર ખુબ ઉકળ્યા, અને તેણે ભગવાનને મેહેણાં દેવા માંડયાં.

ગાયન.

(મુંઝાણી મધ્ય દરીએ ઘેરાણી.) એ રાહ.

શાંનો ભક્તવત્સલ બુદરજી, ભક્તને દીયો તજીરે;
માગુ હાર પોકારી હરજી, નથી ફુરસદ હજીરે.
મહી માંખણ ચોરી કરી, ગોપીજન અવાસ
કેહેવાણો એ બાપનો, કેમ આવે વિસ્વાસ.
ભક્તવત્સલતા મુકી પરી, લાજ નહી લેશ ધરી.
વચનને આપીને શીદને ફર્યેજી—ભક્તને.
નકટા નાક તારૂ જશે, દુરીજન દેશે આળ;
જાશે પત હાંશી થશે, થાતાં મારો કાળ;—ભક્તને

ઉપર પ્રમાણે ભગવાનને અનેક પ્રકારનાં મેહેણાં દીધાં, ત્યાંસર્વે સખીમંડળ આવ્યું, અને નરસીંહરામને કહ્યું, ભક્તરાજા પ્રભુએ પધારી અમને દર્શન આપ્યાં, અને કહ્યું નરશીંહ કેદારો ગાય તો હું આવું. તે શીવાય મારાથી અવાશે નહી. નરસીંહે કહ્યું, કેદારો રાગ તો મેં ધરણીધર મહેતાને ત્યાં ગીરો મુકયો છે, તેથી જીવ જતાં મારાથી તે ગવાશે નહી, તેને આવવું હોય તો તે આવે, ને ના આવે તો તેની

મરજી, માંડળીક મને મારશે, તો લાજ આબરૂ તેની જશે. પણ પ્રાણ ગયે કેદારો તો ગાવાનો નથી તે નથીજ.

નરસીંહમેહેતાની આવી ટેક ભક્તિ સાંભળી, લક્ષ્મીજીએ કહ્યું પ્રાણ પ્રભુ ! તમે કહેતા હતા તે બરાબર છે, તે તો કહે છે કે લાજ જશે તો તેની જશે. ધન્ય છે, સત્ય નીષ્ટાવાળા ભક્તરાજ નરસીહરામ ! પ્રાણ પ્રભુ કેદારો રાગ જઇને છોડવી આવો ને તેને આપો.

લક્ષ્મીજીનું વચન સાંભળી રાતના ચાર વાગવાનો સમય, છે તે અરસામાં નરસીંહરામનું રૂપલઇ ભગવાન ધરણીધર મેહેતાને ત્યાં આવ્યા અને કમાડ ઠોકયાં. ધરણીધર મેહેતાનાં સ્ત્રી જે આંધળાં હતાં, તેમણે પુછ્યું, એ કોણ હશે? ભગવાન કહ હું નરસીંહ. ધરણીધર મેહેતાની સ્ત્રીએ કમાડ ઉઘાડયું, અને ભગવાનને અંદર લીધા. ધરણીધર મેહેતાએ કહ્યું ભક્તરાજ; કેમ પધાર્યા ? ભગવાન કહે તમારા રૂપીઆ લ્યો, ને મારો કેદારો આપો. મેહેતાએ રૂપીઆ લઇ તેમનું કાગળીયું પાછું આપ્યું, લઇ ભગવાન ઉતાવળથી જવા જાય છે ત્યાં ધરણીધર મેહેતાની સ્ત્રી તેમની અડફટમાં આવી. અડફટમાં આવતાં ધરણીધર મેહેતાની સ્ત્રી જે અંધ હતી,તેની આંખોનાં પડળ ખુલી ગયાં; અને દેખતી થઇ.

ધરણીધર મેહેતાની સ્ત્રીએ પોતાના પતીને કહ્યું સ્વામીનાથ ! હું મેહેતાની અડફેટમાં આવીને તેમના પવિત્ર શરીરનો સ્પર્શ થવાથી, મારી આંખોનાં પડળ ખુલી ગયાં ને હું દેખતી થઇ. આથી મેહેતાને નરસીંહરામઉપર દ્રઢ વીશ્વાસ ચોટયો; અને એકદમ જુનાગઢમાં આવ્યા.

ભગવાને કેદારા રાગનું કાગળીયું મેહેતાજી કે જે દ્રઢ નિશ્ચય કરી બેઠા છે, તેમની પાસે નાંખ્યું. કાગળીયું જોઇ મેહેતા મનમાં રાજી થયા અને કહ્યું, મારો ગોરીઓ ગમાણેશ્રી પટયો ?

માંડળીક રાજા સવાર થવાની તૈયારી જોઇ એકદમ નરસીંહરામ ઉપર ધસ્યો, અને કહ્યું પોગળીયા ! જો તારૂં પોગળ વેરાઈ ગયું; જો વાહાણું વાયું ? નરસીંહરામ કહે ના, થોડી વાર છે. મારો પ્રભુ પધારી ચુકયો છે. માંડળીક કહે કયાં છે ? નરસીંહ કહે તારી પાપી નજરમાં મારો વહાલો નહી આવે. જો હાલ આવે છે, ને માળ પહેરાવે છે. કહી કેદારો રાગ ગાવો સરૂ કર્યો.

નરસીંહરામ— **કેદારો.**

આવ્યો આવ્યો મારો નગીનો નટવર, ઉજેશ એશ અહી દેખું અપાર,
લાવ્યો લાવ્યો તે રેહેમ હું ઉપર, આવ્યો દોડીને દેવા મુજને હાર; આવ્યો૦

દુંદભીનાદ ગગડે નભમાંહી, નાદ સુણી મન હરખુ અપાર;
સોડ તજી રાણી રાધાની આવ્યો, પત નીજ રાખી કીધી મુજ વ્હાર આવ્યો૦

જય ભુદરજી સુણીમુજ અરજી, નામ તારાનો તેં રાખ્યોભાર
કહે નરસઇઓ વાહેલો એ મારો. આવ્યો સુણીને મુજ પોકાર આવ્યો૦

નરસીંહરામે કેદારો ગાયો કે તરત ભગવાન પ્રકટ થયા, અને કેદખાનામાં તેજનો આભાસ થયો, નરસીંહ કહે વહાલો પધાર્યો. ત્યાં ભગવાને આવી નરસીંહરામને ફુલનો હાર પેહેરાવ્યો માંડળીકરાજાની મા તે વખતે હાજર હતાં તેમને પણ દર્શન થયાં; રાજમાતાએ કહ્યું જો ભગવાનનાં દર્શન થયાં ! માંકળીક કહે ના હું તો તેને કાળ રૂપ દેખુ છું. રાજમાતાએ કહ્યું તે તારી કરણીનું ફળ; જા નરસીંહ રામના ચરણમાં પડી માફી માગ્ય; માંડળીક નરસીંહરામના ચરમાં પડયો, અને દર્શન માટે વીનવણી કરી, પણ ભગવાને તેને દર્શન આપ્યાં નહી. સંન્યાશીઓ તથા હનુમાન દાસ પણ સ્તબ્ધ જ બની ગયા; અને તે સર્વે નરસીંહરામના ચરણમાં પડયા, અને તેમણે ઘણો ધન્યાવાદ આપ્યો. અને

પોતાની માયાવી વ્રતીને તન મનથી સ્વીકારી, વૈષ્ણવ ધર્મ શ્રેષ્ટ ગણ્યો નરસીંહરામે તેમને રામ અને કૃષ્ણ જુદા નથી તેમ સરળ રીતથી સમજાવ્યું, અને ભગવાને રામ ભક્તને રામ રૂપે માંડળીક શીવાય સર્વેને દર્શન આપ્યાં. નગરનું લોક સઉ મેહેતાને ધન્યવાદ આપવા લાગ્યું. અને સરવે જણ મેહેતાના ચરણમાં પડી તેમની સ્તુતી કરવા લાગ્યું. ધરણીધર મેહેતા આવી નરસીંહ રામના ચરણમાં પડયા, અને તેમને કહ્યું, ધન્ય છે નરસીંહરામ તમને ! કે રાતના તમે મારે ત્યાં રૂપૈઆ આપવા આવ્યા, ત્યારે તમારા પવિત્રના સ્પર્શથી મારી સ્ત્રી દેખતી થઇ. નરસિંહરામે કહ્યું, હું તો આવ્યો નથી, પણ મારો પ્રભુ આવ્યો હશે, મારો શામળીઓલાલ આવ્યો હશે; મને તો માંડળીક રાજાએ કાલ સાંજનો કેદ કર્યો છે. આથી ધરણીધર આશ્ચર્ય પામ્યા, અને પ્રભુને નહિ ઓળખ્યા તેથી હાથ ઘસવા માંડયા, અને તે સાંભળી સરવે સભા વિસ્યમ થઇ. માંડળીકરાજા કે જે પરમ વૈષ્ણવને હેરાન કરવાથી આખા નગ્રમાં ભોંઠો પડયો હતો તે આ પરચો સાંભળી અચંબો પામ્યો અને તરતજ નરસઇમેહેતાના ચરણમાં પડી તેમની પાસે માફી માગી; વૈષ્ણવ ધર્મ અંગીકાર કરી, તનમનથી ભગવાનનું સ્મરણ કરવા લાગ્યો.

વહાલા વાચકવૃંદ, નરસીંહમેહેતાનું નૅાવેલ પ્રભુ કૃપાએ સમાપ્ત થયું, ને મારો શ્રમ તે શામળીઆએ સફળ કર્યો; તેજ પ્રમાણે તમારો વાંચવાનો શ્રમ સફળ કરી, તમને ભક્તિ માર્ગે દોરી. કુમતી કાપી, સુમતી આપે, એવી મારી તે પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે,

કર્તા—

ઈશ્વર સ્તુતી.

(દુઃખની વીજળી એ કુમળી) એ રાહ.

સત્ય શરણ એક તાહરૂ પ્રભુ પ્યારા
રહો પાપ કર્મ થકી ન્યારા, સત્ય સાહાયક શાક; સત્ય;
ચરીત્ર લખવા ભક્તનું મતી દીધી,
થયું પુર્ણ પ્રભુ સાહ્ય કીધી, કર્યો સફળ અવતાર; સત્ય;

નામ દેતાં તારૂ કદી દુખ્ દુખ નાવે,
ભવો ભવના પાતીક જાવે, થાય ભવ ઉદ્ધાર; સત્ય;
નરસઇના સ્વામી વીનવું તને પ્રતે,
આપો ભક્તિ રઢુ એક ચીતે, તજવા ભવ ભય ભાર; સત્ય
શુભ મતી મારી કરો પ્રભુ પ્યારા,
કુવીચાર રહે સઉ ન્યારા, જેકો તુમ ગુણ ગાય; સત્ય;

